પાનાં : ૧૪ કિંમત : રૂા. ૫-૦૦ તા. ૨૦ જૂન,૨૦૨૨ સોમવાર
અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

તંત્રી : બાહુબલી શાંતિલાલ શાહ ◆ સંવત ૨૦૭૮,શકે ૧૯૪૪ જેઠ વદ-૭ વર્ષઃ ૮૭, અંકઃ ૧૬૮ ◆ http://www.gujaratsamachar.com ◆ ટે.નં. ૨૬૩૪૫૪૫-૨૬૩૪૬૪૬ SURAT- 1-2
મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ◆ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ, પ્રજાબંધુ પ્રેસ, ઉધના દરવાજા પાસે, રીંગરોડ, સુરત-૩૯૫૦૦૨. ◆ પો.બો.નં.૧૮૨, R.N.I. Reg. No. 27566/75

વાંચન વિશેષ
બિઝનેસ plus

સૈન્યમાં હવે આ યોજના હેઠળ જ ભરતી થશે : વિરોધની પ્રતિક્રિયારૂપે સુધારા નથી કરાયા

# અગ્નિપથ યોજના પાછી નહીં જ ખેંચાય : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્ર સરકારે સૈન્યમાં રજૂ કરેલી નવી ભરતી યોજના 'અગ્નિપથ'નો વિરોધ વધી રહ્યો છે અને સરકાર પર યોજના પાછી ખેંચવા દબાણ થઈ રહ્યું છે. એવા સમયમાં રવિવારે કેન્દ્ર સરકારે ધરાર જણાવી દીધું છે કે અગ્નિપથ યોજના કોઈપણ સંજોગોમાં પાછી ખેંચવામાં નહીં આવે. ઉલટાનું સૈન્યની ત્રણેય પાંખે રવિવારે અગ્નિપથ યોજના હેઠળ ભરતી પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરી દીધી છે. સૈન્યની ત્રણેય પાંખના પ્રમુખોએ રવિવારે આ સંદર્ભમાં એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજીને અગ્નિવીરો માટે ભરતી પ્રક્રિયાના કાર્યક્રમની સંપૂર્ણ વિગતો જાહેર કરી હતી. વધુમાં સરકારે સ્પષ્ટ કરી દીધું હતું કે સૈન્યમાં હવે અગ્નિપથ યોજના હેઠળ જ ભરતી હાથ ધરવામાં આવશે.અગ્નિપથ યોજના સામે ચાલતા વિરોધ વચ્ચે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રવિવારે સૈન્યની ત્રણેય પાંખના પ્રમુખો સાથે બેઠક કરી હતી. ત્યાર પછી ત્રણેય પ્રમુખોએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમાં સૈન્ય બાબતોના વિભાગના અધિક સચિવ લેફ્ટનન્ટ જનરલ અનિલ પુરીએ ત્રણ બાબતો સ્પષ્ટ કરી હતી. તેમણે કહ્યું કે એક તો કોઈપણ સંજોગોમાં આ યોજના પાછી નહીં ખેંચાય. બીજું અગ્નિપથ યોજનાના વિરોધમાં હિંસામાં સામેલ યુવાનોને ભરતીમાં તક નહીં મળે. ત્રીજું યોજનામાં યુવાનોની ચિંતાઓને ધ્યાનમાં રાખતા જે ફેરફાર કરાયા છે તે દબાણ હેઠળ નહીં, પરંતુ અગાઉથી જ નિશ્ચિત હતા.

**એરફોર્સમાં અગ્નિવીરોની પહેલી બેચનું રજિસ્ટ્રેશન ૨૪ જૂનથી શરૂ થશે મહિના પછી ઓનલાઈન પરીક્ષા, ૩૦મી ડિસેમ્બરથી તાલિમ અપાશે**

### ૧૯૮૯થી આ યોજના રજૂ કરવાની કવાયત હાથ ધરાઈ હતી

જનરલ અનિલ પુરીએ કહ્યું કે, સૈન્યમાં આ સુધારો લાંબા સમયથી લાવવાની તૈયારી ચાલી રહી હતી. આ સ્કીમની માગ વર્ષ ૧૯૮૯માં કરાઈ હતી. સૈન્યમાં ભરતી માટે સૌથી પહેલી જરૂરિયાત શિસ્ત હોય છે, તેથી યુવાનોએ શાંત થઈને આ યોજનાને સમજવાની જરૂર છે. અમે કારગીલ સમીક્ષા સમિતિ અને અરૂણ સિંહ સમિતિના રિપોર્ટની ભલામણો મુજબ સૈન્યમાં વય પ્રોફાઈલ ઘટાડવા માગતા હતા. હાલમાં સરેરાશ વય ૩૨ વર્ષ છે. હવે આર્મીમાં બધી જ ભરતી આ સ્કીમ હેઠળ થશે.

### આર્મીમાં અગ્નિવીરોની બીજી બેચ ફેબ્રુઆરીમાં સૈન્યમાં જોડાશે

લેફ. જન. બંસી પોનપ્પાએ કહ્યું

(અનુસંધાન ૧૧મે પાને)

અગ્નિપથ યોજના મુદ્દે કેન્દ્રના આકરા પગલાં

## ફેક ન્યૂઝ ફેલાવતા ૩૫ વોટ્સએપ ગ્રૂપ પર પ્રતિબંધ, ૧૦ની ધરપકડ

નવી દિલ્હી, તા.૧૯

અગ્નિપથ યોજના અંગે દેશના અનેક રાજ્યોમાં હિંસક દેખાવો થઈ રહ્યા છે ત્યારે સરકારે આ યોજના અંગે યુવાનોની શંકાઓનું સમાધાન કરવાના પ્રયાસો શરૂ કરી દીધા છે.

બીજીબાજુ આ યોજના અંગે સોશિયલ મીડિયા પર ફેક ન્યૂઝ ફેલાવતા લોકો સામે પણ સરકારે આકરાં પગલાં લેવાનું શરૂ કર્યું છે. અગ્નિપથ યોજના અંગે નકલી સમાચારો અને ભ્રામક માહિતી ફેલાવવા બદલ સરકારે વોટ્સઅપના ૩૫ ગ્રૂપો પર પ્રતિબંધ મૂકી દીધો છે. વધુમાં આ યોજના વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરનારા અને દુર્ભાવનાપૂર્ણ ખોટી માહિતી ફેલાવવાના આરોપમાં ૧૦ લોકોની ધરપકડ પણ કરાઈ છે. ઉત્તર પ્રદેશના સહારનપુરમાં પોલીસે યુવાનોને ઉશ્કેરનારા પાંચ લોકોની ધરપકડ કરી હતી.

## સંસદનું શિયાળુ સત્ર સંસદની નવી બિલ્ડિંગમાં યોજાવાની શક્યતા


નવી દિલ્હી, તા. ૧૯

સંસદનું આગામી શિયાળુ સત્ર સંસદની નવી બિલ્ડિંગમાં યોજવામાં આવે તેવી શક્યતા છે તેમ લોકસભા અધ્યક્ષ ઓમ બીરલાએ એક નિવેદનમાં જણાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નવી બિલ્ડિંગ જૂની બિલ્ડિંગની સરખામણીમાં વધારે સુરક્ષિત છે. મે મહિનામાં દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કમિટીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી હતી કે સંસદની નવી બિલ્ડિંગનું નામ એપીજી અબ્દુલ કલામ રાખવામાં આવે. કેન્દ્રીય શહેરી વિકાસ પ્રધાન હરદીપ સિંહપુરીએ જણાવ્યું હતું કે સંસદની નવી ઈમારતનું બાંધાકમ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થઇ જશે. ઓમ બિરલાએ વધુમા જણાવ્યું હતું કે સંસદનું કાર્ય ધીમે ધીમે વધી રહ્યું છે. સાંસદો પણ અગાઉના સમય કરતા હવે સંસદીય કાર્યોમાં વધુ સક્રિયતાથી ભાગ લઇ રહ્યાં છે.

*** બિહાર સહિતના રાજ્યોમાં વરસાદને લગતી ઘટનામાં ૨૭નાં મોત, આસામમાં પૂર પ્રકોપ**

વાંચો પાના નં. ૧૩

**બેધડક** -મંજુલ




ખરાબ રસ્તા, હવામાન કે વિષમ પરિસ્થિતિ... મને કોઈનો ડર નથી. માત્ર સરકારની આવી યોજનાઓથી બહુ બીક લાગે છે !














રવિવારે શહેરમાં અલગ અલગ વિસ્તારમાં વરસાદી ઝાપટા પડ્યા હતા.

કોરોના કાળ અને હાલના ભાવમાં તફાવત આવ્યા બાદ

# કોરોનામાં છપાવેલા પેમ્ફલેટ અને બેનરના ખર્ચમાં સ્થાયીએ ૬૫ લાખની રીકવરી કાઢી

(પ્રતિનિધિ દ્વારા)    સુરત, રવિવાર

સુરતમા આવેલા કોરોના કાળ દરમિયાન જનજાગૃત્તિ માટે છપાવેલા પેમ્ફલેટ અને બેનરના ત્યારના ભાવ અને હાલના ભાવમાં તફાવત આવતાં સ્થાયી સમિતિએ વિવિધ એજન્સી પાસેથી ૬૫ લાખ રૂપિયાની રિકવરી કાઢી છે.

સુરતમાં કોરોનાની એન્ટ્રી બાદ લોકોમાં જાગૃત્તિ આવે તે માટે બેનર, પેમ્ફલેટ, વોલ પેઈન્ટીંગ વિગેરેથી જાહેરાત કરી હતી. આ સમય દરમિયાન કારીગર ન હોવાથી મ્યુનિ.એ વધુ પૈસા આપીને કામગીરી કરવી પડી હતી. આ પહેલાં ૨૦૧૮માં આવા પ્રકારની કામગીરી માટે યુનિટ રેઈટ નક્કી કરાયા હતા ત્યાર બાદ ૨૦૨૨માં યુનિટ રેઈટ નક્કી કરાયા છે. આ પહેલાં મ્યુનિ.એ અનેક બિલોની ચુકવણી પણ કરી દીધી છે.

જોકે, સ્થાયી સમિતિએ ૨૦૨૨ના યુનિટ રેઈટ પ્રમાણે જ ચુકવણી કરવા માટેનો નિર્ણય કરતાં હવે બન્ને રેઈટ વચ્ચેના તફાવતના ૬૫ લાખ જેટલી રકમ રિકવરી કરવી પડે તેમ છે. આ તફાવતના ૬૫ લાખની રિકવરી માટે સ્થાયી સમિતિએ નિર્ણય કર્યો છે. જોકે, આ બન્ને યુનિટ રેઈટ વચ્ચે તફાવત અને કોરોના વખતની સ્થિતિ વખતે કામદાર ન મળતાં હતા તેવી હકીકત બાદ આ રિકવરી કાઢતાં વિવાદ ઉભો થયો છે.

## તે સમયના ભાવ અને સ્થાયીએ નક્કી કરેલા યુનિટ રેઈટમાં તફાવત છે, અનેક બિલની ચુકવણી બાદ રીકવરી કાઢતાં વિવાદ



મગદલ્લા વિસ્તારમાં બ્લાઈન્ડ સંસ્થા દ્વારા અંધજનો પડતી મુશ્કેલીઓ અને તેમની સમસ્યા વિશે સમાજ જાગૃત થાય તથા અંધજનોની વ્હારે આવે તેવા ઉદ્દેશની સાથે ૫૦૦ જેટલા યુવાન-યુવતીઓએ આંખે પાટા બાંધીને મેરેથોન યોજી હતી.

વાસ્તવિક જીવનમાં ફિલ્મી સ્ટોરી જેવી વડોદરાની ઘટના

# જેના અંતિમ સંસ્કાર કરી દેવાયા તે રાતે ઘેર આવતા સૌ કોઈ ચોંકી ઊઠયા..

(પ્રતિનિધિદ્વારા)    વડોદરા,રવિવાર

દુમાડ ચોકડી અને જી.એસ.એફ.સી વચ્ચેથી મળેલી અજાણી લાશની ખોટી ઓળખ થતા તેના સગા સંબંધીઓને લાશનો કબજો સોંપી દેવામાં આવ્યો હતો.સંબંધીઓએ અંતિમ સંસ્કાર પણ કરી દીધા હતા.જે વ્યક્તિના અંતિમ સંસ્કાર થઇ ગયા હતા.તે જીવિત પરત આવતા ચકચાર મચી ગઈ છે.

ગત તા.૧૬ મી એ છાણી પોલીસને એક અજાણ્યા પુરૂષની લાશ દુમાડ ચોકડીથી જી.એસ.એફ.સી.તરફ જતા નેશનલ હાઇવે પર સર્વિસ રોડના થાંભલા પાસેથી મળી આવી હતી.તેના શરીર પર ઈજાના કોઇ નિશાન નહતા.પોલીસે ૪૫ વર્ષના અજાણ્યા મૃતકની લાશ પી.એમ.માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપી હતી.અજાણ્યા પુરૂષની લાશની ઓળખ માટે પોલીસે તેના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા.તે દરમિયાન વાઘોડિયાના સોમેશ્વરપુરા ગામમાં રહેતા શનાભાઇ સોલંકીએ છાણી પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો.અને અજાણી લાશને જોઇને પોલીસને કહ્યું હતું કે, આ લાશ મારા પુત્ર સંજય (ઉ.વ.૪૯) ની છે.પોલીસે આધાર કાર્ડ ચેક કર્યા પછી તેમજ મૃતકના આ કહેવાતા પિતા તથા અન્ય સંબંધીઓને આ લાશ સોંપી હતી.અને સંબંધીઓએ લાશના અંતિમ સંસ્કાર પણ કરી દીધા હતા.સંજય સમજીને જેના અંતિમ સંસ્કાર કરી દીધા હતા.તે સંજય રાતે ઘરે પરત આવતા પરિવારજનો ચોંકી ઉઠયા હતા.અને તરત છાણી પોલીસનો સંપર્ક કર્યો હતો.છાણી પોલીસ પણ આ વાત સાંભળીને દોડતી થઇ ગઇ હતી.

પોલીસે તરત સયાજી હોસ્પિટલના ડોક્ટરનો સંપર્ક કરીને સમગ્ર હકીકત જણાવી હતી.અને સંજય સમજીને જેના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા.તે ડેડ બોડીના રેકર્ડમાં ફરીથી સુધારો કરી અજાણી લાશ એમ લખી દેવામાં આવ્યું હતું.

## ડેડબોડી ફૂલી ગઇ હોઇ પિતા પણ પુત્રને ઓળખવામાં ગોથુ ખાઇ ગયા

(પ્રતિનિધિદ્વારા)    વડોદરા,રવિવાર

શનાભાઇ સોલંકીનો પુત્ર સંજય ડ્રાઈવિંગ કરે છે.પોલીસ સૂત્રો ના જણાવ્યા અનુસાર, સંજય અવાર-નવાર ઘર છોડીને જતો રહેતો હતો.છેલ્લા ત્રણ ચાર મહિનાથી તે ઘર છોડીને જતો રહ્યો હતો.

એક મહિના પહેલા સંજય અને તેના પિતા દુમાડ ચોકડી પાસે મળી ગયા હતા.બંને પિતા પુત્ર ગાડીનો ફેરો કરવા માટે મંજુસર ગયા હતા.તે સમયે સંજય મેલા ઘેલા કપડામાં હોઇ બે જોડી કપડા પણ અપાવ્યા હતા.

શના ભાઇને અજાણી લાશની જાણ થતા તેઓ પરિવારના અન્ય સભ્યો સાથે હોસ્પિટલમાં ખરાઇ કરવા માટે ગયા હતા.ડેડ બોડી ફૂલી ગઇ હતી.પરંતુ,જે કપડા હતા, તે કપડા પરથી તેમણે મૃતક પોતાનો પુત્ર હોવાનું નક્કી કર્યુ હતું.અને લાશ ઓળખવામાં તેઓ ભયંકર મોટી થાપ ખાઇ ગયા હતા.

### સંજય અવાર-નવાર ઘર છોડીને જતો રહેતો હતો

## અજાણ્યા પુરૂષની લાશની ઓળખમાં પરિવારજનો મોટી થાપ ખાઈ જતા આઘાતજનક ગોટાળો સર્જાયો, પોલીસ દોડતી થઇ ગઇ

બાળકોના ભોજનમાં ફેરફાર કરાયો

# મધ્યાહન ભોજન યોજનામાં સુખડીની બાદબાકી, ગ્રાન્ટ નથી

અમદાવાદ,રવિવાર

બાળકોને પોષણક્ષમ ખોરાક આપવાની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે પણ મધ્યાહન ભોજન યોજનામાં બાળકોની થાળીમાંથી સુખડીની બાદબાકી થઇ છે તેનુ કારણ એછેકે, ગ્રાન્ટ જ આવી નથી.

## બાળકોને નાસ્તામાં ચણાચાટ આપવા સૂચના દાળ પુલાવ અપાશે પણ હાલ જથ્થો જ નથી

છેલ્લા કેટલાંક વખતથી મધ્યાહન ભોજન યોજના ચર્ચામાં છે કેમકે, નજીવા પગારને કારણે સંચાલકથી માંડીને રસોઇયા નારાજ છે. આ યોજના હેઠળ શોષણ કરવામાં આવી રહ્યુ છે. હવે મધ્યાહન ભોજન યોજનામાં પુરતી ગ્રાન્ટ સુધ્ધાં પણ મળી રહી નથી. ભાવનગર ગ્રામ્ય મામલતદારે સૂચના જારી કરી છેકે, હાલ સુખડીની ગ્રાન્ટ આવી નથી. આ જોતા મધ્યાહન ભોજન યોજનામાં બાળકોની થાળીમાં સુખડી નહીઅપાય. અત્યાર માત્ર ચણાનો જ જથ્થો છે તે જોતા બાળકોને નાસ્તામાં ચણાચાટ આપવા નક્કી કરાયુ છે. મધ્યાહન ભોજન યોજના માટે તુવેરદાળનો જથ્થો નથી પણ બાળકોને નાસ્તામાં પુલાવ સાથએ તુવેરદાળ આપવા નિર્ણય કરાયો છે. ટૂંકમાં, અનાજનો પુરતો જથ્થો અપાતો નથી પરિણામે મધ્યાહન ભોજન યોજના સાથે સંકળાયેલા કર્મચારીઓ અકળાયા છે. કોંગ્રેસે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને અન્ય રાજ્યોની જેમ વધુ પગાર આપવા અને કાયમી કરવા માંગ કરી છે.

સરથાણાના જમીન દલાલને ભાગીદારની ધમકી

# હિસાબ પતાવી દે જે, નહીં તો જયાં મળે ત્યાં તને જીવતો નહીં રહેવા દઉં

(પ્રતિનિધિ દ્વારા)    સુરત, રવિવાર

સરથાણા જકાતનાકા વિસ્તારમાં રહેતા જમીન દલાલને નાણાંકીય લેતીદેતીના વિવાદમાં ફોન કરી હિસાબ પતાવી દેજે, નહીં તો જયાં મળે ત્યાં જીવતો નહીં રહેવા દુઉં તેવી ધમકી આપતા મામલો સરથાણા પોલીસમાં પહોંચ્યો છે. પોલીસે ધમકી અપાવનાર ભાગીદાર વિરૂધ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

## ભાગીદાર વતી હાર્દિક ગઢવી નામના વ્યક્તિએ કોલ કરી ધમકાવ્યો: પોલીસે નંબરના આધારે તપાસ હાથ ધરી

સરથાણા જકાતનાકાના કવિતા રો હાઉસમાં રહેતા જમીન દલાલ ઉમેશ રવજી કાકડીયા (ઉ.વ.૪૦ મૂળ રહે. સુરવિલાસ, તા.ગારીયાધાર, જિ.ભાવનગર)એ તેના ભાગીદાર કાળુ વેલજી મયાણી (રહે. ૨૬ કેરેટ ગોલ્ડ એપાર્ટમેન્ટ, મોટા વરાછા) વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જમીન દલાલીની સાથે કન્સ્ટ્રકશનનો ધંધો કરતા ઉમેશ અને કાળુ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી નાણાંકીય લેતીદેતી મુદ્દે ઝઘડો ચાલી રહ્યો છે. ઉમેશે કાળુને જે રકમ ચુકવવાની છે, તેના બદલામાં જમીન અને કન્સ્ટ્રકશન સાઈટનો સામાન આપવા તૈયાર છે પરંતુ કાળુ રોકડની ઉઘરાણી કરી રહ્યો છે. જે અંતર્ગત શનિવારે સાંજે ઉમેશ ઉપર હાર્દિક ગઢવી નામની વ્યક્તિનો કોલ આવ્યો હતો અને કહ્યું હતું કે કાળુભાઇ મયાણીના ભાગીદારીના લેતીદેતીના રૂપિયા આપવાના છે, તો મને કાળુભાઇએ હવાલો આપ્યો છે, હિસાબ વહેલી તકે પતાવી દેજે નહીં તો જયાં મળશે ત્યાં તને જીવતો નહીં રહેવા દઉં તેવી ધમકી આપી હતી.



સુરતની એક સ્કૂલમાં સ્વચ્છતા સાથે ભણાવાઈ રહ્યા છે જીવદયાના પાઠ

# વિદ્યાર્થિનીઓ બર્થ ડેમાં ચોકલેટ નહીં પણ સાબુ અને ચણ દાન લાવે છે

(પ્રતિનિધિ દ્વારા)    સુરત, રવિવાર

સુરતના કોરોનાના દરમિયાન જાહેર કરાયેલા હાથ ધોવાના નિયમને સુરતની એક શાળાએ વિદ્યાર્થિનીઓની આદત બનાવી દીધી છે. કોરોના બાદ શરૂ થયેલી આ શાળામાં સાબુ બેંક બનાવવામાં આવી છે. આ ઉપરાંત બાળકોમાં જીવદયા આવે તે માટે પક્ષીઓ માટે ચણ બેંક અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે માટે વૃક્ષારોપણ પણ થાય છે. આ તમામ પ્રવૃત્તિમાં બાળકો સીધા અને લાગણીથી જોડાઈ તે માટે વિદ્યાર્થીઓની બર્થ ડેને નિમિત્ત બનાવી આ પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ભટારની ડૉ.સી.એમ.દેસાઈ પ્રાથમિક શાળામાં જે વિદ્યાર્થિનીઓની વર્ષગાંઠ આવે તેની શાળા અનોખી રીતે ઉજવણી કરે છે. શાળા દ્વારા બર્થ ડે ગર્લ માટે એક ક્રાઉન અને સાથે બર્થ ડે ફોટો માટે ખાસ ખેસ તૈયાર કરવામાં આવ્યો છે. જે વિદ્યાર્થિનીની બર્થ ડે હોય તેને આ રૂમમાં જઈને અભિનંદન આપવામાં આવે છે. બર્થ ડે ગર્લ શાળામાં ઉજવણી માટે ચોકલેટ કે કેક નથી લાવતી પરંતુ સાબુ અને પક્ષીઓ માટે ચણ લાવે છે. આ શાળા દ્વારા કોરોના બાદ સાબુ બેંક ઉભી કરવામાં આવી છે. તેમાં સાબુ દાન કરવામાં આવે છે. જ્યારે પક્ષીઓના માટે ચણદાન બેંક ઉભી કરવામાં આવી છે. તેમાં યથાશક્તિ ચણ પણ આપે છે.

શાળાના આચાર્યા ભૂમિકા પટેલ કહે છે, કોરોના બાદ શાળા ખુલી ત્યારે વિદ્યાર્થીઓના હાથ ધોવા જરૂરી હતા. આ માટે સમિતિ દ્વારા હેન્ડ વોશ આપવામાં આવે છે. પરંતુ આ સ્વચ્છતા અને તકેદારીના અભ્યાસમાં અમારી શાળાની વિદ્યાર્થિનીઓ સીધી જોડાય તે માટે અમે સાબુ બેંક બનાવી હતી, તેને કાયમી ચલાવવાનો નિર્ણય કર્યો છે. વિદ્યાર્થિનીઓ બર્થ ડે હોય ત્યારે ચોકલેટ લાવતી હતી તેમને અને વાલીઓને સમજાવી ચોકલેટના બદલે સાબુ આપવા સમજાવ્યા હતા. આશ્ચર્યની સાથે વાલીઓ અને વિદ્યાર્થિનીઓએ અમારું સૂચન તરત માની લીધું છે. જે પણ વિદ્યાર્થિનીની બર્થ જે હોય તે ચોકલેટને બદલે સાબુ બેંક માટે ઓછામા ઓછો એક સાબુ લાવે છે અને ચણ બેંક માટે ઓછામાં ઓછી એક મુઠ્ઠી ચણ લાવે છે. આ પ્રકારની પ્રવૃત્તિથી વિદ્યાર્થિનીઓ સ્વચ્છતા અને જીવદયા પાઠ ભણી લે છે, તેની સાથે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે માટે જે વિદ્યાર્થિનીની વર્ષગાંઠ હોય તેની પાસે શાળાના કેમ્પસમાં વૃક્ષારોપણ પણ કરાવીએ છીએ.

### મુલાકાતીઓ પાસે પણ સાબુનું દાન લેવાય છે

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં દાતાઓ વિવિધ પ્રકારના દાન આપી રહ્યા છે તેવી જ રીતે ભટારની આ સ્કૂલમાં પણ કોમ્પ્યુટર જેવા સાધનો સાથે અન્ય દાન આવી રહ્યાં છે. જોકે, આ શાળામાં જે લોકો મુલાકાતે આવે છે તેમની પાસે પણ સ્કૂલના શિક્ષકો અને આચાર્યા દ્વારા દાનમાં વધુમાં વધુ સાબુ આવે તેવો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રયાસના કારણે આ શાળાની સાબુ બેંકમાં સતત સાબુઓ આવી રહ્યાં છે અને વિદ્યાર્થીઓ સાબુથી હાથ ધોઈ રહ્યા છે.

## સમિતિની ભટારની શાળામાં કોરોના બાદ હાથ ધોવાના નિયમને આદત બનાવી સાબુ બેંક શરૂ કરાઇ : વિદ્યાર્થિઓ બર્થ ડેમાં વૃક્ષારોપણ પણ કરે છે

# આંધ્રપ્રદેશના વેપારીએ રીંગરોડની માર્કેટના ૨૦ વેપારીને રૂ.૯૪ લાખનો ચૂનો ચોપડ્યો

(પ્રતિનિધિ દ્વારા)    સુરત, રવિવાર

રીંગરોડની ગોળવાલા માર્કેટમાં સી.એન.જી સારીઝ સહિત માર્કેટના ૨૦ વેપારીઓ પાસેથી આંધ્રપ્રદેશના ગોદાવરીના વેપારીએ રૂ.૯૪.૦૧ લાખની સાડી ખરીદી આજ દિન સુધી પેમેન્ટ નહીં ચુકવી રાતોરાત પેઢીનું નામ બદલી નવા નામે ધંધો શરૂ કરી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ સલાબતપુરા પોલીસમાં નોંધાય છે.

## જાહ્નવી ટેક્સટાઇલ નામે સાડી ખરીદી પેમેન્ટ ચુકવ્યું નહીં અને પછી નામ બદલી મંગલા ટેક્સટાઇલના નામે ધંધો શરૂ કરી દીધો

રીંગરોડની ગોળવાલા માર્કેટમાં સી.એન.જી સારીઝ નામે ધંધો કરતા ચેતન મહેન્દ્રકુમાર જૈન (ઉ.વ. ૨૯ રહે. રામેશ્વર પેલેસ, વેસુ અને મૂળ.આકોલી, તા.ઝાલોર, રાજસ્થાન)નો વર્ષ ૨૦૧૭માં દલાલ મુકેશ પારસમલ સીંગવી (રહે. જલારામનગર-૨, મોર્ડન ટાઉન, લિંબાયત) હસ્તક વેંકટ શ્રીનિવાસ રાવ લાવેટી સાથે પરિચય થયો હતો. વેંકટ આંધ્રપ્રદેશના ગોદાવરી રાજમહેન્દ્રમમાં જાન્હવી ટેક્સટાઇલ નામે ધંધો કરે છે અને સમયસર પેમેન્ટ ચુકવવાનો વાયદો કર્યો હતો. વેંકટે ચેતન પાસેથી નાના જથ્થામાં સાડી ખરીદી સમયસર પેમેન્ટ ચુકવી વિશ્વાસ કેળવી લીધો હતો.

બાદમાં નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૮માં રૂ.૩.૨૪ લાખની પ્રિન્ટ સાડી ખરીદી હતી તેનું પેમેન્ટ ચુકવવા માટે મંદી છે એમ કહી વાયદા કર્યા હતા અને ચેક પણ રિટર્ન થયા હતા. માર્ચ ૨૦૨૧માં ચેતન દલાલ મુકેશ સાથે ઉઘરાણી માટે ગોદાવરી ગયો હતો ત્યારે વેંકટના પરિચિત વેમના રાજુએ પણ પેમેન્ટ ચુકવી આપવાનો વાયદો કર્યો હતો પરંતુ આજ દિન સુધી પેમેન્ટ ચુકવ્યું ન હતું. ઉપરાંત જાહન્વી ટેક્સટાઇલના બેનર બદલી મંગલા ટેક્સટાઇલ નામે ધંધો શરૂ કરી દીધો હતો. બીજી તરફ ચેતને તપાસ કરતા વેંકટ શ્રીનિવાસ અને વેમના રાજુએ દલાલ મુકેશ હસ્તક ચેતન સહિત માર્કેટના કુલ ૨૦ વેપારી પાસેથી રૂ.૯૪.૦૧ લાખનો માલ ખરીદી રાતોરાત દુકાનના શટર પાડી બીજા નામે દુકાન શરૂ કરી દીધી હતી.

# સુરતમાં સાત વર્ષ બાદ રોગી કલ્યાણ સમિતીની બેઠક મળી : વિવિધ પ્રશ્ને ચર્ચા

(પ્રતિનિધિ દ્વારા)    સુરત રવિવાર

નવી સિવિલ હોસ્પિટલના દર્દીઓને તકલીફ ન પડે તે માટે શનિવારે રાજ્યના આરોગ્ય વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી અને અન્ય અધિકારીઓની બેઠક મળી હતી.

## સિવિલના દર્દીઓની તકલીફ દૂર કરવા મગજની સારવાર -નિદાન માટે અને લેબોરેટરીમાં સાધનો ખરીદવાને મંજુરી

સુરત ગવર્વમેન્ટ મેડિકલ કોલેજમાં શનિવારે સાંજે રાજ્યના આરોગ્ય વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી મનોજ અગ્રવાલ, આરોગ્ય વિભાગના એડિશનલ ડાયરેક્ટર ડૉ.આર.દીક્ષિત, મેડિકલ કોલેજના ડીન, તબીબી અધિક્ષક, આર.એમ.ઓ, મ્યુનિ.ના આરોગ્ય વિભાગના અધિકારી સહિતનાઓની રોગી કલ્યાણ અંગેની બેઠક મળી હતી. સાત વર્ષ બાદ મળેલી રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં સિવિલના દર્દીને લગતી સેવા તથા દર્દીને તકલીફ ના પડે તે માટે ત્રણ કલાક સુધી ચર્ચા થઈ હતી. અને મહત્વના કામગીરી અંગે મંજૂરી અપાઇ હોવાનું સવિલના આર.એમ.ઓ ડૉ.કેતન નાયકે જણાવ્યું હતું. અગાઉના પડતર પ્રશ્નોમાં જરૂરી નર્સિંગ સહિતના સ્ટાફ, બાયોમેડિકલ એન્જિનિયર, સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર સહિતનાઓની મંજૂરી આપી હતી. આ સાથે સિવિલના ન્યુરો ફીઝીશીયને દર્દીને સારવાર અને નિદાન માટેના મહત્વના સાધનોની માંગણી કરી હતી. જેથી રૂ.૨૩ લાખના સાધનો લાવવાની મંજૂરી મળી હતી. જ્યારે પેથોલોજી લેબોરેટરી માટે રૂ.૧૫ લાખના સાધનોની પણ મંજૂરી અપાઇ હોવાનું સિવિલના તબીબી અધિક્ષક ડૉ.ગણેશ ગોવેકર જણાવ્યું હતું.

### સ્ટેમ સેલ બિલ્ડિંગમાં આરોગ્ય સેક્રેટરીએ રાઉન્ડ લીધો

નવી સિવિલની સ્ટેમ સેલ બિલ્ડિંગમાં રવિવારે બપોરે આરોગ્ય વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી મનોજ અગ્રવાલે અધિકારી સાથે રાઉન્ડ લીધો હતો. જોકે હાલમાં આ બિલ્ડીગમાં કોરોનાના દર્દીઓ સારવાર લઇ રહ્યા છે. આ બિલ્ડિંગમાં ભવિષ્યમાં શું આયોજન કરવુ અને તેનો કઈ રીતે ઉપયોગ કરવો ? તે અંગે ઝડપથી નિર્ણય લેવા અંગે સેક્રેટરીએ સિવિલ, મેડીકલ કોલેજના સહિતના અધિકારીને કહ્યું હતુ.

# ડ્રગ્સ અને દારૂના કેસમાં જામીન પર છુટી ફરી ગેરકાયદે ધંધો કરનારને જેલ હવાલે કરાશે

અમદાવાદ, રવિવાર

દારૂ, ડ્રગ્સના કેસમાં ઝડપાયેલા ઘણા આરોપીઓ જામીન પર છુટીને ફરીથી ડ્રગ્સ કે અન્ય ગેરકાયદેસર ધંધા કરતા હોવાનું અનેકવાર સામે આવ્યું છે. ત્યારે ગુજરાત પોલીસ આવા તત્વોને પર વોચ રાખીને તેમને ફરીથી જેલમાં મોકલવાની સાથે ફરીથી જામીન કે પેરોલ ન મળે તે માટે કોર્ટમાં રિપોર્ટ કરશે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના ધોળકામાં કફ સિરપના કેસમાં ઝડપાયેલા ત્રણ આરોપીઓ જામીન પર છુટીને ફરીથી કફ સિરપનું ગેરકાયદેસર વેચાણ કરતા ઝડપાતા તેમને ફરીથી જેલ હવાલે કરાયા હતા.

## બાવળામાં કફસિરપ વેચાણમાં ઝડપાયેલા ત્રણ આરોપીઓ જામીન પર છુટીને ફરીથી ધંધો કરતા હોવાથી જેલ હવાલે કરાયા

રાજ્યમાં દારૂ, ડ્રગ્સના દુષણને નિયંત્રણમાં લેવા માટે ગૃહવિભાગ દ્વારા અનેક પગલા ભરવામાં આવ્યા છે. જેમાં નાના પાયે દારૂ કે ડ્રગ્સનું વેચાણ કરતા તત્વોને ઝડપીને તેમને દારૂ સપ્લાય કરતા લોકો સુધી પહોંચીને મોટા પ્રમાણમાં કેસ નોંધવામાં આવ્યા છે. તેમજ ફરાર થઇ ગયેલા આરોપીઓની મિલકતો પણ ટાંચમાં લેવા સુધીની કાર્યવાહી કરવામાં આવી છે. આ સાથે પોલીસના ધ્યાનમાં અન્ય બાબત પણ આવી હતી કે કેટલાંક આરોપીઓ શરતી જામીન પર છુટ્યા બાદ ફરીથી દારૂ કે ડ્રગ્સના ધંધામાં જોડાતા હોય છે. જે જામીનની શરતોનો ભંગ કરવાની સાથે સામાજીક દુષણ પણ ફેલાવે છે. જેથી આવા તત્વો પર નજર રાખવા માટે ડીજીપી આશીષ ભાટીયાએ પોલીસને આદેશ કર્યો છે કે આવા તત્વો પર ખાસ નજર રાખવામાં આવે અને જો જામીન પર છુટ્યા બાદ ફરીથી તે કોઇપણ ગેરેકાયદેસર ધંધામાં હોય તેની ફરીથી ધરપકડ કરીને જેલમાં મોકલવાની સાથે તેને ફરીથી જામીન કે પેરોલ ન મળે તે માટે કોર્ટને રિપોર્ટ પણ કરવાનો રહેશે. જેથી આવા તત્વો પર લગામ લગાવી શકાય. આ માટે તમામ જિલ્લા પોલીસને વિશેષ ટીમ પણ બનાવવાનું કહેવામાં આવ્યું છે.

અમદાવાદ જિલ્લાના બાવળામાં સીઆઇડી ક્રાઇમ દ્વારા જુન ૨૦૨૧માં એનડીપીએસનો કેસ નોંધીને સિરપનું ગેરકાયદેસર વેચાણ કરતા પૃથ્વીસિંહ ચાવડા , કિશન જસવંત ઠાકોર અને કિશન રતિલાલ ઠાકોર (તમામ રહે. કાવિઠા, તા. બાવળા) ને ઝડપીને જેલમાં મોકલી આપ્યા હતા. બાદમાં તેમણે કોર્ટમાં જામીન અરજી કરીને ફરીથી કોઇપણ ગેરકાયદેસર ધંધો નહી કરવાની ખાતરી આપી હતી. જેના આધારે ત્રણેયને જામીન મળ્યા હતા. જો કે જામીન પર છૂટીને ફરીથી કફ સીરપના ગેરકાયદેસર ધંધામાં જોડાતા સીઆઇડી ક્રાઇમે તમામની ધરપકડ કરીને વડોદરાની સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યા હતા.

સામુહિક પરિવહન સેવાના બિલ્ડીંગમાંથી મ્યુનિ.ની આવક પણ ઉભી થશે

# વેસુ ખાતે BRTS-સિટી બસના ટ મનલ બિલ્ડીંગમાં કોમ શયલ એક્ટીવીટી પણ થશે

(પ્રતિનિધિ દ્વારા)    સુરત, શનિવાર

સુરતમાં સામુહિક પરિવહનની સેવાના બિલ્ડિંગમાંથી પણ આવક ઉભી કરવા મહાનગરપાલિકાએ પ્રયાસ શરૂ કર્યા છે. અઠવા ઝોનમાં સીટી અને બીઆરટીએસ બસ માટે ટર્મીનલ બિલ્ડીંગ બનવાનું છે. તેમાં સામુહિક પરિવહન સેવા સાથે ઓફિસ, દુકાન મલ્ટી પરપઝ હોલ અને વોટર રિસાઈકલીંગ ની સુવિધા પણ ઉભી કરવા માટે પણ આયોજન કર્યું છે.

## ૧૩.૪૫ કરોડના ખર્ચે ટ મનલ અને ડેપો બનશે તેમાં ઓફિસ, દુકાન, મલ્ટીપર્પઝ હોલ અને વોટર રિસાઈકલીંગની સુવિધા પણ ઉભી કરાશે

સુરતમા સીટી અને બીઆરટીએસ બસ સુવિધાનો ઉપયોગ માં ઉત્તરોત્તર વધારો થતાં પાલિકા આ પરિવહન વધુ અસરકારક બનાવવા માટે વર્કશોપ, ડેપો અને ટર્મીનલ બિલ્ડીંગ બનાવવાનું શરૂ કર્યું છે. હાલમાં સુરત શહેરમાં સીટી અને બીઆરટીએસ બસ ના આઠ ટર્મીનલ શરૂ કર્યા છે.

જોકે, આગામી દિવસોમાં ઈલેક્ટ્રીક બસની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થતો હોય અન્ય વિસ્તારોમાં પણ બસ ટર્મિનલ બનાવવા આયોજન છે. જે અંતર્ગત અઠવા ઝોનમાં ટી. પી. સ્કીમ નં. ૨૯ (વેસુ-મગદલ્લા)ના પ્લોટમાં બસ ડેપો ટર્મિનલ વર્કશોપ બનાવવા આયોજન કરાયું છે. પ્રોજેક્ટ માટે રૂ.૧૩.૪૫ કરોડના ખર્ચનો અંદાજ મંજૂર કરવા જાહેર પરિવહન સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ થઇ છે. અહી આયોજન પ્રમાણે ટર્મિનલ સહિતના બસ ડેપોમાં ૩૭ ઇલેક્ટ્રિક બસોના ચાર્જીંગ માટેના ચાર્જીંગ સ્ટેશન તથા ૪૭ સિટીબસોનું પાર્કિંગ થઇ શકે છે. તથા ત્રણ બસ સ્ટોપ માટેની વ્યવસ્થા પણ ઊભી કરાશે. ટર્મિનલ બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર અને ચાર માળનું બાંધકામ કરાશે. એ જ રીતે વર્કશોપ માટે પણ ગ્રાઉન્ડ ફ્લોર અને ચાર માળનું બાંધકામ કરાશે.

સર્વિસ સ્ટેશન, રેસ્ટરૂમ, મલ્ટિપર્પઝ હોલ, વોટર રિસાઇકલિંગ સહિતની સુવિધા ઉભી કરાશે. એટલું જ નહીં, ટર્મિનલ બિલ્ડિંગમાં દુકાનો અને ઓફિસનું પણ આયોજન થયું છે. જેથી બસ સેવા સુદ્રઢ બનાવવા સાથે પાલિકાને આવકનો નવો સ્ત્રોત ઉભો થશે.

### સચીનમાં ટ્રેન અડફટે યુવતીનું મોત

(પ્રતિનિધિ દ્વારા)    સુરત રવિવાર

સચીન જી.આઇ.ડી.સીમાં શિવનગરમાં રહેતી ૨૫ વર્ષની સાવરીકા સાગર પડહરી શનિવારે રાતે સચીન રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પાસે ટ્રેન અડફટે આવી ગઇ હતી. જેથી તેને ગંભીર ઇજા થતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી હતી. જ્યાં ટુંકી સારવાર દરમિયાન તે મોતને ભેટી હતી.

# ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ક્રિકટ મેચ સહિત ગેમ પર સટ્ટો રમતા બે પકડાયા

(પ્રતિનિધિ દ્વારા)    સુરત, રવિવાર

ઉધના-ભાઠેના ખાડી બ્રિજ પાસેથી પોલીસે ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ક્રિકેટ મેચ સહિતની ગેમ ઉપર ઓનલાઈન સટ્ટો રમનાર અને રમાડનાર બે ને પોલીસે ઝડપી પાડી મોપેડ સહિત કુલ રૂ. ૫૧ હજારનો મુદ્દામાલ કબજે લીધો હતો.

## વતન રાજસ્થાનના મિત્ર પાસેથી આઈડી-પાસવર્ડ લીધા હતા

બાતમીના આધારે ઉધના ભાઠેના રોડ ખાડી બ્રિજ પાસેથી પોલીસે આશિષકુમાર ચિરંજીલાલ શર્મા (ઉ.વ.૩૨ રહે. મહાવીર સોસાયટી, ઉધના ઝોન પાસે, ઉધના અને મૂળ.રાજસ્થાન) અને શૈલેન્દ્ર વિજયનાથ તિવારી (ઉ.વ.૩૩ રહે. પાંડવ કોમ્પ્લેક્ષ, મીરાનગર પાસે, ઉધના) ને ઝડપી પાડી તેમના મોબાઈલ ચેક કર્યા હતા. જેમાં ઓનલાઈન સટ્ટો રમી રહ્યા હોવાનું અને તેના માટે આઈડી-પાસવર્ડ ગોવિંદ ગોપાલ શર્મા (રહે. પલસાણા, તા.ખંડેલા, જિ. સિકર, રાજસ્થાન) પાસેથી ખરીદ્યાની કબૂલાત કરી હતી. ઈન્ટરનેશનલ ઉપરાંત ડોમેસ્ટિક ક્રિકેટ મેચથી લઇ અન્ય ગેમ ઉપર તેઓ સટ્ટો રમતા હતા અને દર સોમવારે તેનો હિસાબ ચુક્ત કરતા હતા. પોલીસે આશિષનું મોપેડ (નં.જીજે-૫ એચએસ-૫૦૫૪), બે મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ.૫૧ હજારનો મુદ્દામાલ કબજે લીધો હતો.

### મહુવાના મોટી જાગધાર ગામે કાકા-ભત્રીજા ઉપર વીજળી પડતાં મોત

ભાવનગર, રવિવાર

મહુવા પંથકમાં આજે રવિવારે સવારથી વરસાદી વાતાવરણ વચ્ચે મેઘરાજાની જોરદાર એન્ટ્રી થઈ હતી. મહુવા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અડધા ઈંચથી વધુ વાવણી લાયક વરસાદ વરસતા ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા હતા. જો કે, આકાશમાંથી વરસાદની સાથે વીજળીની આફત ત્રાટકી હતી. મહુવાના મોટી જાગધાર ગામે સવારે ૧૧ કલાક આસપાસ સંજયભાઈ ભુપતભાઈ મકવાણા (ઉ.વ.૨૬), રવિ રાજુભાઈ મકવાણા (ઉ.વ.૧૧) અને બાલુબેન ભુપતભાઈ મકવાણા (ઉ.વ.૫૨ રહે, ત્રણેય મોટી જાગધાર)મનરેગાના કામ સબબ મજૂરી કરીને ઘર તરફ આવી રહ્યા હતા. ત્યારે જોરદાર ધડાકા સાથે આકાશમાંથી વીજળી તેમના પર ત્રાટકી હતી. જેથી ત્રણેયને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મહુવા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અહીં કાકા-ભત્રીજા સંજયભાઈ અને રવિભાઈનું મૃત્યુ થયું હતું. બાલુબેન મકવાણાને સારવાર માટે હનુમંત હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

# પાંડેસરામાં પશુપાલકના ઘરમાંથી એક લાખની ચોરી કરનાર બે પૈકી એક પકડાયો

(પ્રતિનિધિ દ્વારા)    સુરત, રવિવાર

પાંડેસરાના ભેદવાડ વિસ્તારમાં રહેતા પશુપાલકના ખુલ્લા ઘરમાં બે મહિના અગાઉ વહેલી સવારે ચોરી કરનાર બે રીઢા ચોર પૈકી એકને ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યો છે. જયારે તેનો સાથીદાર હાલ ચોરીના ગુનામાં લાજપોર જેલમાં કેદ છે.

## બીજો ચોર લાજપોર જેલમાં કેદ : દાગીના કબજે લેવાયા

ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે લિંબાયતના મારૂતિ સર્કલ પાસેથી આફતાબ ઉર્ફે બાબુ નિઝામુદ્દીન શેખ (ઉ.વ.૨૮ રહે. ૫૨૮, મીઠીખાડી, બેઠી કોલોની, લિંબાયત) ને ઝડપી પાડી તેની પાસેથી સોનાની ચેઈન, ચાંદીનું કડુ, વીંટી અને મોબાઈલ મળી કુલ રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે આફતાબની હાથ ધરેલી પૂછપરછમાં હાલ ઉધના વિસ્તારના ચોરીના ગુનામાં લાજપોર જેલમાં કેદ મિત્ર સદ્દામ હુસૈન ઉર્ફે કે.કે.સી સાથે મળી ગત ૧૭ એપ્રિલની વહેલી સવારે પાંડેસરાના ભેદવાડ દરગાહ નજીક શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલયની સામે રહેતા પશુપાલક ભગવાન બીજલભાઇ આલગોતર (ઉ.વ. ૪૦) ના ખુલ્લા ઘરમાં ચોરી કરવા ઘુસ્યા હતા. કબાટ ખોલતી વખતે અવાજ આવતા પશુપાલક જાગી ગયા હતા પરંતુ રૂ.૧.૧૭ લાખની મત્તાના સોના-ચાંદીના દાગીના ચોરી કરી સદ્દામ હુસૈન મોપેડ લઇ બહાર ઉભો હતો તેની સાથે બેસીને ભાગી ગયાની કબૂલાત કરી હતી.

### સોનગઢના બુધવાડા ગામમાં પહેલીવાર હનુમાનજી મહારાજની

# શોભાયાત્રા આંગણે આવતા ખ્રિસ્તી ધર્મ પાળતા ૬ પરિવાર ઝુમી ઉઠ્યા, ઘરવાપસી



વ્યારા,રવિવાર

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના બુધવાડા ગામે હનુમાનજી મંદિરના પ્રાણપ્રતિષ્ઠા દરમિયાન આદિમ જૂથમાંથી આવતા કોટવાડીયા સમાજના ૩૫ થી વધુ લોકોએ ખ્રિસ્તી ધર્મ છોડીને ઘર વાપસી કરી હતી. પહેલા આ વિસ્તારમાં વર્ષોથી કોઈ તહેવાર ઉજવાતા ન હોય સમયને આધીન તેઓ ખ્રિસ્તી ધર્મમાં ગયા હતા.

## આદિમ જૂથમાંથી આવતા કોટવાડીયા સમાજના લોકોએ અજ્ઞાનતાના કારણે ત્રણ પેઢીથી ધર્મ છોડ્યો હતો : ગ્રામદેવતા હનુમાનજી મહારાજની સ્થાપના

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના બોરડા જંગલ વિસ્તારના પહાડોમાં તાપી નદીના કિનારે વસેલા બુધવાડા ગામમાં પહેલી વાર ગ્રામ દેવતા(ગ્રામ રક્ષક) હનુમાનજી મહારાજની સ્થાપના તાપી જિલ્લા રાષ્ટ્રીય જનજાતિ મંચ, ભાથીજી સેવા સંઘના સહયોગથી શનિવારે કરવામાં આવી હતી. આજદિન સુધી આ ગામમાં એક પણ આદિવાસી તહેવારો ગ્રામ દેવતા, ચૌરી અમાસ, હોળી, ગણેશ ઉત્સવ, નંદુરીયો દેવ, રીતિ રિવાજો કે સનાતન સંસ્કૃતિના કાર્યક્રમો ઉજવાયા નથી. પ્રથમવાર જ ધાર્મિક કાર્યક્રમ હોય પ્રાણપ્રતિષ્ઠા માટે નીકળેલી શોભાયાત્રા શેરીએ શેરીએ ફરતા લોકોએ પોત પોતાના ઘર આંગણે આરતી, પૂજા કરી હતી અને મંદિર પાસે આવી આદિવાસી કુળદેવીની શક્તિ સ્વરૂપ દેવાણી માતાના તાલે ઝૂમી ગ્રામ દેવતા તરીકે હનુમાનજીની પ્રતિમાની સ્થાપના કરી ગ્રામ દેવતાનું નવું નામકરણ શ્રી દેવાણી હનુમાનજી મહારાજ કર્યું હતુ. ગામમાં ખ્રિસ્તી ધર્મ પાળતા લોકો પણ વસતા હોય શોભાયાત્રા ઘર આંગણે આવતા અલગ અલગ ફળિયામાં રહેતા આદિમ જૂથના ૬ પરિવારો કે જેઓ ખ્રિસ્તી ધર્મ પળતા હતા એ પરિવારના ૩૫ સભ્યોમાં પણ શોભાયાત્રાથી ધાર્મિક ભાવના જાગૃત થતા ઝુમી ઉઠ્યા હતા. અને ખ્રિસ્તી ધર્મ છોડી ફરી મૂળ ધર્મમાં ઘર વાપસી કરી હતી. વર્ષોથી કોઈ ધાર્મિક તહેવાર ઉજવાતો ન હોય અજ્ઞાનતાના કારણે મહિલાઓ, બાળકો આસપાસના ચર્ચામાં જતા ખ્રિસ્તી ધર્મ પાળતા હોવાનું તાપી જિલ્લા રાષ્ટ્રીય જનજાતિ મંચના અગ્રણીએ જણાવ્યું હતું.

### આ વિસ્તારમાં ધર્માંતરણનું પ્રમાણ વધારે હોવાથી વર્ષોથી કોઈ તહેવારો ઉજવાતા ન હતા

ગ્રામ દેવતા હનુમાનજી મહારાજની શોભાયાત્રા દરમિયાન કોટવાડીયા સમાજના ૩૫ લોકો ખ્રિસ્તી ધર્મ છોડી મૂળ ધર્મમાં પરત થયા હતા. જે અંગે તાપી જિલ્લા રાષ્ટ્રીય જનજાતિ મંચ તાપી જિલ્લાના અધ્યક્ષ પ્રદિપકુમાર વસાવાએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં ધર્માંતરણનું પ્રમાણ વધારે હોવાથી વર્ષોથી કોઈ તહેવારો ઉજવાતા ન હતા અને સમયને આધીન અજ્ઞાનતાના કારણે લોકોએ ત્રણ પેઢીથી ધર્મ છોડ્યો હતો. આજે ગામના ગ્રામ રક્ષક એવા શ્રી દેવાણી હનુમાનજી મહારાજનું આગમન થતા આ પરિવારના લોકો ઝુમતા ઝુમતા શોભાયાત્રામાં જોડાયા હતા અને ભગવો ધ્વજ ઉંચકી નાચવા લાગ્યા હતા બાદમાં પૂજા વિધિ કરી ધર્મમાં પરત થયા છે.

### ભિલાડ સ્ટેશન પાસે ટ્રેન અડફટે આધેડના બે ટુકડા

વાપી,રવિવાર

ભિલાડ રેલવે સ્ટેશન નજીક શનિવારે રાત્રે ટ્રેન અડફટે આધેડ આવી જતા શરીરના બે ટુકડા થઇ ગયા હતા. ઘટનાને પગલે પોલીસે દોડી જઇ મૃતકની ઓળખ કરવા કવાયત આદરી હતી. મૃતકની ઓળખ ભિલાડના તળાવપાડા ખાતે રહેતા મગન ગાંડાભાઇ વારલી (ઉ.વ.પર) તરીકે થઇ હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. મૃતક કડિયા કામ કરતા હતા.

# સુરત APMCના વિવાદ વચ્ચે પ્રમુખે અન્ય બે સંસ્થામાંથી રાજીનામુ આપ્યું

બારડોલી, રવિવાર

સુરત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના પ્રમુખ રમણ જાનીના વહીવટ અંગે વિવાદો થતાં ભાજપ મોવડી મંડળે રાજીમાનુ માંગતા સહકારી રાજકારણ ગરમાયું હતુ. દરમિયાન રમણ જાનીએ અન્ય બે સહકારી સંસ્થામાં ડિરેક્ટરપદેથી રાજીનામું આપી દેતાં સહકારી રાજકારણમાં વધુ એક વખત વિવાદ વધ્યો છે.

## રમણ જાનીને એપીએમસીના પ્રમુખપદેથી રાજીનામુ આપવા તાકિદ કરનાર ભાજપ મોવડી મંડળની પણ હવે પરીક્ષા થશે

સુરત એપીએમસીના પ્રમુખ રમણ જાનીના વહીવટ અંગે કેટલાક ડિરેક્ટરોએ ભાજપ મોવડી મંડળને વારંવાર ફરિયાદો કરતાં ભાજપ મોવડી મંડળે રમણ જાનીને પ્રમુખપદેથી રાજીનામું આપી દેવા તાકીદ કરી હતી. પણ રમણ જાનીએ રાજીનામું ન આપી વિદેશ જવાના હોય રજા મુકતા ઉપપ્રમુખ એવા સુરત જિલ્લા ભાજપ પ્રમુખ સંદિપ દેસાઈએ ચાર્જ સંભાળ્યો હતો. દરમિયાન વિદેશથી આવ્યા બાદ રમણ જાનીએ વહીવટી કાર્યવાહી પૂર્ણ કર્યા વિના જ બોર્ડ મીટિંગ બોલાવતાં વધુ વિવાદ થયો હતો. ભાજપ મોવડી મંડળની રાજીનામું આપવાની તાકીદ છતાં ત્રણ મહિનાથી રમણ જાનીએ એપીએમસીમાંથી રાજીનામું ન આપતા ભાજપના આંતરિક સાથે સહકારી રાજકારણ પણ ગરમાયું હતું. રમણ જાનીના રાજીનામા અંગે સંદિપ દેસાઈ સહિત ભાજપના આગેવાનોએ વારંવાર સુરત ડિસ્ટ્રીકટ બેંકમાં બેઠકો કરી હતી પરંતુ કોઈ ઉકેલ આવ્યો નથી. દરમિયાન શનિવારે રમણ જાણીએ સુરત જિલ્લા ખરીદ વેચાણ સંઘ અને બારડોલી ખાતે આવેલી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ફ્ ટ એન્ડ વેજીટેબલ માર્કેટીંગ ફેડરેશનના ડિરેક્ટરપદેથી રાજીનામા પત્ર મોકલી આપ્યો હોવાનું જાણવા મળે છે. અન્ય સહકારી સંસ્થામાંથી રાજીનામું આપી દઈ એપીએમસીના પ્રમુખ તરીકે કાર્યરત રહેતાં ભાજપ મોવડી મંડળની પરીક્ષા પણ આગામી દિવસમાં થઇ જશે.

### ગોડાદરામાં ટ્રેન સામે પડતુ મુકી યુવાનનો આપઘાત

(પ્રતિનિધિ દ્વારા) સુરત રવિવાર

સ્મીમેર હોસ્પિટલથી મળેલી વિગત મુજબ ગોડાદરામાં વૃદાવંન સોસાયટીમાં રહેતો ૨૦ વર્ષનો ગોવિંદ બુધિયા રાઠોડે શનિવારે સાંજે ગોડાદરામાં સાંઇધામ સોસાયટી નજીક રેલવે ટ્રેક પર સુરત-ભુસાવલ ટ્રેન સામે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. ગોવિંદ છેલ્લા કેટલાક સમયથી બેકાર હતો. તે દારૂ પણ પીતો હતો. ગઇ કાલે તેણે ઘરે પરિવારના સભ્યો સાથે રકઝક કરી હતી. બાદમાં કોઇ કારણસર આ પગલુ ભર્યું હોવાનું પોલીસે કહ્યુ હતુ. આ અંગે ગોડાદરા પોલીસે તપાસ હાથ ધરી છે.






### એપ્લાઇડ સાયન્સમાં અનુભવી ૫૨ ડોક્ટરેટ શિક્ષકો દ્વારા પ્રશિક્ષણ

# પારૂલ યુનિવર્સિટીની એપ્લાઇડ સાયન્સ ફેકલ્ટીને ફોર સ્ટાર રેટિંગ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા, રવિવાર

વડોદરાની પારૂલ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ એપ્લાઇડ સાયન્સ દ્વારા પીજી અને યુજી બન્ને અભ્યાસ ક્રમો વિદ્યાર્થીઓને ઓફર કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને થીયરોટીકલ શિક્ષણની સાથે સાથે પ્રેક્ટીકલ શિક્ષણ પણ આપવામાં આવે છે. જેના પગલે વિદ્યાર્થીઓની પ્રતિભા અન્ય વિદ્યાર્થીઓ કરતાં વધારે પ્રમાણમાં ઉભરી આવે છે. જેના પુરાવા પારૂલ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ એપ્લાઇડ સાયન્સને મળેલા વિવિધ સન્માન આપે છે. ફેકલ્ટીને ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટયૂટશનલ રેટિંગ ફ્રેમવર્ક દ્વારા ફોર સ્ટાર રેન્કિગ આપવામાં આવ્યું હતું.

## તાજેતરમાં યોજાયેલી પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ૧૭૦ નામાંકિત કંપનીઓએ ભાગ લીધો નામાંકિત કંપની દ્વારા વિદ્યાર્થીને રૂા. ૭ લાખના મહત્તમ પેકેજની ઓફર કરાઈ

ફેકલ્ટીના પ્રાધ્યાપકો વિદ્યાર્થીઓને સતત આત્મનિર્ભર બનવા માટે પ્રેરીત કરતાં હોય છે. જેના પગલે વિદ્યાર્થીઓમાં રીસર્ચની ભાવના ઉજાગર થાય છે. જે માટે ભારત સરકાર દ્વારા એચઆરડી સ્કીમ હેઠળ યંગ સાયન્ટિસ્ટ પ્રોજેક્ટ હેઠળ રૂા. ૧૮,૩૨,૫૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જ્યારે રાજ્ય સરકારના ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન અંતર્ગત સંશોધન માટે રૂા. ૩૦,૦૦,૦૦૦ની ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તેમજ ગુજરાત સરકાર દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી હેઠળ જીટીયુ ઈનોવેશન એન્ડ સ્ટાર્ટ-અપ કાઉન્સિલ દ્વારા રૂા. ૩.૩૫ લાખ ગ્રાન્ટ આપવામાં આવી છે.

વિદ્યાર્થીઓ દ્વારા તેમના પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવતા શ્રેષ્ઠ રિસર્ચને પેટન્ટ કરાવવા માટે પણ પારૂલ યુનિવર્સિટી દ્વારા મદદ કરવામાં આવે છે. જે અંતર્ગત ૨૨ થી વધુ પેટન્ટ સંશોધન તેમજ સાત જેટલી ડિઝાઈન પેટન્ટ મેળવવામાં આવી છે. તેટલું જ નહીં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ૧૫૦થી વધારે સંશોધન પત્રો પ્રકાશીત કરાયા છે. વિદ્યાર્થીઓને અનુભવી શિક્ષકો દ્વારા શ્રેષ્ઠ શિક્ષણ મળે તે હેતુથી ૫૨ પીએચડી હોલ્ડર અને પોસ્ટ ડોક્ટોરેટ શિક્ષકો હાલ ફરજ બજાવી રહ્યા છે.

એપ્લાઇડ સાયન્સીસમાં તાજેતરમાં યોજાયેલી પ્લેસમેન્ટ ડ્રાઇવમાં ૧૭૦ કંપનીએ ભાગ લીધો હતો. જેમાં મહત્તમ રૂા. ૭ લાખ અને સરેરાશ રૂા. ૪ લાખના પેકેજની ઓફર વિદ્યાર્થીને કરાઈ છે.

પારૂલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ અને અદ્યતન શિક્ષણ મળે તે હેતુથી યુવી-વિઝિબલ સ્પેક્ટ્રોફોટોમીટર, ફૂરિયર-ટ્રાન્સફોર્મ ઈન્ફ્રારેડ સ્પેક્ટ્રોસ્કોપી, અલ્ટ્રા સેન્ટ્રીફ્યુજ, વિડીયો સ્પેક્ટ્રલ કમ્પેરેટર, સ્ટીરિયો-માઈક્રોસ્કોપ, પોલિમરેઝ સાંકળ પ્રતિક્રયા-PCR, નાર્કોટિક્સ ડિટેક્શન અને ક્રાઈમ સીન પ્રોસેસિંગ કિટ, GEL ડોક સિસ્ટમ, ફ્લોરોસન્ટ માઈક્રોસ્કોપ અને લેમિનાર એરફલો બેન્ચ જેવા મોંઘા અને અદ્યતન સાધનો ગુજરાતમાં એક માત્ર પારૂલ યુનિવર્સિટી પાસે જ છે. ***

### એપ્લાઇડ સાયન્સ દ્વારા ઓફર થતાં બીએસસી અને એમએસસીના અભ્યાસ ક્રમો

ફોરેન્સીક સાયન્સ, બાયો ટેકનોલોજી, માઈક્રોબાયોલોજી, ન્યૂટ્રીશિયન એન્ડ ડાયાટેટિક્સ, કેમેસ્ટ્રી, ફૂડ ટેકનોલોજી, બાયોકેમેસ્ટ્રી, જેનિટિક્સ, ફિઝીક્સ, મોલેક્યુલર એન્ડ સેલ બાયોલોજી, ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ, એનવાયરમેન્ટલ સાયન્સ, જીયોલોજી, જીયોગ્રાફી, બાયોમટિરીયલ એન્ડ ટિસ્યુ એન્જિનિયરિંગ, અર્થ સાયન્સ, નેનો ટેકનોલોજી, પેટ્રોકેમિકલ ટેકનોલોજી

### કઈ કઈ કંપનીઓએ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપ્યું ?

આદિત્ય બિરલા, એમઆરએફ, કેડીલા, રિલાયન્સ, સન ફાર્મા, લીવા ફાર્મા (ઝાયડસ), ઝાયડસ, કેડિલા ફાર્માસ્યુટીકલ્સ લી., એલેમ્બિક, વોવાન્ટીક્સ લેબોરેટરીઝ, બેન્ક ઓફ અમેરિકા, લોનસન કીરી, ગ્લોબલ હેલ્થ કેર, એસ્ટ્રલ સ્ટેરીટેક, આલ્પ્સ કેમિકલ્સ, બીડીઆર ફાર્માસ્યુટિકલ ઈન્ટરનેશનલ લિમિટેડ, કીરી ઈન્ડસ્ટ્રીઝ, બી એન્ડ એસ ગ્રૂપ, મર્ક્યૂરી લેબ, પીરામલ, ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ, અજંતા ફાર્મા, સિઓટિક્સ લિમિટેડ, કેમોન, વિસે ઓર્ગેનિક, સ્ટેલર ફાઉન્ડેશન, નોવાગેન, બિલ્સ બાયોટેક, ફાર્બ ફર્મા, સારાહ ફૂડ્સ

### એક્સપર્ટ લેક્ચરમાં દેશ વિદેશથી કોણ હાજર રહ્યું ?

પ્રો. ડો. એમ. આર. એન. મૂર્તિ, IBAB પદ્મશ્રી પ્રો. ડાં. સૈયદ એહતેશામ હસનૈન, IISc, પદ્મશ્રી પ્રો. ડાં. ચેટર્જી, IISc, પ્રો. વી. નાગરાજા, IISc, પ્રો. ડાં. નિયાઝ અહેમદ, IISc, પ્રો. ડાં. સંધ્યા એસ. વિશ્વેશ્વરૈયા, IISc, પ્રો. નવીન વંકાદરી, રિસર્ચ ફેલો અને લેક્ચરર, મોનાશ યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયા, ડાં. સૈયદ જી દસ્તાગર, પ્રિન્સિપલ સાયન્ટિસ્ટ, CSIR નેશનલ કેમિકલ લેબોરેટરી, ગેરી ગ્રાફ, FBI એવિડન્સ રિસ્પોન્સ મેમ્બર ટીમ મેમ્બર SWAT ઈન્સ્ટ્રક્ટર, સ્ટીવન ડેવિડ લેમ્પલી, લાઈ ડિટેકશન એક્સપર્ટ, નેન્સી ગ્રેસ, ફોક્સ રાષ્ટ્રોની ક્રાઈમ સ્ટોરીઝના નિયમિત મહેમાન, ડાં. સતીશ માદુરેવુલા એસોસિયેટ સાયન્ટિસ્ટ, સેન્ટર ફોર જીનોમિક મેડિસિન સાઉદી અરેબિયા.







## આજનુ પંચાંગ
તા. ૨૦-૬-૨૦૨૨, સોમવાર



**દિવસના ચોઘડિયા :** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિના ચોઘડિયા :** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**અમદાવાદ સૂર્યોદય :** ૫ ક. ૫૫ મિ., સૂર્યાસ્ત : ૧૯ ક. ૨૮ મિ.
**સુરત સૂર્યોદય :** ૫ ક. ૫૯ મિ., સૂર્યાસ્ત : ૧૯ ક. ૨૧ મિ.
**મુંબઈ સૂર્યોદય :** ૬ ક. ૦૩ મિ., સૂર્યાસ્ત : ૧૯ ક. ૧૬ મિ.
**નવકારસી સમય :** (અ) ૬ ક. ૪૩ મિ. (સુ) ૬ ક. ૪૭ મિ. (મું) ૬ ક. ૫૧ મિ.
**જન્મરાશિ :** કુંભ (ગ.સ.શ.ષ.) રાશિ, ૨૨ ક. ૩૭ મિ. સુધી પછી મીન (દ.ચ.ઝ.થ.) રાશિ આવે.
**નક્ષત્ર :** પૂર્વાભાદ્ર પદ ૨૮ ક. ૩૬ મિ. સુધી પછી ઉત્તરાભાદ્ર પદ નક્ષત્ર આવે
**ગોચર ગ્રહ :-** સૂર્ય-મીથુન, મંગળ-મીન, બુધ-વૃષભ, ગુરૂ-મીન, શુક્ર- વૃષભ, શનિ-કુંભ, રાહુ-મેષ, કેતુ-તુલા, ચંદ્ર-કુંભમાં ૨૨ ક. ૩૭ મિ. સુધી પછી મીન રાશિમાં.
હર્ષલ (યુરેનસ) મેષ નેપચ્યુન-મીન પ્લુટો-મકર રાહુકાળ ૭.૩૦ થી ૯.૦૦ (દ.ભા.)
**વિક્રમ સંવત :** ૨૦૭૮ પ્રમાદી સં. શાકે : ૧૯૪૪ શુભકૃત- / જૈનવીર સંવત : ૨૫૪૮ ઉત્તરાયણ / ગ્રીષ્મ ઋતુ રાષ્ટ્રીય દિનાંક : જેઠ / ૨૯ વ્રજ માસ -જેઠ
**માસ-તિથિ-વાર :** જેઠ વદ સાતમ
World Refugee Day
**મુસલમાની હિજરીસન :** ૧૪૪૩ ઝીલ્કાદ માસનો ૨૦ મો રોજ
**પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૧ બહમન માસનો ૯ મો રોજ આદર

## આજનું ભવિષ્ય
- અગ્નિદત્ત પદમનાભ



**મેષ :** આપના કાર્યમાં સંતાનનો સાથ સહકાર મળી રહે. કામમાં આકસ્મિક સરળતા-સાનુકુળતા મળી રહે. હર્ષ-લાભ જણાય.

**વૃષભ :** આપના કાર્યની સાથે મિત્રવર્ગ- સગાસબંધી વર્ગ- ઘર- પરિવારના કામ અંગે આપને દોડધામ-શ્રમ રહ્યા કરે. થાક-કંટાળો જણાય.

**મિથુન :** નોકરી-ધંધાના કામકાજ અર્થે બહાર કે બહારગામ જવાનું બને. સહકાર્યકરવર્ગ- નોકર ચાકરવર્ગના સાથ-સહકારથી કામમાં ઉકેલ લાવી શકો.

**કર્ક :** તબિયતની અસ્વસ્થતાને લીધે કામ કરવાની ઈચ્છા થાયનહીં. નાણાંકીય લેવડ દેવડમાં આપે સાવધાની રાખવી પડે. ઉચાટ રહે.

**સિંહ :** આપના મહત્વના કામનો ઉકેલ આવવાથી રાહત જણાય. ઈચ્છિત વ્યકિત સાથેની આકસ્મિક મુલાકાતથી આનંદ-ઉત્સાહ રહે.

**કન્યા :** કોર્ટ-કચેરીના કામમાં, સરકારી - ખાતાકીય કામમાં આપને દોડધામ ખર્ચ રહે. પરંતુ કામનો ઉકેલ આવવાથી આપને રાહત થતી જાય.

**તુલા :** આપની મહેનત - બુદ્ધિ અનુભવ આવડતના આધારે કામનો ઉકેલ લાવી શકો. પરદેશના કામકાજ અંગેની મિલન- મુલાકાતમાં સરળતા જણાય.

**વૃશ્ચિક :** આપના કાર્યમાં કોઈ ને કોઈ રૂકાવટ - મુશ્કેલીનો અનુભવ થાય. યાત્રા-પ્રવાસ દરમ્યાન બહારનું ખાવા-પીવામાં ધ્યાન રાખવું પડે.


**ધન :** આપના કાર્યની કદર- પ્રશંસા થવાથી કામ કરવાના ઉત્સાહમાં વધારો થાય. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુનો સાથ સહકાર મળી રહે.

**મકર :** આપના કાર્યમાં સાનુકુળતા જણાય. ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જાય. કૌટુંબિક - પારિવારિક કામકાજ રહે પરંતુ આનંદ રહે.


**કુંભ :** આપના કાર્યમાં અન્યનો સાથ સહકાર મળી રહે. સંસ્થાકીય કાર્ય અંગે જાહેરક્ષેત્રના કામ અંગે આપને વ્યસ્તતા જણાય.

**મીન :** રાજકીય - સરકારી ખાતાકીય કામમાં, કોર્ટ - કચેરીના કાર્યમાં આપની મુશ્કેલીમાં વધારો થાય. સાસરી પક્ષ- મોસાળ પક્ષની ચિંતા રહે.

## કાકુરો
2267 ૨૦ જૂન,૨૦૨૨



**નિયમો :** ૭ x ૭=૪૯ ખાનાની આ સરવાળાની રમત છે. ત્રાંસી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ બાજુ વધે છે, જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઉભી હરોળ તરફ જાય છે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકનો જ ઉપયોગ કરવાનો છે. આડી કે ઉભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિં. રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાનો રહેશે.



-ભાવના શુક્લ

## મંત્રમુગ્ધ

● 'આપણા આત્માની પ્રગતિ એ આપણી પ્રગતિનો આત્મા છે.'
- **સર્વપલ્લી રાધાકૃષ્ણ**

● મારા મિત્ર ! સાંભળ. પ્રભુની કૃપાથી એ રહસ્ય મેં શોધી કાઢ્યું છે. આમાં દોષ ધર્મનો નથી. ઉલટું, તમારો ધર્મ તો તમને એમ શીખવે છે કે પ્રાણી માત્ર અનેકરૂપે રહેલું તમારું જ આત્મ સ્વરૂપ છે, પરંતુ દોષ છે ધર્મને આચરણમાં ઉતારવાની અશક્તિઓનો, સહાનુભૂતિઓનો અને પ્રેમના અભાવનો.
- **સ્વામી વિવેકાનંદ**

● એ તો સત્ય જ છે કે ભલા કાર્ય કરવાની શક્તિ અને તેનો વિસ્તાર માણસના પોતાના ચારિત્ર પર જ આધાર રાખે છે, માત્ર વાણી કે બુદ્ધિના ઝળકાટ અથવા ચાલાકીથી ચારિત્રના દોષ ઢાંક્યા રહેતા નથી. - **પેજંટ**

● **-: સુખ-શાંતિને સમૃદ્ધિનું સાચુ સરનામું માત્ર એક વાક્યમાં :-**
◆ જેને કામ કરવાની ધગશ હોય છે તેને ઈશ્વર શક્તિ આપી જ દે છે.
◆ તમારી જાતનું 'વજન' ઓછું કરીને અન્ય લોકોની પસંદગીનું કેન્દ્ર બનો.
◆ તન અને મનની તંદુરસ્તી માટે યોગ એ સર્વશ્રેષ્ઠ સાધન છે.
◆ તમારા કામને મહત્વનું માનો અને મહત્વની વ્યક્તિ બનો.
◆ વૈભવ એ કૃત્રિમ ગરીબી છે અને સંતોષ એ કુદરતી સમૃદ્ધિ છે. - **સંકલિત**

● કોઈની પણ સાથે કોઈપણ પ્રકારની પ્રતિસ્પર્ધાની આવશ્યકતા જ નથી. તમે પોતાનામાં જેવા છો તેવા જ સારા છો. પોતાની જાતનો સ્વીકાર કરો.
- **આચાર્ય રજનીશ ઓશો.**


- સંકલન : ઋષભ શાહ

## જન્મ તારીખ વર્ષ સંકેત
તા.૨૦-૬-૨૦૨૨, સોમવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ સાનુકુળતાવાળું બની રહે. **નાણાંકીય સુખાકારી :** નાણાંકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. પ્રારંભિક મહિનામાં આકસ્મિક ખર્ચા રહે. પરંતુ વર્ષ પસાર થાય તેમ રાહત રહે. **નોકરી-ધંધો :** નોકરી-ધંધાકીય દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન આપે સતત કોઈ ને કોઈ કાર્ય અંગે દોડધામ રહે. જો કે ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી લાભ ફાયદો જણાય.

**કૌટુંબિક- પારિવારિક :** કૌટુંબિક પારિવારીક દ્રષ્ટિએ વર્ષ સારું રહે. આપના કામનો ઉકેલ આવવાથી રાહત મળી રહે. અવિવાહીત વર્ગને વિવાહ-લગ્નની વાતચીત આવે. **સ્ત્રીવર્ગ :** સ્ત્રીવર્ગને કૌટુંબિક- પારિવારિક, સામાજિક વ્યવહારિક કામને લીધે દોડધામ - વ્યસ્તતા રહે. વ્યવસાયી મહિલાઓને બંને વચ્ચે સંતુલન જાળવવામાં મુશ્કેલી અનુભવાય.

## એરાઉન્ડ ધ વર્ડ્સ



### આડી ચાવી
૧. ---કેશ બદલાય પણ લખ્ખણ ન બદલાય (૨)
૭. પત્રની શરૂઆતમાં લખાતો શબ્દ (૨)
૮. મોટીબહેન (૨)
૯. ---બંદર કા વેપારી (૨)
૧૧. ભમરાની માદા (૩)
૧૨. ઔષધ ઘૂંટવાનો ખાડાવાળો પથ્થર (૨
૧૩. બારે બુદ્ધિ, સોળે શાન, વીસે---(૨)
૧૬. ઝાંઝર (૩)
૧૮. નમેલું (૨)
૨૦. વસિયતનામું (૨)
૨૨. લીપવા માટે બનાવેલો છાણ-માટીનો ગારો (૨)
૨૩. મેશ, કાજળ (૨)

### ઊભી ચાવી
૧. કંઈ મર્યાદા, મલાજો જેવું બચ્યું છે? (૨+૩)
૨. કિસ---કી મૂલી? (૨)
૩. સૈનિકનો ગણવેશ (૩)
૪. ચીની માટીનું કામ (૪)
૫. કોઈ ઊભું હોય એવો ભ્રમ થાય છે (૩)
૬. ---પેટ કા સવાલ (૨)
૮. મૂએલા પાછળ દીવો મૂકવો તે (૪)
૧૦. મુખ મેં રામ ઔર---મેં છૂરી (૩)
૧૧. આ ---મીઠો તો પરભવ કોણે દીઠો? (૨)
૧૨. મજબૂત બાંધાનું (૪)
૧૩. ઠીંગણું (૩)
૧૪. જુવાનીમાં મોં ઉપર થતી ફોલ્લી (૨)
૧૫. બે ખૂણા ને બે બાજુ સરખી હોય તેવી આકૃતિ (૫)
૧૭. શક્તિ પ્રમાણે (૪)
૧૯. તપ કરનાર (૩)
૨૦. નસીબ કોણ લખે છે (૩)
૨૧. લોઢું---ને કાપે (૨)
૨૨. ---ને મોઢે ગરણું ન બંધાય (૨)

## સુપ્રભાતમ્
શુદ્ધા હિ બુદ્ધિઃ કિલ કામધેનુ : ।
નિર્મળ અને પવિત્ર બુદ્ધિ ખરેખર કામધેનુ જ છે. (માંગીએ તે આપે છે)
- ડૉ. કુલીનચંદ્ર યાજ્ઞિક

### કોરોનાની ચોથી
(છેલ્લા પાનાથી ચાલુ)
ઘણી મોટી છે. ડૉ.માવલંકરે ચિંતા વ્યકત કરી છેકે, રસી નહી લેનારા જ કોરોનાના વાહક બની શકે છે. આ લોકો જ જોખમી પુરવાર થઈ શકે છે. જે લોકોએ રસી લઈ લીધી હોય તેમણે બુસ્ટર ડોઝ પણ લઈ લેવો હિતાવહ છે. હાલની સ્થિતીને જોતા કહી શકાય કે, આગામી બે અઠવાડિયા ખુબ જ મહત્વના છે. કેસોનુ પ્રમાણ કઈ હદે વધી રહ્યાં છે તેના પરથી ચોથી લહેરનુ આકંલન કરી શકાશે. અત્યારે લોકો માસ્ક પહેરવાના મામલે બેકાળજી દાખવી રહ્યા છે પણ ભીડભાડ વાળા સ્થાનો પર લોકોએ ફરજિયાત માસ્ક પહેરવુ જોઈએ.

### હોસ્ટેલ ખાલી
(છેલ્લા પાનાથી ચાલુ)
છે.જો કે આદેશ બાદ પણ જુનિયર ડોક્ટરો અડગ છે અને હજુ હોસ્ટેલ ખાલી કરી નથી કે કોઈ કાર્યવાહી કરાઈ નથી. જુનિયર અને સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સાથે ઈન્ટર્ન ડોક્ટરો પણ હડતાળ પણ જોડાઈ ગયા છે ત્યારે હવે હડતાળ વધુ ઉગ્ર બની રહી છે.આજે પણ તમામ જુનિયર ડોક્ટરોએ ધરણા કર્યા હતા અને બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યો હતો.
જુનિયર ડોક્ટરોએ બેનરોમાં ફરિયાદ કરી હતી કે ના સૂને કિસીકી અરજી ,સરકાર નીકલી ફર્જી. તમામ જુનિયર ડોકટરો આવતીકાલે પરોક્ષ રીતે દર્દીઓને સારવારમાં મદદ કરવા માટે બ્લડ ડોનેશનનો કાર્યક્રમ કરશે અને મોટી સંખ્યામાં યુનિટ બ્લડ એકઠુ કરી જમા કરાવશે.

## ગુજરાત સમાચાર સુડોકુ
ક્રમ નં. ૪૭૨૧
૨૦જૂન૨૦૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | ૯ | ૨ | ૮ | | ૬ |
| | | ૯ | | ૭ | ૪ | | ૨ | |
| | | ૩ | | | | | | |
| ૬ | | | | | ૧ | | | |
| | ૧ | ૭ | ૪ | ૮ | ૯ | ૬ | ૫ | |
| | | | ૬ | | | | | ૮ |
| | | | | | | ૨ | | |
| | ૨ | | ૧ | ૬ | | ૯ | | |
| ૪ | | ૮ | ૨ | ૩ | | ૫ | | |

### સુડોકુના નિયમો
(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એક જ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એક જ વાર કરવો.
(૪) ૩ X ૩ = ૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.
(કર્તા : યોગેશ શુક્લ)

લોક પ્રકાશન લી. સુરત વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહ (૧) ગુજરાત સમાચાર પ્રેસ, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, હરીનગર, ઉધના-નવસારી રોડ ખાતે છાપ્યુ અને(૨) પ્રજાબંધુ પ્રેસ,ગુજરાત સમાચાર ભવન,રીંગરોડ,સુરત-૩૯૫૦૦૨ ખાતે છાપ્યુ અને પ્રસિદ્ધ કર્યું.તંત્રી શ્રી બાહુબલી શાંતિલાલ શાહ, આર. એન. આઈ. નં.૨૭૫૬૬/૭૫

Owned by Lok Prakashan Limited for Surat Edition, Printer & Publisher, Shreyans S. Shah, Printed at (1) Gujarat Samachar Press, City Industrial Estate, Harinagar, Udhana Navsari Road, Surat (2) Prajabandhu Press, Gujarat Samachar Bhavan, Ring Road, Surat and Published from Prajabandhu Press, Gujarat Samachar Bhavan, Ring Road, Surat. Editor - Bahubali Shantilal Shah R.N.I. No. 27566/75.


## જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, સિવિલ હોસ્પીટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર
ફોન નં. ૨૩૨-૪૦૨૯૫-૯૬

### ટેન્ડર નોટિસ ૨૦૨૨-૨૩
જી.એમ.ઈ.આર. સોસાયટી, ગાંધીનગર હસ્તક નવી પાંચ મેડીકલ કોલેજો રાજપીપળા, નવસારી, પોરબંદર, મોરબી, ગોધરા માટે ઈક્વીપમેન્ટ/ઈન્સ્ટ્રુમેન્ટ જેવા કે ચાર્ટસ, મોડેલ્સ, સાધનો અને અન્ય આઈટમોની ખરીદી કરવા વિક્રેતાઓ/ઉત્પાદકો પાસેથી પેપર ટેન્ડરીંગ પદ્ધતિથી લાવો મંગાવવામાં આવે છે. આ ટેન્ડર ફોર્મ તા. ૨૦-૦૬-૨૦૨૨ થી તા. ૨૭-૦૬-૨૦૨૨ સુધીમાં અત્રેની કચેરી ખાતેથી મેળવી, આઈટમ વાઈઝ જુદા-જુદા વિભાગો માટે જુદા જુદા ટેન્ડર ફોર્મ ભરવાના રહેશે. તેમજ EMDની રકમ નીચે મુજબ રહેશે.
(૧) એનેટોમી- રૂા. ૬૫,૦૦૦/- (૨) ફીઝીયોલોજી- રૂા. ૭૨,૦૦૦/- (૩) બાયોકેમેસ્ટ્રી- રૂા. ૪૬,૦૦૦/- (૪) માઈક્રોબાયોલોજી- રૂા. ૬૬,૦૦૦/- (૫) પેથોલોજી- રૂા. ૯૪,૦૦૦/- (૬) ફોરેન્સીક મેડીસીન- રૂા. ૫૫,૦૦૦/- (૭) કોમ્યુનિટિ મેડીસીન- રૂા. ૪૨,૦૦૦/- જુદા જુદા વિભાગના ટેન્ડર ફોર્મ પૈકીના દર એક ટેન્ડર ફોર્મની ફી ડીન, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, ગાંધીનગરની કચેરી ખાતેથી રૂા. ૧૦૦૦/- રોકડા ભરી મેળવી લેવાના રહેશે. અને ઈ.એમ.ડી.-નો ડી.ડી. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, ગાંધીનગરના નામનો જમા કરાવવાનો રહેશે.
ટેન્ડર ફોર્મ રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી તા. ૨૯/૦૬/૨૦૨૨ ના રોજ સમય ૫.૦૦ કલાક સુધીમાં (કચેરીના કામકાજ દિવસો દરમ્યાન) મોકલી આપવાના રહેશે.
તા. ૨૯/૦૬/૨૦૨૨ પછીથી આવેલ ટેન્ડર ફોર્મ માન્ય રાખવામાં આવશે નહીં.
તા. ૦૧/૦૭/૨૦૨૨ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે એકસાથે ખોલવામાં આવશે.
ટેન્ડરનો સ્વીકાર કે અસ્વીકાર કરવો તેના તમામ હક કમિટીનો રહેશે.

ડીન
જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર
માહિતી/૬૫૬/૨૨-૨૩


## ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ રશ્મિન છાયા ગુવાહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પદે

અમદાવાદ,રવિવાર

ગુજરાત હાઈકોર્ટના જજ જસ્ટિસ રશ્મિન એમ. છાયા ગુવાહાટી હાઈકોટના ચીફ જસ્ટિસ પદે નિમાયા છે.

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ લૉ એન્ડ જસ્ટિસ દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ રાષ્ટ્રપતિ દ્વારા ભારતના બંધારણની કલમ ૨૧૭ની જોગવાઈ મુજબ ગુજરાત હાઈકોર્ટના જજ રશ્મિન છાયાની આસામની ગુવાહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે નિમણૂંક કરવામા આવી છે.

ગુવાહાટી હાઈકોર્ટ અસામ, નાગાલેન્ડ , મિઝોરમ અને અરૂણાચલ પ્રદેશ સહિતના રાજ્ય-સંઘ પ્રદેશો માટેનું વિશાળ જ્યુરિડિકશન ધરાવે છે.

## મહુવાના જોળ ગામે જમીન ખેડાણ મુદ્દે બે પરિવારની મહિલાઓની મારામારી

બારડોલી, રવિવાર

**મહુવા તાલુકાના જોળ ગામે બીડ ફળિયામાં આવેલી ખેતીની જમીનમાં ખેડાણ કરવા ટ્રેક્ટર બોલાવતાં બે પરિવારની મહિલાઓ વચ્ચે ઝઘડો થતાં મારામારી કરી હતી. બંને પરિવારની મહિલાએ સામસામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.**

### જમીન મામલે ૩૦ વર્ષથી ચાલતા વિવાદ વચ્ચે એક પરિવારે જમીન ખેડવા ટ્રેક્ટર બોલાવતા બીજા પરિવારે વાંધો લીધો

જોળ ગામે બીડ ફળિયામાં મધુબેન ઈશ્વરભાઈ પટેલ પોતાની બેન કાંતાબેન સાથે રહે છે અને સસરા છનાભાઈ રામાભાઈ પટેલને નામે ચાલી આવતી ૯ વીઘા જમીનમાં ખેતી કરે છે. આ જમીનમાં મધુબેનના કાકા સસરા જગુભાઈ રામભાઈ પટેલની પણ હિસ્સેદારી છે. જગુભાઈના ઘરે આઠ વર્ષ અગાઉથી તેઓની સાળાની દીકરી રંજનબેન અંબુભાઈ પટેલ (રહે. ધોળીકુઈ, તા.મહુવા, જી.સુરત) પરિવાર સાથે રહેવા આવ્યા હતા અને રંજનબેન જગુભાઈની ખેતી કરે છે. આ જમીનમાં છેલ્લા ૩૦ વર્ષથી વિવાદ ચાલે છે અને સામસામે કેસો પણ ચાલી રહ્યા છે. દરમિયાન શનિવારે રંજનબેને જમીન ખેડવા માટે પુત્રવધુ દીપિકા સ્વપ્નીલ પટેલ સાથે બહારથી ટ્રેક્ટર બોલાવ્યું હતુ અને જમીન ખેડવાનું શરૂ કરતાં મધુબેન અને કાંતાબેન ત્યાં પહોંચી જઈ જમીનમાં સામસામે કેસો ચાલતા હોય ખેડાણ કરવાની ના પાડતા રંજનબેન અને દીપિકાએ ઉશ્કેરાઈ જઈ અપશબ્દો કહી મધુબેન અને કાંતાબેન સાથે ઝપાઝપી કરી ઢીકમુક્કીનો માર માર્યો હતો. દીપિકાએ હાથમાંની લાકડી વડે મધુબેનને કપાળના ભાગે મારી દેતાં ઈજા થઈ હતી. મધુબેને સરકારી દવાખાનામાં સારવાર કરાવી રંજનબેન અને દીપિકા પટેલ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામાપક્ષે રંજનબેને મધુબેન અને કાંતાબેન વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોતાના ઘરની બાજુમાં આવેલા ખેતરમાં ટ્રેક્ટરથી ખેડાણ શરૂ કરતાં મધુબેન ટ્રેક્ટર સામે ચાસમાં આળોટવા લાગી જમીન ખેડાણ કરતાં અટકાવતાં સમજાવવા જતા મધુબેન પોતાની બેન કાંતાબેન સાથે રંજનબેનને ઢીકમુક્કીનો માર મારી આ જમીન અમારી છે અને તમોને નહીં આપીએ તેમ કહી ધમકી આપી હતી.

### મલ્ટીલેયર બ્રિજનો
(છેલ્લા પાનાથી ચાલુ)
કનેકટીવીટી મળશે.

- રેલવે સ્ટેશન તરફથી સુરત-કડોદરા રોડ તરફ જતાં ટ્રાફિકને પણ આ બ્રિજનો ઉપયોગ કરી ટ્રાફિક જામની સમસ્યામાંથી મુક્તિ મળી શકે તેમ છે.

- સુરત મુંબઈ રેલવે લાઈન ઉપર આવેલ રેલવે ગરનાળા નંબર-૪૪૫ માંથી પણ રસ્તા લેવલ વાહન વ્યવહાર બંને દિશામાં અવર જવર કરશે. ઉપરાંત ગરનાળાની ઉપરથી રેલવે મુંબઈ તરફ તેમજ સુરત તરફ બંને દિશામાં અવર જવર કરશે.

- મલ્ટીલેયર બ્રીજના લોકાર્પણ બાદ બ્રીજ ઉપર વાહન વ્યવહાર બંને દિશામાં ચાલુ રહેતા આ જગ્યાએ ત્રણેય લેયરમાં ટ્રાન્સપોર્ટ સુવિધા એક સાથે જોવા મળશે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

### સુરતના ચોમેર
(છેલ્લા પાનાથી ચાલુ)
મલ્ટી લેવલ, મલ્ટી ડાયરેકશન બ્રિજ બનાવવામાં આવ્યો છે. હાલનો રીંગરોડ ફ્લાય ઓવર બ્રિજ અને મલ્ટીલેવલ ફ્લાય ઓવર બ્રિજ બન્ને મળીને પાંચ કિલોમીટરની લંબાઈ થાય છે. સુરતનો ૧૧૭માં બ્રિજ પર રીંગરોડ પરથી સુરત- કોડોદરા રોડ પર રેલ્વે લાઈન ક્રોસ કરીને સીધા નેશનલ હાઈવે પર કનેક્ટીવીટી મળશે.

મલ્ટીલેયર ફ્લાય ઓવર બ્રિજનું લોકાર્પણ કરતા સાંસદ સી.આર.પાટીલે કહ્યુ કે, સુરતના ચોમેર વિકાસની સાથે સાથે શ્રેણીબધ્ધ રિવર બ્રિજ, ફ્લાય ઓવર બ્રિજ, ખાડી બ્રિજ બનવાથી સુરતનો વાહન વ્યવહાર સુગમ અને સરળ બની રહ્યો છે. શહેરીજનોની માગ ઉઠે તે પહેલાં સુરત મ્યુનિ. સુખ સુવિધા આપવા માટેની પ્રણાલી ધરાવે છે. દેશમાં સુરત મ્યુનિ. સૌથી વધુ ટ્રીટેડ પાણી સુરતીઓને પુરુ પાડે છે. અને મ્યુનિ.ના વેસ્ટ વોટરમાંથી વોટર ટ્રીટમેન્ટ કરીને ઉદ્યોગોને ટ્રીટેડ પાણીનું વેચાણ પણ કરે છે. જેના કારણે મ્યુનિ.ને કરોડો રૂપિયાની વધુ આવક થવા સાથે પીવાના પાણીની બચત પણ થાય છે.

આ બ્રિજ બનવાથી લાખો વાહન ચાલકોને ટ્રાફિક જામની સમસ્યામાંથી કાયમી છુટકારો મળશે તેની સાથે લોકોના સમય અને ઈંધણની પણ બચત થશે.


## પ્રાર્થના સભા



મૂળ વતન : પીર ભડીયાદ, હાલ ઉમરગામ નિવાસી જે શ્રી તોગેશ, શ્રી અર્જુન અને શ્રી સાજનના પિતાશ્રી **મઘાભાઈ નારણભાઈ ભરવાડ**નું શુક્રવારે તારીખ ૧૭-૦૬-૨૦૨૨ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતની દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્ગતની પ્રાર્થનાસભા સોમવાર તારીખ ૨૦-૦૬-૨૦૨૨ના રોજ બપોરે ૪.૦૦ થી સાંજે ૬.૦૦ કલાકે તેઓના નિવાસસ્થાન નારાયણ નિવાસ દહાડ તાલુકા ઉમરગામ ખાતે રાખવામાં આવેલ છે.

-: લિ. શોકાતુર પરિવાર :-
શ્રી હમીરભાઈ, શ્રી બજરંગભાઈ, શ્રી રાજાભાઈ, શ્રી ભગવાનભાઈ, શ્રી કરસનભાઈ તેમજ સમસ્ત પરિવાર

સ્વ. મઘાભાઈ નારણભાઈ ભરવાડ
જ.તા.૦૧/૦૬/૧૯૬૩
સ્વ.તા.૧૭/૦૬/૨૦૨૨

## ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



તમારૂ જીવન અમારી પ્રેરણા, તમારા કાર્યો અમારૂ ભવિષ્ય તથા તમારા સંસ્કાર અમારૂં જીવન બની ગયા, પરિશ્રમ કરી પરિવારનું ભલુ કરી ગયા, ભુલાશે બધુ પણ તમો કદી ભુલાશે નહીં, આપની સ્મૃતિના ફુલો કદી કરમાશે નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

-- ::: આત્મીયજનો ::: --
ગં.સ્વ. રમીલાબેન પ્રવિણભાઇ પરમાર (પત્ની)
કિરીટભાઇ પ્રવિણભાઇ પરમાર (પુત્ર-UK) લીનાબેન કિરીટભાઇ પરમાર (પુત્રવધુ-UK)
આશિષભાઇ પ્રવિણભાઇ પરમાર (પુત્ર) અનસુયા આશિષભાઇ પરમાર (પુત્રવધુ)
દિપિકાબેન દક્ષેશભાઇ દસ્તાનવાળા (પુત્રી) મીનાબેન કલ્પેશભાઇ ભેંસાણીયા (પુત્રી)
શિવમ - કૃપા (UK), કેનિલ - હીયા (પૌત્ર-પૌત્રી)
મુ.પો.ખરવાસા, (હાલઃ બારડોલી), તા.બારડોલી, જિ.સુરત.

સ્વ.પ્રવિણભાઇ પરભુભાઇ પરમાર (ખરવાસાવાળા)
સ્વ.તા.૨૦-૦૬-૨૦૧૮

## ૧૭મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સમય સરી ગયો, વખત વહી ગયો, રહી ગઇ તમારા ખોટની વ્યથા અને વેદના કે જે ન કહેવાય કે ન સહેવાય. અમારા ચહેરાના આકારમાં, અમારી આંખના આંસુમાં, અમારી યાદોમાં, મીઠા સ્વપ્નોમાં, સમજણમાં તમે હજી છો... હજી છો... તમારા ચરણે ધરીએ અંજલિના ફુલ, કેમ ચૂકવીએ આપના મૂલ. પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે.

લિ. સોમીબેન મગનભાઈ આહિર
અશોકભાઈ મગનભાઈ આહિર, સંગીતાબેન અશોકભાઈ આહિર
ભરતભાઈ મગનભાઈ આહિર, ઈલાબેન ભરતભાઈ આહિર
જેનિલ અશોકભાઈ આહિર, કલ્પનાબેન ઈશ્વરભાઈ આહિર (દેલાડ)
ફેનિલ અશોકભાઈ આહિર
તથા સમસ્ત પરિવાર
મુ.પો. તા.પલસાણા (હાઈવે) જી.સુરત.

સ્વ. મગનભાઈ હરીભાઈ આહિર
સ્વ.તા.૨૦-૬-૨૦૦૫
મુ.તા.પલસાણા



## પશ્ચિમ રેલવે
**એન્વીરોન્મેન્ટ જોગવાઈ**
સીનિઅર ડિવિઝનલ મીકેનીકલ એન્જિનિયર (CO) BCT, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે, મુંબઈ-૪૦૦ ૦૦૮ દ્વારા નીચેનાં કામ માટે ટેન્ડર મગાવાય છે. ટેન્ડર નોટિસ નં. અને તારીખ : M137/1/3 (રોલીંગ હટ-ઉધના) તા.૧૭-૬-૨૦૨૨, કામનું નામ : એન્વીરોન્મેન્ટ ફ્રેન્ડલી રોલીંગ ઈન/ આઉટ એક્ઝામીનેશન મોડ્યુલ ઉધના ખાતે ટર્નકી ધોરણે કામનો આશરે ખર્ચ : રૂ.૧૫,૩૧,૨૮૨.૦૦ (બધું સમાવિષ્ટ) બીડ સિક્યુરિટી : રૂ.૩૦,૬૦૦/- ટેન્ડર જમા કરાવવાની અંતિમ તારીખ-સમય : ૧૫-૭-૨૦૨૨, બપોરે ૩-૦૦ સુધી, નોંધ : ટેન્ડર દસ્તાવેજ, સુધારો અને વધુ વિગતો ડાઉનલોડ કરવા કૃપયા અમારી વેબસાઈટની મુલાકાત લો : http://www.ireps.gov.in મેન્યુઅલ ઓફર સ્વીકાર્ય નથી. 0190
અમને લાઈક કરો facebook.com/WesternRly

## "E-Tendering Notice No. (09) 2022-23"
GUJARAT STATE WAREHOUSING CORPORATION A.P.O. Shantisadan Estate, Opp. Dinbai Tower, A'bad-1.

| Sr. No. | Name of Work | Tender Amount | Uploading & Submission |
|---|---|---|---|
| 1. | Construction of New Godown & Site Office at : Sayla (Surendranagar) Phase-III | 1.64 Cr | Dt. 20-06-2022 To Dt. 06-07-2022 Up to 18:00 o'clock |
| 2. | Construction of New Godown & Site Office at : Chuda (Surendranagar) Phase-II | 1.64 Cr | |
| 3. | Construction of New Godown & Site Office at : Than (Surendrangar) Phase-II | 1.64 Cr | |
| 4. | Construction of New Godown & Site Office at : Chotila (Nava) Phase-II | 1.64 Cr | |
| 5. | Construction of New Godown & Site Office at : Muli (Tikar) Phase-II | 1.64 Cr | |
| 6. | Construction of New Godown & Site Office at : Wankaner (Hasanpar) Phase-VI | 1.64 Cr | |
| 7. | Construction of New Godown & Site Office at : Prantij (Aasroda) Phase-I | 1.65 Cr | |
| 8. | Construction of New Godown & Site Office at : Ahmedabad (Bavla) Phase-I | 1.65 Cr. | |

Tender fee, EMD, Other Documents send by R.P.A.D./Speed Post up to 13-07-2022
Website : www.nprocure.com Ph. 25503502/3/4

NIPUN BHARAT પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન
શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે
### ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
### સમગ્ર શિક્ષા
### સેકટર-૧૭, ગાંધીનગર
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર, સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા મહિસાગર જિલ્લામાં સિવિલ વર્કના બાંધકામનું થર્ડ પાર્ટી દ્વારા ટેકનિકલ સુપરવિઝન, મોનીટરીંગ અને ક્વોલીટી એસ્યોરન્સ માટે ટેકનિકલ અને ફાયનાન્સીયલ બીડ નીચે જણાવ્યા મુજબની ઓનલાઈન ઓફર માંગવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨

| ઈ-ટેન્ડરીંગ શીડયુલ | |
|---|---|
| ઓન લાઈન ટેન્ડર સબમીશનની તારીખ અને સમય | ૨૦.૦૬.૨૦૨૨ થી ૦૪.૦૭.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી |
| ડોકયુમેન્ટ ડાઉનલોડ કરવાની અંતિમ તારીખ અને સમય | ૦૪.૦૭.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ, ટેન્ડર ફી, બીડ સીક્યુરીટી તેમજ જરૂરી દસ્તાવેજો સુપ્રત કરવાની તારીખ | ૦૪.૦૭.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી |
| પ્રિ-બીડ મીટીંગ | ૨૮.૦૬.૨૦૨૨, ૧૨:૦૦ કલાકે |
| ઓનલાઈન ટેકનિકલ બીડ ખોલવાની તારીખ અને સમય | ૦૪.૦૭.૨૦૨૨, ૧૨:૩૦ કલાકે |

વધુ વિગતો માટે વેબસાઈટ www.nprocure.com જોવા વિનંતી.
સહી/-
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા-ગુજરાત
માહિતી/૬૫૪/૨૨-૨૩

NIPUN BHARAT પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન
શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે
### ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
### સમગ્ર શિક્ષા
### સેકટર-૧૭, ગાંધીનગર
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા વિવિધ જિલ્લામાં સ્કુલ ઓફ એકસીલન્સ અંતર્ગત એડીશનલ ક્લાસરૂમની બાંધકામની કામગીરી કરવા માટે પેકેજ નં. એસ.ઓ.ઈ.- ૭૯૩ થી એસ.ઓ.ઈ.- ૧૨૦૫ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી નીચે જણાવ્યા મુજબની ઓનલાઈન ઓફર માંગવામાં આવે છે. ઈજારદારો યોગ્ય શ્રેણીમાં અને યોગ્ય કેટેગરીમાં રાજ્ય અથવા ભારત સરકારમાં રજીસ્ટર્ડ થયેલ હોવા જરૂરી છે.

| Schedule of E - Tendering | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર સબમીશનની તારીખ અને સમય | ૨૨.૦૬.૨૦૨૨ થી ૨૧.૦૭.૨૦૨૨, ૧૬:૦૦ કલાક સુધી |
| ડોકયુમેન્ટ ડાઉનલોડ કરવાની અંતિમ તારીખ અને સમય | ૨૧.૦૭.૨૦૨૨, ૧૬:૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ, ટેન્ડર ફી, બીડ સીકયુરીટી તેમજ જરૂરી દસ્તાવેજો પહોંચાડવાની તારીખ અને સમય | ૨૧.૦૭.૨૦૨૨, ૧૬:૦૦ કલાક સુધી |
| પ્રિ-બીડ મીટીંગ | ૦૪.૦૭.૨૦૨૨, ૧૨:૦૦ કલાકે |
| બીડ ખોલવાની તારીખ અને સમય | ૨૧.૦૭.૨૦૨૨, ૧૬:૩૦ કલાકે |

વધુ વિગતો માટે વેબસાઈટ www.nprocure.com જોવા વિનંતી.
સહી/-
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા-ગુજરાત
માહિતી/૬૫૩/૨૨-૨૩

ગુજરાત સમાચાર (સુરત આવૃત્તિ) • અવસાન • બેસણું • પ્રાર્થના સભા • પાઘડી રસમ • શ્રદ્ધાંજલિ

| અવસાન | | | શ્રદ્ધાંજલિ | | |
|---|---|---|---|---|---|
| Size Fix | | | Size Fix | | |
| 10x2 | Last Page | ₹4700 | 10x2 | Inside Page | ₹3700 |
| 10x2 | Inside Page | ₹3600 | 5x2 | Inside Page | ₹1700 |
| 5x2 | Last Page | ₹2000 | 5x2 થી ઉપરના વધારાના (પ્રતિ કોલમ સે.મી.) 200 લેવામાં આવશે. | | |
| 5x2 | Inside Page | ₹1700 | | | |

શ્રદ્ધાંજલિ ફક્ત અંદરના પાને પ્રસિદ્ધ થશે.
નોંધ : ઉપરોક્ત ભાવમાં GST અલગથી લાગશે
ગુજરાત સમાચાર ભવન, ઉધના દરવાજા, રીંગરોડ, સુરત-૩૯૫ ૦૦૨
Contact : 263 4545, 263 4646, Fax : 263 4040



ઉમરા કોમ્યુનિટી હોલ ખાતે એક સંસ્થા દ્વારા યોગની પ્રેક્ટિક્સ કરાવવામાં આવી હતી.

## હાર્દિક પટેલનું વિવાદાસ્પદ વિધાન

# સરદારને ગુજરાતના લીડર તો મોદીને દેશના નેતા ગણાવ્યા

અમદાવાદ,રવિવાર

કેસરિયો ધારણ કર્યા બાદ હજુ હાર્દિક પટેલનો ભાજપમાં મેળ પડ્યો નથી. એક વર્ગ હજુય હાર્દિક પટેલથી રોષે ભરાયેલો છે. હાર્દિક પટેલે ચાંપલૂસી કરવામાં ય હદ વટાવી દીધી છે. ટ્વિટ કરીને હાર્દિક પટેલે અખંડ ભારત બનાવનાના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને ગુજરાતના નેતા ગણાવી દીધા હતા જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશનુ ગૌરવ કહી નવાજ્યા હતાં. ટૂંકમાં, વડાપ્રધાનની સરખામણીમાં સરદાર-મોરારજી દેસાઈને વામણા ગણાવી દીધા હતાં પરિણામે સોશિયલ મિડીયામાં હાર્દિક વિરુધ્ધ કોમેન્ટોનો મારો ચાલ્યો હતો.

હાર્દિક પટેલે સરદાર પટેલ અને મોરારજી દેસાઈને વામણા પુરવાર કરવાની કોશિશ કરતા સોશિયલ મિડિયામાં રોષે ભરાયેલાં એક યુઝર્સ તો લખ્યુકે, તને હજારો લોકો નકારે છે તો તુ આટલી ભાટાઈ કરે છે. તને સમજાતુ નથી....એક જણાએ તો કોમેન્ટ કરીકે, ૩૦ વર્ષથી તમારી જ સરકાર છે જેમાં તમે તાજા સિપાહી બન્યા છો...કોઈકે લખ્યુકે, કેસરિયો ખેસ પહેર્યો એટલે વાહીવાહી જ કરવાની...

એક યુઝર્સે તો હાર્દિક પટેલને સીડી બોય કરીને ટોણો માર્યો હતો. હાર્દિકની આ હરકતથી લોકો રોષે ભરાયા છે. એટલુ જ નહીં, લોકોએ તો જાણે હાર્દિકનો રિમાન્ડ લીધો છે.

## સોશિયલ મિડીયામાં યુઝર્સોએ હાર્દિકનો રિમાન્ડ લીધો, લોકો નકારે છે તો ય ભાટાઈ કરે છે



પાલનપુર જકાતનાકા પાસે રહેતા એસ.ટી.નાં કર્મચારી અરવિંદભાઈનો ૨૦ વર્ષનો દીકરો જન્મથી દિવ્યાંગ છે પણ તે ઈસારામાં સમજે છે. તેને પિતા રવિવારના રોજ બહાર લટાર મરાવવા ટ્રાઈસિકલમાં લઈ જાય અને ચા-નાસ્તો કરાવે છે. દીકરાને ખુશી મળે તે માટે પિતા હિંમત હાર્યા નથી માટે આવા પિતાને પણ હેપ્પી ફાધર્સ ડે.

# ઓલપાડની ગ્રામસભામાં અધિકારીઓની ગેરહાજરી વચ્ચે હોબાળો : પ્રશ્નોનો મારો

બારડોલી, રવિવાર

સુરત જિલ્લાના ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતની ગ્રામસભામાં ગ્રામજનોએ સરકારી અધિકારીઓની ગેરહાજરીમાં ભારે ધાંધલ-ધમાલ કરી બુમાબુમ કરીને



હોબાળો મચાવ્યો હતો. ગ્રામજનોએ પ્રાથમિક સુવિધાઓ રોડ, રસ્તા, ગટર, પાણી,ગંદકી, વીજળી,બાંધકામ વિગેરે સમસ્યાઓ રજૂ કરતાં ગ્રામસભા તોફાની બની હતી.

ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતની રવિવારે મહિલા સરપંચ રવિનાબેન પટેલના અધ્યક્ષ સ્થાને ગ્રામસભા યોજાઈ હતી. ગ્રામસભામાં ગામની મહિલાઓ ખુબ મોટી સંખ્યામાં હાજર રહી તેમની સોસાયટીમાં ગંદકી અને કાદવ-કીચડવાળા રસ્તાઓ ઉપર અમારે કેમ ચાલવું ? વિદ્યાર્થીઓને શાળાએ મુકવા જવા માટે પણ અતિ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ગંદકીના લીધે રોગચારો ફેલવાવાનો પણ ભય છે. આ મામલે જવાબદાર કોણ ? જેવા પ્રશ્નોનો મારો ચલાવી હોબાળો મચાવ્યો હતો.

પંચાયતની મહિલા સદસ્ય પલ્લવી સોલંકીએ બળાપો કાઢતા રજુઆત કરી કે, ગ્રામસભામાં સરકારી અધિકારીઓ અથવા તેમના પ્રતિનિધિએ ફરજિયાત હાજર રહેવા સરકારે આદેશ કરેલો છે, તેમ છતાં મોટાભાગના અધિકારીઓની સૂચક ગેરહાજરી જણાઈ રહી છે. લોકોએ આજે જ અમારી સમસ્યાઓનું સમાધાન કરોની માંગ સાથે ભારે સૂત્રોચ્ચાર કરી સમસ્યાઓનું મોટું લિસ્ટ ગામના તલાટીને પકડાવી ગ્રામસભામાં ધાંધલ-ધમાલ અને હોબાળા સાથે ભારે તોફાન મચાવ્યું હતું. ગ્રામજનોએ રોડ, રસ્તા, ગટર, વીજળી, પાણી, ગંદકી વગેરે સમસ્યાઓના પ્રશ્નોની વણઝાર રજુ કરી હતી. જો કે ભારે હોબાળા વચ્ચે મહિલા સરપંચ રવિનાબેન પટેલે ગ્રામસભાની બગડેલી બાજી સંભાળી લઈ ગ્રામજનોને તેઓની સમસ્યાઓ હલ કરવાની ખાત્રી આપતાં અંતે માંડ-માંડ મામલો શાંત પડ્યો હતો અને ગ્રામસભા પૂર્ણ કરવામાં આવી હતી.

## મહિલાઓએ મોટી સંખ્યામાં હાજર રહી પ્રશ્નોની વણઝાર રજૂ કરી સરપંચે બાજી સંભાળી સમસ્યાઓનો હલ કરવાની ખાત્રી આપી

# માતા-પિતાએ પ્રેમી સાથે લગ્ન કરવા ઈન્કાર કરતા યુવતીએ ફાંસો ખાઈ લીધો

વાપી,રવિવાર

સેલવાસના કરાડ ગામે રહેતી યુવતીને માતા-પિતાએ પ્રેમી સાથે લગ્ન કરવા ઈન્કાર કરતા રવિવારે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

## સેલવાસના કરાડ ગામે સુશીલા સોલીયાની આત્મહત્યા

સેલવાસના કરાડ ગામે રામજીભાઈ સોલીયા પરિવાર સાથે રહે છે. રામજી સોલીયાની પુત્રી સુશીલા (ઉ.વ.૨૦)એ રવિવારે સવારે પોતાના ઘરે જ છતના એંગલ સાથે દુપટ્ટા વડે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ હતી. પરિવારજનો સુશીલાની ફાંસો ખાધેલી હાલતમાં લાશ જોતા હતપ્રત બની ગયા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો હતો. સુશીલાને માતા-પિતાએ પ્રેમી સાથે લગ્ન કરવા ઈન્કાર કરતા અંતિમ પગલુંભર્યું હોવાનું બહાર આવ્યું છે.

# લાજપોર ગામમાંથી ૭૫ કિલોગ્રામ ગૌમાંશ સાથે ખાટકી સહિત ૩ પકડાયા

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

ચોર્યાસી તાલુકાના લાજપોર ગામના કોલા ફળીયામાં ખાટકીને ત્યાં દરોડા પાડી સચિન પોલીસે ૭૫ કિલોગ્રામ ગૌમાંશ સહિત કુલ રૂ. ૩૧ હજારના મુદ્દામાલ સાથે ખાટકી સહિત ત્રણની ધરપકડ કરી છે.

## કોલા ફળીયામાં ખાટકીના ઘરમાં ચટાઈ ઉપર માંસના ટુકડા વેરવિખેર પડેલા હતા: વેટરનીટી ડૉક્ટરને સાથે રખાયા હતા

સચિન પોલીસે બાતમીના આધારે લાજપોર ગામના કોલા ફળીયામાં રહેતા ખાટકી આરીફ સુલેમાન આખાના ઘરે દરોડા પાડયા હતા. ઘરમાં ચટાઈ ઉપર માંસના ટુકડા વેરવિખેર પડેલા હતા. જયાંથી ખાટકી આરીફ ઉપરાંત જાવેદ અનવર શેખ (ઉ.વ.૨૧ રહે. સ્કૂલ ફળીયું, સામરોદ ગામ, તા.ચોર્યાસી, જિ. સુરત) અને મોહમદ જુબેર ગુલરેજ અક્ષર સૈયદ (ઉ.વ.૨૫ રહે. બજાર ફળીયું, લાજપોર, તા.ચોર્યાસી, જિ.સુરત)ને ઝડપી પાડયા હતા. જયારે ઘરમાંથી મટન કાપવાનું લાકડાનું ઢીમચું, ચપ્પુ, છરો, વજન કાંટો અને ૭૫ કિલોગ્રામ ગૌમાંશ મળી કુલ રૂ.૩૧ હજારનો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે દરોડા પાડયા ત્યારે વેટરનીટી ડોક્ટરની મદદ લીધી હતી. વેટરનીટી ડોક્ટરે માંસ કોઈક મોટા પ્રાણીનું હોવાનું જણાવ્યું હતું. જોકે, ત્યાર બાદ માંસના સેમ્પલ લઈ એફએસએલ પાસે પરીક્ષણ કરાવતા માંસ ગાયનું હોવાનું જણાવ્યું હતું. પોલીસે ખાટકી સહિત ત્રણેય વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લેખક મધુસૂદન પારેખનો જન્મ શતાબ્દી પ્રવેશ મહોત્સવ યોજાયો

# પદ-પૈસા-પ્રતિષ્ઠાની મૂડી તો વિસરાઈ જશે, મારી પાસે તો પ્રેમની મૂડી છે

અમદાવાદ,રવિવાર

'શતાયુ' ના ઉંબરે આવી ચૂકેલા અને જીવનસફરના ૧૦૦ વર્ષમાંથી ૬ દાયકાથી વધુનો સમય કલમની સાધનાને આપનારા એવા મૂર્ધન્ય લેખક મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી'ને પોંખવાનો કાર્યક્રમ આજે અમદાવાદ ખાતે યોજાયો હતો.ખ્યાતનામ લેખકો, સાહિત્યકારો, ડો. મધુસૂદન પારેખના પૂર્વ વિદ્યાર્થીઓ, પ્રત્યેક લેખક માટે અમૂલ્ય મૂડી એવા વાંચકો આ પ્રસંગના સહભાગી બન્યા હતા.

'ગુજરાત સમાચાર' વાચકો માટે 'હું શાણી અને શકરાભાઈ' એવા અતિથિઓ છે જેઓ છેલ્લા ૬ દાયકા કરતાં વધુ સમયથી અચૂકપણે તેમના ઘરના અતિથિ બને. ગુજરાતી સાહિત્યમાં અમર બની ચૂકેલા આ પાત્રોના જનક એવા મધુસૂદન પારેખ આગામી ૧૪ જુલાઈના ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે. આ પ્રસંગે ગુજરાત વિદ્યાસભાના ઉપક્રમે 'સારસ્વતીની જન્મશતાબ્દી'નું એચ.કે. કોલેજના સી.સી. હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ અને ગુજરાત સમાચારના મેનેજિંગ તંત્રી શ્રેયાંસભાઈ શાહે જણાવ્યું કે, 'ગુજરાત વિદ્યાસભામાં મધુસૂદન ભાઈ અને તેમના પિતા હીરાલાલ પારેખનું અમૂલ્ય યોગદાન છે. વિદ્યાસભાની કામગીરીના વિકાસ ઉપરાંત વિદ્યાર્થીઓ, કોલેજના સાહિત્ય રસિકોના ઘડતરમાં પણ તેમનું મોટું યોગદાન રહ્યુ છે. મધુસૂદનભાઈનું વ્યક્તિત્વ મધ જેટલું સરસ છે. સાહિત્યની અંદર તેમનું ખૂબ જ મોટું પ્રદાન રહ્યું છે છતાં તેમની ભાષામાં કોઈ આડંબર જોવા મળે છે. હું શાણી અને શકરાભાઈમાં તેઓ સામાન્ય વાચક સમજી શકે તેવી જ શૈલીમાં રસથાળ પીરસે છે.' ડો. કુમારપાળ દેસાઈએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે, 'પ્રસન્નતા એમના સ્વભાવમાં અંતમુર્ખતા એમના વ્યવહારમાં જોવા મળે અથવા તો એમ કહી શકાય કે પોતાના જીવનમાં અંતમુર્ખતા જાળવીને કઈ રીતે પ્રસન્નતાથી જીવવું એનો કિમીયો આપણને મધુભાઈના દીર્ઘ જીવનમાંથી પ્રાપ્ત થાય છે. હું શાણી અને શકરાભાઈ દ્વારા તેમણે કુટુંબજીવનના પ્રશ્નો, પરિસ્થિતિઓ અને જુદાં જુદાં દ્રષ્ટિબિંદુઓને પોતાની આગવી હાસ્યવૃતિ સાથે રજૂ કરીને ગુજરાતને હસતું રાખ્યું છે. નવાઈની વાત તો એ છે કે, મધુભાઈના પત્રકારત્વનો પ્રારંભ તો ગુજરાત સમાચારમાં ધર્મવિષયક કટારલેખનથી થયો હતો. એમનાં શાણી, શકરાભાઈ, પેથાભાઈ જેવા પાત્રોએ વાચકોને દાયકા સુધી પ્રસન્ન રાખ્યા, તો એની સાથે જ બાલસાહિત્યમાં અડવો અને બુધિયા જેવા પાત્રોનાં હાસ્ય-ચતુરાઈમિશ્રિત પ્રસંગોએ બાળકોને હસતાં રાખ્યાં છે. એમની બે કોલમમાંથી હાસ્યસાહિત્યના કુલ ૩૪ ગ્રંથો મળે છે.

જો ઈશ્વર એમને સવાલ કરે કે તમારી પાસે કઈ મૂડી છે ? તો મધુભાઈ કહેશે, 'પદ પૈસા અને પ્રતિષ્ઠાની મૂડી તો વ્યક્તિ વિદાય પામે એ સાથે જ વિસરાઈ જાય છે. મારી પાસે તો પ્રેમની મૂડી છે. અનેક હૃદયને લીલુંછમ કરે એવી પ્રેમની મૂડી.'

હાસ્યલેખક રતિલાલ બોરીસાગર, મધુસૂદન પારેખના પુત્ર ડો. અશોક પારેખ, પુત્રી પ્રીતિબહેન, ગુજરાત વિદ્યાસભાના ઉપપ્રમુખ ડો. સુભાષ બ્રહ્મભટ્ટ, માનાર્હ મંત્રી અંબરીષ શાહ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## ૬ દાયકા કરતાં વધુ સમયથી 'હું શાણી અને શકરાભાઈ' કોલમથી વાચકોને નિર્ભેળ હાસ્ય પીરસી રહ્યા છે

# અલથાણના યુવાનનું રાજસ્થાનમાં મોત અને પીએમ માટે સુરત લવાતા પોલીસ મુંઝવણમાં

(પ્રતિનિધિ દ્વારા) સુરત રવિવાર

અલથાણામાં રહેતા અને સ્મીમેરમાં ફરજ બજાવતા યુવાનને રાજસ્થાનની હોસ્પિટલમાં મૃત જાહેર કરાયા બાદમાં તેનો મૃતદેહને પીએમ માટે સુરત નવી સિવિલમાં લાવ્યા હતા. જોકે, રાજસ્થાનમાં મોત થયુ હોવાથી ખટોદરા પોલીસ મુઝવણમાં મુકાતા તેનું પીએમ મોડું થતા પરિવાર અને સંબંધીઓ હાલાકી વેઠવી પડી હતી.

## સ્મીમેરમાં ફરજ બજાવતા મૃતક મહેશ સોલંકીના પરિવારે પોલીસને કહ્યું, રાજસ્થાનમાં અમને પીએમ માટે કહ્યું ન હતુ : છેવટે મોડી સાંજે પીએમ થયું

નવી સિવિલથી મળેલી વિગત મુજબ અલથાણ ખાતે સોમનાથ સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષનો મહેશ ગોરધનભાઈ સોલંકી થોડા દિવસ પહેલા પરિવારના સભ્યો સાથે રાજસ્થાન ફરવા ગયો હતો. શનિવારે બપોરે રાજસ્થાનના પોખરણ ખાતે મંદિર પાસે અચાનક છાતીમાં દુઃખાવો અને ઉલ્ટી થતા પરિવારજનો નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો. બાદમાં રવિવારે સવારે પરિવારના સભ્યો નવી સિવિલમાં લાવ્યા હતા. જેથી ખટોદરા પોલીસને જાણ કરવામાં આવી હતી. જોકે, મહેશ રાજસ્થાનની હોસ્પિટલમાં મૃત જાહેર કર્યો હોવાથી પોલીસ મુઝવણમાં મુકાઈ હતી. પોલીસે તેમના સંબંધી કહ્યુ કે, પોસ્ટમોર્ટમ અહી કંઈ રીતે થઈ શકે? જવાબમાં પરિવારના સભ્યો કહ્યુ કે રાજસ્થાની હોસ્પિટલના સ્ટાફ કે ડોકટરે એમને પીએમ કરાવવા કહ્યુ ન હતુ. પોલીસ મુઝવણમાં હોવાથી તેનું પીએમ છેક સાંજે કરવામાં આવ્યુ હતુ. પીએમ સવારના બદલે છેક સાંજે થવાથી મૃતકના પરિવારજનો તથા સંબંધીઓ આખો દિવસ સુધી પીએમ રૂમ પર બેસી રહ્યા હતા અને હાલાકી વેઠવી પડી હતી. નોધનીય છે કે, મહેશ મુળ ભરૂચના વતની હતા. તેમને બે સંતાન છે. તે સ્મીમેર હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં ફરજ બજાવતા હતા. તેના પિતા ગર્વમેન્ટ મેડીકલ કોલેજમાં ફરજ બજાવે છે. આ અંગે ખટોદરા પોલીસે તપાસ હાથ ધરી છે.

## આચાર્ય તુલસીના મહાપ્રયાણ દિવસે ગુણાનુવાદ સભા યોજાઈ

સુરત,રવિવાર

અણુવ્રત આંદોલનના પ્રવર્તક આચાર્ય શ્રી તુલસીના ૨૬મા મહાપ્રયાણ દિવસ (પુણ્યતિથિ) પ્રસંગે વિશેષ ગુણાનુવાદ સભાનું આયોજન આચાર્ય શ્રી મહાશ્રમણજીના આજ્ઞાનુવર્તી મુનિ શ્રી ઉદિતકુમારજીના સાનિધ્યમાં તેરાપંથ મહિલા મંડળ, સુરતના ઉપક્રમે મહાવીર ગ્રીન સોસાયટી, પાલ ખાતે કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય નિર્દેશાનુસાર આ પ્રસંગ વિસર્જન દિવસ તરીકે ઉજવાયો હતો. મુનિ શ્રી ઉદિતકુમારજીએ જણાવ્યું કે, આચાર્ય શ્રી તુલસી એક મહાન યુગદ્રષ્ટા આચાર્ય હતા. તેઓ દ્રઢ સંકલ્પ અને મક્કમ મનોબળ ધરાવતા હતા. તેઓ એક વચનસિધ્ધિ ધરાવતા સંત હતા. રાષ્ટ્રની એકતા માટે તેમણે મહાન યોગદાન આપ્યું. તેમની સતત પ્રેરણા અને પ્રયાસોના પરિણામે જ રાજીવ ગાંધી અને સંત ભોંગોવાલ વચ્ચે સમજૂતિ થઈ અને દેશનું વિભાજન થતું અટકી ગયું. તેઓ તેરાપંથ જૈન ધર્મસંઘના આચાર્ય હતા. પરંતુ તેમનું ચિંતન એક સંપ્રદાય પૂરતુ સીમિત નહોતું. સમગ્ર માનવજાતિના કલ્યાણ માટે તેમણે કાર્ય કર્યું હતું.







## મિત્તલના દીકરાએ કંપનીને દેવામાંથી બહાર કાઢી

સ્ટીલ ટાયકૂન લક્ષ્મી મિત્તલે દીકરા આદિત્યને આર્સેલર મિત્તલ ગ્રુપનો સીઈઓ બનાવ્યો એ નિર્ણય ફળ્યો છે. લક્ષ્મી મિત્તલે જાન્યુઆરી ૨૦૨૧માં આદિત્યને આર્સેલર મિત્તલમાં સીઈઓ બનાવ્યો પછી કંપનીએ ટર્નએરાઉન્ડ કરીને નફો કર્યો હતો. ૨૦૨૦માં ૭૩ કરોડ ડોલરની ડોલરની ચોખ્ખી ખોટ સહન કરનારી આર્સેલર મિત્તલે ૨૦૨૧માં ૧૫ અબજ ડોલરનો ચોખ્ખો નફો કર્યો હતો. આ વરસે સ્ટીલના ભાવ ઉંચા છે તેથી કંપનીનો નફો વધશે.

આદિત્યે ભારતીય બજાર પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતમાં નાદારીના આરે આવીને ઉભી રહેલી સ્ટીલ કંપનીઓ ખરીદવા માંડી છે. એસ્સાર અને ઓડિશા સ્લરીપાઈપલાઈન ખરીદ્યા પછી હવે કંપનીએ ઉત્તમ ગાલ્વા ખરીદવા આદિત્ય મેદાનમાં છે. ભારતમાં સ્ટીલની માગ જોતાં આદિત્યની સ્ટ્રેટેજી પરફેક્ટ હોવાનું નિષ્ણાતો માને છે.

## મુકેશ એક સમયે વાયકોમ૧૮ વેચી દેવાના હતા

આઈપીએલના ડિજિટલ રાઈટ્સ મેળવીને મુકેશ અંબાણીની કંપની વાયકોમ૧૮એ ક્રિકેટ બ્રોડકાસ્ટિંગની દુનિયામાં પહેલું જ મોટું કદમ ભરી દીધું. અંબાણીની કંપની હવે પછીના દાયકામાં ભારતમાં ક્રિકેટ બ્રોડકાસ્ટિંગમાં બધાંને ખાઈ જશે એવું મનાય છે.

અંબાણી ક્રિકેટ બ્રોડકાસ્ટિંગની દુનિયામાં પ્રવેશવા સોની અને ઝી ટીવીના શરણે જવાનું વિચારતા હતા. વાયકોમનું બંને કંપનીમાં મર્જર કરવાની વાટાઘાટો પણ ચાલી હતી પણ છેલ્લી ઘડીએ વિચાર બદલાયો તેમાં અંબાણી ફાવી ગયા. મુકેશની ઉદય શંકર સાથેની મુલાકાતે બધું બદલી નાંખ્યું. ઉદય અને જેમ્સ મરડોકે લુપા ઈન્ડિયા નામે ઈન્વેસ્ટમેન્ટ કંપની બનાવી છે. ઉદયે વાયકોમ૧૮માં રોકાણની તૈયારી બતાવીને આઈપીએલના રાઈટ્સ માટે પોતાની તાકાત પર મેદાનમાં ઉતરવાની સલાહ આપી અને પછી શું બન્યું એ ઈતિહાસ છે.

## યાહૂનું આશ્ચર્યમ્ એક્ટ્રેસ જેસિકાને બોર્ડમાં લીધી



મોટી કંપનીઓ અભિનેત્રીઓને બ્રાન્ડ એમ્બેસેડર બનાવે છે પણ કોઈ એક્ટ્રેસને બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં લે એવું ભાગ્યે જ બને છે. ટેક જાયન્ટ યાહૂએ હોલીવુડ એક્ટ્રેસ જેસિકા આલ્બાને ડિરેક્ટર બનાવી છે. ગયા વરસે એપોલો ગ્લોમબલ મેનેજમેન્ટે ૫ અબજ ડોલરમાં યાહૂની પેરન્ટ કંપની વેરીઝોન મીડિયા ખરીદીને કંપનીને યાહૂ નામ આપી દીધું.

એપોલોએ ગુગલ અને ફેસબુક જેવા હરીફો સામે યાહૂ ટક્કર લઈ શકે એ માટે નવી સ્ટ્રેટેજી અપનાવવાનું પણ નક્કી કરેલું. તેના ભાગરૂપે ટિન્ડરના જિમ લેન્ઝોનને સીઈઓ બનાવેલો. હવે ટેકનોલોજી, મીડિયા અને ફાયનાન્સિયલ ઈન્ડસ્ટ્રીના છ ધુરંધરોને ડિરેક્ટર બનાવાયા છે, જેસિકા તેમાંથી એક છે. જેસિકાને બિઝનેસનો અનુભવ નથી પણ યાહૂ તેની લોકપ્રિયતાના જોરે તરવા માગે છે.

## રેપો રેટ આ વરસે જ ૬ ટકા થઈ જશે

અમેરિકામાં ફેડરલ રીઝર્વે વ્યાજ દરમાં કરેલા વધારાના પગલે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ વિદેશી રોકાણકારોને ટકાવવા વ્યાજ દર વધાર્યા વિના છૂટકો નથી. રીઝર્વ બેંકે વ્યાજ દર વધારાની શરૂઆત કરી જ દીધી છે અને હવે પછી પણ આ સિલસિલો ચાલુ રહેશે. બેંકિંગ નિષ્ણાતોના મતે, ડીસેમ્બર સુધીમાં રેપો રેટ વધીને ૬ ટકા આસપાસ થઈ જશે. હાલ રેપો રેટ ૪.૯ ટકા છે તેમાં પાંચ મહિનામાં એક ટકાનો વધારો થશે એ નક્કી છે. ભારતમાં ફુગાવો વધ્યો છે તેના કારણે પણ રેપો રેટ વધારવો અનિવાર્ય બન્યો છે. આ બધાની કિંમત મધ્યમ વર્ગે ચૂકવવી પડશે. તેણે હોમ લોન સહિતની તમામ લોનના ઉંચા વ્યાજ ચૂકવવાં પડશે.

## કાર ખરીદવી હોય તો એક વર્ષ રોકાઈ જાઓ



હમણાં તમે કાર ખરીદવા માંગતા હો તો રોકાઈ જજો કેમ કે એક વર્ષ પછી ભારતમાં ઈલેક્ટ્રિકલ વ્હીકલ્સના ભાવ પેટ્રોલ પર ચાલતાં વ્હીકલ્સ જેટલા જ થઈ જશે. આ વચન કેન્દ્રીય ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝ મિનિસ્ટર નીતિન ગડકરીએ આપ્યું છે. પેટ્રોલ પર ચાલતી કારની સરખામણીમાં ઈલેક્ટ્રિક કારમાં ફ્યુઅલ કોસ્ટ દસ ટકાથી પણ ઓછી આવે છે તેથી ઈલેક્ટ્રિક કાર ખરીદો તો દર મહિને પેટ્રોલ પાછળ થતા ધુમાડાનાં નાણાં બચી જશે. અત્યારે ઈલેક્ટ્રિકલ કારની કિંમત પેટ્રોલ કારથી લગભગ બમણી છે.

ઓટો ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોનું કહેવું છે કે, ગડકરી આ વાત પહેલાં પણ કહી ચૂક્યા છે પણ પેટ્રોલ લોબી એટલી મજબૂત છે કે ગડકરીનું કંઈ ઉપજતું નથી. આ સંજોગોમાં ગડકરીની વાત આશાવાદથી વધારે કંઈ નથી.

## વિશ્વમાં બીજા નંબરનું સૌથી ખરાબ માર્કેટ PSX

પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જને (PSX) ૨૦૨૦માં એશિયાના બેસ્ટ પરફોર્મીગ માર્કેટનો એવોર્ડ મળ્યો હતો. પરંતુ હવે તે માર્કેટે યુ ટર્ન માર્યો છે. તે વિશ્વના બીજા નંબરના સૌથી ખરાબ માર્કેટની યાદીમાં આવી ગયું છે. ત્યાના રોકાણકારોના ૧૬.૨૭ ટકા જેટલા એટલેકે ૧.૩૫ ટ્રિલીયન ધોવાઈ ગયા હતા. લેટેસ્ટ ડેટા કહે છે કે PSXમાં હવે કંઇ બચ્યું નથી. રોકાણકારોનો ભરોસો તે ગુમાવી ચુક્યું છે. સૌથી ખરાબ માર્કેટમાં નંબર એક પર શ્રીલંકા છે. PSX ૩૧ ટકા તૂટ્યું છે. શ્રીલંકાનું માર્કેટ લગભગ ડેડ છે. જેમ પાકિસ્તાન તરફ કોઇ વિદેશી રોકાણકાર જોવા તૈયાર નથી એનાથી પણ ખરાબ દશા શ્રીલંકાની છે.

## ૪.૮ લાખ કરોડના બાંધકામો અટવાયા છે

એક અહેવાલ પ્રમાણે દેશના સાત મોટા શહેરોમાં ૪.૪૮ લાખ કરોડ ના ૪.૮ લાખ જેટલા મકાનો કોઇને કોઇ કારણોસર અટવાયેલા છે.આવા શહરોમાં દિલ્હી-એનસીઆર, મુંબઇ મેટ્રોપોલીટન, કોલક્તા,ચેન્નાઇ, બેંગલૂરૂ, હૈદ્રાબાદ અને પૂણેનો સમાવેશ થાય છે. કેટલાક કામો મજૂરોના અભાવે અટવાયા છે તો કેટલાક સરકારી કાયદાના કારણે અટકેલા પડ્યા છે. જ્યારે બાંધકામો અટવાય ત્યારે તેનો બોજ બિલ્ડરોના માથે પડતો હોય છે. જેતે સંબંધિત રાજ્યોના મુખ્યપ્રધાનોને રજૂઆત પણ કરાઇ છે. કેટલીક જગ્યાઓ પર મંદીના કારણે પણ બાંધકામો અટકાવી દેવાયા છે. બિલ્ડરો તેજીના પવનની રાહ જોઇને બેઠા છે.

## BPCLના ડિસઈન્વેસ્ટમેન્ટને ટલ્લે ચઢાવાય છે

ભારત પેટ્રોલિયમના ડિસઇન્વેસેટમેન્ટ પર (BPCL) કોઇની નજર લાગી છે. જ્યારે પણ તેની પ્રોસેસ શરૂ થાય છે કે કોઇને કોઇ અડચણ ઉભી થાય છે. વિપક્ષો કહે છે કે સરકારની દાનત ખોરી છે. તે સરકારી કંપનીઓ પ્રાઇવેટને વેચી મારવા માંગે છે. દરેક રાજકીય પક્ષ એક બીજા પર આવા આક્ષેપો કરતા આવ્યા છે. પરંતુ સરકાર સાથે સંકળાયેલા સૂત્રો કહે છે કે ડિસેમ્બર ૨૦૧૯માં બીપીસીએલ વેચવાનો તખ્તો તૈયાર હતો પરંતુ ત્યારે સરકાર અન્ય બિડરોની રાહ જોઇને બેસી રહી હતી. તે તારીખ પણ જતી રહી હતી. હવે સરકાર રશિયાનું યુક્રેન પર આક્રમણ,અમેરિકામાં મંદી જેવા કારણો આગળ ધરીને બીપીસીએલનું ડિસઇન્વેસ્ટમેન્ટ ટલ્લે ચઢાવાય છે.

---

### ફ્લોપ જઇ રહેલી વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનની મિનિસ્ટ્રીયલ બેઠકમાં સ્ટીયરીંગ પર ભારત ગોઠવાઈ ગયું અને ફીશરીઝ સબસિડી અને કોવિડ વેક્સિન પેટન્ટ અંગે ધાર્યું કરાવી શક્યું

# WTOની મેચમાં ભારતની વેધક બોલિંગ 100 દેશોનું સમર્થન

વિશ્વ વેપાર સંગઠનમાં ભારતે અનેક દેશોને ચિત્ત કરી દીધા છે. કોમર્સ પ્રધાન પિયુષ ગોયેલે કહ્યું છે કે ભારતે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનની મિનિસ્ટરોની (MC12) કોન્ફરન્સમાં મહત્વના મુદ્દાઓ પર જીત મેળવી છે. ભારતનું નહીં સાંભળતા રાષ્ટ્રોએ ભારતનું સાંભળવું પડ્યું હતું તે તો ઠીક પણ કોન્ફરન્સ બે દિવસ લંબાવીને ભારતની માંગણી પ્રમાણેના પગલાં લેવાયા હતા.

ભારતમાં એક તરફ અગ્નિપથ સામે આંદોલન ચાલતું હતું તો બીજી તરફ જીનીવામાં MC12માં ભારત પણ અગ્નિપથ પર ચાલતો હતો. છેલ્લે ભારતના વિજયનો ડંકો વાગ્યો હતો.વિશ્વમાં કોરોના વેક્સિનની સપ્લાય અને વિશ્વમાં અન્નની અછત સામે ભારતે જ્યારે અન્નપૂર્ણા બનવાની વાત કરી ત્યારે તેની પોઝિટીવ અસરો અન્નની અછતમાંથી પસાર થતા અસરગ્રસ્ત દેશો પર પડી હતી. ડબ્લ્યુટીઓમાં (WTO) ૧૬૨ દેશો છે તેમાં સૌની નજર ભારત પર હતી. કેમકે ભારત જે કરવા માંગતું હતું તેના પર બે દિવસ સખત્ત ડીબેટ ચાલ્યું હતું.

> **WTOની મિનિસ્ટરીયલ બેઠકમાં ભારતે અમલમાં મૂકેલી વ્યૂહ રચના જીતી હતી અને દરેક ભારતની રજૂઆતો સાંભળવા દરેક નાના દેશો કાન માંડીને બેઠા હતા**

કોન્ફરન્સ શરૂ થઇ ત્યારે દરેકમાં નિરાશા હતી કે તેમાં ડેડલોક ઉભા થશે અને લોકોનો સમય બગડશે. અમેરિકાના અખબારો લખતા હતા કે ભારતના આકરાં વલણના કારણે મિનિસ્ટ્રીયલ કોન્ફરન્સ ફ્લોપ થવા જઇ રહી છે. પરંતુ ભારતે ધાર્યા ડિબેટ પણ કર્યા અને દરેકને સાચીવાત ગળે ઉતારવામાં સફળતા મેળવી હતી.

બે મુદ્દે ભારત અડગ હતું . ૧..કોવિડ વેક્સીનની પેટન્ટ ૨..ફીશીંગ સબસીડી. આ બંને મુદ્દે ભારતે વ્યાપક પગલાં લેવાની વાત કરી હતી. બંને મુદ્દે લાંબા ડિબેટ ચાલ્યા હતા.

કોમર્સ પ્રધાન બેઠકમાં બહુ પક્ષીયવાદ અને વૈશ્વિકરણ પર પણ ચર્ચાઓ થઇ હતી. ફિશીંગ માટે દરેક દેશ અલગ સબસિડી આપતા હતા પરંતુ ભારતે એક સરખી સબસીડી માટે આગ્રહ રાખ્યો હતો. જે દેશો સતત ગેરકાયદે ફિશીંગ કરીને સબસીડી આપે છે તેમના પર નિયંત્રણની વાત પણ ભારતે આગળ વધારી હતી.

દાયકાઓથી અટવાયેલા મુદ્દા બહુ પક્ષીયવાદના કારણે હાથ પર નથી લેવાતા એ મુદ્દો પણ ભારતે ઉઠાવ્યો હતો.

વૈશ્વિક સંગઠનો પર બહુરાષ્ટ્રીય કંપનીઓ અને અમેરિકાના મજબૂત પ્રભાવને દુર કરીને કામ કરવું લગભગ અશક્ય છે એમ કહેવાતું આવ્યું છે પરંતુ WTOની મિનિસ્ટ્રીયલ બેઠકમાં ભારતે અમલમાં મુકેલી વ્યૂહ રચના જીતી હતી અને દરેક ભારતની રજૂઆતો સાંભળવા દરેક નાના દેશો કાન માંડીને બેઠા હતા. ફિશરીઝ પરની સબસીડીમાં અસમાનતાના કારણે ભારતને નુકશાન થતું હતું. છેલ્લા દશ વર્ષથી ભારત સબસીડીના મુદ્દે ડબલ્યુટીઓમાં બાખડતું હતું. પરંતુ આ વખતે ભારતનો પ્રભાવ શરૂઆતથીજ જણાતો હતો. મિટીંગના પહેલાં બે દિવસના ડિબેટ પરથી લાગતું હતું કે આ બેઠકમાં કઇ ઉકળે એમ નથી.

ફિશરીઝ સબસિડીનો મામલો, કોવિડ રસી પરની પેટન્ટ અને કૃષિ સબસિડીની મામલે ભારતે પોતાનું ધાર્યું કરી બતાવ્યું હતું. ફિશરીઝ સબસિડીના મામલે અસમાનતા હતી. તેનો લાભ સમૃધ્ધ દેશો ઉઠાવતા હતા. કૃષિ સબસિડીનો પ્રશ્ન છેલ્લા દશ વર્ષથી ટલ્લે ચઢેલો હતો. કોઇ દેશે તો બેઠકમાં બોલવાની જરૂર હતી પરંતુ અમેરિકાજેવી બિલાડીના ગળે ઘંટ બાંધવા કોઇ તૈયાર નહોતું. ભારતે તે કરી બતાવ્યું હતું.

કેટલાક દેશો એમ પણ કહેતા હતા કે ભારતના અક્કડ વલણના કારણે મહત્વની બેઠક ફ્લોપના માર્ગે જઇ રહી છે.પરંતુ ભારતની ધીરજ કામમાં આવી હતી. ભારતે આખી નેગેટીવ દિશામાંથી પોઝિટીવ દિશા તરફ વહાણ વાળી દીધું હતું અને પોતાના લાભની વાતો સાથે વિશ્વના અન્ય નાના દેશોની લાગણીઓને પણ પ્લેટફોર્મ પર મુકીને પ્રભાવી દેશોને ઝુકાવ્યા હતા.

આ વખતે નાના દેશોની ભારત પર નજર હતી કેમકે અમેરિકા અને યુરોપના દેશો પોતાની મનમાની કર્યા કરતા હતા. ફીશરીઝ પરની સબસીડી બાબતે નાના દેશોને થતા અન્યાય સામે કોઇ અવાજ ઉઠાવવા તૈયાર નહોતું.આ વખતે પણ મિનિસ્ટ્રીયલ કોન્ફરન્સનું પિલ્લું વાળી દેવાની તૈયારી હતી પરંતુ ભારતે લીધેલા અક્કડ વલણના કારણે બાજી પલટાઇ ગઇ હતી અને ભારતના સમર્થનમાં ૮૦ દેશો આવી ગયા હતા.




> **આ વખતે પણ મિનિસ્ટ્રીયલ કોન્ફરન્સનું પિલ્લું વાળી દેવાની તૈયારી હતી પરંતુ ભારતે લીધેલા અક્કડ વલણના કારણે બાજી પલટાઇ ગઇ હતી અને ભારતના સમર્થનમાં ૮૦ દેશો આવી ગયા હતા**

ભારતની ટીમનું પ્રતિનિધિત્વ કરી રહેલા કોમર્સ પ્રધાને સફળતા બાબતે કહ્યું હતું કે વી કેન ડુ..


### વિશ્વના ટ્રેડનું નિયમન કરતા WTOનો પ્રારંભ કેવી રીતે થયો?

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (WTO) ઈન્ટરનેશનલ ટ્રેડ સાથે સંકળાયેલું છે. તે વિશ્વના ટ્રેડનું નિયમન કરે છે. ૧૫ એપ્રિલ ૧૯૯૪ના રોજ ૧૨૩ દેશોએ એક કરાર પર સહી કરીને તેની રચના કરી હતી. તેની પાછળનો મૂળ હેતુ ૧૯૪૮થી ચાલ્યો આવતો બીજા વિશ્વયુધ્ધ વખતનો ટેરીફ એન્ડ ટ્રેડ (GATT) એગ્રીમેન્ટને દુર કરવાનો હતો.૧ જાન્યુઆરી ૧૯૯૫થી વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન સત્તાવાર રીતે અમલમાં આવ્યું હતું. વિવિધ દેશોઓ વચ્ચે થતા કરારોનું અમલીકરણ કરવાનું તેનું કામ હોય છે. એક તબક્કે ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન પણ શરૂ કરાયું હતુ પરંતુ અમેરિકાએ તેને ટેકો ના આપતાં તે અમલી બની શક્યું નહોતું. WTO પર અમેરિકા અને કેટલાક દેશોનો પ્રભાવ વધેલો રહેતાં નાના દેશોને તેમની વાત માનવી પડતી હતી. જગત જમાદાર તરીકે ઓળખાતા અમેરિકાએ અહીં પણ પોતાની જમાદારી ઉભી કરી હતી. પરંતુ હવે સમય બદલાયો છે. ભારત બાપડું બિચ્ચારું નથી રહ્યું. ભારત તેના કૃષિ ઉત્પાદનના જોર પર પોતાનો વોઇસ મક્કમતાથી રજૂ કરી શક્યું હતું. આજે ભારતે બેઠકમાં ડંકો વગાડ્યો છે જેનો રણકાર વિશ્વભરમાં સાંભળવા મળ્યો છે.

---

### ૧.૯ અબજ લોકોની ભૂખ સંતોષાય તેટલા અનાજનો બાયોફ્યુઅલ માટે વપરાશ

## FUEL v/s FOOD : યુક્રેન યુદ્ધથી ઇંધણ માટે અનાજના ઉપયોગનો વિવાદ ફરી વકર્યો




અશ્મિભૂત ઈંધણના મર્યાદિત ભંડારના કારણે છેલ્લા ઘણા વર્ષોથી ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોતની શોધખોળ થઇ રહી છે અને તાજેતરના રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધથી ક્રૂડ ઓઇલમાં આવેલા ઉછાળાથી આ દિશા તરફ ફરી દુનિયાનું ધ્યાન ખેંચાયુ છે. હાલ ઘણા દેશોએ ઈંધણમાં ખાદ્યતેલોનું બ્લેન્ડિંગની દિશામાં મોટું પગલું ભરતા જ 'ફ્યૂઅલ ૫/જ ફૂડ'ની ચર્ચા ફરી છેડાઇ છે.

ભારતમાં પેટ્રોલ-ડીઝલમાં શેરડી અને ખાંડમાં બનેલા ઈથેનોલનું બ્લેન્ડિંગ એટલે કે મિશ્રણ કરવામાં આવી રહ્યુ છે. હાલ ફ્યૂઅલમાં ૧૦ ટકા ઈથેનોલના બ્લેન્ડિંગનો ટાર્ગેટ હાંસલ કર્યા બાદ હવે ભારતે વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં ૨૦ ટકા બ્લેન્ડિંગનો લક્ષ્ય નક્કી કર્યો છે. રશિયા-યુક્રેનના યુદ્ધ પહેલા બાયોફ્યૂઅલનું વૈશ્વિક ઉત્પાદન વિક્રમી ઊંચાઈએ હતું. અમેરિકા દુનિયામાં સૌથી મોટો બાયોફ્યુઅલ ઉત્પાદક છે, જે પોતાને ત્યાં ઉત્પન્ન થતા ૩૬ ટકા મકાઈનો બાયોફ્યૂઅલ બનાવવા ઉપયોગ કરે છે તો સોયાતેલે બાયોડિઝલમાં ૪૦ ટકા યોગદાન આપ્યુ હતુ. ઈન્ડોનેશિયાએ પણ પેટ્રોલ-ડીઝલમાં પામતેલનું મિશ્રણ વધારવાનું લક્ષ્યાંક વધાર્યુ છે. આમ વિવિધ દેશો દ્વારા ઈંધણમાં ખાદ્યતેલોના બ્લેન્ડિંગનું પ્રમાણ વધારવાથી તેની સીધી અસર સપ્લાય પર થઇ અને ભાવ આસમાને પહોંચ્યા છે, જે મોંઘવારીની સમસ્યાને ગંભીર સ્વરૂપ આપી રહ્યા છે. હાલ સમગ્ર વિશ્વ ફ્યૂઅલ (ઈંધણ) અને ફૂડ (ખાદ્યાન્ન)ની ભારે અછતનો સામનો કરી રહ્યુ છે ત્યારે નીતિ ઘડવૈયાઓએ અનાજ અને ખાદ્યતેલોની સપ્લાય વધે તેની માટે પેટ્રોલ-ડીઝલમાં બાયોફ્યૂઅલનું બ્લેન્ડિંગ કરવાના નિર્દેશમાં છુટછાટ આપવાની હાકલ કરી છે.

વોશિંગ્ટન સ્થિત ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે જણાવ્યું હતું કે, 'હવે સરકારો માટે અસ્થાયી નીતિ પ્રોત્સાહનો અથવા ફરજિયાત બ્લેન્ડિંગ લક્ષ્યો દ્વારા ખાદ્ય પાકોને ઊર્જામાં રૂપાંતરિત કરવા પ્રોત્સાહન આપવાનો સમય નથી. ગ્રો ઈન્ટેલિજન્સના આંકડા અનુસાર ૧.૯ અબજ લોકોની ભૂખ સંતોષાય તેટલો અનાજ દર વર્ષે બાયોફ્યુઅલના ઉત્પાદન માટે વપરાય છે.

> **વર્ષ ૨૦૨૨માં બાયોફ્યુઅલની વૈશ્વિક માંગ ગત વર્ષની તુલનાએ ૫ ટકા વધીને ૮.૫ અબજ લિટર રહેવાની આગાહી**

**બાયોફ્યુઅલથી ખાદ્યાન્ન સંકટ ઉભુ થશે?**

બાયો ફ્યૂઅલ એ મકાઈ અને શેરડીમાંથી બનાવેલા ઈથેનોલ તેમજ સોયાતેલ અને પામ તેલ સહિત અન્ય વેજિટેબલ તેલોમાંથી બનાવાય છે. આ બાયોફ્યૂઅલનો પુરવઠો વધારવા અને પ્રદૂષણ ઘટાડવા માટે અશ્મિભૂલ ઈંધણ એટલે કે પેટ્રોલ-ડીઝલમાં મિશ્રણ કરાય છે, બાયોફ્યૂઅલના બ્લેન્ડિંગની શરૂઆત વર્ષ ૨૦૦૦ના દાયકાની શરૂઆતથી થઇ છે. વર્ષ ૨૦૦૭-૦૮માં છેલ્લી ખાદ્યાન્ન કટોકટી માટે બાયોફ્યુઅલને આંશિક રીતે દોષી ઠેરવવામાં આવ્યું હતું. વિશ્વ બેંક અને આઈએમએફ સહિતના સંશોધનો અનુસાર, કટોકટી દરમિયાન મકાઈના ભાવ ૨૦થી૫૦ ટકા વધારવામાં બાયોફ્યુઅલે મોટું યોગદાન આપ્યુ હતુ.

એક સંશોધન મુજબ, યુરોપિયન યુનિયનમાં લગભગ ૧૦,૦૦૦ ટન ઘઉં, જે ૧.૫ કરોડ બ્રેડની સમકક્ષ છે, તે કારમાં ઈથેનોલ તરીકે દરરોજ બાળવામાં આવે છે. જેની સામે ઈથેનોલ ઉદ્યોગે દલીલમાં કહ્યુ કે, આવી સરખામણીઓ અયોગ્ય છે. ફ્યૂઅલ બનાવવા માટે વપરાતું મોટા ભાગનું અનાજ ફીડ ઘઉં છે, જે એનિમલ ફિડમાં વપરાય છે, નહીં કે ઘઉંને દળીને રોટલી બનાવાય છે. બાયોફ્યૂઅલ માટે ઘઉંનો ઉપયોગ તેના કુલ વૈશ્વિક ઉત્પાદનના બે ટકા જેટલો છે.

**શું બાયોફ્યૂઅલ પર મર્યાદા મુકવી નુકસાનકારક બનશે?**

ઉદ્યોગજગતના નિષ્ણાંતોએ એવી દલીલ કરી કે, બાયોફ્યૂઅલ એવી કાર્યક્ષમતા બનાવે છે જે પ્રાણીઓ અને આડકતરી રીતે મનુષ્યોને પોષણ પુરું પાડે છે. આ ઉદ્યોગ એનિમલ ફિડનો એક મહત્વપૂર્ણ ઉત્પાદક છે, કારણ કે અનાજને ઈથેનોલમાં રૂપાંતર કરવાની પ્રક્રિયાથી પ્રોટીન અને બાય-પ્રોડક્ટ બને છે, જે મરઘી, ગાય અને પશુઓના આહારમાં વપરાય છે. ખાદ્યાન્ન કટોકટી સામે ઉદ્યોગ જગતે દલીલ કરતા કહ્યુ કે, બાયોફ્યૂઅલ પર મર્યાદા લાદવાના પરિણામે 'પુનઃપ્રાપ્ય ઉર્જા - ઉર્જા સ્વતંત્રતા ગુમાવીશુ, રોજગારી ઘટશે - ખેતીની આવકની સલામતી ઘટશે, અશ્મિભૂત ઈંધણની આયાત અને પરિણામે કાર્બન ઉત્સર્જનમાં વધારો થવાની સંભાવના રહેલી છે. યુરોપિયન યુનિયનમાં બેલ્જિયમ અને જર્મનીએ ખાદ્ય સુરક્ષાને ધ્યાન રાખતા ફરજિયાત બાયોફ્યુઅલ બ્લેન્ડિંગના નિર્દેશને સરળ બનાવવા વિચારણા કરી રહ્યા છે.

---

### ક્રૂડ અને ખાદ્યતેલોએ બળતામાં ઘી હોમ્યુ

## ત્રણ આયાતી ચીજો જે આગામી સમયમાં ફુગાવાને ઉંચો રાખશે

મહામારી બાદ મોંઘવારીને અંકુશમાં રાખવા માટે દુનિયાભરના દેશોની મધ્યસ્થ બેન્કોએ 'વ્યાજદર'નું શસ્ત્ર ઉગામ્યું છે. વ્યાજદરમાં વધારો કરીને મોંઘવારી-ફુગાવાને ડામવા માટે પ્રયાસ થઇ રહ્યા છે. ભારતમાં રિઝર્વ બેન્કે પણ મે મહિનામાં એકાએક રેપોરેટ વધાર્યા બાદ જૂન મહિનામાં પણ વ્યાજદર વધાર્યા છે. કોરોના મહામારી બાદ મોટાભાગની ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે જેમાં ખાદ્ય ચીજો જેવી કે ખાદ્યતેલો, અનાજ સહિતની વસ્તુઓની કિંમતો નોંધપાત્ર વધી છે, જેમાં રશિયા-યુક્રેનના યુદ્ધને પગલે ક્રૂડ ઓઇલ- ખાદ્યતેલોના ભાવ વધારાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે.




રિઝર્વ બેન્કની મોનેટરી પોલિસી કમિટીએ ચાલુ નાણાંકીય વર્ષ માટેના કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ફ્લેશન એટલે કે રિટેલ ફુગાવાનો લક્ષ્યાંક વધારીને ૬.૭ ટકા નક્કી કર્યો છે, જે સંકેત આપે છે કે આગામી સમયમાં મોંઘવારી હજી વધી શકે છે અને કડક નાણાંકીય પગલાં લેવાઇ શકે છે. આ કમિટીનું માનવુ છે કે, આ વર્ષે ક્રૂડ ઓઇલનો ભાવ સરેરાશ ૧૦૫ ડોલર પ્રતિ બેરલ રહેશે અને ચોમાસું સામાન્ય રહેશે. ભારતમાં ફુગાવાની સમસ્યા વકરવા પાછળ આયાતની મોટી ભૂમિકા રહેલી છે. ભારતમાં ત્રણ ચીજોની આયાતથી ફુગાવાનું જોખમ ઘણુ વધી રહ્યુ છે. જેમાં ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં સતત ધોવાણથી પડ્યા પર પાટું જેવો ઘાટ સર્જાયો છે.

> **ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ધોવાણથી ભારત માટે વિદેશમાંથી પડતર મોંઘી થશે જે આયાતી ફુગાવાને વકરાવશે**

**ક્રૂડઓઇલમાં ઉછાળો, પેટ્રોલ-ડીઝલના ઉંચા ભાવ**

ભારત ક્રૂડ ઓઇલ, પેટ્રોલ-ડીઝલ માટે મોટાભાગે આયાત પર નિર્ભર છે અને તે ફુગાવો વધવા પાછળનું મુખ્ય કારણ પણ છે. ઈન્ડિયન બાસ્કેટના ક્રૂડઓઈલનો સરેરાશ ભાવ એપ્રિલમાં ૧૦૩ ડોલર પ્રતિ બેરલ હતો જે મે મહિનામાં વધીને ૧૧૦ ડોલર થયો છે. જો ક્રૂડ ૧૦ ડોલર વધે તો રિટેલ ફુગાવો અડધો ટકો વધે છે. લોકોને મોંઘવારીમાં રાહત આપવા માટે કેન્દ્ર સરકારે ગત મહિને પેટ્રોલ-ડીઝલ પરની એક્સાઇઝ ડ્યૂટીમાં ઘટાડો કર્યો હતો. હવે રિઝર્વ બેન્કે ફુગાવાના દબાણને ઓછું કરવા રાજ્યોને વેટ ઘટાડવાનું સૂચન કર્યું છે.

**આયાતી કોલસામાંથી વિજળી**

કોલસાની અછતે ભારતમાં ફરી વીજ કટોકટી સર્જાવાની દહેશત વ્યક્ત કરાઇ છે. ચાલુ કેલેન્ડર વર્ષે જ્યારે રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો ત્યારે થર્મલ કોલસાના ભાવ ૧૪૦ ડોલર પ્રતિ ટન હતા જે વધીને ૪૪૦ ડોલરની ટોચે પહોંચ્યા હતા. હાલ કિંમત લગભગ ૩૩૦થી ૩૯૫ ડોલર પ્રતિ ટનની વચ્ચે છે. સ્થાનિક કોલસા કરતા આયાતી કોલસો ઘણો મોંઘો છે અને તેથી તેનો વધતો ઉપયોગ વીજદર વધારવા દબાણ કરી શકે છે.

**ખાદ્યતેલની જંગી આયાત**

ભારત વિશ્વમાં ખાદ્યતેલોનો સૌથી મોટો વપરાશકાર અને આયાતકાર દેશ છે, જે ૫૫થી ૬૦ ટકા માંગ આયાત મારફતે સંતોષે છે. ભારત મુખ્યત્વે પામતેલ, સનફ્લાવર અને સોયા તેલની આયાત કરે છે, જેની પાછળ વર્ષો કરોડો ડોલર ખર્ચાય છે. કોરોના મહામારી બાદ તમામ ખાદ્યતેલોની કિંમત ૫૦થી ૧૦૦ ટકા વધી ગઇ છે તેમાંય રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધ બાદ તેમાં ભડકો થયો છે. ખાદ્યતેલોના ભાવ તેલીબિયાંનું ઉત્પાદન, પિલાણ, શ્રમિકોની ઉપલબ્ધતા, કુદરતી પરિસ્થિતિઓ અને આયાત-નિકાસની નીતિઓથી પ્રભાવિત થાય છેત જેનું તાજેતરનું ઉદાહરણ ઈન્ડોનેશિયાએ પામતેલની નિકાસ પર મૂકેલો પ્રતિબંધ છે. આથી વૈશ્વિક સ્તરે તેલીબિયાંના ઉત્પાદન, ખાદ્યતેલોના ભાવ, પુરવઠા પર થનારી અસરની તાત્કાલિક અસર ભારતીય બજારમાં જોવા મળે છે.

---

## આગામી સમયમાં ડિજિટલ પેમેન્ટનો વ્યાપ વધશે

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં યુનિફાઇડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઇ) દ્વારા ક્રેડિટ કાર્ડની ચુકવણીને મંજૂરી આપી હતી જેના પગલે આવી ચુકવણીઓ મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) ચાર્જને આકર્ષી શકે છે. નાના વેપારીઓને એમડીઆરમાં સબસિડી અપાય તેવી સંભાવના છે. ક્રેડિટ- કાર્ડ લિંક્ડ યુપીઆઇ પેમેન્ટસ પર એમડીઆર વસુલવાનો સંકેત આપતા, એક સ્ત્રોતે જણાવ્યું હતું કે, યુપીઆઇ સાથે ક્રેડિટ કાર્ડને લિંક કરવાથી યુપીઆઇ માત્ર ચુકવણીનું સાધન જ નહીં રહે પરંતુ તે ચુકવણી માટેનું અગ્રણી પ્લેટફોર્મ પણ બની જશે. તો બેંકો કોમર્શિયલ મોડલ વિના તેના દ્વારા કેવી રીતે ધિરાણ આપી શકે ? સરકારે એમ પણ કહ્યું છે કે, ચુકવણીના માધ્યમો એમડીઆરને આકર્ષિત કરશે નહીં પરંતુ ઉધારના માધ્યમો સાથે એવું નથી.

એમડીઆર એક પ્રકારની ફી છે જે બેંકો વેપારી પાસેથી વ્યવહારની ચોક્કસ ટકાવારીના આધારે વસુલ કરે છે. આ ચુકવણી પૂર્ણ કરવાના બદલામાં લેવામાં આવે છે. કાર્ડ જારી કરનાર બેંક તેનો એક ભાગ જાળવી રાખે છે અને બાકીનો ભાગ પેમેન્ટ નેટવર્ક અને પોઈન્ટ ઓફ સેલ ટર્મિનલ પ્રદાતાઓને આપે છે. ભૂતકાળમાં કેન્દ્ર સરકારે રૂપે ક્રેડિટ કાર્ડને પ્રોત્સાહન આપવા માટે રૂા. ૧,૩૦૦ કરોડ આપ્યા હતા અને રૂા. ૨,૦૦૦ સુધીની




> **ક્રેડિટ કાર્ડને લિંક કરવાથી UPI ચૂકવણી માટેના અગ્રણી પ્લેટફોર્મ તરીકે ઉભરી આવશે**

યુપીઆઇ ચુકવણી પર એમડીઆર બેન્કોને પરત કરવામાં આવ્યા હતા. આ એમડીઆર ડિસેમ્બર ૨૦૧૯માં નાબુદ કરવામાં આવ્યો હતો. પેમેન્ટ ઉદ્યોગના એક સૂત્રએ જણાવ્યું હતું કે, 'ટેક્નિકલ રીતે કહીએ તો અસંગઠિત ક્ષેત્રમાં ડિજિટલ પેમેન્ટસ વધુ હોય છે, જ્યારે સંગઠિત ક્ષેત્રમાં વધારે મૂલ્ય ચુકવવામાં આવે છે અને તેના માટે એમડીઆર વસુલવામાં આવે છે પરંતુ નાના વિક્રેતાઓને સબસીડી આપી શકાય છે.'

થોડા સમય પહેલા મોનેટરી પોલીસી મીટીંગ પછી નિર્ણયની જાહેરાત કરતા રિઝર્વ બેંકે કહ્યું હતું કે તે યુપીઆઇ સાથે રૂપે ક્રેડિટ કાર્ડને લિન્ક કરવાની મંજૂરી આપશે જે યુપીઆઇ ક્રેડિટ ચુકવણીની સુવિધા આપશે. હાલમાં, આ માટે 'પે નાઉ'નો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં કોઈપણ વ્યવહાર માટે ગ્રાહકના બેંક ખાતામાંથી સીધા જ પૈસા કાપવામાં આવે છે. ક્રેડિટ કાર્ડ યુપીઆઇને એકીકૃત કરવાનો નિર્ણય આવકાર્ય છે અને તેનાથી ડિજિટલ પેમેન્ટનો વ્યાપ વધશે. ઉદ્યોગના સહભાગીઓ આ સંદર્ભે આરબીઆઇ અને નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઇ) પાસેથી કિંમતના માળખા અંગે સ્પષ્ટતા માંગી રહ્યા છે.

જ્યારે પ્રાઈસિંગ સ્ટ્રક્ચર વિશે પૂછવામાં આવ્યું ત્યારે આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર ટી. રવિશંકરે કહ્યું, 'બેંક અને પેમેન્ટ યુનિટસે પ્રાઇસ સ્ટ્રક્ચર કેવી રીતે કામ કરશે તેની વ્યવસ્થા કરવી પડશે.' આ સમયે અમે સિસ્ટમ રજૂ કરીશું અને જોઈશું કે તે કેવી રીતે કાર્ય કરે છે. જાણકારોએ જણાવ્યું હતું કે, યુપીઆઇ ક્રેડિટ કાર્ડ ટ્રાન્ઝેક્શન પર એમડીઆર ન વસુલવાને કારણે તે વધશે. જો કે, કાર્ડ વ્યવહારો પર એમડીઆર ચાર્જ કરાશે તો પોઇન્ટ ઓફ સેલ સાધનો થકી વેચાણમાં ઘટાડો કરી શકે છે.

# કુદરત પર આધારિત કૃષિ ક્ષેત્ર માટે પડકારરૂપ બનતું જતું કલાયમેટ ચેન્જ

૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન સતત ત્રણ વર્ષ સુધી દેશમાં ચોમાસુ સારુ રહ્યા બાદ વર્તમાન વર્ષમાં પણ નૈઋત્યનું ચોમાસુ સારુ રહેવાની આગાહી કરવામાં આવી છે. સતત ત્રણથી ચાર વર્ષ ચોમાસાની સારી સ્થિતિ ભાગ્યે જ જોવા મળે છે. ગ્રામ્ય માગમાં વધારો કરવા માટે ચોમાસુ સાનુકૂળ રહે તે જરૂરી હોય છે. દેશના આર્થિક વિકાસ માટે ગ્રામ્ય માગ મહત્વની ભૂમિકા ભજવતી હોવાથી તેમાં વધારો થાય તે જરૂરી છે. જો કે કોરોનાના કાળ બાદ ગ્રામ્ય માગ નબળી રહી હોવાનું જોવા મળે છે. ખાસ કરીને ઓટો તથા ફાસ્ટ મુવિંગ કન્ઝયૂમર ગુડસ (એફએમસીજી)ની ગ્રામ્ય માગ છેલ્લા એક કરતા પણ વધુ વર્ષથી નબળી જોવા મળી રહી છે. હાલમાં જ જાહેર થયેલા મે મહિનાના ઓટો રિટેલ વેચાણ આંકમાં ૨૦૧૯ના મેની સરખામણીએ ટુ વ્હીલર્સ તથા કમર્સિઅલ વાહનોનું વેચાણ નીચું રહ્યાનું જોવા મળ્યું છે. આગળ જતાં યુદ્ધ તથા રેપો રેટમાં વધારો વેચાણ પર અસર કરશે તેવો પણ મત પ્રવર્તી રહ્યો છે. મે ૨૦૧૯માં વાહનોનો એકંદર વેચાણ આંક જે ૧૮,૨૨,૯૦૦ એકમ રહ્યો હતો તે વર્તમાન વર્ષના મેમાં ૧૬,૪૬,૭૭૩ એકમો રહ્યું હતું.૨૦૧૯ એટલે કે કોરોના પહેલાના વર્ષની સરખામણીએ વર્તમાન વર્ષમાં વાહનોના વેચાણમાં હજુપણ વધારો જોવાતો નથી. જો કે મે ૨૦૨૧ની સરખામણીએ વાહનોના રિટેલ વેચાણ આંકમાં મજબૂત વૃદ્ધિ જોવાઈ છે. ૨૦૨૧ તથા ૨૦૨૦નો મે મહિનામાં કોરોનાને કારણે દેશમાં લોકડાઉન્સ જેવી સ્થિતિને કારણે વાહનોના વેચાણ આંક નબળા રહ્યા હતા. મે ૨૦૧૯માં ૩૯૪૩૮ની સામે વર્તમાન વર્ષના મેમાં ટ્રેકટર્સનું વેચાણ નોંધપાત્ર વધી ૫૨૪૮૭ એકમ રહ્યાનું પણ જોવા મળી રહ્યું છે. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે માગ-પૂરવઠા વચ્ચે અંતર ચાલુ રહેશે. આ ઉપરાંત રિઝર્વ બેન્ક દ્વારા રેપો રેટમાં વધારો તથા ઊંચા ફુગાવાની સ્થિતિ ઓટો વેચાણ પર પ્રતિકૂળ અસર કરશે તેવો પણ મત પ્રવર્તી રહ્યો છે. ટ્રેકટર્સના વેચાણમાં વધારો એક સારી નિશાની છે, પરંતુ કૃષિ ક્ષેત્ર માટે ટ્રેકટર્સ એક આવશ્યક સાધન હોવાથી તેના વેચાણમાં વૃદ્ધિ એકંદર ગ્રામ્ય માગનું પ્રતિબિંબ પાડતી નથી.

**ગ્રામ્ય માગને ટકાવી રાખવા કૃષિ અર્થતંત્રમાં સાનુકૂળ સ્થિતિ આવશ્યક**




એફએમસીજી ક્ષેત્રની વાત કરીએ તો એફએમસીજીના મંદ વેચાણને કારણે આ ક્ષેત્રની કંપનીઓએ રિટેલરોને ક્રેડિટ આપવાનો સમયગાળો લંબાવવો પડયો છે. કલેકશનની ક્ષમતા ઘટી જતા સમયગાળો લંબાવવાનો વારો આવ્યો હોવાનું કંપનીઓ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો ગ્રામ્ય સ્તરે મંદ માગને કારણે એફએમસીજી ક્ષેત્રની કંપનીઓ ગ્રાહકો પર પસાર કરી શકતી નથી, જેને કારણે આ કંપનીઓના માર્જિન પર દબાણ આવી રહ્યું છે. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે પૂરવઠા સાંકળ ખોરવાઈ જતા કંપનીઓના કાચા માલ પાછળના ખર્ચમાં વધારો થયો છે.

૨૦૨૦માં કોરોનાની પ્રથમ લહેર વખતે શહેરી વિસ્તારની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ ક્ષેત્રની સારી કામગીરીને પરિણામે માગ ટકી રહી હતી. પ્રથમ લહેરની અસર તે વેળાએ ગ્રામ્ય વિસ્તારમાં ખાસ જોવા મળી નહોતી. આમ ગ્રામ્ય માગને કારણે દેશના એકંદર આર્થિક વિકાસ દરમાં મોટો ઘટાડો અટકી શકયો હતો. જો કે એપ્રિલ ૨૦૨૧ની બીજી લહેરે દેશના શહેરો તથા ગામડાઓને પણ પોતાની લપેટમાં લઈ લીધા હતા અને પૂરતી આરોગ્ય સુવિધાના અભાવને કારણે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો ફેલાવો વધી ગયો હતો જેને પરિણામે ગ્રામ્ય સ્તરે કામકાજ અને માગ પર પ્રતિકૂળ અસર પડી હતી. બીજી લહેરે ગ્રામ્ય પ્રજાના ખર્ચમાં પણ વધારો કરાવ્યો હતો.

દેશનું કૃષિ ક્ષેત્ર મોટેભાગે ચોમાસા પર આધારિત હોવાથી સારા ચોમાસાની આગાહી ખેડૂતો માટે હકારાત્મક સ્થિતિ ઊભી કરે છે. પરંતુ સારા ચોમાસુ એક જમા પાસુ છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી પાછોતરા વરસાદને કારણે પાકપાણીને નુકસાન થતું હોવાનું પણ જોવા મળ્યું છે એટલું જ વર્તમાન વર્ષમાં હીટવેવને કારણે પણ પાકને નુકસાન થવાની ચિંતા ઊભી થઈ છે. ઘઉં જેવા મુખ્ય રવી પાકના ઉત્પાદન અંદાજને કૃષિ મંત્રાલયે ઘટાડવાની ફરજ પડી છે. આમ સારા ચોમાસાની સ્થિતિમાં પણ ગ્રામ્ય માગ પર પ્રતિકૂળ અસર પડવાના સંજોગો ઊભા થઈ રહ્યા છે, ત્યારે ગ્રામ્ય માગને ટકાવી રાખવાનું સરકાર માટે પડકારરૂપ બની ગયું છે, એમ કહીશું તો ખોટું નહીં ગણાય.ગ્રામ્ય જીડીપીમાં જેનો પચાસ ટકા જેટલો હિસ્સો રહે છે, તે ઉત્પાદન તથા સેવા ક્ષેત્ર માટે ગ્રામ્ય માગ જળવાઈ રહે તે આવશ્યક છે.

કોઈપણ દેશના કૃષિ ક્ષેત્રનો આધાર કુદરત પર વધુ રહેતો હોય છે, જેમાં ચોમાસા અને તાપમાન મુખ્ય ભૂમિકા ભજવતા હોય છે. ભારતની વાત કરીએ તો રશિયા-યુક્રેન યુદ્ધને કારણે દેશની કૃષિ જણસો માટે એક તરફ નિકાસ માગ વધી રહી છે પરંતુ બીજી બાજુ તાપમાનમાં વધારાને કારણે ઘઉં તથા અન્ય રવિ પાકના ઉત્પાદન પર અસર પડવાની શકયતા વ્યકત કરવામાં આવી છે. અંદાજમાં ઘટાડાને કારણે ભારતને ઘઉંની નિકાસ વધારવાની મળેલી તક હાલમાં ઝુંટવાઈ ગઈ છે કારણ કે સરકારે ઘઉંની નિકાસ પર અંકૂશ મૂકી દીધા છે.

વર્તમાન વર્ષમાં ઘઉંના ઉત્પાદનમાં સૂચિત ઘટાડાએ કલાયમેટ ચેન્જની કૃષિ પેદાશો પર પ્રતિકૂળ અસર પાડવાનું શરૂ કરી દીધું હોવાના સંકેત આપી દીધા છે. તાપમાનમાં વધારો રવિ પાક સામે જોખમી બની શકે છે જ્યારે વધુ પાડતા પાછોતરા વરસાદ અથવા ચોમાસુ સમાપ્ત થવાનો સમયગાળો લંબાઈ જવાના કિસ્સામાં ખરીફ પાકને નુકસાન થતા વાર નથી લાગતી. જેમ સારુ ચોમાસુ દેશના કૃષિ ક્ષેત્ર માટે આશીર્વાદરૂપ બની રહે છે તેમ વધુ પડતો વરસાદ અથવા ઊંચુ તાપમાન કૃષિ પાકો માટે નુકસાનકારક બની રહે છે. આવી સ્થિતિમાં છેવટે અસર તો કૃષિ ક્ષેત્રને અને ગ્રામ્ય માગ પર જોવા મળે છે. કલાયમેટ ચેન્જ વચ્ચે દેશના કૃાષ ક્ષેત્રને ટકાવી ગ્રામ્ય માગ જળવાઈ રહે તેવા પગલાં ઘડી કાઢવા જરૂરી બની ગયા છે.

# સ્ટીલ-લોખંડમાં નિકાસ ડયુટીના પગલે ભાવ રૂ.૭૯ હજારથી ઘટી રૂ.૬૩ હજાર બોલાયા!

દેશમાં સ્ટીલ-લોખંડ બજાર તથા ઉદ્યોગ ક્ષેત્રે તાજેતરમાં સમીકરણો ઝડપથી બદલાતા જોવા મળ્યા છે. આ પૂર્વે સ્ટીલના બજારભાવ ઉંચા જતાં તેમ જ નિકાસમાં પણ ખાસ્સી વૃદ્ધી થતાં ઘરઆંગણે સ્ટીલનો વપરાશ કરતા નાના-મધ્યમ તથા મોટા વિવિધ ઉદ્યોગોને ફટકો પડ્યો હતો. સ્ટીલ બજારને કાબુમાં રાખવા તથા નિકાસને અંકુશમાં રાખવા સરકારે તાજેતરમાં દેશમાંથી થતી સ્ટીલની નિકાસ પર ડયુટી લાદયાના નિર્દેશો મળ્યા હતા. દેશમાં તાજેતરમાં સ્ટીલના ભાવ ઉંચા જતાં તથા ફુગાવો ઝડપથી વધતાં સરકારે નિકાસ પર ડયુટી નાંખવાનો નિર્ણય કર્યો હતો. આવા માહોલમાં સ્ટીલ બજારમાં તેજીના વળતા પાણી થતાં ભાવ હજી વધુ ઘટશે એવી અપેક્ષા વચ્ચે ટ્રેડરો તથા સ્ટીલના વપરાશી ઉદ્યોગોએ નવી ખરીદી ધીમી પાડી દીધાના નિર્દેશો બજારમાંથી મળ્યા છે.



**ભાવ ગબડતાં તથા નવી માગ રુંધાતાં ઘણા સ્ટીલ ઉત્પાદકો હવે મેન્ટેનન્સ શટડાઉન તરફ વળવાની શક્યતા**

**ઊભી બજારે**
**દિલીપ શાહ**

સ્ટીલ ઉત્પાદકોના જણાવ્યા મુજબ નિકાસ ડયુટી આવતાં સ્ટીલની ડિમાન્ડ તથા સપ્લાય વચ્ચે ઓચિંતું અંતર ઊભું થયું છે. સ્ટીલ બજારમાં ચર્ચાતી વાતો મુજબ ઘણા સ્ટીલ ઉત્પાદકો આવા માહોલમાં ઉત્પાદન ઘટાડવા તથા મેન્ટેનન્સ શટડાઉન વિશે ગંભીરપણે વિચાર કરતા થઈ ગયા છે. સરકારે નિકાસ ડયુટી લાદયા પછી સ્ટીલ બજારમાં ખાસ્સી ચડઉતર જોવા મળી છે. સ્ટીલ મિલોમાં બાઈંગ ઘટતાં સ્ટીલનો માલભરાવો વધ્યાની ચર્ચા પણ બજારમાં સંભળાઈ છે. નિકાસ રુંધાતાં સ્ટીલ મિલોમાં ફિનીશ્ડ સ્ટીલનો સિલ્લક સ્ટોક વધી ગયો છે. ઈનપુટ કોસ્ટ ઘટતાં તથા વૈશ્વિક બજાર પાછળ એલોયના ભાવમાં પીછેહટ જોવા મળી છે. નિકાસ ડ્યુટી આવ્યા પછીથી અત્યાર સુધીના ગાળામાં બેન્ચમાર્ક ગણાતા હોટ-સ્ટીલ કોઈલ (એચઆરસી)ના ભાવ આશરે ૯થી ૧૦ ટકા જેટલા તૂટી ગયાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. એચઆરસીના ભાવ ઘટી તાજેતરમાં ટનદીઠ આશરે ૬૩ હજારની સપાટી નજીક ઉતરી ગયાના નિર્દેશો તાજેતરમાં બજારમાંથી મળ્યા હતા. સ્ટીલ ઉત્પાદકોના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ ભાવ ઘટાડાની ચિંતા નથી પરંતુ માગમાં આવેલા નોંધપાત્ર ઘટાડાની ચિંતા થઈ રહી છે!

સ્ટીલ ઉત્પાદકો પાસે સિલ્લક માલનો ભરાવો વધે છે ત્યારે સામાન્યપણે મેન્ટેનન્સ શટડાઉન તરફ આવા ઉત્પાદકો વળતા હોય છે. સ્ટીલ ઉદ્યોગમાં અમુક ઉત્પાદકો આવા મેન્ટેનન્સ શટ ડાઉનનો અમલ ટૂંકમાં કરવા વિચારતા થયા હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. ખાનગી ક્ષેત્રની મિલો પાસે ૧૫ થી ૧૭ દિવસના ઉત્પાદનનો સ્ટોક જમા થયો છે જ્યારે સરકારી ક્ષેત્રની સ્ટીલ મિલો પાસે આશરે ૨૦થી ૨૭ દિવસના ઉત્પાદનનો માલભરાવો સર્જાયાના વાવડ મળ્યા છે. માલબોજાના આ લેવલથી વધુ સ્ટોક ભેગો થાય તો સ્ટીલ ઉત્પાદકો મેન્ટેનન્સ શટડાઉન તરફ વળતા હોય છે એવું સ્ટીલ ઉદ્યોગના જાણકારોએ જણાવ્યું હતું. આ પૂર્વે ફુગાવાને અંકુશમાં રાખવા સરકારે ૨૨મી મેથી અમલમાં આવે એ રીતે સ્ટીલની નિકાસ પર ૧૫ ટકાની ડયુટી લાદી દેતાં સ્ટીલ ઉદ્યોગ એ વખતે સ્તબ્ધ બની ગયો હતો અને ત્યાર પછીના ગાળામાં બજાર તથા ઉદ્યોગમાં પ્રવાહો ઝડપથી બદલાતા જોવા મળ્યા છે. આ ઉપરાંત સ્ટીલના ઉત્પાદનમાં મુખ્ય કાચા માલ તરીકે વપરાતા આયર્ન ઓરની નિકાસ પર પણ સરકારે ડયુટી નાંખી છે. સ્ટીલના ઉત્પાદનમાં કોલસાનો વિશેષ ઉપયોગ થાય છે તથા ઈનપુટ કોસ્ટને નીચા લાવવા સરકારે આવા કોલસાના આયાત પરની ઈમ્પોર્ટ ડયુટી પણ નાબુદ કરવાનો નિર્ણય કર્યો છે.

આમ સ્ટીલ વિષયક વિવિધ પગલાઓ લેતું સરકારી તંત્ર દોડતું થયું છે અને સ્ટીલ બજાર તથા ઉદ્યોગની નજર તેના પર રહી છે. બદલાયેલા માહોલમાં સ્ટીલના બજાર ભાવ તથા આયર્નઓરના ભાવમાં તાજેતરમાં પીછેહટ જોવા મળી છે. આ પૂર્વે સ્ટીલના ભાવ વધી ઉંચામાં ટનના રૂ.૭૯ હજાર નજીક પહોંચી ગયા હતા અને ત્યારબાદ સરકારના વિવિધ પગલાઓ શરૂ થતાં એપ્રિલના પ્રથમ વિકથી બજાર ભાવમાં તેજીને બ્રેક લાગી પ્રત્યાઘાતી ઘટાડાનો દોર શરૂ થયો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન, દેશમાં ચોમાસાનો આરંભ થયો છે તથા ચોમાસાની મોસમમાં સામાન્યપણે બાંધકામ ક્ષેત્રે એક્ટિવીટી ઘટી જતી હોય છે એવા માહોલમાં સ્ટીલની માગમાં ઘટાડા માટે બજારને નવું કારણ મળવાની ગણતરી પણ બજારના સૂત્રો બતાવી રહ્યા છે. હકીકતમાં આયર્ન ઓર, કોલસો તથા ક્રૂડતેલના ભાવમાં થયેલી વૃદ્ધીના પગલે સ્ટીલના ભાવ આ પૂર્વે ઉંચા ગયા હતા અને નિકાસ વૃદ્ધી તથા બજારની તેજીને કોઈ વિશેષ સંબંધ નથી એવું ઉદ્યોગ જગતના સૂત્રોએ જણાવ્યું હતું. ઈનપુટ કોસ્ટ નીચે ઉતરે તો સ્ટીલના બજાર ભાવ નીચે ઉતરે એવીસામાન્ય ગણતરી જાણકારો બતાવતા હોય છે.

# ફુગાવા અને વ્યાજ દરમાં વૃદ્ધિ વચ્ચે લાગેલી રેસમાં સોનામાં બેતરફી ઉછળકૂદ

અમેરિકાની ફેડ રીઝર્વ કમિટીએપોતાની મીટીંગમાં વ્યાજનો દર .૭૫ પોઈન્ટનો વધારો કરીને ફેડના ચેરમેન જેરામ પોવેલે સૌને આંચકો આપ્યો. સૌ કોઈની ધારણા હતી કે ફેડ .૫૦ પોઈન્ટ વ્યાજ વધારશે અને ફુગાવાને નિયંત્રિત કરવા પ્રયત્નો કરશે. પરંતુ પોવેલે વ્યાજના દર વધારાને વધુ જલદ ઓપ આપીને ફુગાવાને નિયંત્રિત કરવા ૨૦૨૨ના પુરા વર્ષ દરમિયાન વ્યાજના દર વધારીને ફુગાવાને કાબૂમાં લાવી નીચો કરવા પ્રયત્ન કરશે 'ત્યારે હાલના તબક્કે સોના એ જે તેજીની દીશા પકડવી શરૂ કરી છે તે કેડીએ ચાલતા ચાલતા સોનુ ૨૦૦૦ ડોલર પ્રતિ ઔંસની દીશા ભણી પગલાં માંડશે તેના ભલે ફેડ ખૂબ જ મક્કમતાથી વ્યાજન દરને ૨૦૨૨ વર્ષના અંતિમ તબક્કા સુધી વધારે તેવું ફ્રેન્ચ ઈન્વેસ્ટમેન્ટ બેન્ક સોસાયટી જનરલના કોમોડીટી એનાલીસ્ટો જણાવે અને બેન્કના કોમોડીટી વિભાગ જણાવે છે કે તેઓ ૨૦૨૨ના વર્ષના ૩જા કવાર્ટરમાં સોનાનો ભાવ ૨૧૦૦ ડોલર પ્રતિ ઔંસ સુધી પહોંચે, પરંતુ આ ઉંચા દરને આંબીને સોનું ફરી ૨૦૨૩ના બીજા કવાટરમાં ૧૮૦૦ ડોલર પ્રતિ ઔંસનો ભાવ દાખવશે.



**દેશમાં હવે ચોમાસા પર નજરઃ વિશ્વ બજારમાં જો કે આગળ ઉપર સોનાના ભાવ વધી ૨૦૦૦થી ૨૧૦૦ ડોલર થવાની બતાવાતી શક્યતા**

**બુલિયન બિટસ**
**દિનેશ પારેખ**

એનાલીસ્ટો ઉમેરે છે કે સોનાની માંગ તથા રોકાણકારોની વધતી માંગ તથા નાણાકીય નીતિની કડક યોજનામાં વ્યાજના વધતા દરને કારણે ફુગાવો ઘટી શકે તેની શક્યતાએ સોનું ૨૦૨૩ના વચલા ગાળામાં પોતાના ભાવને ૧૮૦૦ ડોલર પ્રતિ ઔંસના ભાવની નીચી સપાટી પર લાવી મૂકે.

પરંતુ હાલના તબક્કે તેલના ભાવો મજબૂત થતા સોનું પણ મજબૂત થાય છે તેમાં ડોલરની મજબૂતાઈ સોનાના ભાવ પર વધુ પ્રભાવ નથી પાડી શકતું અને બન્ને સામસામી રાહને બદલે એક જ રાહને પકડી મજબૂત બને છે.

ફુગાવો ફેડ દ્વારા નિયંત્રણમાં આવે કે ન આવે પણ વિશ્વની નાણાકીય કટોકટી અને યુક્રેન તથા રશિયા વચ્ચે લંબાયેલ લડાઈ દરેક ચીજની અછત સર્જિને મોંઘવારી વધારીને સૌને ટેન્શન આપશે. ફુગાવાના દબાણ હેઠળ સૌ કોઈ નાણાની સલામતી માટે સોના તરફ મીટ માંડી સોનાની ખરીદી ચાલુ રાખશે જે સોનાના ભાવને ઉંચકવામાં મદદરૂપ થશે. તેમાં શેરબજારની મોટી ઉથલ પાથલ કિંમતી ધાતૂના ભાવને ટેકો આપશે.

દરેક સેન્ટ્રલ બેન્કો સતત સોનું ખરીદીને પોતાના અનામત સોનાના જથ્થાને વધારી રહ્યા છે. ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ આ વર્ષે ૩૫૦ ટન સોનાનો ઉમેરો કરીને પોતાનો સ્ટોક વધાર્યો છે.

ત્યારે એક એનાલીસ્ટનો વર્ગ જણાવે છે કે ૨૦૨૨માં સોનાની ઈન્વેસ્ટમેન્ટ માંગ વધશે અને વ્યાજ દર વધવાના દબાણને કારણે લાંબા ગાળા સુધી સોનાનો ભાવ ઉંચો નહીં રહે અને આવતે વર્ષે ફુગાવો ઘટતા અને જીઓપોલીટીકલ ટેન્શન ઘટતા તથા લડાઈનો અંત આવતા નાણાકીય સ્થિતિ સુધરે, પરિણામે સોનું ૧૬૦૦થી ૧૭૦૦ ડોલર પ્રતિ ઔંસનો ભાવ ૨૦૨૩ના અંતમાં થાય તેવી આગાહી કરે છે.

એકંદરે આ વર્ષે સોનામાં તેજી રહેશે અને સોનું તેલના ઉંચા ભાવો, નાણાકીય કટોકટી, મોંઘવારી, સોનાની માંગ, શેરબજારના ઘટતા ભાવો, બેન્કો દ્વારા સોનાની સતત, ખરીદી, લોકોનો સોના પ્રત્યેનો લગાવ અને તેમાં રહેલી સલામતી વિગેરે સોનાના ભાવો પર પ્રભાવ પાડશે અને વ્યાજ વધારાને અવગણીને તેજીની દીશા પકડીને ૧૯૦૦ ડોલર પ્રતિ ઔંસ તરફની દીશા પકડે.

વિશ્વબજારમાં ચાંદીના ભાવમાં ૮૦- ૮૨ સેન્ટ પ્રતિ ઔંસની વધઘટ જોવા મળી છે. ચાંદી ઉંચામાં ૨૧૮૮ સેન્ટ અને નીચામાં ૨૧૧૨ સેન્ટ પ્રતિ ઔંસના ભાવ ક્વોટ કરી આવી છે.

ફેડના વ્યાજના દર વધારવાના .૫૦ પોઈન્ટને બદલે .૭૫ પોઈન્ટ વધાર્યા છતાં ચાંદીમાં તેજીએ કાઠુ કાઢયું છે અને ૮૦ સેન્ટ પ્રતિ ઔંસનો ઉછાળો દાખવી ફુગાવાના ડામવાની કોશીશ નાકામ નિવડી અને ચાંદીએ તેજી તરફી દીશા પકડી છે. કિંમતી ધાતૂમાં ચાંદીમાં હાજર ચાંદીનો ઉઠાવ અથવા ડીલીવરીની મહત્ત્વતા વધુ પ્રમાણમાં જાણવા મળે છે. ન્યૂયોર્કના વોલ્ટમાં જે ચાંદી રહેલી છે તેમાં જેપી મોરગનના વોલ્ટમાં હાજર ચાંદીની લેવડ- દેવડમાં ઘણો તફાવત જોવા મળે છે. હાલના તબક્કે વેપારીઓ હાજર ચાંદી ડીલીવરીમાં લઈ રહ્યા હોવાથી વોલ્ટમાંનો સ્ટોક ઓછો થતો જાય છે, જે લાંબા ગાળે અછત ઉભી કરીને ભાવને ઉછાળવા મજબૂર કરશે.


વિશ્વમાં રીસાયકલ ચાંદીની આવકમાં ઘટાડો થઈ રહ્યો છે. લાંબા ગાળે ચાંદીની અછત વર્તાતા ચાંદીમાં તેજી પ્રવેશશે. ચાંદી ફરી ૨૫૦૦ સેન્ટ ઉપરના ભાવો દાખવે તો નવાઈ નહીં. સ્થાનિક સોના બજારમાં વૈશ્વિક મજબૂત ભાવની અસર દેખાય છે. ફેડના વ્યાજ દરના વધારા બાદ પણ સોનાના ભાવે તેજી દાખવી છે તે વિશ્વના દરેક દેશોના સોનાના ભાવ પર પડી રહ્યા છે અને મુંબઈમાં ગુરુવારે સવારે જે સોનું રૂ.૫૧૯૦૦ પ્રતિ દસ ગ્રામનો ભાવ બોલાતો હતો તે સાંજે વધીને રૂ.૫૨૫૬૦ પ્રતિ દસ ગ્રામ ક્વોટ થવા લાગ્યો. પાંખી ઘરાકીની અસર કે ઓછા માંગની અસર સોનાના ભાવ પર ન પડતા આયાતકારોની સોનાની આયાત પડતર ઉંચી પડતા ભાવોમાં તેજી જોવા મળી છે.

# રિન્યુએબલ એનર્જીના એક મુખ્ય ઘટક પવન ઊર્જાના વિકાસમાં ભારતની ધીમી ગતિ

પરંપરાગત ઊર્જાઓની પ્રવર્તતી અછતને પરિણામે દેશમાં રિન્યુએબલ એનર્જીનું મહત્વ વધી રહ્યું છે. રિન્યુએબલ એનર્જીના સ્ત્રોતોની દ્રષ્ટિએ ભારત એક સમૃદ્ધ દેશ છે. ક્ષમતાનો ઉપયોગ કરવા ભારત સરકાર તરફથી ખરી દિશાની નીતિઓ તૈયાર થઈ રહી છે . રિન્યુએબલ એનર્જીની અસ્થિર પ્રકૃતિને ધ્યાનમાં રાખી તેના વિકાસ માટે યોગ્ય નીતિની સાથોસાથ આ એનર્જીના પૂરવઠામાં આવતી રુકાવટો દૂર કરવા વિતરણ તથા પરિવહન માળખાને મજબૂત બનાવવાનો સમય પાકી ગયો છે.

રિન્યુએબલ એનર્જીની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતાની દ્રષ્ટિએ વિશ્વમાં ભારત ચોથો મોટો દેશ છે. આનો અર્થ ભારતમાં આ ઊર્જાનો વ્યાપક અવકાશ છે અને માટે તેના સ્ત્રોતોમાંથી તે મેળવાય એ જરૂરી છે. ભારતમાં પવન, સૌર, હાઈડ્રો તથા બાયોમાસ એ રિન્યુએબલ એનર્જીના મુખ્ય સ્ત્રોતો છે. સમુદ્રના મોજામાં પણ આવા પ્રકારની ઊર્જા પેદા કરવાની ભારે શક્તિ રહેલી હોય છે. નીતિવિષયકો તથા વીજ ઉદ્યોગ વ્યાપક ઊર્જા સલામતિ તરફ જેમ જેમ જાગૃત બની રહ્યા છે તેમ ભારતમાં વિવિધ પ્રકારની વીજ શ્રેણીમાં રિન્યુએબલ એનર્જીનો હિસ્સો વધી રહ્યો છે.

દેશમાં ઔદ્યોગિક વિકાસ ઊર્જા માટેની માગ ઊભી કરશે જેને પરિણામે છેવટે વીજ ખાધ ઊભી થશે અલબત વીજ ઉત્પાદન વધારવા યોગ્ય પગલાં અને આયોજન નહીં કરવામાં આવે તો. ભારતમાં રિન્યુએબલ એનર્જી સામે પ્રારંભમાં ઊભા થયેલા પડકારો તબક્કાવાર દૂર થઈ રહ્યા છે, આમછતાં રાજ્ય વીજ વિતરણ કંપનીઓ (ડીસ્કોમ્સ)ની નબળી સ્થિતિ રિન્યુએબલ ઊર્જાના વિકાસ સામે મોટો પડકાર બની રહી છે, એમ રેટિંગ એજન્સી મૂડી'સ દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું હતું. ૨૦૩૦ સુધીમાં રિન્યુએબલ ઊર્જાની ઉત્પાદન ક્ષમતા ૫૦૦ ગીગા વોટ પર પહોંચાડવા માટે ૨૨૫થી ૨૫૦ અબજ ડોલરના મૂડીરોકાણની આવશ્યકતા રહે છે, એમ પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.ડીસ્કોમ્સની નબળી નાણાં સ્થિતિને કારણે વીજ ખરીદ કરારો કરવામાં ઢીલ થઈ રહી છે, આને કારણે પ્રોજેકટો ઢીલમાં પડી રહ્યા છે અથવા તો તે રદ થઈ રહ્યા છે. વર્તમાન વર્ષના માર્ચના અંતે



ભારતની રિન્યુએબલ ઊર્જાની ઉત્પાદન ક્ષમતા જે ૧૫૭ ગીગા વોટ હતી તે ૨૦૩૦ સુધીમાં વધારી ૫૦૦ ગીગા વોટ પર પહોંચાડવાનો ટાર્ગેટ છે. ૨૦૩૦ સુધીમાં દેશમાં કુલ વીજમાંથી પચાસ ટકા વીજ પ્રદૂષણ નહીં ફેલાવતા સ્ત્રોતો મારફત મેળવવાની યોજના છે.

પવન એ રિન્યુએબલ ઊર્જાનો મહત્વનો સ્ત્રોત છે, પરંતુ અન્ય ખાસ કરીને સૌર ઊર્જાના વિકાસ માટે જે પ્રયાસો થઈ રહ્યા છે તેવા પ્રયાસો પવન ઊર્જાના વિકાસ માટે થતા હોવાનું જોવા મળતું નથી. રિન્યુએબલ ઊર્જાના ટાર્ગેટને સિદ્ધ કરવામાં ઓફફશોર (દરિયાકિનારેથી સહેજ દૂર) પવન ચક્કીઓ મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. આ માટે હાલની માળખાકીય સુવિધા તથા નીતિવિષયક પડકારો દૂર થવા જરૂરી છે. રશિયા-યુક્રેન યુદ્ધને પગલે ક્રુડ તેલ તથા ગેસનો પૂરવઠો ખોરવાઈ જતા યુરોપના કેટલાક દેશો પવનચક્કીઓ મારફત ઊર્જા ઉત્પાદન વધારી ગેસ તથા ક્રુડ તેલ જેવા પરંપરાગત ઊર્જા સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડવા ગંભીરતાથી વિચારતા થયા છે.

પોતાની ક્રુડતેલની ૮૦ ટકા આવશ્યકતા આયાત મારફત પૂર્ણ કરે છે ત્યારે ૭૬૦૦ કિ.મી.લાંબો દરિયાકિનારો ધરાવતા ભારત માટે ઓફફશોર પવન ઊર્જાનો વિકાસ કરવાનો પણ હવે સમય પાકી ગયો છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં ૧૨૫ ગીગાવોટ ઓફ્ફશોર વિન્ડ એનર્જી ઉત્પન્ન કરવાનો અવકાશ રહેલો છે. ૨૦૩૦ સુધીમાં રિન્યુએબલ ઊર્જાના ૫૦૦ ગીગા વોટના ભારતના ટાર્ગેટમાં ૧૪૦ ગીગાવોટ પવન ઊર્જાનો સમાવેશ થાય છે. વર્તમાન વર્ષના મેના અંત સુધીમાં દેશની પવન ઊર્જા ક્ષમતાનો આંક ૪૦.૫૩ ગીગા વોટ હતો. જે વિશ્વમાં ચોથી મોટી સ્થાપિત ક્ષમતા છે. આમછતાં ટાર્ગેટ સિદ્ધ કરવા આગામી સાડાસાત વર્ષમાં પવન ઊર્જા ક્ષમતામાં ૧૦૦ ગીગા વોટનો ઉમેરો કરવાનો રહેશે. ભારતમાં છેલ્લા ચાર દાયકાથી પવન ઊર્જાનો વિકાસ શરૂ થયો છે. આમ પ્રાપ્ત આંકડા દેશમાં પવન ઊર્જાનો વિકાસ ધીમી ગતિએ થઈ રહ્યાનું સૂચવે છે.

વ્યાપક દરિયાકિનારો છતાં પવન ઊર્જાના વિકાસ માટે ભારતે હજુ ખાસ કશું કર્યું નહીં હોવાનું જોવા મળી રહ્યું છે. જો કે કલાયમેટ ચેન્જની સ્થિતિને કારણે વાવાઝોડા તથા તાપમાનમાં થઈ રહેલા

**ગેસ તથા ક્રુડ ઓઈલની પૂરવઠા ખેંચે અનેક દેશોને પવન ઊર્જા તરફ નજર દોડાવતા કરી દીધા છે**

વધારાએ ઓફફશોર પવનચક્કીના વિકાસ સામે પડકારો ઊભા કર્યા છે એટલું જ નહીં સોલાર અથવા ઓનશોર વિન્ડ ટર્બાઈનની સરખામણીએ ઓફ્ફશોર ટર્બાઈન બેસાડવાનો ખર્ચ ઘણો જ ઊંચો રહે છે, એમ તાજેતરમાં એક રિપોર્ટમાં નોંધવામાં આવ્યું હતું.

ગ્લોબલ વાર્મિંગ પણ પવન ઊર્જા સામે એક નવા પ્રકારનો પડકાર ઊભો થઈ રહ્યાના અહેવાલો હતા. ગ્લોબલ વાર્મિંગને કારણે પવનની શક્તિ હણાઈ જવાનો ભય સેવાઈ રહ્યો છે. વધી રહેલા તાપમાનની વિન્ડ એનર્જી પર અસરનો એક વૈશ્વિક અભ્યાસમાં ઉલ્લેખ કરાયો હતો. મોટી સંખ્યામાં ટરબાઈન્સ બેસાડાયા છે તેવા અનેક સ્થળોએ સદીના અંત સુધીમાં હવામાનમાં વ્યાપક ફેરબદલની એક સંશોધનમાં આશંકા વ્યકત કરાઈ હતી.

રિન્યુએબલ પાવર પ્લાન્ટસ ખાસ કરીને પવન ચકકીઓ ઊભી કરવા માટે જગ્યા પણ એવા પ્રકારની શોધવાની રહે છે જેમાં પવનની સતત ઉપલબ્ધતા રહેતી હોય. આ માટે ઊંચાઈ અને ખુલ્લી જગ્યા મળવી જરૂરી છે જે શહેર અથવા નગરોથી દૂર જ શકય બને છે, જ્યાંથી વીજને તેના વપરાશના સ્થળે પહોંચાડવાનું આસાન નથી હોતું. આપણા દેશના નીતિવિષયકોએ રિન્યુએબલ ઊર્જાના ટાર્ગેટને સિદ્ધ કરવો હશે તો પવન ઊર્જાના વિકાસને આડે આવતા અવરોધો વેળાસર દૂર કરવાના રહેશે અન્યથા પ્રદૂષણ ફેલાવતા પરંપરાગત કોલસા આધારિત વીજ પરની નિર્ભરતા ઓછી કરવા લાંબો સમય રાહ જોવાનો વારો આવશે.


# નીતિઓમાં વારંવાર થતા ફેરફારોથી ઉદ્‌ભવતી અનિશ્ચિતતા

ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત બાદ પણ મામલો હજુ સંપૂર્ણ રીતે ઉકેલાયો નથી. કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયે તાજેતરમાં એક પૂર્વશરત મૂકી છે કે સરકાર-થી- સરકારી સ્તરે નિકાસ કરવામાં આવતા ઘઉંનો ઉપયોગ ફક્ત સ્થાનિક વપરાશ માટે જ કરવામાં આવશે અને અન્ય કોઈ દેશમાં નિકાસ કરવામાં આવશે નહીં.

રશિયા- યુક્રેન યુદ્ધે વૈશ્વિક સ્તરે ઘઉંની અછત ઉભી કરી કારણ કે યુક્રેન વિશ્વના સૌથી મોટા ઘઉંની નિકાસ કરતા દેશોમાંનો એક છે. વૈશ્વિક સ્તરે ઘઉંના ભાવમાં વધારો એ ભારતીય ખેડૂતો અને વેપારીઓ માટે એક છે. વૈશ્વિક સ્તરે ઘઉંના ભાવમાં વધારો એ ભારતીય ખેડૂતો અને વેપારીઓ માટે એક મોટી તક તરીકે જોવામાં આવે છે કારણ કે, તેઓ વિશ્વ બજારમાં તેમનો માલ વેચી શકે છે. ભારત વિશ્વમાં ઘઉંનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે પરંતુ ઘઉંનો મોટો નિકાસકાર નથી.

ઘઉંની નિકાસ પર પ્રતિબંધની જાહેરાતે ચર્ચાને જન્મ આપ્યો હતો. ટીકાકારો કહે છે કે અચાનક આ પગલું ભરોસાપાત્ર વેપારી ભાગીદાર તરીકે ભારતની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડશે. અન્ય રીતે, સ્થાનિક ખરીદ કિંમતમાં વધારો કરીને લક્ષ્ય હાંસલ કરી શકાયું હોત. સરકારના નિર્ણયના સમર્થકોનું કહેવું છે કે ભારતે સરપ્લસ અનાજને બહાર વેચતા પહેલા તેના દેશમાં ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાની જરૂર છે.

બંને દલીલોમાં યોગ્યતા છે પરંતુ તેઓ મોટા મુદ્દાને અવગણે છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતની નીતિ ઘડતર અને નીતિની જાહેરાતો ઉતાવળમાં કરવામાં આવે છે અને બાદમાં તે સમાન ઉતાવળ સાથે સુધારી અથવા બદલવામાં આવે છે. દર મહિને અને દર અઠવાડિયે સૂચનાઓ અને સ્પષ્ટતાઓ આવતી રહે છે. તેમાંના કેટલાક વિરોધાભાસી છે અને વધુ સ્પષ્ટતા કરવાની જરૂર છે. કોલસાની ખરીદી/ આયાત, ટેલિકોમ્યુનિકેશન, કોવિડ-૧૯



**જીએસટી, આઈબીસી, ઈ-કોમર્સ, કોરોના રસીની નિકાસ સહિતના અનેક મુદ્દાઓ સંબંધિત નિયમોમાં છાશવારે થતા ફેરફારથી મૂંઝવણમાં વધારો**

રસીની નિકાસ, ઇ-કોમર્સ અને પેટ્રોલ ડીઝલ એન્જિન વિરૂદ્ધ ઇલેક્ટ્રિક વાહન પર ઉચ્ચ સ્તરીય અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી જાહેરાતના કિસ્સામાં પણ આ જોવા મળ્યું હતું. ગુડ્સ અને સર્વિસ ટેક્સ અને નાદારી વચ્ચે નાદારી કોડ, સૂચનાઓ, ફેરફારો, સુધારાઓ અને સ્પષ્ટતાઓ વગેરે જેવા મોટા ફાયદાઓ વિશે વાત કરવી, મૂળભૂત કાયદો પસાર થયા પછી, તેઓ લાંબા સમય સુધી ચાલુ રહ્યા આઈબીસીના કિસ્સામાં વધુ સુધારાની શક્યતા નકારી શકાય તેમ નથી. જીએસટી લાગુ થયાને લગભગ પાંચ વર્ષ વીતી ગયા હોવા છતાં દરોમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. કોઈ પણ નીતિ પ્રથમ દિવસથી સંપૂર્ણ હોઈ શકતી નથી. આવી સ્થિતિમાં સમયાંતરે પ્રતિસાદના આધારે તેમને સુધારવા અને સુધારવાનો પણ અર્થ છે.

જો કે, એક ધારણા જે પ્રબળ બની રહી છે તે એ છે કે ભારતમાં નીતિની ઘોષણાઓ ઘણીવાર પૂરતી ચર્ચા અને ચર્ચા વિના કરવામાં આવે છે. ઘણીવાર ડ્રાફ્ટ નિયમો એકલતામાં તૈયાર કરવામાં આવે છે અને જેઓ તેનાથી પ્રભાવિત થવાની સંભાવના હોય તેમની પાસેથી કોઈ સલાહ લેવામાં આવતી નથી. મોટા ભાગના કિસ્સાઓમાં ઘોષણાઓ ટૂંકા ગાળાની કેન્દ્રિત હોય છે અને સારી રીતે વિચારેલી વ્યૂહરચનાઓને બદલે પ્રતિક્રિયાત્મક પણ હોય છે.

પોલિસી ઉપાડ અને ફેરફારો એટલા વારંવાર થાય છે કે સ્થાનિક અને વૈશ્વિક ઉદ્યોગપતિઓ પણ તેનાથી મુંઝવણમાં છે. કોઈપણ રોકાણકારો ઇચ્છે છે કે નીતિની દિશા સ્પષ્ટ હોય અને જમીન પર નાણાં મૂકતા પહેલા સ્થિરતા સુનિશ્ચિત કરવા માંગે છે. યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ સરકાર પર ઘણીવાર પોલિસી પેરાલિસીસનો શિકાર બની હતી. કારણ કે અગાઉ એટલી બધી ચર્ચા થતી કે સમયસર કોઈ નીતિ બનાવી શકાતી ન હતી. વર્તમાન વહીવટની વાત કરીએ તો સમસ્યા તદ્દન વિપરીત છે. નીતિની ઘોષણાઓ ખૂબ જ ઝડપથી કરવામાં આવે છે અને તે એટલી જ ઝડપથી ફેરફાર કરી દેવામાં આવે છે.

ગુજરાત સમાચાર

## કાઝિરંગામાં પ્રલયજળ પ્રવેશ

આસામમાં આ વખતે બ્રહ્મપુત્રા નદીના પ્રલયકારી જળ કાઝિરંગા રાષ્ટ્રીય ઉદ્યાન પર ફરી વળ્યા છે. અંદાજે પાંચસો ચોરસ કિલોમીટરના ઘેરાવામાં પથરાયેલા આ પાર્કમાં પૂરના પાણીએ એટલી તબાહી મચાવી છે કે હજુ સરકાર નુકસાનનો પૂરતો અંદાજ લગાવી શકી નથી. કેટલાક પ્રાણીઓ માર્યા ગયા છે. અભયારણ્યમાં જે મોતના ભયમાં હજારો પ્રાણીઓ આમથી તેમ રઝળી રહ્યા છે. અહીં સંખ્યાબંધ હરણાંઓ છે અને અનેક વાઘ છે. સામાન્ય રીતે આ નેશનલ પાર્ક નામશેષ થવા આવેલા એક શુંગી ગેંડાઓ માટે જાણીતો છે. કાઝિરંગામાં ટેકરીઓ કે અન્ય ઊંચાણવાળી જગ્યાઓ અગાઉ ઓછી હતી પરંતુ વરસોવરસના વન અધિકારીઓની મહેનતથી અહીં પચાસ હાઈલેન્ડ ટાપુ ડેવલપ કરવામાં આવ્યા છે. તો પણ તે અપૂરતા છે. આપણા ગીરના જંગલમાં ધારો કે કદીક જળપ્રલય જેવી સ્થિતિ થાય તો એક પણ પ્રાણી તણાઈ ન જાય, કારણ કે સમગ્ર ગીર વિસ્તાર પહાડી છે અને નાની ટેકરીઓથી ભરપૂર છે. કાઝિરંગા નેશનલ પાર્ક આસામના બે જિલ્લાઓ ગોલાઘાટ અને નોગાંવના અંતર્ગત આવેલો છે.

વસંતઋતુમાં આ પાર્ક જોવા જેવો હોય છે. અહીં અનેક પ્રકારના પક્ષીઓની દુનિયા છે. વહેલી સવારે ટોળેટોળાં પંખીઓ ઉડતા દેખાય છે. ગુજરાતના દિવંગત થયેલા મહાન પક્ષીવિદ્ લાલસિંહ રાઓલ પોતાના સંશોધન કાર્ય માટે આ કાઝિરંગામાં પણ રાત-દિવસ ઊંચા ઝાડ પર વસવાટ કરતા. અહીં પદયાત્રા શક્ય નથી કારણ કે એકશૃંગી ગેંડા હિંસક હોય છે. ઉપરાંત વાઘનો સ્વૈરવિહાર પણ ચાલુ હોય છે. શોખીનો અહીં જીપમાં કે હાથી પર સવારી કરે છે. ક્યારેક વાઘ હાથી પર હુમલો કરે છે. કુશળ મહાવત હોય તો વાંધો ન આવે નહિતર જાનનું જોખમ રહે છે. કાઝિરંગા નેશનલ પાર્કમાં સિત્તેર ટકા ક્ષેત્રમાં પ્રલયકારી જળ ફેલાઈ ગયેલા છે. આસામના પાંચ જિલ્લામાં અત્યારે પ્રલયની અસર છે અને હજુ પણ વધવાની દહેશત છે. આ વખતે આસામમાં ઠેર ઠેર ભેખડો પડી છે. માનવમૃત્યુ આંક સતત વધતો જાય છે.

આસામ ઉપરાંત પૂર્વીય ઉત્તર પ્રદેશમાં પણ આ વરસે ભારે વરસાદની સંભાવના છે. ભૂતાનમાં અભૂતપૂર્વ વરસાદ આવ્યો અને ચોતરફ જળબંબાકાર થતાં એ પાણી પણ આસામમાં પ્રવેશ્યા છે. ચીને તિબેટમાં બ્રહ્મપુત્રા નદી પર ડેમ બાંધવાનું કામ પૂર્ણ કર્યું છે અને બ્રહ્મપુત્રાના જળથી લાખો કિલોવોટ વીજળીનું ઉત્પાદન પણ શરૂ કરી દીધું છે. આંતરરાષ્ટ્રીય નિયમો પ્રમાણે બ્રહ્મપુત્રા પર ડેમ બાંધવા માટે ભારત અને બાંગ્લાદેશ કે જ્યાંથી પણ બ્રહ્મપુત્રા વહે છે એ દેશોની સંમતિ લેવી જરૂરી છે પરંતુ ચીને એવી કોઈ પ્રક્રિયા કરી નથી. તિબેટને ગળી ગયા પછી ચીને તરત જ બ્રહ્મપુત્રા પર કાતિલ નજર નાંખી હતી. ચીને બાંધેલા આ ડેમની સૌથી ખતરનાક હકીકત એ છે કે સિવિલ એન્જિનિયરિંગના કેટલાક નિયમોનું ઉલ્લંઘન કરીને ચીને એ ડેમ બાંધ્યો છે. કોઈપણ નદીના બહુ ઉપરવાસમાં ડેમ બાંધવો એ ભયાનક જોખમ છે. એ ડેમ ગમે ત્યારે તૂટી શકે છે.

બ્રહ્મપુત્રા એક હિમાલયન નદી છે અને એના કમાન્ડ એરિયા, સ્ત્રાવ ક્ષેત્રની સાવ નજીક ડેમ બાંધવામાં આવ્યો હોવાને કારણે પૂર્વોત્તર ભારત પર હોનારતનું જોખમ રહેવાનું છે. ઉપરાંત ગમે ત્યારે ડેમના દરવાજા ખોલીને ચીન પૂર્વોત્તર ભારતમાં બ્રહ્મપુત્રાનો કૃત્રિમ પૂર પણ લાવી શકે છે. ભારત સરકાર આ સમગ્ર પ્રકરણ પર કેમ ચૂપ છે એ એક રહસ્ય છે. આસામના મુખ્યમંત્રીએ બ્રહ્મપુત્રા પરના ડેમ અંગે હમણાં જ ચિંતા વ્યક્ત કરી છે. પાછલા વરસે તો બિહારમાં પણ વરસાદી જળ પટણાની શેરીઓમાં પ્રવેશી ગયા અને કેડસમાણા પાણીમાં પટણા તરવા લાગ્યું હતું. કાઝિરંગા નેશનલ પાર્કમાં ઈ.સ. ૨૦૦૪ અને ૨૦૧૯માં પાણી પ્રવેશી ગયા હતા પરંતુ આ વખત જેવો પ્રલય ન હતો. બ્રહ્મપુત્રા નદી સમગ્ર કાઝિરંગા ક્ષેત્રને તબાહ કરે એનો અંદાજ પણ આસામના વન અધિકારીઓને ન હતો. મોકો જોઈને ચીને વરસાદી પ્રવાહમાં ડેમનું રિઝર્વ પાણી પણ છોડીને ડેમના બધા દરવાજા ખોલી નાંખ્યા હોવાની આશંકા છે. એ એક નાનો લિટમસ ટેસ્ટ હોઈ શકે છે.

સરકાર પાસે પૂર્વ ભારતના બદલાતા ભૂસ્તર અને જળસ્તર પર અભ્યાસ કરાવવાનો સમય હોય એમ લાગતું નથી. એ જ કારણે દર વરસે જુન-જુલાઈમાં પૂર્વોત્તર ભારત જળ એ જ જીવન અને જળ એ જ મૃત્યુ એવી સામસામી કહેવતોનો સંયુક્ત અનુભવ કરે છે. કાઝિરંગા પાર્કમાં હાઈલેન્ડ એરિયા બહુ મર્યાદિત છે, છતાં અનેક પ્રાણીઓ એ હાઈલેન્ડ જેવી અંદરની ટાપુ બની ગયેલી જગ્યા પર સ્તબ્ધ ઊભા રહી ગયા છે. અભયારણ્યની ભૌતિક સુરક્ષાની સરકારે વ્યવસ્થા રાખી પરંતુ કુદરતી આપત્તિ સામે સલામતીનો વિચાર કર્યો નહિ તેનું આ પરિણામ છે.

### એફડીઆઈનો પ્રવાહ નવા પ્રોજેક્ટસ કરતા અગાઉથી કાર્યરત હોય તે તરફ વધુ રહે છે

## માળખાકીય પ્રોજેક્ટસ હાથ ધરવામાં ઢીલ પાછળ ભંડોળની સમસ્યા કરતા અમલદારશાહી વધુ જવાબદાર

દેશના નાગરિકોને વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધા પૂરી પાડવા વર્તમાન સરકારે ૨૦૨૦માં રૂપિયા ૧૧૧ લાખ કરોડની નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર પાઈપલાઈન (એનઆઈપી) યોજના જાહેર કરી હતી જેના બજેટને બાદમાં વધારીને રૂપિયા ૧૪૦ લાખ કરોડથી વધુનું કરી દેવાયું છે. પ્રારંભમાં ૬૮૩૫ પ્રોજેક્ટસ સાથે વહેતી કરાયેલી આ યોજના અંતર્ગત હાથ ધરાનારા પ્રોજેક્ટસની સંખ્યા બાદમાં વધારી ૯૩૩૫ કરાઈ છે. આ પ્રોજેક્ટસ પાછળના સૂચિત ખર્ચમાંથી રૂપિયા ૧૦૮ લાખ કરોડની ફાળવણી નાણાં વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન કરવાની સરકારે સંસદમાં માહિતી આપી હતી. માળખાકીય વિકાસ માટે બજેટ ફાળવણીમાં નોંધપાત્ર વધારો થયો છે ખરો, પરંતુ વ્યવહારિક રીતે આ આંક સરકારની પહોંચની બહાર બની રહે છે, તે પણ એક હકીકત છે.

સરકારની નાણાંકીય મર્યાદાઓને ધ્યાનમાં રાખી દેશમાં પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશિપ (પીપીપી) મોડેલનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ મોડેલ હેઠળ ખાનગી ક્ષેત્રની કંપનીઓ નાણાંનું

**માળખાકીય પ્રોજેક્ટસ માટે નાણાં ઊભા કરવા સરકારે ખાસ નેશનલ મોનિટાઈઝેશન પ્રોગ્રામ જાહેર કર્યો છે**

રોકાણ કરી સંબંધિત પ્રોજેક્ટસને પાર પાડે છે. જો કે આ મોડેલ વ્યવહારિક રીતે અમલમાં મૂકવાનું મુશકેલ બની રહ્યું છે. કારણ કે જોખમ પ્રમાણે નાણાંકીય વળતર મળી રહેતા નહીં હોવાથી ખાનગી ક્ષેત્રના રોકાણકારો પ્રોજેક્ટસમાં નાણાં નાંખતા ખચકાઈ રહ્યા છે. ભારતની માર્ગ બાંધકામની યોજનાઓ પર નજર નાખીએ તો ૨૦૨૦ અથવા ૨૦૨૧માં હાથ ધરાયેલા પ્રોજેક્ટસમાંથી માત્ર ૩૩ ટકા જેટલા પીપીપી મોડેલ હેઠળના છે.

પીપીપી અપ્રાઈઝલ સમિતિએ ૨૦૨૦-૨૧માં ૬ પ્રોજેક્ટસ અને ૨૦૨૧-૨૨માં ૩ પ્રોજેક્ટસને લીલીઝંડી આપી હતી. માળખાકીય પ્રોજેક્ટસની



મંજુરી આપવાનો અર્થ એ નથી કે તે પ્રોજેક્ટસ ઊભો થઈ ગયો અથવા થઈ જશે. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટીકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પિલિમેન્ટેશનના આંકડા પ્રમાણે દર પાંચમાંથી એક માળખાકીય પ્રોજેક્ટ પાંચ કરતા વધુ વર્ષ સુધી ઢીલમાં પડે છે અને ખર્ચમાં પણ જંગી વધારો થયો છે. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટીકસ હેઠળના ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ પ્રોજેક્ટ મેનેજમેન્ટ ડિવિઝનના એપ્રિલ ૨૦૨૨ના રિપોર્ટ પ્રમાણે, તેના નિરીક્ષણ હેઠળના ૧૫૫૯ પ્રોજેક્ટમાંથી ૪૧ ટકા પ્રોજેક્ટનો સમયગાળો તેના પ્રારંભિક અંદાજ કરતા લંબાઈ ગયો છે. ૨૩ ટકા પ્રોજેક્ટના ખર્ચમાં પ્રારંભિક અંદાજ કરતા વધારો થયો છે.

આમ ખર્ચમાં વધારો અને પ્રોજેક્ટસ ખાસ કરીને માળખાકીય પ્રોજેક્ટસ પૂરા કરવામાં ઢીલ એ ભારત માટે કોઈ નવી વાત નથી. આજના સમયમાં ભારત માટે પ્રોજેક્ટસ હાથ ધરી પૂરા કરવામાં ભંડોળ કોઈ સમશ્યા નહીં હોવાનું પણ કહી શકાય એમ છે. સમશ્યા છે, તો પ્રોજેક્ટસને હાથ ધરવા માટેની સરકારી પ્રક્રિયાની મંદ ગતિ. તાજેતરના વર્ષોમાં પ્રોજેક્ટસ ઢીલમાં પડવા પાછળ સરકાર કદાચ કોરોનાને કારણભૂત ગણાવી શકે છે, પરંતુ જમીન હસ્તગત, ખર્ચમાં વધારો અને કાનૂની મુદ્દાઓ રોડ પ્રોજેક્ટસ સામે મોટી અડચણ હોવાની વાતને નકારી શકાય એમ નથી. આવી જ સ્થિતિ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટસમાં પણ જોવા મળી રહી છે. હાલમાં જે પ્રોજેક્ટસ પર કામ ચાલી રહ્યું છે, તેમાં ઝડપ લાવવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે જેથી પ્રોજેક્ટસ સમયની અંદર પૂરા થાય અને ખર્ચમાં વધારો અટકાવી શકાય. કોરોનાએ રાજ્ય તથા કેન્દ્ર સરકારની તિજોરી પર તાણ ઊભી કરે છે તેમાં કોઈ શંકા નથી, પરંતુ માળખાકીય પ્રોજેક્ટસ માટે નાણાં ઊભા કરવા સરકારે ખાસ નેશનલ મોનિટાઈઝેશન પ્રોગ્રામ જાહેર કર્યો છે, પરંતુ આ પ્રોગ્રામની ગતિ પણ ઝડપી હોય તેવું જણાતું નથી.

વિદેશમાંથી આવતા રોકાણો મોટેભાગે દેશના ડિજિટલ ક્ષેત્રમાં આકર્ષાય રહ્યા છે અને થોડાઘણાં વ્યવસાયીક બાંધકામો પાછળ થઈ રહ્યા છે. માર્ગ, હાઈવેઝ, પોર્ટ જેવા માળખાકીય પ્રોજેક્ટસ પાછળ વિદેશી રોકાણકારો આકર્ષાતા નથી એ વાત નકારી શકાય એમ નથી. ભારતમાં માળખાકીય ક્ષેત્રના વિકાસ માટેની નીતિને લઈને સરકાર ભલે ઉદાસીન ન હોય પરંતુ તે માટે સરકારી સ્તરે ખાસ કરીને અમલદારોના સ્તરે કરવાની રહેતી ઝડપ અપેક્ષા પ્રમાણે જોવા મળતી નથી.

કોઈપણ દેશમાં સૌથી વધુ ઈન્વેસ્ટમેન્ટસ ઈન્ફ્રાસ્ટ્રકચરના બાંધકામ કરવા પાછળ થતું હોય છે. માળખાકીય વિકાસ સંબંધિત દેશના આર્થિક વિકાસનું બળ બની શકે છે. દેશના અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલરનું બનાવવા આપણી સરકારે પણ જંગી માળખાકીય ખર્ચની યોજના ઘડી છે. દેશમાં માળખાકીય સુવિધા પાછળ વિદેશમાંથી મોટેપાયે રોકાણ આકર્ષવા સરકાર પ્રયત્નશીલ છે.

દેશમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ) આવે છે ખરા પરંતુ તે એકદમ નવા પ્રોજેક્ટસને બદલે અગાઉથી ઊભા થયેલા હયાત પ્રોજેક્ટસમાં વધુ થાય છે. આ પ્રોજેક્ટસમાં મર્જર એન્ડ એક્વિઝિશનના રૂપમાં વધુ એફડીઆઈ આવતું હોવાનું જોવા મળે છે. આ પાછળનું કારણ નવા પ્રોજેક્ટસ પર કામ શરૂ કરવાથી તે પૂરા કરવામાં થતી ઢીલ રહેલું છે. એફડીઆઈ થકી બહુ થોડી ઘણી માત્રામાં નવી એસેટસ ઊભી થતી હોવાથી ભારતના અર્થતંત્રનું કદ અપેક્ષા પ્રમાણે વધતું નથી. અર્થતંત્રના કદને વધારવા નવી એસેટસ ઊભી થાય તે આવશ્યક છે.

અમલદારોની કામકાજ કરવાની પદ્ધતિથી સારી રીતે વાકેફ વર્તમાન સરકારે પ્રોજેક્ટસને મંજુરી માટેની

**દર પાંચમાંથી એક માળખાકીય પ્રોજેક્ટ પાંચ કરતા વધુ વર્ષ સુધી ઢીલમાં પડે છે અને ખર્ચમાં પણ જંગી વધારો થયો છે**

પ્રક્રિયામાં ઝડપ લાવવા ટેકનોલોજીના વ્યાપક ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. ટેકનોલોજીના ઉપયોગ થકી ઈ-પ્રોક્યુરમેન્ટ તથા ઈ-ટેન્ડરિંગની વ્યવસ્થા પર જોર આપવામાં આવી રહ્યું છે. આમ છતાં, પ્રોજેક્ટસ પાર પાડવામાં ઢીલ થતી રહી છે એ હકીકત છે, જે દેશના આર્થિક વિકાસ દરને ગતિ આપવા માટે હિસ્સેદારોએ ટાળવી રહી.

## લાંબા યુદ્ધને કારણે વૈશ્વિક અર્થકારણને કોલેટરલ ડેમેજ

**ભારે કોલેટરલ ડેમેજ :**

મોદી સરકાર માટે મુખ્ય ભય વિરોધ પક્ષોનો નથી પરંતુ વધી રહેલો ફુગાવો, બેરોજગારી અને ઘટતા જતા આર્થિક વૃદ્ધિ દરનો છે. રશિયાએ યુક્રેન પર હિંસક આક્રમણ કર્યું અને જગતમાં ક્રૂડ, ફ્યુઅલ અને કોમોડિટીઝ (ખાસ કરીને ધાતુઓ)ની જે અછત સર્જાઈ અને જગતના અર્થકારણને આ યુદ્ધે જે નુકસાન પહોંચાડ્યું છે તેને અંગ્રેજીમાં 'કોલેટરલ ડેમેજ' (જેમ કે નાગરિકોના વગર વાંકે મરણ અને નાગરિકોની મિલકતોનો નાશ) કરે છે. તેવી રીતે રશિયાને બાદ કરતા જગતની તમામ સરકારોના કોઈ વાંકગુના વિના ક્રુડ અને ફ્યુઅલના ભાવોમાં અસહ્ય વધારો થયો છે અને જગતના કરોડો લોકો પાયમાલ થઈ ગયા. પાડાના વાંકે પખાલીને ડામની કહેવત સાચી પડી.

અર્થકારણના આટાપાટા
ધવલ મહેતા

આ યુદ્ધ પૂરું થાય તે પછી જગતની સરકારોએ રશિયા પાસેથી યુદ્ધની પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ નુકસાનની ભરપાઈ કરવાની ફરજ પાડવી જોઈએ.

**જગતને નુકસાન :**

ઈ.સ. ૨૦૨૧ના વર્ષમાં સમગ્ર જગતની આવકમાં ૫.૭ ટકાનો વધારો થયો હતો પરંતુ ૨૦૨૨માં વર્લ્ડ બેંકના મત મુજબ જગતની આવક વૃદ્ધિ માત્ર ૨.૯ ટકા જેટલી નીચી રહેશે. આમ જગતના અર્થકારણના વૃદ્ધિદરમાં લગભગ અડધો અડધ ઘટાડો જગતમાં મોટા પાયે બેરોજગારી અને ફુગાવો સર્જી શકે છે. રશિયાનું આક્રમણ (આ યુદ્ધ નથી પરંતુ રશિયાનો એક લોકશાહી, સોવરીન અને સ્વતંત્ર દેશ પર એકતરફી હુમલો છે.) ભારતના અર્થકારણને પણ મોટું નુકસાન થયું છે. ભારતનો આર્થિક વૃદ્ધિ દર ફા.વ. ૨૦૨૩ (૧લી એપ્રિલ ૨૦૨૨થી માર્ચ ૩૧, ૨૦૨૩નો ગાળો)માં ઘટી જશે તેમ વર્લ્ડ બેંક જણાવે છે. વર્લ્ડ બેંક પ્રમાણે ભારતનો આર્થિક વૃદ્ધિ દર ઉપરના ગાળામાં જે આઠ ટકા અપેક્ષિત હતો તે ઘટીને ૭.૫ ટકા થઈ જશે અને ઓઈસીડી પ્રમાણે તે અપેક્ષિત ૮.૧ ટકાથી ઘટીને ૭.૫ ટકા થઈ જશે. ભારતની રીઝર્વ બેંક જેણે આ ગાળાનો આર્થિક વૃદ્ધિ દર ૭.૨ ટકા અંદાજ્યો હતો તેમાં કોઈ ફેરફાર કર્યો નથી. સમગ્ર જગતના સમૃદ્ધ દેશોના આર્થિક વૃદ્ધિદર કરતા ભારતનો અંદાજિત ૭.૨ ટકાનો આર્થિક વૃદ્ધિદર સૌથી વધારે છે. અમેરિકા અને બ્રિટન તો તેમનો આર્થિક વૃદ્ધિદર ચાર ટકાથી ઉપર જાય તો પણ મોર બનીને થનગાટ કરે છે. ભારતની સરકારને આર્થિક વૃદ્ધિદર થોડોક ઘટી જશે તેની ચિંતા નથી પણ ફુગાવાનો દર સતાવે છે. ફા.વ. ૨૦૨૩ (જે ૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ પૂરું થશે.) દરમિયાન અત્યાર સુધી માત્ર ૫.૭ ટકા રહેશે તેનો અંદાજ હતો પરંતુ રિઝર્વ બેંકના વડાએ રેપો રેટમાં બીજી વખત વધારો કરતા જણાવ્યું કે, ભારતમાં ૨૦૨૩ના ફા.વ. દરમિયાન ફુગાવાનો દર ૬.૭ ટકા રહેશે. જો કે, મોદી સરકારને આશ્વાસનરૂપ ઘટના એ છે કે ભારતમાં ચાલુ ફા.વર્ષમાં ૭.૨ ટકાનો અપેક્ષિત વૃદ્ધિદર ફુગાવાના અપેક્ષિત ૬.૭ ટકાના વૃદ્ધિદર કરતા વધારે છે. આ કારણે ભારતમાં ફુગાવો હાયપર ઈન્ફ્લેશનમાં બદલાઈ જશે નહીં.

રીઝર્વ બેંકના ગવર્નરે સરકારે બળતણ પરના ભાવો ઓછા કરવા તેમ જ ફીસ્કલ પોલીસીને લગતા અન્ય સૂચનો કર્યા જે સરકારની કામગીરીના ક્ષેત્રમાં છે તેના સૂચનો કર્યા તેથી કદાચ સરકારને ખોટું લાગ્યું હોય તેમ બની શકે. અનેક રાજ્યોમાં નજીકના ભવિષ્યમાં ચૂંટણી હોવાથી સરકાર હવે ઉંચો ફુગાવો તથા ઉંચા બેરોજગારીના ડરથી વધુ સંવેદનશીલ બની છે. કારણ કે સરકાર જાણે છે કે બેહદ ઉંચા ફુગાવા અને બેરોજગારીના દરોની સામે ધર્મ સંબંધી સ્લોગન્સ કામ આવતા નથી. લોકોને ફાઈવ સ્ટાર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, સંપૂર્ણ ટીચીંગ સ્ટાફ, નળમાંથી ખળખળ વહેતું આવતું પાણી અને મફત કે તદન થોડા ખર્ચે ન્યુયોર્કની ગ્લોબલ કેટરીંગ હોસ્પિટલ જેવી સ્વાસ્થ્ય સવલતો જોઈએ છે. હવે લોકો આધ્યાત્મિક સુખ કરતા પણ આધિભૌતિક સુખની ઝંખના કરે છે તેમ લાગે છે. જે માટે પશ્ચિમ જગતના સ્વીડન, નોર્વે, ડેન્માર્ક, ફીનલેન્ડ, યુ.કે., જર્મની વગેરે આપણા રોલ-મોડેલ્સ હોવા જોઈએ.

**સરકારને આર્થિક વૃદ્ધિ દર ઘટવાની નહીં, ફુગાવાનો દર વધવાની ચિંતા**

### ટેકાના ભાવ વધારવામાં આવવા છતાં ખેડૂતોનો અમુક વર્ગ નારાજ

## ટેકાના ભાવ વધવા છતાં ઘઉં-ચોખા સિવાયની ચીજોમાં સરકારી ખરીદી ધીમી રહેવાની ભીતિ

દેશમાં ફુગાવો ઝડપથી વધતાં તથા મોંઘવારીએ માઝા મૂકતાં સરકાર વિમાસણમાં મુકાઈ છે અને ભાવવધારાની આગને ડામવા સરકારી તંત્ર દોડતું થયું છે. નવા- નવા પગલાંઓ આવી રહ્યા છે. રિઝર્વ બેન્કે ફુગાવા પર લગામ કસવા ટૂંકા ગાળામાં વ્યાજના દરમાં બે વખત વધારો કર્યો હોવાના વાવડ મળ્યા છે. વિવિધ બજારોમાં સરકારે સ્ટોક મર્યાદારૂપી અંકુશો એક્ટિવેટ કર્યા છે. આયાત જકાતમાં ઘટાડા દ્વારા પણ ફુગાવાને કાબુમાં રાખવા સરકાર તાજેતરમાં છાશવારે પ્રયત્નો કરતી જોવા મળી છે. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં તેજી આવી છે અને તેના પગલે ઘરઆંગણે મોંઘવારી વધી છે ઉપરાંત ક્રૂડતેલ ઉછળતાં કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયો રેકોર્ડ નીચા મથાળે ઉતરી જતાં વિવિધ કોમોડિટીઝની ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી ગઈ છે. આના પગલે બજારમાં તેજીને પીઠબળ મળતું થયું છે. અધુરામાં પૂરું સરકારે તાજેતરમાં વિવિધ ચીજોના ટેકાના ભાવ મિનિમમ સપોર્ટ ભાવમાં વધારો કરતા બજાર ભાવ ઉંચા જવાની ભીતિ પણ જાણકારો બતાવી રહ્યા છે. ધી ગ્રેઈન રાઈસ એન્ડ ઓઈલસીડ્સ મર્ચન્ટસ એસોસીએશન ગ્રોમાના સૂત્રોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા ટેકાના ભાવમાં કરાયેલી વૃદ્ધીના પગલે બજાર ભાવ ઉંચા જવાની શક્યતા જણાય છે. સરકારે ડાંગર, તુવેર, મગ, જુવાર, બાજરી, અદડ, મગફળી, તલ સહિતની વિવિધ કૃષી ચીજોના ટેકાના ભાવ તાજેતરમાં વધારવાની જાહેરાત કરી છે. એક બાજુ સરકાર ફુગાવાને રોકવા પ્રયત્નો કરી રહી છે ત્યારે બાજી તરફ સરકારે ટેકાના ભાવ વધારતાં ફુગાવો વધુ ઉંચે જવાની શક્યતા સર્જાતાં બજારના ખેલાડીઓ આશ્ચર્ય બતાવતા નજરે પડ્યા છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ ટેકાના ભાવ વધતાં ખેડૂત વર્ગને રાહત મળશે તથા વધુ ઉત્પાદન કરવા પ્રોત્સાહન પણ




મળશે. જો કે હવે દેશમાં ચોમાસાની ચાલ કેવી રહે છે તેના પર બજારોની નજર રહી છે. વરસાદની ચાલ

પ્રસંગપટ

અનિયમિત રહેશે તો બજારમાં તેજી માટે નવું કારણ ઊભું થવાની ભીતિ પણ જાણકારો બતાવી રહ્યા છે. વર્ષ ૨૦૧૪-૧૫થી ગણતાં અત્યાર સુધીના ગાળામાં સરકાર દ્વારા વિવિધ ચીજોના ટેકાના ભાવમાં ૪૬થી ૧૩૧ ટકા સુધીનો જાતવાર વધારો કરવામાં આવ્યો છે. સરકાર ટેકાના ભાવ વધારે છે અને તેના પગલે જો બજાર ભાવ વધે તો સરકાર દોષનો ટોપલો વેપારીઓ પર ઢોળી દે છે એવો આક્ષેપ પણ બજારમાં સંભળાયો છે. પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારાની અસર પણ બજાર પર પડે છે. છતાં સરકાર આબધા માટે વેપારીઓને જ જવાબદાર ગણે છે એવી ફરિયાદ પણ બજારમાં સંભળાઈ છે. દરમિયાન, કૃષી ક્ષેત્રના જાણકારોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા ટેકાના ભાવ વધારી દેવામાં આવે છે પરંતુ અમુક ચીજોને બાદ કરતાં સરકાર દ્વારા હકીકતમાં કૃષી ચીજોના ટેકાના ભાવોએ કરાતી ખરીદી અપેક્ષાથી નોંધપાત્ર ઓછી રહેતી હોય છે અને આ દિશામાં પણ સરકારે લક્ષ આપવું જરૂરી છે. કૃષી વિષયક કોઈપણ નિર્ણય કરતા પૂર્વે સરકારે વેપારી વર્ગને વિશ્વાસમાં લઈ વેપારી વર્ગ સાથે ચર્ચા કરીને પછી આવા નિર્ણયો કરવા જોઈએ એવી વાતો પણ બજારમાં કાને આવી છે.

સરકારે તાજેતરમાં ટેકાના ભાવમાં ૪.૪૦થી ૮.૮૬ ટકા સુધીની વૃદ્ધી કરી છે. જો કે ટેકાના ભાવ વધારવામાં આવવા છતાં ખેડૂતોનો અમુક વર્ગ હજી નારાજ રહ્યો હોવાના નિર્દેશો મળ્યા છે. ખેડૂતોના આ વર્ગના જણાવ્યા મુજબ ખેતી વિષયક વિવિધ ખર્ચાઓ નોંધપાત્ર વધ્યા છે. ખાતર તથા જંતુનાશક દવાઓ મોંઘી થઈ ગઈ છે. ખેતરોમાં કામ કરતાં ખેતમજૂરોની મજુરી પણ ખાસ્સી વધી ગઈ છે. પેટ્રોલ-ડિઝલ મોંઘા બન્યા છે. બિયારણોના ભાવ પણ ઉંચા ગયા છે. આવા માહોલમાં ખેતી વિશેષ ખર્ચાળ બની છે એ જોતાં ટેકાના ભાવમાં તાજેતરમાં કરાયેલી વૃદ્ધી ખેડૂતોની અપેક્ષા કરતાં ઓછી કરવામાં આવી હોવાનો અભિપ્રાય આ વર્ગ બતાવી રહ્યો છે. ઈનપુટ કોસ્ટ વધી છે. કઠોળ ઉગાડતા ખેડૂતોના જણાવ્યા મુજબ ઉત્પાદન ખર્ચમાં નોધપાત્ર વધારો થયો છે એ જોતાં સરકારે ટેકાના ભાવમાં વધારે વૃદ્ધી કરવી આવશ્યક જણાય છે. કઠોળના ટેકાના ભાવમાં સરેરાશ ૪થી ૬ ટકાની વૃદ્ધી કરાઈ છે સામે ખેડૂત વર્ગના જણાવ્યા મુજબ ઓછામાં ઓછી દસ ટકાની વૃદ્ધી ટેકાના ભાવમાં સરકારે કરવી જોઈતી હતી.

**૨૦૧૪-૧૫થી ગણતાં અત્યાર સુધીના ગાળામાં કૃષિ ચીજોના ટેકાના ભાવમાં જાતવાર ૪૬થી ૧૩૧ ટકાની વૃધ્ધિ થયાના નિર્દેશો**

## યુદ્ધ બાદ સિન્થેટિક ડાયમંડની માંગમાં વધારો

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુક્રેન યુદ્ધને કારણે હીરાની ચમકમાં આવેલો બદલાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. યુદ્ધને કારણે કુદરતી (અસલ) હીરાએ તેમની ચમક ગુમાવી દીધી છે. જ્યારે નકલી (લેબ- નિર્મિત) હીરાએ તેમની ચમકમાં સુધારો કર્યો છે. બજારમાં અસલી હીરાની અછતને પહોંચી વળવા નકલી હીરાનું ઉત્પાદન વધ્યું છે.

ભારતમાં લગભગ ૩૦ ટકા રફ હીરા રશિયામાંથી આયાત કરવામાં આવે છે. રશિયા- યુક્રેન યુદ્ધ પુરવઠો ખોરવ્યો છે, જ્યારે કોરોના રોગચાળામાંથી પુનઃપ્રાપ્તિએ વૈશ્વિક બજારમાં તૈયાર હીરાની માંગમાં વધારો કર્યો છે. જેના કારણે ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે અને સિન્થેટિક ડાયમંડની માંગ વધી છે. આ ક્ષેત્રના નિષ્ણાતો કહે છે કે હીરાની માંગ વધી છે. બજારમાં કુદરતી અને સિન્થેટિક ડાયમંડની માંગ વધી છે. બજારમાં કુદરતી અને સિન્થેટિક બંને હીરાની માંગમાં વધારો થયો છે. જેના કારણે ભાવમાં પણ વધારો થયો છે. કુદરતી હીરાના ભાવમાં વધારો થવાનું કારણ કાચા હીરાના પુરવઠામાં અછત નથી પરંતુ અફવાઓને કારણે રોજેરોજ ભાવમાં વધઘટ થઈ રહી છે.

રશિયા- યુક્રેન યુદ્ધના કારણે અમેરિકાએ રશિયાથી આયાત થતા રફ કટ અને પોલિશ્ડ હીરા પર પ્રતિબંધ મૂક્યો છે. ભારતમાં ફિનિશ્ડ કટ અને પોલિશ્ડ હીરાનું સૌથી મોટું બજાર અમેરિકા છે. આવી સ્થિતિમાં રશિયા તરફથી રફ ડાયમંડની સપ્લાય ઓછી થવાને કારણે બજારને વધારે અસર થઈ રહી નથી. તેમ છતાં તેની અસર બજારમાં ચોક્કસપણે છે. રફ હીરાનો પુરવઠો ઘટ્યો છે, તેથી ડીટીસી સાઈટે રફ હીરાના ભાવમાં વધારો કર્યો છે. ડીટીસીએ હળવા કદના ફિનિશ્ડ ડાયમંડની માંગમાં ૫- ૮ ટકાનો વધારો કર્યો છે જેના કારણે દાગીનામાં વપરાતા હળવા કદના

**આ ઉદ્યોગનો વિકાસ થાય તો રોજગારી વધવાની સાથે નિકાસમાં પણ વધારો થશે**

(નાના) હીરાના ભાવમાં વધારો થયો છે તેની માંગ વધારે છે જ્યારે પ્રિમિયમ રફના ભાવમાં વધારો થયો નથી.

નેચરલ હીરા કરતા સિન્થેટિક ડાયમંડની માંગ વધી છે. તેઓ વાસ્તવિક હીરા જેવા દેખાય છે પરંતુ તેમની કિંમત અસલ કરતા ૭૦- ૮૦ ટકા ઓછી છે, તેથી તેમની માંગ વધી છે. હાલમાં ભારત વિશ્વના લેબમાં બનેલા હીરાના લગભગ ૧૫ ટકા ઉત્પાદન કરે છે. જે વધારી શકાય છે કારણ કે નીચા ભાવને કારણે સ્થાનિક અને વૈશ્વિક બજારમાં તેમની માંગ ઝડપથી વધી છે. કોરોનાને કારણે હોંગકોંગ અને ચીનના બજારો બંધ છે જેનો સીધો ફાયદો ભારતીય ઉદ્યોગોને થઈ રહ્યો છે. કારણ કે ચીન લેબમાં બનેલા હીરાનું સૌથી મોટું ઉત્પાદક છે જે વિશ્વના લગભગ ૬૦ ટકા ઉત્પાદન કરે છે.

બજારમાં સિન્થેટિક અથવા લેબ-મેડ (CVD- LGD) હીરાની વધતી માંગ સાથે, દેશમાં તેમના ઉત્પાદનમાં પણ વધારો થયો છે. છેલ્લા બે- ત્રણ વર્ષમાં ભારતમાં LGD ઉત્પાદન થોડા હજાર કેરેટથી વધીને ૩૦ લાખ કેરેટ અથવા લગભગ રૂા. ૧૫,૫૦૦ કરોડ થઈ ગયું છે. ગયા નાણાંકીય વર્ષમાં ભારતમાંથી પોલિશ LGD ની નિકાસ લગભગ ૧૦૬ ટકા વધીને રૂા. ૧૦,૦૦૦ કરોડ થઈ છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના જણાવ્યા મુજબ પીએલઆઇ સ્કીમમાં લેબમાં ઉગાડવામાં આવેલા હીરા ઉદ્યોગનો સમાવેશ કરવા માટે સરકાર સાથે વાતચીત થઈ છે.

આ ઉદ્યોગમાં ૧૦ લાખ નોકરીઓ અને ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની નિકાસ કરવાની ક્ષમતા છે. હીરાના વેપારીઓના મતે કુદરતી હીરા લાખો વર્ષોમાં જમીનની નીચે બને છે જ્યારે સિન્થેટિક હીરા લેબોરેટરીમાં બનાવવામાં આવે છે. તેઓ માત્ર એકથી ચાર અઠવાડિયામાં તૈયાર થઈ જાય છે. આવા હીરાની રચના, ચમક, કઠીનતા, રાસાયણિક રચના પણ કુદરતી હીરા જેવી જ હોય છે.

## આવક વધવાની ઝડપ ટુ-જી છે, ખર્ચા ફાઈવ-જીની સ્પીડે થાય છે

મોબાઈલ શોપમાં તકુભાઈની એન્ટ્રી પડી તે સાથે જ જાણે ફોનમાં કોઈ વાયરસ ઘૂસ્યો હોય તેમ બધો સ્ટાફ ભયભીત થઈ ગયો. સર્વિસવાળાએ ટેબલ નીચે આશરો લીધો. એસેસરીઝ વેચનારો ટોઈલેટમાં જઈને ભરાયો. બિલિંગ કાઉન્ટર પર બેઠો હતો એ કોઈ ગેમ મચડતો હતો એમાં તકુભાઈએ એને ઝડપી લીધો. પેલાએ મોબાઈલમાંથી માથું ઊંચુ કરીને જોયું અને તેને સમજાયું કે શા માટે લોકો મોબાઈલ ગેમના એડિક્શનને હાનિકારક ગણાવે છે. તકુભાઈએ આહુતિ આપવાની ઢબ પાંચ આંગળી ભેગી કરી , છોડી અને પછી પ્રશ્નની મુદ્રામાં હથેળી ઘુમાવી.

બિલિંગ કાઉન્ટરવાળા વધુ કોઈ ચીજ ઉધારમાં વેચવી પડશે એવી આશંકાએ દયામણો થઈને કહે, 'બાકી પૈસાનો હિસાબ અત્યારે નથી કરવો. આપણે પછી કરી લેશું. તમતમારે નીકળો અત્યારે.'

તકુભાઈએ એમના મોઢાંનું વોલ્યુમ બટન ઓન કર્યું ,'દોસ્ત , હવે ક્યાંય નીકળી જવાનો નહીં, ફાઈવ-જી યુગમાં એન્ટર થવાનો સમય આવી ગયો છે. લાવ કોઈ નવો ફાઈવ-જી ફોન આવ્યો હોય તો બતાવ.'

કાઉન્ટરવાળાએ કભી હમ ઉનકો, કભી અપને ઘર કો દેખતે રહેં ની સ્ટાઈલથી શોપમાં ચારે બાજુ મદદ માટે નજર દોડાવી, પણ કોઈ ફરક્યું નહીં. છેવટે તેણે આ લડાઈ એકલા લડી લેવાનો સાહસિક પણ મજબૂર નિર્ણય કરી લીધો.

'તમે યાર, બસના દસ રુપિયા બચાવવા ચાર કિલોમીટર ચાલી નાખો છો. ફાઈવ-જીની સ્પીડનું તમે કરશો શું?'

'લ્યા, તું મોબાઈલ શોપમાં બેઠો છે ને, તને ખબર નથી? ફાઈવ-જીમાં ડબલ




સ્પીડમાં ફિલ્મ ડાઉનલોડ થઈ જશે.'

'અરે પણ ફિલ્મ ડાઊનલોડ થવાની સ્પીડ દસ ગણી થઈ જશે, પણ તમે પછી આય સાલી બેકાર પિક્ચર છે એમ કહી એને ફાસ્ટ ફોરવર્ડ કરી કરીને ત્રણ કલાકની સ્પીડ અડધા કલાકમાં પતાવવાની લ્હાયમાં સ્ક્રીન ઘસી નાખો છો અને અહીં રિપેર કરાવવા બે કલાક બેસી રહો છો એનું શું ?'

'તું મને શું સમજે છે? હવે મેં નક્કી

સ્માઇલ ઇન્ડેક્સ
વ્યર્થશાસ્ત્રી

કર્યું છે કે જોવી હોય તો શોર્ટ ફિલ્મો જ જોવી. બેકાર નીકળે તો ય આપણી બહુ-બહુ તો દસ-વીસ મિનિટ બગડે.'

તકુભાઈને આમ શોર્ટમાં નહીં નિપટાવાય અને એમને રવાના કરવા માટે દર વખતની જેમ 'સંગઠન એ જ શક્તિ'નું સૂત્ર અમલમાં મુકવું પડશે એવો ખ્યાલ આવી જતાં બાકીનો સ્ટાફ પણ બહાર આવી તકુભાઈ પર અનવોરન્ટેડ કોલ્સની જેમ તૂટી પડ્યો.

એસેસરીવાળો કહે, 'તમે તો ફાઈવ-જીનો બહુ અભ્યાસ કરીને આવ્યા લાગો છો. તો ફાઈવ-જી આવ્યા પછી આપણે આરટીઓમાં લાઈનો ઓછી થશે ને ?'

સર્વિસવાળો કહે, 'પછી સરકારી હોસ્પિટલમાં ઓપીડીની લાઈન તો ફટાફટ આગળ ભાગશેને?'

હવે કાઉન્ટરવાળાને પણ હિંમત આવી તો એણેય પૂછ્યું, 'આ આપણી શોપ બહારનો ફ્લાયઓવર પાંચ વર્ષથી બને છે. ફાઈવ-જી આવ્યાના પાંચ મહિનામાં તો એ ચાલુ થઈ જશે, બરાબરને ? '

એસેસરીઝવાળો કહે, 'મારો ભાઈ સરકારી નોકરીની પરીક્ષાઓ આપે છે પછી મહિનાઓ સુધી રિઝલ્ટ નથી આવતું. એ લોકો ફાઈવ-જી પર આવી જશે પછી તો આજે પરીક્ષા, કાલે ઈન્ટરવ્યૂ ને પરમ દિવસે નોકરી બરાબરને?'

પાછું સર્વિસવાળાએ પૂછ્યું, 'મોબાઈલ કપનીમાં કોઈ કામ માટે ફોન

**ફાસ્ટ ફોરવર્ડ કરીને દોડાવી જવી પડે એવી બેકાર પિક્ચરો ડબલ સ્પીડે ડાઉનલોડ થાય એને શું કરવાનું!**

કરીએ તો પેલું એક દબાવો ને બે દબાવો ને ચાર દબાવોવાળું દસ મિનિટ સુધી ચાલ્યા જ કરે છે એ તો ફાઈવ-જીના જમાનામાં અડધી મિનિટમાં પતી જશે નહીં?'

તકુભાઈની બેટરી ઉતરી ગઈ. એમને આ બધાનો મતલબ સમજાઈ ગયો. 'મને ખબર છે કે મારે પાછલા થ્રી-જી ફોનની સ્ક્રીન રિપેર કરાવી હતી એના આ ફોર-જી ફોનના કવરના, બ્લૂટૂથ હેડસેટના એ બધાની પાછલી ઉધારી બાકી છે, પણ આ સ્ટાઈલથી ઉઘરાણી ના કરો. આ દેશમાં મારા જેવા કરોડો લોકો છે જેમને ખર્ચા ફાઈવ-જીની સ્પીડે થાય છે પણ આવક ટુ-જીની સ્પીડે જ વધે છે. ને હવે તો બધી લોનોના ઈએમઆઈ તો સિક્સ-જીની સ્પીડે વધવા માંડ્યા છે. એટલે તમારા લોકો પાસેથી નાની મોટી રકમ બાકી રાખીને નિભાવું છું. તમને લોકોને ના પોસાતું હોય તો ના પાડી દેવી.' આ નોટિફિકેશન સાથે એમણે શોપમાંથી લોગ આઉટ કર્યું. સ્ટાફે ઉધાર બંધના સ્ટિકર સામે જોતાં જોતાં એકસાથે સેવન-જીની ઝડપે 'હાશ' પોકારી.

### સ્માઈલ ટીપ

રેલવેવાળાએ રાજપાલ યાદવને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવો જોઈએ, દરેક આંદોલન વખતે એ ટીવી પર આવીને કહેશે, 'હમ કોઈ મંદિર કા ઘંટા હૈ જો કોઈ ભી આકે બજા જાતા હૈ.'

# ગુજરાત સમાચાર

સૌરાષ્ટ્ર કચ્છ

વિશેષ સમાચાર

રાજકોટ • ભુજ • ભાવનગર • અમરેલી • જામનગર • સાવરકુંડલા | ૯ | સોમવાર, તા. ૨૦ જુન, ૨૦૨૨ | સુરત આવૃત્તિ


ગૃહ મંત્રી સમક્ષ ચેમ્બર- ઔદ્યોગિક એસો.એ ૩૦૦થી વધુ પ્રશ્નો રજૂ કર્યા

## રાજકોટનાં વેપારીઓનાં અન્ય રાજ્યો સાથેના વેપારમાં રૂા. ૧૫૦ કરોડ ફસાયા

રાજકોટ, રવિવાર

રાજકોટ સૌરાષ્ટ્રનું વેપાર - ઉધોગનું હબ બન્યુ છે ત્યારે અન્ય રાજયોનાં વેપારીઓ સાથેનાં વ્યવહારમાં પેમેન્ટની મોટી રકમ ફસાઈ છે. એક અંદાજ મુજબ રાજકોટનાં વેપારીઓનાં આશરે ૧૫૦ કરોડ જેવી રકમની ઉઘરાણી આ રીતે ફસાઈ હોય તે વહેલી તકે છુટી થાય તે માટે ગુજરાત પોલીસ મદદ કરે તેવી રજુઆત આજે ગૃહ રાજય મંત્રીને રાજકોટનાં વેપારીઓ - ઉધોગકારોએ કરી હતી જેના જવાબમાં નાણાંકીય ગેરરિતી કે આર્થિક ફ્રોડનાં મામલે તપાસ કરવા એસઆઈટીની રચના કરવાની ખાતરી ગૃહ રાજય મંત્રીએ આપી હતી.

### આર્થિક ફ્રોડના મામલે 'સીટ'ની રચના કરવામાં આવશે, મંત્રી સમયસર ન મળતા કેટલાક વેપારીઓનો હોબાળો

ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી સમક્ષ રાજકોટ ચેમ્બર, ગ્રેટર ચેમ્બર અને આસપાસનાં ઔધોગિક સંગઠનનાં હોદેદારો અને વ્યકિતગત મળીને આશરે ૩૦૦ જેટલા પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા તેમાં મોટા ભાગનાં અન્ય રાજયો સાથેના વેપારમાં જેમનાં નાણાં ફસાયા હતા તે મુખ્ય હતા. આ ઉપરાંત નવા વિસ્તારોમાં પોલસ સ્ટેશન આપવા, બજારોમાં દારુ સહિતની બદી, ટ્રાફિકની સમસ્યા, અશાંત ધારો સહિતનાં પ્રશ્નો રજુ કરાયા હતા. રાજકોટ ચેમ્બરનાં પ્રમુખનાં જણાંવ્યા મુજબ રાજકોટનાં વેપારીઓનાં આશરે ૧૫૦ કરોડ જેવી રકમનાં પેમેન્ટનાં ફસાયા છે. રાજકોટનો વેપાર મહારાષ્ટ્ર, યુપી, રાજસ્થાન,

રાજકોટ

મધ્યપ્રદેશ સહિત અનેક રાજયો સાથે છે. અનેક કેસોમાં પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી છે. દસ્તાવેજો સાથે રજુઆતો કરાઈ હતી. મોટા ભાગનાં વેપારીઓએ એવી રજુઆત કરી હતી કે લાખો - કરોડોનાં પેમેન્ટ ફસાયા છે તેની વસુલાત માટે ગૃહ વિભાગ સબંધિત રાજયોની પોલીસ સાથે સંકલન કરીને મદદ કરે. રાજકોટ ચેમ્બર તરફથી ૭૯ ફરિયાદો ગૃહમંત્રીને અપાઈ હતી. આ અંગે તેમણે જણાવ્યું હતું કે વ્યક્તિગત રીતે પણ કેટલીક ફરિયાદો મળી છે, સીટની ટીમ અન્ય રાજ્યોમાં તપાસ માટે જશે અને વેપારીઓના ફસાયેલા નાણાં ઝડપથી પરત મળે તેવા પ્રયાસો કરાશે.

આજે બપોરે ૨. ૧૫ કલાકે રાજકોટ ચેમ્બર અને ઔધોગિક એસોસિએશનનાં હોદેદારોને મળવાનો સમય આપ્યો હતો. ગૃહ મંત્રીએ સૌ પ્રથમ ચેમ્બરનાં હોદેદારો સાથે બેઠક કરી હતી આ બેઠકમાં ધારણા કરતા વધુ વેપારીઓનાં પ્રશ્નો આવતા બેઠક લાંબી ચાલી હતી દરમિયાન અન્ય વેપારીઓ પણ આવ્યા હતા પરંતુ તેમને બેઠકમાં જવા દેવામાં ન આવતા ભારે હોબાળો મચી ગયો હતો.

### ધારાસભ્ય ગોવિંદ પટલનો કટાક્ષ, 'મારું કામ બીજાને આગળ કરવાનું છે'

રાજકોટ, રવિવાર

ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી આજે બપોરે સરકિટ આવ્યા ત્યારે શહેર ભાજપનાં આગેવાનો પણ વેપારીઓ સાથે આવી પહોંચ્યા હતા આ સમયે ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ આગેવાનોની પાછળ ઉભા હતા ત્યારે ગૃહ મંત્રીએ પૂછયુ ગોવિંદ કાકા આગળ આવો ત્યારે ગોવિંદભાઈએ એવો કટાક્ષ કર્યો હતો કે મારુ કામ બીજાને આગળ કરવાનું છે આ જવાબ સાંભળી મંત્રીએ એવી ટકોર કરી કે યે ગુસ્તાફી માફ નહિ હોગી.! સ્થાનિક ધારાસભ્ય સાથેના આ સંવાદની ચર્ચા સોશ્યલ મીડિયામાં વાયરલ થતા ચર્ચા જાગી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ પોલીસનાં તોડકાંડમાં ગોવિંદભાઈનાં પત્રએ ભારે હલચલ મચાવી દીધી હતી.

ધોરાજી નકલંકધામ તોરણીયા સેવાદાસ બાપા આશ્રમ દ્વારા સંચાલિત

## નકલંકધામ - હરિદ્વારની નકલી વેબસાઈટ બનાવી યાત્રાળુઓ સાથે બુકિંગના નામે ઠગાઇ

ધોરાજી,તા.૧૯

ધોરાજીથી નવ કિલોમીટર દૂર આવેલ તોરણીયા સંત શ્રી સેવાદાસ બાપા આશ્રમ નકલંક ધામ દ્વારા સંચાલિત હરિદ્વાર સ્થિત નકલંક ધામ શ્રી સેવાદાસ બાપા આશ્રમમાં બૂકિંગનાં નામે અજાણ્યાં ઈસમોએ નકલંક ધામ હરિદ્વારની નકલી વેબ સાઈટ બનાવી બુકિંગનાં નામે યાત્રિકોના લાખો રૂપિયા ખંખેરી લીધા હોવાનું પ્રકાશમાં આવતાં હરિદ્વાર ખાતે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

### યાત્રાળુઓના નાણાં ખખેરી લેવાતા હરિદ્વાર ખાતે પોલીસ ફરિયાદ

ધોરાજી નજીક આવેલા તોરણીયા સેવાદાસ બાપા આશ્રમ નકલંકધામ દ્વારા હરિદ્વાર ભૂપત વાલા વિસ્તારમાં નકલંક ધામ શ્રી સેવાદાસ બાપાના નામે આશ્રમ બનાવવામાં આવ્યો છે.જ્યાં યાત્રિકોને રહેવા -જમવાની સુવિધા આપવામાં આવે છે. જ્યાં રહેવા માટે કોઈપણ પ્રકારનું ઓનલાઈન બુકિંગ થતું નથી. એવામાં કોઈ અન્ય રાજયના યાત્રિકોએ નકલંકધામ હરિદ્વાર આશ્રમનાં ફાત્ત્ટા વાળી ઓનલાઇન સાઈટ પર રકમ આપી રૂમો બુક કરાવ્યા હતાં. યાત્રિકોને બાદમાં જાણવા મળેલ કે આશ્રમ ખાતે ઓન લાઈન બુકિંગ થતું નથી અને તેઓ છેતરપિંડીનો ભોગ બન્યાની ખબર પડતાં હોબાળો મચ્યો હતો. સમગ્ર મામલો મહંત પાસે પહોંચતા નકલંગધામ આશ્રમ હરિદ્વાર દ્વારા અજાણ્યા ઈસમો સામે પોલીસ ફરિયાદ

રાજકોટ

નોંધાવવામાં આવી છે. સમગ્ર ઘટના મામલે નકલંક ધામ તોરણીયા અને હરિદ્વાર આશ્રમના મહંત રાજેન્દ્ર દાસ બાપુએ જણાવેલ કે કોઈ અજાણ્યા ચિટરો દ્વારા નકલંકધામ હરિદ્વારની ખોટી વેબસાઈટ બનાવી તેમાં આશ્રમના તેમજ દેવી દેવતાઓના ફોટા લગાવી નકલંક ધામ આશ્રમની નકલી સાઈટ બનાવી ઓનલાઈન બુકિંગના નામે લોકોનાં નાણાં ખંખેરી લીધા છે અને અગાઉ પણ આ પ્રકારે ઓનલાઈન બુકિંગ નામે અનેક લોકો પોતાના પૈસા ગુમાવી ચૂક્યા છે, જેથી આશ્રમ દ્વારા હરીદ્વાર ખાતે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. આશ્રમના નામે કુલ કેટલા રૂપિયાનું ફ્રોડ થયું છે તે ચોક્કસ રકમ જાણવા મળેલ નથી. જોકે અનેક યાત્રિકોના મોટા પ્રમાણમાં નાણાં ખંખેર્યા હોવાની વાત પ્રકાશમાં આવી રહી છે.

ચોરવાડ, માળીયા હાટીના અને વંથલીમાં

## આયુર્વેદિક દવાનાં નામે પાનની દુકાનોમાં વેંચાતી નશાકારક ૧૫૦૧ બોટલ સીઝ

જૂનાગઢ, તા.૧૯

આર્યુવેદીક દવાના નામે નશાકારક દવાનું વેંચાણ થતુ હોવાથી એસઓજી અને સ્થાનિક પોલીસે ફૂડ એન્ડ ડ્રગ વિભાગને સાથે રાખી પાનની દુકાનોમાં તપાસ કરતા ચોરવાડ, માળીયા હાટીના અને વંથલીમાંથી આવી ૧૫૦૧ નશાકારક બોટલ મળી આવી હતી.જેને સીઝ કરવામાં આવી હતી.

### એસઓજી અને સ્થાનિક પોલીસની ફૂડ એન્ડ ડ્રગ વિભાગને સાથે રાખી તપાસ દરમ્યાન સામે આવ્યું નશાનું કારસ્તાન

માળીયા હાટીના અને વંથલીમાં પાનની દુકાનોમાં આર્યુવેદીક દવાના નામે નશાકારક બોટલનું વેંચાણ થતું હોવાની માહિતી મળતા એસઓજી પીઆઈ એ. એમ. ગોહિલ સહિતના સ્ટાફે ચોરવાડમાં બંદર રોડ પર કનકેશ્વરી પાન, જરારી વિસ્તારમાં ભવાની પાન, ખાણીયા વિસ્તારમાં રાજવી પાન અને વિસણવેલના પાટીયે આવેલી ભોલેનાથ પાન દુકાનમાં તપાસ કરતા ત્યાંથી કુલ ૨૫૫૮૫ની કિંમતની ૧૬૩ આર્યુવેદ દવાના નામે વેંચાતી નશાકારક બોટલ મળી હતી. દુકાનદાર જયેશ ગોવિંદ વાઢેર, દેવશી કારા ચુડાસમા, મનોજ ભીખા પરમાર અને જયેશપુરી જમનપુરી

જૂનાગઢ

ગોસ્વામીની પૂછપરછ કરતા આ બોટલ માળીયા હાટીનામાં રહેતા કાનો ઉર્ફે કાનન અશોક દવેએ આપ્યાનું જણાવતા પોલીસે ત્યાં દરોડો પાડતા ત્યાંથી ૬૬૪૬૦ની કિમતની ૪૫૯ બોટલ મળી આવી હતી. આ બોટલને સીઝ કરી માળીયા હાટીના પોલીસને સોંપવામાં આવી હતી.

આ ઉપરાંત વંથલીના માણાવદર રોડ પર કિસ્મત ઢાબા, વંથલી મેઈન બજારમાં આવેલા જલારામ પાન,કેશોદ રોડ પર લક્કી ઢાબા,ખોખરડા ફાટક નજીક આવેલી દ્વારકાધીશ હોટલ,કણઝાધાર ખાતે આવેલા શિવમ રેસ્ટોરન્ટ અને પરોઠા હાઉસ અને વંથલીમાં બસ સ્ટેન્ડ સામે આવેલા નાઘોરીના ગોડાઉનમાં તપાસ કરતા કુલ ૧.૩૪ લાખની કિંમતની ૮૭૮ આર્યુવેદીક દવાના નામે વેંચાતી નશાકારક બોટલ મળી હતી. વંથલી શહેરમાં અને આસપાસની દુકાનોમાંથી મળી આવેલી આ બોટલ મામલે એસઓજી અને સ્થાનિક પોલીસે વંથલીના સેબાઝ મકસુદ મુલ્લા, સંજય રાજકુમાર ગંગવાણી, અનસ આસિફ વાજા, કેશોદ રહેતા હર્ષ નાનજી કળથીયા, સુરેશ પ્રેમચંદ ગંગવાણી અને તાહિર તહેસીન ગબલની પૂછપરછ કરી હતી.

### કારના કાચ તોડી મોબાઈલ, સ્માર્ટ વોચની ઉઠાંતરી કરનાર ટોળી ઝબ્બે

રાજકોટ, રવિવાર

૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગર શેરી નં-૧૧ માં રહેતા અને અભ્યાસ કરવાની સાથોસાથ ક્રિકેટર અમન સીરાઝભાઈ માખાણી (ઉ.વ.૨૩)ની કારના કાચ ફોડી મોબાઈલ અને રોકડ સહિત રૂા.૮૧,૬૦૦ ના મુદ્દામાલ ઉઠાંતરીની ઘટના બાદ થોરાળા પોલીસે સીસીટીવી ફુટેજના આધારે ગણતરીના કલાકોમાં ત્રણ ઉઠાવગીરોને ઝડપી લીધા હતા.

પંચવટી વિસ્તારમાં દરોડો

## સિક્કા ગામે રહેણાંકમાં ગેરકાયદે ગેસ રિફિલીંગ કૌભાંડ પકડાયું

જામનગર, તા. ૧૯

જામનગર તાલુકાના સિક્કામાં એક રહેણાંક મકાનના ફળિયામાંથી ગેસ રિફિલિંગ કૌભાંડ પકડાયું છે, પોલીસે ૧૯ નંગ ગેસના બાટલા તથા ગેસ રિફીલિંગ ની સામગ્રી સાથે એક શખ્સની અટકાયત કરી છે, અને વધુ પૂછપરછ હાથ ધરી છે.

### રાંધણ ગેસના ૧૯ સિલીન્ડર, ગેસ રીપેરીંગની સામગ્રી સાથે શખ્સની અટકાયત

જામનગર તાલુકાના સિક્કામાં પંચવટી સોસાયટી વિસ્તારમાં રહેતો સતાર ઉમરભાઈ મનોરિયા નામનો શખ્સ પોતાના મકાનના ફળિયામાં રાંધણ ગેસના બાટલા માંથી અન્ય

જામનગર

બાટલામાં ઈલેક્ટ્રિક મોટરની મદદથી ગેસ રિફિલિંગ કૌભાંડ આચરી રહ્યો છે, તેવી બાતમીના આધારે સિક્કા પોલીસે દરોડો પાડયો હતો, અને મકાનના ગેસ રિફિલિંગનું કૌભાંડ પકડી પાડયું હતું.પોલીસે મુસ્તાક ઉમરભાઈ મનોરિયા નામના શખ્સની અટકાયત કરી લઈ તેના કબજામાંથી ૧૯ નંગ નાના મોટા બાટલા, ઈલેક્ટ્રિક મોટર સહિત રૂપિયા ૪૭,૫૦૦ની સામગ્રી કબજે કરી લીધી છે. જેની સામે સિક્કા પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

પોરબંદર પરથી પસાર થતી ચોમાસાની ઉત્તરીય લિમિટ

## અડધા સૌરાષ્ટ્રમાં આજથી જ અને ગુરૂવારે વ્યાપક વરસાદની આગાહી

રાજકોટ, રવિવાર

નૈઋત્યનું ચોમાસું આજે ગુજરાતના વધુ કેટલાંક વિસ્તારોમાં આગળ વધ્યું હતું અને હાલ તેની નોર્ધન લિમિટ પોરબંદર પરથી પસાર થતી હોવાનું હવામાન વિભાગે જાહેર કર્યું છે, અને સૌરાષ્ટ્રના અડધોઅડધ જિલ્લાઓમાં સોમવારથી જ છૂટાછવાયા સ્થળે વરસાદ પડવાના સંજોગો રચાયા છે.

### ગીર સોમનાથ સહિત ત્રણ જિલ્લામાં સળંગ ચાર દિવસ મેઘમહેર, ગુરૂવારે જૂનાગઢ- અમરેલીમાં તો ભારે વરસાદ

દક્ષિણ- પશ્ચિમ રાજસ્થાન અને લાગુ વિસ્તારો પરથી અરબી સમુદ્ર સુધીનું ટ્રાફ તથા હરિયાણાથી માંડી પશ્ચિમી રાજસ્થાન થઈને ઉત્તર-પૂર્વીય અરબી સમુદ્ર પરનું સાયક્લોનિક સર્ક્યુલેશન વરસાદ લાવે એવી સંભાવના છે. હવામાન વિભાગે સોમવાર- તા. ૨૦મીએ

રાજકોટ

પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી અને દિવ તેમજ મંગળવારે ભાવનગર-અમરેલી-જૂનાગઢ-સોમનાથ અને દિવના કેટલાંક સ્થળે ગાજવાજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા દર્શાવી છે. આવો હળવો-મધ્યમ વરસાદ બુધવારે રાજકોટ જિલ્લામાં પણ થાય અને સુરેન્દ્રનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દિવ તથા બોટાદને પણ આવરી લે એવું અનુમાન છે. એ પછી, ગુરૂવારે દિવ- સૌરાષ્ટ્રના ઘણાખરા વિસ્તારો તેમજ કચ્છમાં પણ હળવો- મધ્યમ તથા તેમાંનાં જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં તો છૂટાછવાયા સ્થળે ભારે વરસાદ પડવાની પણ આગાહી કરવામાં આવી છે.

સુરતમાં રત્નકલાકાર તરીકે કાર્યરત હતા

## મોણપુરના રત્નકલાકારના અંગદાનથી પાંચ વ્યકિતઓને નવજીવન અને રોશની મળી

ભાવનગર, રવિવાર

વલ્લભીપુર તાલુકાના મોણપુર ગામના વતની અને છેલ્લા ૧૫ વર્ષથી સુરતમાં કતારગામ ખાતે સ્થાયી થયેલા યુવાન રત્નકલાકારનું દાંડી ખાતેથી પરત ફરતી વેળા બાઈક સ્લીપ થતા ગંભીર ઈજા થતા બ્રેઈનડેડ જાહેર થતા સદગતના પરિવારજનોની સંમતિથી તેના કિડની, લીવર અને ચક્ષુઓના અંગદાનથી પાંચ વ્યકિતઓને નવજીવન અને રોશની મળશે.

### દાંડી નજીક અકસ્માત થતા બ્રેઈનડેડ જાહેર કરાયા હતા

વલ્લભીપુરના મોણપુરના રહિશ ખેતીકામ સાથે સંકળાયેલા રાયસંગભાઈ ચૌહાણના યુવાન પુત્ર અને કતારગામની ડાયમંડ ફેકટરીના રત્નકલાકાર પૃથ્વીરાજસિંહ ચૌહાણ (રહે. અવધૂતનગર, કતારગામ,સુરત) ગત તા.૧૫મીએ મિત્રો સાથે દાંડી ખાતે ફરવા ગયા હતા. ત્યાંથી ઘરે પરત ફરતી વેળા જહાંગીરપુરાના સિલ્વર સ્ટોન પાસે બાઈક સ્લીપ થતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં ગંભીર ઈજા થતા બ્રેઈનડેડ જાહેર કરાતા પરિવારજનો પર વ્રજઘાત થયો હતો. દરમિયાન ડોનેટ લાઈફના સંપર્ક બાદ સદગતના પરિવારજનોએ અંગદાનની સંમતિ આપી હતી. જેથી દાનમાં મળેલી કિડની નવસારીની યુવતીને, બીજી કિડની સુરતના સિનિયર સિટીઝનને સુરતની હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયા હતા જયારે દાનમાં મળેલા બે ચક્ષુ બે જરૂરીયાતમંદને અપાયા હતા.સદગત પરિવારમાં પત્ની, ધો.૧૦ માં ભણતા પુત્ર ભવદિપસિંહ (ઉ.વ.૧૫) અને ધો.૮ માં ભણતા પુત્ર હિરેનસિંહ (ઉ.વ.૧૩)ને વિલાપ કરતા છોડી ગયા છે. સદગતના અંગદાનથી પાંચ વ્યકિતઓને નવજીવન આપી તેમના પરિવારજનોએ માનવતાની મહેંક ફેલાવી હતી.

અત્યાર સુધીમાં સૌથી ઉંચો પેસેન્જર ટ્રાફિકનો રેકોર્ડ

## રાજકોટ એરપોર્ટ પરથી એક મહિનામાં ૭૧૮૩૯ પેસેન્જરોએ મુસાફરી કરી

રાજકોટ, રવિવાર

કોરોના બાદ હવે સ્થિતિ સુધરતા રાજકોટ એરપોર્ટ પર પેસેન્જર ટ્રાફિકમાં સતત વધારો થઈ રહયો છે. છેલ્લા મે મહિનામાં અત્યાર સુધીનાં રેકોર્ડ બ્રેક ૭૧૮૩૯ પેસેન્જરોએ રાજકોટ એરપોર્ટ પરથી મુસાફરી કરી હતી. અગાઉનાં

રાજકોટ

એપ્રિલ મહિના કરતા મે મહિનામાં ૮૧૬૯ વધુ પેસેન્જરનો ટ્રાફિક રહયો હતો.

રાજકોટથી દિલ્હી - મુંબઈ ઉપરાંત ગોવા સહિતનાં શહેરોની એર કનેકટીવીટીથી એરપોર્ટ પર પેસેન્જર ટ્રાફિકમાં વધારો થયો છે. સતાવાર સુત્રોએ જણાંવ્યુ હતું કે માર્ચ ૨૦૨૨માં ૬૨૩૦૭ પેસેન્જરો, એપ્રિલમાં ૬૩૬૭૦ પેસેન્જર અને મે મહિનામાં વધીને ૭૧૮૩૯ પેસેન્જરોએ મુસાફરી કરી હતી. મે - જૂનમાં વેકેશનનો સમયગાળો હોવાથી અન્ય રાજયોમાં પરિવાર સાથે ફરવા જનાર વર્ગ મોટો હોવાથી પેસેન્જર ટ્રાફિક વધુ જોવા મળ્યો હતો. રાજકોટ એરપોર્ટ પરથી કાર્ગો ટ્રાફિક પણ વધી રહયો છે.



સૌરાષ્ટ્રમાં રવિવારે સવારથી વાતાવરણમાં પલટા સાથે ૨૦ જેટલા તાલુકા મથકોએ ઝાપટાથી ચાર ઈંચ વરસાદ દરસ્યો હતો. સૌથી વધુ વિસાવદરમાં ચાર ઈંચ તથા ગ્રામ્યમાં સાત ઈંચ સુધી મેઘમહેર થઈ હતી. રાજકોટમાં પણ અડધા ઈંચ વરસાદે માર્ગો પાણી-પાણી કર્યા હતા. ઊનાનાં સામતેર સહિતના ગામોમાં તોફાની ઝાપટાં સાથે બે ઈંચ જેવો વરસાદ પડ્યો હતો.

સૌરાષ્ટ્રમાં હળવા વિરામ બાદ ફરી મેઘમહેર વરસી

## વિસાવદરમાં ધોધમાર ચાર ઈંચ, ગ્રામ્ય પંથકમાં સાત ઈંચ વરસાદ

(પ્રતિનિધિઓ દ્વારા) રાજકોટ, રવિવાર

સૌરાષ્ટ્રમાં બે દિવસના હળવા વિરામ બાદ આજે ફરી મેઘસવારી આવી પહોંચી હતી. સૌથી વધુ વિસાવદરમાં ધોધમાર ચાર ઈંચ વરસાદ વરસી ગયો હતો. જ્યારે વિસાવદર અને જુનાગઢ પંથકનાં ગ્રામ્ય વિસ્તારોમાં પથી ૭ ઈંચ સુધીનાં ભારે વરસાદથી નદી-નાળા છલકાઈ ઉઠ્યા હતા અને કોઝવે પર પાણી ફરી વળવાથી અનેક માર્ગો પણ બંધ થયા હતા. રાજકોટ શહેરમાં પણ સાંજે અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. ગીર-સોમનાથ અને અમરેલી જિલ્લામાં આજે ઝાપટાથી બે ઈંચ સુધીની મેઘમહેર વરસતા ખેડૂતો ખુશ થઈ ગયા હતા.

### ઊના, ગીરગઢડા, સાવરકુંડલા, માળીયાહાટીના, અમરેલી, લાઠી, મેંદરડા, તાલાલા, ખાંભા, ભેંસાણ, રાજકોટમાં પણ અડધાથી દોઢ ઈંચ મેઘકૃપા

વિસાવદર પંથકમાં આજે બપોરે બાર વાગ્યા બાદ ધોધમાર વરસાદ શરૂ થયો હતો અને બે અઢી કલાકમાં ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદના કારણે વિસાવદર શહેરના રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. જ્યારે વિસાવદર તાલુકાના સુખપુર છાલડા વચ્ચે આવેલા પુલ પર પાણી ફરી વળતા આ બન્ને ગામનો રસ્તો બંધ થઈ ગયો હતો અને લોકો નદીમાં આવેલું પુર જોવા

રાજકોટ

ઉમટી પડ્યા હતા. જ્યારે ઝાંઝેરસર, પ્રેમપરા, ભુતડી, કાલસારી, નાના કોટડા, માંડાવડ સહીતના ગામોમાં પણ ચારથી પાંચ ઈંચ વરસાદ વરસ્યો અને ખેતરમાંથી પાણી વહેવા લાગ્યા હતા. જ્યારે પિયાવા તેમજ જંગલ વિસ્તારમાં એક દોઢ ઈંચ વરસાદ થયો હોવાનું જાણવા મળ્યું હતું.

આ ઉપરાંત જુનાગઢ તાલુકાના ઉમરાળા, પીપળીયા, બંધાળા, વિસ્તારમાં પણ ગાજવીજ સાથે પાંચ-છ ઈંચ વરસાદ થયો હતો. ઉતાવળી સહિતની નદી તેમજ વોંકળાઓમાં ભારે પુર આવ્યું હતું.

રાજકોટ શહેરમાં આજે બપોરે ચાર વાગ્યા બાદ ધીમી ધારે વરસાદ ચાલુ થયો હતો અને છ વાગ્યા સુધીમાં અડધો ઈંચ વરસી જતાં માર્ગો પર પાણી ફરી વળ્યા હતા.

ગીર-સોમનાથ જિલ્લામાં આજે ઝાપટાથી બે ઈંચ મેઘકૃપા વરસી હતી. જેમાં ઊનામાં સવારથી સાંજ સુધીમાં દોઢ ઈંચ તથા ગીરગઢડામાં એક અને તાલાલામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો.

**ક્યાં કેટલો વરસાદ ?**

| | |
|---|---|
| વિસા.ગ્રામ્ય | ૭.૦૦ |
| વિસાવદર | ૪.૦૦ |
| ઊના | ૧.૫૦ |
| ગીરગઢડા | ૧.૦૦ |
| સા.કુંડલા | ૧.૦૦ |
| મા.હાટીના | ૧.૦૦ |
| અમરેલી | ૦.૭૫ |
| લાઠી | ૦.૭૫ |
| મેંદરડા | ૦.૭૫ |
| તાલાલા | ૦.૫૦ |
| ખાંભા | ૦.૫૦ |
| ભેંસાણ | ૦.૫૦ |
| રાજકોટ | ૦.૫૦ |
| જસદણ | ૦.૫૦ |

એ.એસ.પી.નો પોલીસ ટૂકડી સાથે દરોડો

## ભ્રોજદે ગીરમાં ફાર્મ હાઉસમાં ચલાવાતું કૂટણખાનું ઝડપાયું

તાલાલા,તા.૧૯

તાલાલાના ગીરના જંગલમાં આવેલા કેટલાંક ફાર્મમાં સિંહ દર્શન ઉપરાંત દેહવ્યાપાર ચાલતો હોવાની અનેક ફરિયાદો ઉઠતા ગીર સોમનાથ જિલ્લાના એએસપીએ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફને સાથે રાખી એક ફાર્મમાં ડમી ગ્રાહક મોકલીને દરોડો પાડતાં કુટણખાનું પકડાયું હતુ. આ દરોડામાં પોલીસે પાંચ શખ્સોની ધરપકડ કરી છે.

### રૂમ ભાડે આપી દેહવ્યાપાર કરાતો હતો, પોલીસે ડમી ગ્રાહક મોકલીને પોલ ખોલી નાંખી, બે યુવતીને સાહેદ બનાવાઈ

વિશેષ વિગત મુજબ ગીરના જંગલમાં ભાડે રાખેલા ફાર્મમાં તાલાલાના બટુકભાઈ ઉર્ફે પરબતભાઈ કાનાભાઈ રામ દ્વારા આવતા જતા પર્યટકોને રૂમ ભાડે આપવા ઉપરાંત દલાલો મારફત બહારથી બોલાવેલી યુવતીઓ પાસે અનૈતિક વ્યવહાર કરાવવામાં આવતો હતો. આથી રૂદ્ર ફાર્મ હાઉસ પર પોલીસે એક ડમી ગ્રાહક મોકલીને દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન અનૈતિક પ્રવૃત્તિ ચલાવતા કૃણાલ વિનોદભાઈ રાજાણી (રહે.મેંદરડા), વિશાલ જયંતીલાલ ડોબરિયા (રહે.દાદર તા.વિસાવદર), રવિ બાગીસભાઈ ઉપાધ્યાય (રહેવાસી મુળ યુપી હાલ વાપી), પરેશ રણછોડ ગઢિયા (રહે.વરાછા સુરત), આહીર બટુકભાઈ ઉર્ફે પરબતભાઈ કાનાભાઈ રામ (રહેવાસી તાલાલા)ની ધરપકડ

ગિર સોમનાથ

કરીને ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એકટ હેઠળ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસે આપેલી વધુ વિગત મુજબ આ પ્રવૃતિમાં બે મહિલાઓ સામેલ હતી. આ યુવતીઓને યુપીનો રવિ બાગીસભાઈ ઉપાધ્યાય અને પરેશ રણછોડ ગઢિયા વરાછાવાળો ફાર્મ પર લાવતો હતો. આ કુકર્મ માટે ગ્રાહક પાસેથી રૂ.બે હજાર એક ગ્રાહક દીઠ લેવામાં આવતા હતા. જેમાંથી યુવતીને ગ્રાહક દીઠ એક હજાર રૂપિયા ચૂકવવામાં આવતા હતા. જયારે ફાર્મ હાઉસના રૂમ ભાડાના રૂ.૫૦૦ ભાડા પેટે વસુલવામાં આવતા હતા. તેમજ દલાલોને રૂ ૫૦૦ આપવામાં આવતા હતા. આજે દરોડા દરમિયાન ડમી ગ્રાહક સાથે એક યુવતી મળી આવી હતી. તેમજ ત્યાં દલાલો અને અન્ય બે શખ્સો મળી આવ્યા હતા.

### પાલિતાણા GIDCમાં અનાજનો રૂપિયા ૮ લાખનો જથ્થો સીઝ

પાલિતાણા, તા.૧૯

પાલિતાણા જીઆઈડીસીમાં ડાયમંડ માર્બલ નામના એકમના ગોડાઉનમાંથી પાલિતાણા મામલતદારને પૂર્વ બાતમી મળતા ત્વરીત પોતાના સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી જઈ ૧૭૦૦૦ કિલો ઘઉં-ચોખાનો જથ્થો અને એક પાંચ લાખના વાહન સહિત કુલ આઠ લાખનો મુદ્દામાલ સીઝ કરેલ છે.

પાલિતાણા શહેરમાં સરકારી અનાજનો કાળો કારોબાર કરી માતબર રકમ મેળવી લેતા કેટલાક વેપારીઓ સામે કાયદાનો કોરડો વિંઝાતા આવા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

## રાજયભરમાં ગુરૂવારથી ત્રણ દિવસ સુધી શાળાઓમાં પ્રવેશોત્સવ યોજવા તૈયારીઓ

રાજકોટ, રવિવાર

પ્રાથમિક શાળાઓમાં તા. ૧૩ મીથી નવા શૈક્ષણિક સત્રનો આરંભ થયા બાદ આગામી તા. ૨૩, ૨૪ અને ૨૫ જૂન ત્રણ દિવસ રાજયભરમાં શાળા પ્રવેશોત્સવ ઉજવવા તડામાર તૈયારીઓ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. દરમિયાન આવતીકાલે સોમવારે મુખ્યમંત્રી દરેક જિલ્લાની કલેકટરનાં અધ્યક્ષસ્થાન હેઠળની શાળા પ્રવેશોત્સવ સમિતિ સાથે બપોરે વિડીયો કોન્ફરન્સથી બેઠક કરશે. છેલ્લા ત્રણ વર્ષથી શાળાપ્રવેશોત્સવ યોજાયો નથી. કોરોના મહામારીને કારણે બે વર્ષ અને અને તેના અગાઉનાં વર્ષે વાવાઝોડાને કારણે શાળા પ્રવેશોત્સવ બંધ રાખવામાં આવ્યો હતો. આ વર્ષે આવુ કોઈ વિઘ્ન ન હોવાથી શિક્ષણ વિભાગે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ તા. ૨૩ મીથી ૨૫ જૂન સુધી યોજવાનું નકકી કરવામાં આવ્યુ છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં એક સાથે પ્રવેશોત્સવ યોજાશે.

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

### ભારતના મેચ અટકી ત્યારે ૩.૩ ઓવરમાં ૨ વિકેટે ૨૮

## આખરી નિર્ણાયક ટી-૨૦માં વરસાદનું વિઘ્ન, મેચ અનિર્ણિત જાહેર થતા શ્રેણી ૨-૨થી બરાબર રહી

બેંગ્લોર, તા. ૧૯

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની

**પાંચ ટી-૨૦ મેચની ઝલક**

* દિલ્હીમાં યોજાયેલી પ્રથમ મેચમાં ભારતના ૨૦ ઓવરોમાં ૨૧૧ રનને ચેઝ કરતા સાઉથ આફ્રિકાએ ૧૯.૧ ઓવર ઓવરોમાં ૨૧૨ રન ૩ વિકેટે બનાવ્યા હતા.
* કટકમાં રમાયેલી બીજી મેચમાં ભારતના ૨૦ઓવરોમાં ૬ વિકેટે ૧૪૮ રનનો ટાર્ગેટ પાર પાડતા સાઉથ આફ્રિકાએ ૧૮.૨ ઓવરોમાં ૧૪૯ રન કર્યા હતા.
* વિશાખાપટ્ટનમમાં રમાયેલી ત્રીજી મેચમાં ભારતના ૨૦ ઓવરોમાં પાંચ વિકેટે ૧૭૯ રન કર્યા હતા. જવાબમાં સાઉથ આફ્રિકા ૧૯.૧ ઓવરોમાં ૧૩૧ રનમાં ઓલઆઉટ થયું હતું.
* રાજકોટમાં રમાયેલી ચોથી ટી-૨૦માં ભારતના ૨૦ઓવરોમાં ૬ વિકેટે ૧૬૯ રનના જવાબમાં સાઉથ આફ્રિકા ૧૮.૫ ઓવરમાં ૮૭ રનમાં ઓલઆઉટ થયું હતું.
* બેંગ્લોરમાં રમાયેલી પાંચમી ટી-૨૦માં વરસાદે વિઘ્ન પાડતા મેચ અનિર્ણિત જાહેર થઈ. ભારતના ૨ વિકેટે ૨૮ (૩.૨)



પાંચમી અને આખરી નિર્ણાયક ટી-૨૦ મેચ વરસાદના વિઘ્નને લીધે અનિર્ણિત જાહેર થઈ હતી.

ટોસ થઈ ગયા બાદ મેચનો પ્રારંભ થાય તે અગાઉ જ વરસાદનું ઝાપટું પડ્યું હતું તે અટકી જતા નિયત સમય કરતા ૪૭ મિનિટ મોડી મેચ શરૂ થતા ચાહકોએ ખુશી અનુભવી હતી. જે ૧૯-૧૯ ઓવર રમાશે તેમ જાહેરાત થઈ હતી.

સાઉથ આફ્રિકાએ તમામ મેચમાં ટોસ જીત્યો હતો અને આજે ફિલ્ડીંગ લીધી હતી.

**સાઉથ આફ્રિકાએ ભારતમાં ટી-૨૦ શ્રેણી નહીં હારવાનો રેકોર્ડ અકબંધ રાખ્યો**

ઈશાન કિશને મહારાજાની ઈનિંગની પ્રથમ ઓવરમાં જ આક્રમક બેટિંગ કરી બે છગ્ગા ફટકાર્યા હતા. બીજી ઓવરના આખરી બોલે એન્ગીડીએ તેને બોલ્ડ કર્યો હતો. ભારતે ૨૦ રને પ્રથમ વિકેટ ગુમાવી હતી. તે પછી એન્ગીડીએ તેની બીજી અને ઈનિંગની ચોથી ઓવરના બીજા બોલે ઓપનર ગાયકવાડને પ્રીટોરિયસના હાથમાં ઝીલાવ્યો તે સાથે જ જોરદાર વરસાદ પડ્યો હતો. આ વખતે સ્કોર ૩.૨ ઓવરમાં બે વિકેટે ૨૮ રન હતો. પીચ અને ગ્રાઉન્ડના હિસ્સાને કવર કરી દેવામાં આવ્યા હતા પણ વરસાદે એવી રીતે વિઘ્ન પાડ્યું કે પરિણામ લાવવા માટે કમ સે કમ પાંચ ઓવરની મેચ રમાડવી પડે તે પણ શક્ય નહતું જણાયું. અમ્પાયરોએ રાત્રિના ૧૦-૧૦ના કટ ઓફ ટાઈમની રાહ જોયા વગર જ ૯.૫૦ની આસપાસ મેચ અનિર્ણિત જાહેર કરવાનો નિર્ણય લીધો હતો. આ સાથે ભારતમાં ટી-૨૦ શ્રેણી નહીં હારવાનો સાઉથ આફ્રિકાનો રેકોર્ડ અકબંધ રહ્યો હતો. તેઓ વન ડે શ્રેણી પણ ભારતમાં ૨૦૧૦ પછી નથી હાર્યા.

**ભારત**

| | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| કિશન કો. એન્ગીની | ૧૫ | ૭ | ૦ | ૨ |
| ગાયકવાડ કો. પ્રીટોરિયસ બો. એન્ગીની | ૧૦ | ૧૨ | ૧ | ૦ |
| ઐયર અણનમ | ૦ | ૧ | ૦ | ૦ |
| પંત અણનમ | ૧ | ૧ | ૦ | ૦ |
| વધારાના (લેગબાય ૧, વાઈડ ૧) | ૨ | | | |
| (૨ વિકેટે ૩.૩ ઓવરોમાં) | ૨૮ | | | |

વિકેટનો ક્રમ : ૧/૨૦ (કિશન, ૧.૬), ૨/૨૭ ઋતુરાજ ગાયકવાડ, ૩.૨)

બોલીંગ : મહારાજા ૧-૦-૧૬-૦, એન્ગીડી ૧.૩-૦-૬-૨, રબાડા ૧-૦-૫-૦.

### ભારતના દિગ્ગજ બેટ્સમેન સુનિલ ગાવસ્કરની ટકોર

## પંતે ભુલ સુધારવાની જરુર, શ્રેણીમાં ત્રણ વખત એક જ પ્રકારે વિકેટ ગુમાવી ચૂક્યો છે

નવી દિલ્હી, તા.૧૯

પંતની કેપ્ટન્સીમાં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની ટી ૨૦ શ્રેણી ૨-૨થી બરાબરીએ પૂર્ણ થઇ છે જેમાં પંત બેટિંગમાં બેજવાબદાર શોટ સાથે નિષ્ફળ રહ્યો છે.ભારતના દિગ્ગજ બેટ્સમેન સુનિલ ગાવસ્કર કેપ્ટન પંતની એક જ પ્રકારની ભુલ પર વાંરવાર આઉટ થવાની આદતને કારણે નારાજ છે. ગાવસ્કરે કહ્યું હતુ કે, પંતે તેની ભુલ સુધારવાની જરુર છે. તે આ શ્રેણીમાં એક જ પ્રકારે ત્રણ વખત વિકેટ ગુમાવી ચૂક્યો છે.

ગાવસ્કરે કહ્યું કે, ઓફ સ્ટમ્પથી બહારની તરફ જઈ રહેલા બોલ પર પંત સિક્સર ફટકારવાનો પ્રયાસ કરે છે અને તેમાં તે વિકેટ ગુમાવે છે. તેણે પોતાની આગળની ભુલમાંથી કોઈ સબક લીધો નથી.





**ઓફ સ્ટમ્પથી બહારના બોલ પર સિક્સર ફટકારવાનો પ્રયાસ તેને ભારે પડે છે**

સાઉથ આફ્રિકાના બોલરો તેને ઓફ સ્ટમ્પથી બહારની તરફ બોલ નાંખીને લલચાવે છે અને તે શોટ ફટકારવાના પ્રયાસમાં વિકેટ ગુમાવતો રહે છે. તેણે ઓફ સ્ટમ્પથી બહારની તરફના બોલ પર ઉંચા શોટ ફટકારવાનો પ્રયાસ જ છોડી દેવો જોઈએ.

કોમેન્ટ્રી દરમિયાન ગાવસ્કરે કહ્યું કે, લોકો ઈચ્છે છે કે, પંત ક્રિઝ પર આવતાવેંત ચોગ્ગા-છગ્ગા ફટકારે. તેણે છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં આ જ પ્રકારનો દેખાવ કર્યો છે. જોકે આવા જ શોટ ફટકારવા જતાં તે વિકેટ ગુમાવે છે. મારા મતે તેણે આત્મમંથન કરવાની જરુર છે.

તેમણે ઊમેર્યું કે, ભારત સતત બે ટી-૨૦ જીત્યું છે અને શ્રેણીમાં બરોબરી હાંસલ કરી ચૂક્યું છે. આવી સ્થિતિમાં તેણે થોડી રાહત અનુભવી હશે. હવે તેણે તેની બેટિંગ પર ધ્યાન આપવાની જરુર છે.

રાજકોટમાં રમાયેલી ચોથી ટી-૨૦ બાદ કેપ્ટન પંતે કબુલાત કરી હતી કે, હું ચોક્કસપણે મારી બેટિંગમાં કેટલાક સુધારા કરી શકું તેમ છું. જોકે તેનાથી હું ખાસ ચિંતિત નથી.

હું હકારાત્મક પાસા પર ધ્યાન આપતા આગળ વધવા ઈચ્છું છું. હવે અમારી નજર બેંગ્લોર પર છે અને ત્યાં અમે જીતવા માટે તમામ પ્રયાસ કરીશું.

પંતે હાલમાં ચાલી રહેલી સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦ શ્રેણીમાં અનુક્રમે ૨૯, ૫,૬ અને ૧૭ રન જ કર્યા હતા. ગાવસ્કરે એમ પણ ઊમેર્યું હતુ કે, જ્યારે ટીમના કેપ્ટન તરીકેની જવાબદારી હોય ત્યારે ઘણી વખત ખેલાડી પોતાની રમત પર ધ્યાન આપી શકતો નથી.

તેને ટીમના અન્ય ખેલાડીઓની રમત પર અને મેચની સ્થિતિ પર નજર રાખવી પડતી હોય છે. આવી સ્થિતિમાં ઘણી વખત કેપ્ટન તેની રમતના ટેકનિકલ પાસા પર ધ્યાન આપી શક્તો નથી.

### ૧૦.૬૭ સેકંડમાં સિધ્ધી મેળવી : બ્રિટનની નેઈતાને સિલ્વર

## પેરિસ ડાયમંડ લીગ : જમૈકાની ફ્રેસરે ૧૦૦ મીટર દોડનો ગોલ્ડ મેડલ જીત્યો



પેરિસ, તા. ૧૯

જમૈકાની શેલી-આન્ન-ફ્રેસર-પ્રાઈસે પેરિસ ડાયમંડ લીગ એથ્લેટિક્સ ઈવેન્ટમાં ૧૦૦મીટર દોડમાં ૧૦.૬૭સેકંડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો છે. આ સિઝનનો તેનો શ્રેષ્ઠ સમય પૂરવાર થયો છે.

૩૫ વર્ષીય શૈલીએ બ્રિટનની નીએતાને ૦.૩૨ સેકંડથી અને આઈવરી કોસ્ટની તા લાઉને ૦.૩૪ સેકંડથી પાછળ પાડી હતી. એટલે કે નીએતાએ સિલ્વર અને લાઉસે બ્રોન્ઝ જીત્યો હતો. શેલીનો આ ટાઈમ ઈતિહાસનો ૧૨માં ક્રમનો શ્રેષ્ઠ હતો.

**૧૦૦ મીટર હર્ડલ્સમાં અમેરિકાના એલેન અને ૪૦૦ મીટર દોડમાં બહામાસની ઉઈબો ચેમ્પિયન**

અન્ય એક ઈવેન્ટમાં અમેરિકાના ડેવોન એલેને મેન્સ ૧૧૦ મીટર હર્ડલ્સ ૧૩.૧૬ સેકંડના સમય સાથે પાર પાડી ગોલ્ડ મેડલ જીત્યો હતો. જોકે એલેનનો ભૂતકાળમાં આના કરતા વધુ સારો દેખાવ થઈ ચૂક્યો છે.

બહામાસની મિલર ઉઈબોએ મહિલા વિભાગની ૪૦૦ મીટર દોડની સ્પર્ધા ૫૦.૧૦ સેકંડના સમયમાં જીતી હતી.

૨૦૦ મીટર દોડમાં કેનેડા ઓલિમ્પિક ચેમ્પિયન ગ્રાસે નિરાશ કરતા ચોથો ક્રમ મેળવ્યો હતો.

### મહિલા સ્વિમરમાં સર્વોપરી : ફેલપ્સ (૨૬) અને લોકટે (૧૮) જ તેના કરતા આગળ

## વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશીપમાં અમેરિકાની લેડેકીએ રેકોર્ડ ૧૬મો ગોલ્ડ મેડલ જીત્યો

બુડાપેસ્ટ, તા. ૧૯

ટોકિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતીને નિરાશ થયેલી કેટી લેડેકીએ વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશીપમાં ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ તેનો કારકિર્દીનો ૧૬મો ગોલ્ડ મેડલ હતો. અન્ય ત્રણ મેડલ પણ તે જીતી હોઈ તેના કુલ મેડલનો આંક ૧૯ થયો છે.

**હંગેરીમાં શરૂ થયેલી સ્પર્ધામાં અમેરિકા અને ઓસ્ટ્રેલિયાનો પ્રભાવી દેખાવ : ૩ જુલાઈ સુધી શ્રેષ્ઠ સ્વિમરો વચ્ચે મુકાબલો**

સ્વિમિંગ જગતમાં હવે તેના કરતા અમેરિકાના જ માઈકલ ફેલ્પ્સ ૨૬ ગોલ્ડ અને રયાન લોકટેના ૧૮ ગોલ્ડ સાથે આગળ છે. બીજી રીતે કહીએ તો સૌથી વધુ સ્વિમિંગ ગોલ્ડ મેડલ કે કુલ મેડલ જીતનારી તે વિશ્વની મહિલા સ્વિમર છે.

૨૫ વર્ષીય લેડેકીને માટે આ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતવો આસાન હતો તેનું એક કારણ એ હતું કે ડિફેન્ડિંગ વર્લ્ડ અને ઓલિમ્પિક ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની ટિટમસે આ સ્પર્ધામાં ભાગ નથી લીધો. લેડેકીએ ૩ મીનીટ ૫૮.૧૫ સેકંડના સમય સાથે તેનો ઈવેન્ટ જીત્યો હતો. કેનેડાની ૧૫ જ વર્ષની મેકિન્ટોઝે સિલ્વર મેડલ અને અમેરિકાની સ્મિથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

લેડેકી આ ગોલ્ડ મેડલ જીતવાથી ખુશ હતી તેનું કારણ એ પણ હતું કે ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં આ તેનો સૌથી ફાસ્ટેસ્ટ ટાઈમ હતો. મિટમસ ૩.૫૬.૪૦ના સમય સાથે વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે.

મિટમસ આવતા મહિને બર્મિંગહામમાં યોજનાર કોમનવેલ્થ ગેમ્સ માટે હાલ તૈયારી કરી રહી હોઈ આ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા નથી ઉતરી.



### ૪૦૦ મીટર મેડલે ઈવેન્ટમાં ફ્રાંસના માર્ચેન્ડેને ગોલ્ડ

૪૦૦ મીટર મેડલે ઈવેન્ટમાં ફ્રાંસના માર્ચેન્ડે વર્લ્ડ ચેમ્પિયનશીપના રેકોર્ડ ટાઈમ ચાર મીનીટ ૪.૨૮ સેકંડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ તેની કારકિર્દીનું સૌપ્રથમ ટાઈટલ હતું. અમેરિકાના ફોસ્ટરે સિલ્વર અને કાલિઝે બ્રોન્ડ મેડલ જીત્યો હતો.વર્લ્ડ સ્વિમિંગ સ્પર્ધા ૩ જુલાઈ સુધી હંગેરીના બુડાપેસ્ટમાં યોજાયેલ છે.

### અમેરિકાની ટીમે ૪ x ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ જીત્યો



અમેરિકાએ ફોર બાય હન્ડ્રેડ મીટર ફ્રી સ્ટાઈલમાં ૩ મીનીટ ૯.૩૪ સેકંડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેઓનો દેખાવ એ હદે જોરદાર હતો કે વર્લ્ડ રેકોર્ડ ૧.૧ સેકંડ માટે તૂટતા રહી ગયો. અમેરિકાની આ વિજેતા ટીમમાં ડ્રેસેલ, હેલ્ડ, રીઝ અને કરીનો સમાવેશ થતો હતો. ઓસ્ટ્રેલિયાની ટીમ બીજા અને ઈટાલીની ટીમ બ્રોન્જ મેડલથી સંતુષ્ટ રહી હતી.

### મેન્સ ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ઓસ્ટ્રેલિયાનો સ્વિમર છવાયો



મેન્સ ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ઓસ્ટ્રેલિયાના ૨૨ વર્ષીય વિન્નીગ્ટને ૩.૪૧.૧૨૨ સેકંડના સમય સાથે તેની કારકિર્દીનો સૌ પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

સિલ્વર મેડલ જર્મનીના માર્ટેન્સે મેળવ્યો હતો. તે વિન્નીગ્ટન કરતા ૧.૬૩ સેકંડ પાછળ રહ્યો હતો. વર્લ્ડ ચેમ્પિયનશીપનો ત્રીજા નંબરનો શ્રેષ્ઠ ટાઈમ વિન્નીગ્ટને મેળવ્યો હતો. બ્રાઝિલના કોસ્ટાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

### પ્લેયર ઑફ ધ મેચ રોચની બીજી ઈનિંગમાં પાંચ વિકેટ

## વેસ્ટ ઈંડિઝે પ્રથમ ટેસ્ટમાં પ્રવાસી બાંગ્લાદેશને સાત વિકેટથી હરાવ્યું



નોર્થ સાઉન્ડ, તા. ૧૯

વેસ્ટ ઈન્ડિઝે પ્રવાસી બાંગ્લાદેશને પ્રથમ ટેસ્ટમાં આજે આખરી દિવસે ૭ વિકેટથી હરાવ્યું હતું. જીતવા માટ ૮૪ રન કરવાના હતા. ઓપનર કેમ્પબેલે છગ્ગો ફટકારી જીત અપાવી હતી તે ૫૮ રને અણનમ રહ્યો હતો. વિન્ડિઝે બીજી ઈનિંગમાં વિજયી રન ૩ વિકેટે પાર પાડ્યા હતા.

પ્લેયર ઓફ ધ મેચ ફાસ્ટ બોલર કેમાર રોચ જાહેર થયો હતો તેણે પ્રથમ ઈનિંગમાં ૨૧ રનમાં ૨ અને બીજી ઈનિંગમાં ૫૩ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. બે ટેસ્ટની શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝ ૧-૦થી સરસાઈ મેળવી લીધી છે.

બાંગ્લાદેશ પ્રથમ ઈનિંગમાં માત્ર ૧૦૩ રનમાં ખખડ્યું હતું જેમાં કેપ્ટન શાકીબ અલ હસને ૬૭ બોલમાં ૫૧ રન છ ચોગ્ગા અને એક ચોગ્ગા સાથે નોંધાવ્યા હતા. ઓપનર તમિલ ઈકબાલે ૨૯ રનનું યોગદાન આપ્યુંહતું રોચે અને સિલ્સ તેમજ જોસેફે ૨- ૨ વિકેટ ઝડપી હતી.

**જીતવા માટેના ૮૪ રન ૩ વિકેટે પાર પાડ્યા**

જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે ૧૬૨ રનની નિર્ણાયક લીડ પ્રાપ્ત કરતા પ્રથમ ઈનિંગમાં ૨૬૫ રનનો સ્કોર કર્યો હતો ઓપનર અને કેપ્ટન બાર્થવેઈટે ૨૬૮ બોલમાં ૯ ચોગ્ગા સાથે ૯૪ રન કર્યા હતા તે ૪૦૦ મિનિટ ક્રીઝ પર ઉભો રહ્યો હતો. બ્લેકવુડે ૬૩ રન, બોનરે ૩૨ રન કર્યા હતા. બાંગ્લાદેશ તરફથી મેહદી મિરાઝે ૫૯ રનમાં ૪ વિકેટ ઝડપી હતી.

બીજી ઈનિંગમાં બાંગ્લાદેશ ૨૪૫ રનમાં ઓલઆઉટ થયું હતું. કેપ્ટન શાકિબે ૬૩ અને વિકેટકીપર બેટ્સમેન નુરૂલ હસને ૬૪ રન સાથે લડત આપી હતી રોચે પાંચ અને જોસેફે ત્રણ વિકેટ ઝડપી હતી.

તે પછી વિન્ડિઝે ૮૪ રનનો ટાર્ગેટ ત્રણ વિકેટ ગુમાવીને પાર પાડ્યો હતો.

### એક તરફી ફાઈનલ મુકાબલામાં ચીનના ઝાઓને હરાવ્યો

## ડેન્માર્કના એક્સલસેન ઈન્ડોનેશિયા ઓપન બેડમિંટનમાં ચેમ્પિયન




જાકાર્તા,તા. ૧૯

ડેન્માર્કના વર્લ્ડ નંબર વન વિકટર એક્સલસેને ઈન્ડોનેશિયા ઓપન બેડમિંટનમાં ચેમ્પિયન બનતાં ચીનના ઝાઓ જુન પેંગને પરાજય આપ્યો હતો. વિકટરે સતત બીજા વર્ષે આ ટાઈટલ જીત્યું હતું. તેણે સાવ આસાનીથી ૨૧-૯, ૨૧-૧૦થી ફાઈનલમાં વિજય મેળવ્યો હતો. ઝાઓએ વિકટર પર હાવી થવા આક્રમક અને રેપિડ રમતનો વ્યૂહ અજમાવ્યો હતો. જે તેને ભારે પડ્યો હતો.

ઓલિમ્પિક ચેમ્પિયન વિકટર હજુ ગયા અઠવાડિયે જ ઈન્ડોનેશિયા માસ્ટર્સ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની આ ટુર્નામેન્ટમાં ઉતર્યો હતો.

સતત બે ટુર્નામેન્ટ જીતવી તેને સંતોષ આપતો હશે. કોરોનાના કપરા કાળ પછી પ્રથમ વખત પ્રેક્ષકોની હાજરીમાં આ ટુર્નામેન્ટ રમાઈ હતી.

**મહિલા સિંગલ્સનું ટાઈટલ તાઈવાનની યીંગે જીત્યું**

મહિલા સિંગલ્સની ફાઈનલ જો કે ભારે રસાકસીભરી નીવડી હતી. તાઈવાનની વર્લ્ડનંબર બે ખેલાડી યીંગે ચીનની વાંગ ઝીને ૨૩-૨૧, ૬-૨૧, ૨૧-૧૫થી પરાજય આપ્યો હતો.

મેન્સ વિભાગમાં ભારતનો પ્રણોય સેમિ ફાઈનલમાં પહોંચી પરાજીત થયો હતો.

**ત્રીજી વન ડે : શ્રીલંકાએ ૨૯૨ રનનો પડકાર ઝીલીને ઓસ્ટ્રેલિયાને ૬ વિકેટથી હરાવ્યું**

### ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમનો ૪ x ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં દબદબો



ફોર બાય હન્ડ્રેડ મીટર ફ્રી સ્ટાઈલ રીલે ઈવેન્ટમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ૩.૩૦.૯૫ના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ટીમમાં ઓ કાલગન, વિલ્સન, હેરિસ અને જેકનો સમાવેશ થતો હતો. કેનેડા સિલ્વર અને અમેરિકા બ્રોન્ઝ મેડલ જીતી શક્યું હતું. આ રસાકસીભરી સ્પર્ધામાં એક એક સેકંડનો જ ફર્ક રહ્યો હતો.

### કેનેડિયન ગ્રા પ્રી.માં વર્સટેપ્પનને પોલ પોઝિશન



રેડ બુલની ટીમનો મેક્સ વર્સટેપ્પન કેનેડિયન એફ-વન ગ્રા. પ્રી.માં પોલ પોઝિશન સાથે ઉતરશે. ક્વોલિફાઈંગમાં અલોન્સો બીજા, ફેરારીનો સેઈન્ઝ ત્રીજો અને સાત વખતનો વર્લ્ડ ચેમ્પિયન હેમિલ્ટન ચોથો રહ્યો હતો. વર્સટેપ્પનનો ક્વોલિફાઈંગ ટાઈમ ૨૧.૨૯૯ સેકન્ડ હતો. તે છેલ્લી પાંચમાંથી ચાર રેસ જીત્યો છે. તે બીજા નંબરના તેની જ ટીમના પેરેઝથી ૨૧ પોઈન્ટ અને ત્રીજા ક્રમના મર્સિડિઝ લેકલેર્કથી ૩૪ પોઈન્ટ આગળ છે.

## અગ્નિપથ યોજના

(પહેલા પાનાનું ચાલુ)

કે, આર્મી સોમવારે જાહેરનામું બહાર પાડશે. ત્યાર પછી ૧લી જુલાઈ સુધીમાં વિવિધ ભરતી યુનિટ્સના જાહેરનામા આવશે. અગ્નિપથ યોજના હેઠળ અંદાજે ૪૦,૦૦૦ અગ્નિવીરોની ભરતી માટે ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઑક્ટોબરમાં સમગ્ર દેશમાં ૮૩ રેલીઓ યોજવામાં આવશે. અગ્નિવીરોની બીજી બેચ આગામી વર્ષે ફેબ્રુઆરી સુધીમાં સૈન્યમાં જોડાઈ જશે. અંદાજે ૨૫,૦૦૦ અગ્નિવીરોની પહેલી બેચ ડિસેમ્બર સુધીમાં સૈન્યમાં જોડાઈ જશે.

**એરફોર્સમાં ડિસે.માં અગ્નિવીરોની પહેલી બેચ**

એરમાર્શલ એસ. કે. ઝાએ કહ્યું કે, એરફોર્સમાં અગ્નિપથની પહેલી બેચ માટે ૨૪મી જૂનથી રજિસ્ટ્રેશન શરૂ કરાશે. એક મહિના પછી ૨૪ જુલાઈથી ઓનલાઈન પરિક્ષા શરૂ કરાશે. અગ્નિવીરોની પહેલી બેચ ડિસેમ્બરમાં સામેલ કરાશે, ૩૦મી ડિસેમ્બરથી અગ્નિવીરોની તાલિમ શરૂ થઈ જશે. અગ્નિવીરોની સેવા શરતો નિયમિત સૈનિકો જેવી જ હશે.

**નેવીમાં અરજી પ્રક્રિયા ઓનલાઈન રહેશે : યુવાનો-યુવતીઓની ભરતી થશે**

વાઈસ એડરમિલ દિનેશ ત્રિપાઠીએ કહ્યું કે, નેવી ૨૫મી જૂન સુધીમાં ભરતી પ્રક્રિયા માટે વ્યાપક માર્ગદર્શિકા જાહેર કરાશે. નેવીમાં પણ ઓનલાઈન અરજી પ્રક્રિયા રહેશે. અગ્નિપથ યોજના હેઠળ યુવાનો અને યુવતીઓ બંનેની ભરતી કરાશે. અગ્નિવીરોની પહેલી બેચ ૨૧મી નવેમ્બરે તાલિમ સંસ્થાનોમાં રિપોર્ટ કરવા લાગશે.

**વર્ષમાં ૩૦ પેઈડ લીવ, અધવચ્ચે સેવા છોડવાની મંજૂરી નહીં**

અગ્નિવીરોને પહેલાથી નિશ્ચિત મેડિકલ ટેસ્ટમાંથી પસાર થવું પડશે. અગ્નિવીરો પણ એરફોર્સના અન્ય જવાનોને મળનારા પદક અને એવોર્ડ માટે લાયક હશે. તેમને વર્ષમાં ૩૦ પેઈડ લીવ મળશે. સીક લીવ ડોક્ટરોની ભલામણ મુજબ અપાશે. જોકે, વિશેષ પરિસ્થિતિઓને છોડીને તાલિમ વચ્ચેથી છોડવાની મંજૂરી નહીં મળે.

**અગ્નિવીરોએ હિંસક દેખાવોમાં સામેલ નહોતા તેવું સોગંદનામું આપવું પડશે**

જનરલ પુરીએ જણાવ્યું કે, ભારતીય સૈન્યનો પાયો શિસ્ત છે. આર્મીમાં આગજની, તોડફોડ અને હિંસા માટે કોઈ જગ્યા નથી.


અગ્નિપથ યોજના સામે દેશભરમાં થઈ રહેલા વિરોધ અંગે તેમણે કહ્યું કે, પ્રત્યેક અગ્નિવીરે માત્ર અગ્નિપથ જ નહીં કોઈપણ હિંસક આંદોલનમાં સામેલ નહોતા તેવું સોગંદનામું આપવું પડશે. કોઈની સામે એફઆઈઆર થઈ હોવાનું જણાશે તો તે આ યોજના હેઠળ સૈન્યમાં જોડાઈ શકશે નહીં.

**આર્મીમાં નજીકના સમયમાં અગ્નિવીરોની સંખ્યા ૧.૨૫ લાખ થશે**

જનરલ અનિલ પુરીએ કહ્યું કે અમે પાયાના સ્તરે ક્ષમતા નિર્માણ કરવા અને યોજનાનું વિશ્લેષણ કરવા માટે આ વર્ષે ૪૬,૦૦૦ અગ્નિવીરોની ભરતી સાથે શરૂઆત કરીશું. આગામી ૪-૫ વર્ષોમાં અગ્નિવીરોની સંખ્યા ૫૦ હજારથી ૬૦ હજાર થઈ જશે અને ત્યાર પછી વધીને ૧.૨૫ લાખ સુધી થઈ જશે.

**રાજ્યોની પોલીસમાં અગ્નિવીરોને અગ્રતાની જાહેરાત**

અગ્નિપથ યોજનાના વિરોધમાં દેશભરમાં થઈ રહેલા દેખાવો વચ્ચે અસમ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હરિયાણા, અરૂણાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને કર્ણાટક જેવા અનેક રાજ્યોએ પોલીસમાં અગ્નિવીરોને અગ્રતા આપવાની જાહેરાત કરી છે.

**ગુજરાત સમાચાર**

**હવે ટચુકડી અને ક્લાસીફાઈડ ડિસ્પ્લે જાહેર ખબર આપવી એકદમ સરળ**

**ટચુકડી (ક્લાસીફાઈડ)**
ફક્ત રૂ.૨૧/- પ્રતિ શબ્દ
Minimum 10 Words (GST Extra)

**ક્લાસીફાઈડ ડિસ્પ્લે**
ફક્ત રૂ.૨૫૦ પ્રોપર્ટી,
જ્યોતિષ ૨૮૦/- પ્રતિ કોલમ સેમી
(GST Extra) [Max 5 CM]

**જાહેરખબર આપવા ફક્ત એક કોલ કરો**

**ગુજરાત સમાચાર - ફોન : 8799236053**

- લાલગેટ - 99257 47731
- વરાછા રોડ - 90990 66998
- અડાજણ - 92276 55506
- ગજેરા સ્કૂલ - 99249 59528
- રાંદેર રોડ - 99790 44002
- વેસુ - 98243 88394


### ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

**જાહેર નિવિદા નં. ૮ (૨૦૨૨-૨૩)**

રાજ્ય સરકારશ્રી તરફથી બસ સ્ટેશન સુધારણા હેઠળ ફાળવવામાં આવેલ ફંડ તેમજ નિગમના સ્વભંડોળ અંતર્ગત **ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મુખ્ય બાંધકામ ઈજનેરશ્રી, બાંધકામ ખાતુ, પ્રથમમાળ, એસ.ટી. બસ ટર્મીનલ પાસે, રાણીપ, અમદાવાદ- ૩૮૨૪૮૦** તરફથી સરકારશ્રીમાં રજીસ્ટર્ડ થયેલ એજન્સીઓ પાસેથી નિગમ ખાતે સીવીલને લગતી **રૂા. ૧૮૧૯.૦૯** લાખની વિવિધ કામગીરીઓ માટે **''ઈ-૨'' અને ઉપરની કેટેગરી ધરાવતી એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડરીંગ/આર.પી.એ.ડી.થી** ભાવપત્રકો મંગાવવામાં આવે છે. નિવિદામાં નિર્દેશ કરેલ નીતિ નિયમોમાં બંધ બેસતી એજન્સીઓએ જ સદરહું કામગીરીના ટેન્ડરો ભરવાના રહેશે. આ અંગેના ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com ઉપરથી નિયત તારીખ સુધીના ઓનલાઈન ભરી શકાશે. આર.પી.એ.ડી.થી પાઠવવાના થતાં ટેન્ડરો તા. ૨૧-૦૬-૨૨ થી તા. ૦૫-૦૭-૨૨ સુધી ઉપર્યુકત સરનામે મળી શકશે. સંજોગોવશાત સદર નિવિદામાં સુધારા-વધારા કરવાના થશે તો તેની માહિતી www.nprocure.com ઉપર મુકવામાં આવશે.

**ક્રમાંક/સંમાનિ/અમદ/૫૧૬/૨૦૨૨**

### ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ

**''શ્રમભવન'', ભોંયતળીયે, રૂસ્તમ કામા માર્ગ, ખાનપુર, અમદાવાદ- ૩૮૦ ૦૦૧**
**ટેલીફોન નં. ૦૭૯-૨૫૫૦૨૨૭૧, ફેક્સ નં. ૦૭૯-૨૫૫૦૨૨૭૨**

**જાહેર નિવિદા**

| | |
|---|---|
| વિભાગનું નામ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ |
| પ્રોજેક્ટનું નામ | ૩ માસ માટે બાંધકામ શ્રમયોગીની ઈ-નિર્માણ પોર્ટલ પર નોંધણી માટેની સેવા પુરી પાડવા માટેની એજન્સીને ઓનલાઈન ઓફર આમંત્રિત કરવામાં આવે છે. |
| બીડ નંબર | Bid No. GEM/2022/B/2253605 |
| ટેન્ડરનો સમયગાળો | ૩ માસ |
| ટેન્ડરની શરૂઆતની તારીખ | ૧૭-૦૬-૨૦૨૨ |
| ટેન્ડરની અંતિમ તારીખ | ૨૭-૦૬-૨૦૨૨ સાંજે ૬.૦૦ કલાકે |

ઈચ્છુક અને રસ ધરાવતી સંસ્થાઓ/એજન્સીઓને ઉક્ત ટેન્ડરની પાત્રતા અને અન્ય શરતો અંગેની વિગતો https://www.gem.gov.in પરથી મળી રહેશે.

**વતી સભ્ય સચિવ**
**ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ**

**ક્રમાંક/સંમાનિ/અમદ/૫૧૦/૨૦૨૨**

### 108 EMERGENCY — વોક-ઈન ઈન્ટરવ્યૂ — GVK EMRI

**જી.વી.કે.ઈ.એમ.આર.આઈ. સંસ્થા ગુજરાત સરકાર સાથે પીપીપી મોડલ અંતર્ગત ૧૦૮ ઈમરજન્સી સેવાઓ રાજ્યના તમામ જરૂરિયાતમંદ નાગરિકોને આપત્કાલીન સમયની નીઃશુલ્ક તબીબી સેવામાં ૨૪*૭ કાર્યરત છે. જેમાં તાત્કાલિક ધોરણે ઈમરજન્સી મેડિકલ ટેકનીસિયનની ભરતીનું આયોજન નીચે જણાવેલ જિલ્લાઓમાં કરેલ છે.**

| | |
|---|---|
| ઈમરજન્સી મેડિકલ ટેકનીસિયન (ઈ.એમ.ટી.) | → લાયકાત : BSC/ GNM/ ANM/ HAT<br>→ અનુભવી / બિન અનુભવી<br>→ LMV લાયસન્સ અને ડ્રાઈવિંગ નો અનુભવ જરૂરી<br>→ ગુજરાતમાં કોઈપણ જગ્યા પર કામ કરવા માટે તૈયાર |
| સમય: સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી | |
| ૨૨-જૂન ૨૦૨૨ | → વડોદરા-૧૦૮ ઓફિસ, કલેક્ટર ઓફિસ કમ્પાઉન્ડ, ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર, લાલ કોઠી ચાર રસ્તા, વડોદરા.<br>→ રાજકોટ-૧૦૮ ઓફિસ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, એસ.ટી. બસ સ્ટેન્ડ નજીક, રાજકોટ<br>→ સુરત-૧૦૮ ઓફિસ, જુની સિવિલ હોસ્પિટલ, ગાંધી ગાર્ડન, ચોક બજાર, સુરત.<br>→ વલસાડ-૧૦૮ ઓફિસ, બ્લોક નો-૨, ટ્રોમા સેન્ટર, ગ્રાઉન્ડ ફલોર, જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ), વલસાડ.<br>→ પંચમહાલ-૧૦૮ ઓફિસ, કલેકટર કચેરીની સામે ડિઝાસ્ટર ઓફિસ ગોધરા, પંચમહાલ.<br>→ જૂનાગઢ-૧૦૮ ઓફિસ, જૂનાગઢ જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ, ગીતા લોજની સામે, જૂનાગઢ<br>→ ભરૂચ-૧૦૮ ઓફિસ, ટ્રોમા સેન્ટર, સિવિલ હોસ્પિટલ, ભરૂચ |
| ૨૪-જૂન-૨૦૨૨ | અમદાવાદ જીવીકે ઈમર્જન્સી મેનેજેન્ટ & રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ગુજરાત ૧૦૮ ઈમર્જન્સી મેનેજમેન્ટ સેન્ટર, નરોડા, કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ. |

વધુ માહિતી માટે સંપર્ક કરો : ૦૭૯(૨૨૮૧૪૮૯૬)/ ૭૨૨૭૯૧૩૧૦ ઈમેઈલ : dipen_sevak@emri.in

**ક્રમાંક/સંમાનિ/અમદ/૫૨૧/૨૦૨૨**

### ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર

**જાહેરાત**

આઝાદી કા અમૃત મહોત્સવ

ગુજરાત સાહિત્ય આકાદમી, ગાંધીનગર સંલગ્ન જુદી-જુદી છ અકાદમી ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, કચ્છી, સિંધી અને ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા કાર્યરત વિવિધ યોજનાઓ માટે ઓનલાઈન માધ્યમથી દરખાસ્તો આમંત્રિત કરવામાં આવે છે. શિષ્ટમાન્ય પુસ્તકોના પ્રકાશન માટે આર્થિક સહાય આપવાની યોજના, નવોદિત લેખકોને સર્જનાત્મક-લલિત સાહિત્યની મૌલિક કૃતિ પ્રગટ કરવા માટે આર્થિક સહાયની યોજના, પ્રશિષ્ટ કૃતિઓના અનુવાદ માટે આર્થિક સહાય આપવાની યોજના, ઉત્તમ મૌલિક બાળસાહિત્યનાં નિર્માણ અને પ્રકાશન માટે આર્થિક સહાય આપવાની યોજના, વૃદ્ધ અને સહાયપાત્ર લેખકોને માસિક આર્થિક સહાય આપવાની યોજના, શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક યોજના-૨૦૨૧ માટે આવેદન કરવાની અંતિમ તા. ૩૧-૧૨-૨૦૨૨ રહેશે. જ્યારે કાર્યક્રમ/પરિસંવાદ યોજવા માટે સાહિત્યિક/ શૈક્ષણિક/ સામાજિક સંસ્થાઓને સાહિત્યિક કાર્યક્રમ કરવા માટે આર્થિક સહાયની યોજનામાં આવેદનની અંતિમ તા. ૩૧-૦૧-૨૦૨૩ રહેશે. શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક યોજનામાં તા. ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ દરમ્યાન છપાયેલ પુસ્તકો જ માન્ય રહેશે. તમામ યોજનાઓ માટે ઓનલાઈન દરખાસ્ત અકાદમીનાં વેબ પોર્ટલ www.gujaratsahityaacademy.com પરથી કરવાની રહેશે. યોજનાની નિયમો અને શરતો વેબ પોર્ટલ પર આપેલ છે. આ અંગે વધુ માર્ગદર્શન માટે કચેરી સમય દરમ્યાન અકાદમીનાં હેલ્પ ડેસ્ક નં. 7621005656 પર ફોન કરી માહિતી મેળવી શકાશે.

**મહામાત્ર**
**ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર**

**માહિતી/૬૫૭/૨૨-૨૩**

## કોન્ફરન્સ બોર્ડના સર્વેમાં વિશ્વના ૭૫૦થી વધુ સીઈઓએ ભાગ લીધો

# વિશ્વના ૬૦ ટકા સીઈઓના મતે ૧૨ થી ૧૮ મહિનામાં વૈશ્વિક મંદી !

**વોશિંગ્ટન, તા. ૧૯**

**વિશ્વના ૬૦ ટકાથી વધુ ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરો (સીઈઓ)નું માનવું છે કે આગામી ૧૨થી ૧૮ મહિનામાં મંદી જોવા મળશે તેમ એક સર્વેમાં જણાવાયું છે. ૬૫ટકા સીઈઓનું માનવું છે કે તેમની કંપની જે વિસ્તારમાં કાર્ય કરી રહી છે ત્યાં અગાઉથી જ મંદી છવાઈ ગઈ છે. આ સર્વમાં ૭૫૦થી સીઈઓએ ભાગ લીધો હતો.**

## ૬૫ ટકા સીઈઓનું માનવું છે કે તેમની કંપની જે વિસ્તારમાં કાર્ય કરી રહી છે ત્યાં અગાઉથી જ મંદી છવાયેલી છે

કોન્ફરન્સ બોર્ડ દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે અત્યાર સુધી યુરો ઝોનમાં જીડીપીમાં વૃદ્ધિ જોવા મળી રહી છે પણ શું આ વૃદ્ધિ આગળ જળવાઈ રહેશે કે નહીં તે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે.

આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સતત વધી રહેલા ફુગાવાને કારણે લોકોની ખરીદ શક્તિ ઘટી રહી છે. બીજી તરફ યુક્રેનમાં યુદ્ધને કારણે વસ્તુઓના પુરવઠા ઉપર પણ પ્રતિકૂળ અસર પડી રહી છે. આ બંને કારણોને પગલે મંદીની વધુ શક્યતાઓ રહેલી છે.

આ દરમિયાન અમેરિકામાં મંદીની શક્યતાઓ વધી ગઈ છે. બેંક ઓફ અમેરિકા ગ્લોબલ રિસર્ચના જણાવ્યા અનુસાર આગામી વર્ષે અમેરિકામાં મંદી આવવાની શક્યતા ૪૦ ટકા રહેલી છે.

બીજી તરફ ૭૦ ટકા અગ્રણી શૈક્ષણિક અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે અમેરિકામાં આગામી વર્ષે અમેરિકા મંદીમાં ઘેરાઈ જશે. ફેડરલ રિઝર્વના જણાવ્યા અનુસાર ૨૦૨૧ના ચોથા કવાર્ટરથી લઈને ૨૦૨૨ના ચોથા કવાર્ટર સુધીમાં જીડીપી ૧.૭ ટકા રહેવાનો અંદાજ છે.

### GUJARAT STATE ELECTRICITY CORPORATION LIMITED

Vidyut Bhavan, Race Course, Vadodara, India - 390007.
Ph. 91-265-6612405
CIN: U40100GJ1993SGC019988
e-mail: cefuel.gsecl@gebmail.com
Website: www.gsecl.in

Azadi Ka Amrit Mahotsav

**પોન્ડ એશ**

માટી ની જગ્યાએ પોન્ડ એશ માંથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતી ઈંટો, બ્લોક, પેવર બ્લોક્સ બની શકે છે તદુપરાંત રોડ બનાવવા તેમજ અન્ય ઉપયોગમાં લઈ શકાય છે.

***તમારી પોન્ડ એશ/ફ્લાય એશની જરૂરીયાત માટે સંપર્ક :***

મુખ્ય ઈજનેર (ફયુઅલ),
ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ
ત્રીજો માળ, કોર્પોરેટ ઓફિસ, વિદ્યુત ભવન,
રેસકોર્સ, વડોદરા - ૩૯૦૦૦૭

**વધુ માહિતી તેમજ પોન્ડ એશ/ફ્લાય એશ મેળવવા અરજી** કરવાના નમુના માટે નીચે દર્શાવેલ વેબ સાઈટની મુલાકાત લેશો :

www.gsecl.in-->Business --> Ash Utilization

અથવા વેબ સાઈટ લીંક:

http://www.gsecl.in/index.php/business/pondash
E-Mail: cefuel.gsecl@gebmail.com
defac.gsecl@gebmail.com

**આપણી આગામી પેઢી માટે અમૂલ્ય ફળદ્રુપ માટી બચાવો.**

## શૌકત ચૌધરી ઉપરાંત નિવૃત્ત અધિકારીઓ સામે કેસ દાખલ

# રૂ. ૨૫ હજાર કરોડના રાશની જમીન કૌભાંડમાં ઉદ્યોગપતિના પરિસરોમાં સીબીઆઈના દરોડા

શ્રીનગર/નવી દિલ્હી, તા. ૧૯

સીબીઆઈએ રોશની જમીન ફાળવણીમાં કથિત કૌભાંડના સંદર્ભમાં આજે ઉદ્યોગપતિ શૌકત ચૌધરીના પરિસરોમાં દરોડા પાડ્યા હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સંદર્ભમાં ચૌધરી અને અન્યની વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યા પછી આ કાર્યવાહી કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સીબીઆઈએ ૧૫ જૂને ચૌધરી અને સેવાનિવૃત્ત આઈએએસ અધિકારીઓ અને શ્રીનગરના પૂર્વ આઈએએસ અધિકારીઓ મહેબૂબ ઈકબાલ અને શેખ એજાઝ ઈકબાલની વિરુદ્ધ એક નવો કેસ દાખલ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે સીબીઆઈએ એફઆઈઆરમાં અન્ય સેવાનિવૃત્ત અધિકારીઓના નામનો પણ ઉલ્લેખ કર્યો

### સુરત મહાનગરપાલિકા

FIT INDIA

**હાઈડ્રોલિક વિભાગ**

**સુરત શહેરના અમરોલી વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા/ ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. સુરત શહેરનાં નોર્થ ઝોન વિસ્તારમાં અમરોલી ખાતે આવેલ **ESR E-1** (નવા કોસાડ રોડ પર શાંતિ નગર સામે)ની ૫૦૦ મી.મી વ્યાસની આઉટલેટ લાઈન પર **FLOW CONTROL VALVE** લગાવવાની કામગીરી તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ હાથ ધરવામાં આવનાર હોય, અમરોલી વિસ્તારની ૨૪x૭ યોજના હેઠળની ટાંકી **ESR E-1** ના નેટવર્ક હેઠળના અમરોલી ચાર રસ્તાથી અમરોલી ગામ તરફના રોડની બે બાજુના સોસાયટી તથા ફળીયા, અમરોલી ગામતળ, અમરોલી કોલેજની આજુબાજુની સોસાયટી, ઉત્રાણ રેલ્વે ગરનાળાથી સાંઈમંદિર થઈ માનસરોવર સુધીનો વિસ્તાર તથા અમરોલી ચાર રસ્તાથી છાપરાભાઠા રોડ પર અમરદીપ સોસાયટી સુધી રોડની બંને બાજુનો વિસ્તારમાં પાણી પુરવઠો તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ પુરો પાડી શકાશે નહી તેમજ તા.૨૨/૦૬/૨૦૨૨ ના રોજ સદર વિસ્તારોમાં પાણી પુરવઠો ઓછા પ્રેશરથી મળવાની શક્યતા રહેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવા તથા ઉપરના અસરકર્તા દિવસો પહેલા પુરતા જથ્થામાં જરૂરીયાત મુજબના પાણીના જથ્થાનો સંગ્રહ કરી લેવા તેમજ કરકસર પૂર્વક પાણીનો વપરાશ કરવા વિનંતી કરવામાં આવે છે.

શહેરના ઉપરોક્ત વિસ્તારના નાગરીકોને પડનાર તકલીફો સબબ દિલગીરી વ્યક્ત કરવામાં આવે છે અને સહકાર આપવા આથી વિનંતી કરવામાં આવે છે.

**નં.પી.આર.ઓ./૧૫૭/૨૦૨૨-૨૩**
**તા.૧૮/૦૬/૨૦૨૨**

**એડી.સીટી ઈજનેર**
**સુરત મહાનગરપાલિકા**

### સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
### નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર
### કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલ બાબત

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ખાતા હસ્તકની નીચે મુજબની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in) કરવામાં આવે છે.

1. Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1) (With FreeshipCard & Without FreeshipCard Both)
2. pre Matric scholarship for SC students (Std. 9 & 10) (BCK-35)
3. Pre.Matric Scholarship to the children whose parents are engaged in occupations involving Cleaning and Prone to Health Hazards (BCK-4)

ઉપર મુજબની યોજનાઓ અંતર્ગત વર્ષ : ૨૦૨૨-૨૩થી કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ વિદ્યાર્થીઓનું National Scholarship Portal (NSP) (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. જે વિદ્યાર્થીએ NSP પોર્ટલ (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ લઈ શકશે. National Scholarship Portal પોર્ટલ પર વર્ષ : ૨૦૨૨-૨૩નું રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયેલ છે.

ઉક્ત યોજનાઓ પૈકી ક્રમ નં.૧ પરની યોજના અંતર્ગત National Scholarship Portal (NSP) પર વિદ્યાર્થીઓએ જાતે જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જ્યારે ક્રમ નં : ૨ તથા ક્રમ નં : ૩ પરની યોજનાઓની તમામ કામગીરી શાળાના આચાર્યશ્રી મારફત કરવામાં આવતી હોય તે યોજના અંતર્ગત National Scholarship Portal (NSP) પર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેસન જે તે શાળાના આચાર્યશ્રીએ કરવાનું રહેશે.

* National Scholarship Portal (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવાની પદ્ધતિ.

→ કેંદ્ર સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાની વેબસાઈટઃ https://scholarships.gov.in ઓપન કરી "New Registration" પર કલીક કરવું.
→ "New Registration" કલીક કર્યા બાદ "Register for Pre-Matric Scholarship and Post Matric Scholarship Scheme for SC Students for AY 2022-23" પર કલીક કરવું.
→ ત્યારબાદ જરૂરી તમામ સૂચનાઓ વાચી "Undertaking" આપી "Continue" બટન પર કલીક કરવું.
→ ત્યારબાદ માંગવામાં આવેલ તમામ વિગતો સાવચેતીપૂર્વક ભરી "Register" બટન પર કલીક કરવાનું રહેશે.
→ ત્યારબાદ જે નંબર પોર્ટલ દ્વારા જનરેટ થાય છે તેને સાચવીને રાખવાનો રહેશે અને આ નંબર જ્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરવામાં આવે ત્યારે ઓનલાઈન નાખવાનો રહેશે. ઉક્ત યોજનાઓમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કેવી રીતે અરજી/દરખાસ્ત કરવાની છે તેની સમજ દર વર્ષે શાળા/ કોલેજને જે પરીપત્ર મોકલવામાં આવે છે તેમાં અલગથી આપવામાં આવશે.

વર્ષ : ૨૦૨૨-૨૩થી ઉક્ત દર્શાવેલ ૩ યોજનાઓ અંતર્ગત જે વિદ્યાર્થીએ National Scholarship Portal પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી/દરખાસ્ત કરી શકશે જેની તમામ વિદ્યાર્થીઓ / આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે. વધુ માહિતી માટે આચાર્યશ્રીઓએ જિલ્લાકક્ષાએથી મળેલ પરીપત્રમાં આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે. તેમજ વિદ્યાર્થીઓએ જિલ્લાની નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

**નિયામક**
**અનુસૂચિત જાતિ કલ્યાણ**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**માહિતી/૬૫૧/૨૨-૨૩**

### ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકારનું ઉપક્રમ)

**બ્લોક નં. ૩,૪,૫ પ્રથમ માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર- ૩૮૨૦૧૧.**
**ફોન નં. (૦૭૯) ૨૩૨૫૦૬૩૨, ૩૪ થી ૩૭ ફેક્સઃ- ૯૫-૭૯-૨૩૨૫૦૫૮૭.**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, નિગમની નીચે દર્શાવ્યા મુજબની ઔદ્યોગિક વસાહત ખાતે ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ મેળવવા માટે ઓનલાઈન પદ્ધતિથી અરજીઓ તા. ૨૦-૦૬-૨૦૨૨ થી તા. ૦૫-૦૭-૨૦૨૨ સુધી મંગાવવામાં આવે છે.



| અ.નં. | રીજીયનનું નામ | વસાહતનું નામ |
|---|---|---|
| ૧ | સુરત | બારડોલી (મીયાવાડી) જનરલ |

ઉપરોક્ત વસાહતમાં ઉદ્યોગ સ્થાપવા માટે રસ ધરાવતા અરજદારોએ ઉપર જણાવ્યા મુજબ નિગમની વેબસાઈટ www.gidc.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરતા સમયે જ અરજી સંદર્ભેના જરૂરી દસ્તાવેજો અરજદાર દ્વારા અપલોડ કરવાના રહેશે. અરજી સંદર્ભે વધુ માહિતી માટે જે તે પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરીનો સંપર્ક સાધવાનો રહેશે. સંલગ્ન પ્રાદેશિક કચેરીનું સરનામું નિગમની વેબસાઈટ "www.gidc.gujarat.gov.in'' અથવા નીચેની લીંક પરથી મળશે.

* સદર વસાહતનો અંદાજીત ફાળવણીદર રૂા. ૨૩૬૦/- પ્રતિ ચો.મી. છે. આખરી ફાળવણીદર નિયત થયેથી ફાળવણીદાર ભરવા માટે બંધનકર્તા રહેશે.

https://gidc.gujarat.gov.in/Contactus.html#Regional

તા. -૦૬-૨૦૨૨
ગાંધીનગર.

**સહી/-**
**એમ. થેન્નારસન**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**
**જીઆઈડીસી ગાંધીનગર**

માહિતી/૬૪૭/૨૨-૨૩



**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માન.વડાપ્રધાન

SWACHH SURVEKSHAN 2022 | FIT INDIA | Surat SMART CITY | સત્યમેવ જયતે ગુજરાત સરકાર | આઝાદી નો અમૃત મહોત્સવ | Yoga for Harmony & Peace



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માન.મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

# સુરત મહાનગરપાલિકા

## જાહેર નિમંત્રણ

## તા. ૨૧ જૂન ૨૦૨૨ ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''

**માનવતા માટે યોગ**

**રાજ્યના ૧ કરોડ ૨૫ લાખ લોકોનું એક સાથે યોગ પ્રદર્શન**

- **''આઝાદીના અમૃત મહોત્સવ''ની ઉજવણીના ભાગરૂપે રાજ્યના ૭૫ ઐતિહાસિક સ્થળો પર યોગ પ્રદર્શન**
- **આપના રહેઠાણની નજીકના વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટ, ગાર્ડન જેવા વિવિધ સ્થળોએ 'યોગ કાર્યક્રમ'માં જોડાવા જાહેર નિમંત્રણ છે.**

**આ વૈશ્વિક આયોજનમાં આપ પણ ભાગ બનો**
**યોગના માધ્યમથી મેળવો સ્વાસ્થ્ય અને સુખાકારી**

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૨ની ભવ્ય ઉજવણી પ્રસંગે**

**શુભારંભકર્તા**

**શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા**
માન. મેયર

**મુખ્ય મહેમાન**

**શ્રીમતી દર્શનાબેન જરદોશ**
માન. કેન્દ્રીય રાજ્યમંત્રી, વસ્ત્ર અને રેલવે મંત્રાલય, ભારત સરકાર

**શ્રી સી. આર. પાટીલ**
માન. સંસદસભ્ય

**શ્રી પરભુભાઈ વસાવા**
માન. સંસદસભ્ય

**અતિથિ વિશેષ**

**શ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર)** — માન. ધારાસભ્ય
**શ્રીમતી સંગીતાબેન પાટીલ** — માન. ધારાસભ્ય
**શ્રીમતી ઝંખનાબેન પટેલ** — માન. ધારાસભ્ય
**શ્રી વિવેકભાઈ પટેલ** — માન. ધારાસભ્ય
**શ્રી કાંતિભાઈ બલર** — માન. ધારાસભ્ય
**શ્રી પ્રવીણભાઈ ઘોઘારી** — માન. ધારાસભ્ય
**શ્રી અરવિંદભાઈ રાણા** — માન. ધારાસભ્ય
**શ્રી વી. ડી. ઝાલાવડિયા** — માન. ધારાસભ્ય
**શ્રી દિનેશભાઈ જોધાણી** — માન. ડે. મેયર
**શ્રી પરેશભાઈ પટેલ** — માન. અધ્યક્ષ, સ્થાયી સમિતિ
**શ્રી અમિતસિંગ રાજપૂત** — માન. નેતા, શાસક પક્ષ
**શ્રી વિનોદભાઈ પટેલ** — માન. દંડક, શાસક પક્ષ
**શ્રીમતી પુર્ણિમાબેન એચ. દાવલે** — માન. અધ્યક્ષા, સમાજ કલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ

**તારીખ : ૨૧ જૂન ૨૦૨૨, સમય : સવારે ૫.૪૫ કલાકે • સ્થળ : એરપોર્ટ, આઈકોનિક રોડ, સુરત.**


નં.પી.આર.ઓ./૧૫૯/૨૦૨૨-૨૩
તા.૨૦-૦૬-૨૦૨૨

સુરત મહાનગરપાલિકાને હંમેશા સાથે રાખો
સુરત મહાનગરપાલિકાની મોબાઈલ એપ ડાઉનલોડ કરો

**બંછાનિધિ પાની, IAS**
કમિશનર
સુરત મહાનગરપાલિકા
















**યુપીના ગહમર ગામના ૧૦૦૦૦થી વધુ યુવાનો આર્મીમાં સેવા આપે છે :** ઉત્તરપ્રદેશના ગાજીપુરથી ૪૦ કિમી દૂર ગહમર નામનું એક ગામ આવેલું છે. નગર પંચાયત જેટલી વસ્તી ધરાવે છે તેમ છતાં ગ્રામ પંચાયત દ્વારા વહિવટ થતો હોવાથી ગહમર માત્ર ભારતનું જ નહી એશિયાનું સૌથી મોટું ગામ ગણાય છે. આ ગામની સ્થાપના ઈસ ૧૫૩૦માં સિકરવાર વંશના રાજપુતોએ કરી હતી. ગામના લોકોની આજીવિકાનો મુખ્ય આધાર ખેતી અને પશુપાલન છે. જો કે ૬૧૮ હેકટર વિસ્તારમાં ફેલાયેલા આ ગામની વિશેષતા આટલી જ નથી. આ ગામના ૧૦ હજારથી વધુ યુવાનો ઈન્ડિયન આર્મીમાં સેવા આપી રહયા છે એટલું જ નહી ગામમાં ૫૦૦૦થી વધુ નિવૃત સૈનિકો રહે છે. બુલંદ શહેર પાસે આવેલા સૈદપુરની જેમ આ ગહમર ગામમાં પણ પરીવારનો કોઈ સભ્ય આર્મીમાં ફરજ બજાવતો ના હોય એવું એક પણ ઘર બાકી નથી. આ ગામના સપૂતો ભારતીય સેનામાં સૈનિકથી શરુ કરીને કર્નલ સુધી પણ પહોંચ્યા છે. દરેક ઘરમાં સૈનિકની તસ્વીરો, આર્મીની વર્દી અને શોકેઝમાં નાની મોટી સિધ્ધિઓના મેડલ જોવા મળે છે. આર્મીના જવાનો પેદા કરતી આ નર્સરીમાં દેશભકિતનો ફાલ સતત આવતો જ રહે છે. માતા પિતા પોતાના સંતાનને આર્મીમાં મોકલવામાં જરાં પણ ખચકાતા નથી. ગહમર કુલ ૨૨ જેટલા ટોલા (પરા)માં વહેંચાયેલું છે. ગામના દરેક પરાનું નામ કોઈ વીર શહિદના નામ પરથી રાખવામાં આવ્યું છે. ગામના સેંકડો યુવાનો ગંગા નદીના કાંઠે આવેલા મઠિયા ચોક પાસે સવાર અને સાંજે આર્મીમાં ભરતી થવાની તૈયારીઓ કરતા નજરે પડે છે. આર્મીમાં ભરતીના ઉંચા બેંચમાર્કને મેળવવામાં પોતાની મેળે જ પાવરધા બને છે. ગામમાં પૂલ અપ બાર, ડિપ બાર અને ૪૦૦ મીટર સુધી દોડવાનો ટ્રેક તૈયાર કરાયો છે. ગામમાં બુલાકીદાસ બાબાનું મંદિર આવેલું છે. આર્મીમાં જોડાવાની તૈયારી કરતા યુવાનો આ ધાર્મિક સ્થળને જ પ્રેરણાનો સ્ત્રોત માને છે. આ ગામનું સંતાન ૧૦ માં ધોરણમાં અભ્યાસ કરતું હોય ત્યારથી જ આર્મી માટેની તૈયારીઓનો આરંભ કરી દે છે. એક સમય એવો હતો કે ભારતીય સેના ગહમર ગામમાં જવાનોની ભરતી માટે ખાસ શિબિરનું આયોજન કરતી હતી પરંતુ ૧૯૮૬ પછી કોઈ પણ કારણોસર બંધ કરી દેવાયું છે. વેકેશનના માહોલમાં આ ગામ સૈન્ય છાવણીમાં ફેરવાઈ જાય છે. ગહમરનું રેલ્વે સ્ટેશન ૧૧ ટ્રેનોનું સ્ટોપ છે. આ ટ્રેનમાંથી કોઈને કોઈ સૈનિક ઉતરતો કે ચડતો અચૂક જોવા મળે છે. આ ગામને આર્મી સાથે એટલો વિશેષ નાતો છે કે કેટલાક પરીવારોની તો પાંચમી પેઢી આર્મીમાં ફરજ બજાવે છે. ભારતમાં અંગ્રેજોની હકુમત હતી ત્યારે પણ ગહમરના સપૂતો બ્રિટીશરોની ભારતીય આર્મીમાં ભરતી થતા હતા. પ્રથમ વિશ્વયુધ્ધ (૧૯૧૪ થી ૧૯૧૯)માં ગહમર ગામના ૨૨૮ સૈનિકોએ ભાગ લીધો હતો જેમાં ૨૧ જવાનો શહીદ થયા હતા. ગામમાં એક સ્મારક તકતી પરનું લખાણ તેની ગવાહી પુરે છે.૧૯૬૨ માં ઈન્ડો ચાઈના યુધ્ધ, ૧૯૬૫ અને ૧૯૭૧માં ભારત પાક યુધ્ધ અને ૧૯૯૯માં કારગિલની લડાઈમાં પણ ગહમરના યુવાનોએ ભાગ લીધો હતો. ઈસ ૧૮૫૭માં અંગ્રેજો સામે થયેલા પ્રથમ સ્વાતંત્રતા સંગ્રામમાં ભૂમિકા ભજવનારા મગરસિંગ પણ મગહરની ધરતીના જ સપૂત હતા. પેઢી દર પેઢી ચાલી આવતી માતૃભૂમિનું રક્ષણ કરવાની ભાવનામાં જરાય ઓટ આવી નથી. ગહમર ગામના ભૂતપૂર્વ સૈનિકોએ ભેગા થઈને પૂર્વ સૈનિક સેવા સમિતિ નામનું સંગઠન બનાવ્યું છે.જે પંથકના યુવકોને આમીમાં ભરતી થઈને દેશ સેવા કરવા પ્રોત્સાહિત કરે છે. ગામમાં ૧૦ થી વધુ સ્કૂલો અને ૨ ડિગ્રી કોલેજ છે. દરેક યુવાનનું પ્રથમ સપનું આર્મીમાં જોડાવાનું હોય છે. જો કે આ મગહર ગામે માત્ર સૈનિકો જ નહી સાહિત્યકારો પણ આપ્યા છે. પ્રસિધ જાસુસી ઉપન્યાસકાર ગોપાલરામ ગહમરી, ગીતકાર ભોલાનાથ ગહમરી, પ્રદિપ પાંડે પુષ્કલ, મિથલેશ ગહમરી, આનંદ ગહમરી અને ફજીહત ગહમરી વગેરેનો સમાવેશ થાય છે.


**ભારત જ નહી એશિયાનું સૌથી મોટું ગામ ગણાતા ગહમરના સપૂતો ભારતીય સેનામાં સૈનિકથી શરુ કરીને કર્નલ સુધી પહોંચ્યા છે. ગામમાં ૫ હજારથી વધુ નિવૃત સૈનિકો રહે છે. આર્મીમાં કોઈ પરીવારજન ફરજ બજાવતા ના હોય એવું એક પણ ઘર નથી.**

શ્રદ્ધા ચંદેરી કેવી રીતે પહોંચી તેની કથા કહેવાશે

## સિક્વલની હોડ વચ્ચે શ્રદ્ધા કપૂરની 'સ્ત્રી'ની પ્રિક્વલ બનાવવા નિર્ણય

મુંબઈ, તા. ૧૯

હિંદી ફિલ્મ જગતમાં સિક્વલ બહુ બધી બની છે પરંતુ પ્રિક્વલ પર બહુ જુજ કેસમાં હાથ અજમાવાયો છે. શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની હિટ હોરર કોમેડી સ્ત્રીની પ્રિક્વલ બનાવવાની જાહેરાત થઈ છે. તેમાં આ બધાં પાત્રો ચંદેરી ગામમાં પહોંચ્યાં પહેલાં ક્યાં કઈ સ્થિતિમાં હતા તેની કથા કહેવામાં આવશે એવો દાવો કરાઈ રહ્યો છે.



નવા સ્ટોરી આઈડિયા સાથે ફિલ્મ હિટ થશે કે કેમ તેવો આત્મવિશ્વાસ સર્જકોએ ગુમાવી દીધો છે. સ્ત્રી, ભેડિયા અને રુહી ફિલ્મોનું એક યુનિવર્સ રચવા પ્રયાસ થઈ રહ્યો છે. મતલબ કે આ ફિલ્મોનાં પાત્રો એકબીજાની ફિલ્મોમાં એન્ટ્રી કરશે. હોલિવુડમાં આ પ્રકારનાં યુનિવર્સના પ્રયાગો થયા છે. હિંદી ફિલ્મોમાં સૂર્યવંશીમાં સિંઘમ અને સિંબા બંનેના પાત્રોની એન્ટ્રી થઈ હતી. હવે શાહરુખ ખાનની પઠાણમાં પણ સલમાન ખાનના ટાઈગરના રોલની એન્ટ્રી હશે.

આ જ લાઈન પર સ્ત્રી, ભેડિયા અને રુહીના પાત્રોનું હોરર કોમેડીનું યુનિવર્સ બનાવવા પ્રયાસ થઈ રહ્યા છે.

**એક ફિલ્મ હિટ થયા બાદ તેને રિસાઈકલ કરતા બોલિવુડ સર્જકો, ભેડિયા ફિલ્મમાં શ્રદ્ધાનું સ્ત્રીનું પાત્ર હશે**

રાંચી કોર્ટમાં ફિલ્મ રિલીઝ અટકાવવા કેસ થયો

## વાર્તાની ઉઠાંતરીના કેસમાં જુગ જુગ જિયોનું રાંચી કોર્ટમાં કાલે સ્ક્રિનિંગ

મુંબઈ, તા. ૧૯

વરુણ ધવન અને કિયારા અડવાણીની ફિલ્મ જુગ જુગ જિયોનું તા. ૨૧મી જુને રાંચીની કોર્ટમાં સ્ક્રિનિંગ થશે. આ ફિલ્મમાં પોતાની વાર્તાની ઉઠાંતરી કરવામાં આવી હોવાના લેખકના દાવાના સંદર્ભમાં કોર્ટે આ નિર્ણય કર્યો છે.

લેખક વિશાલ સિંઘના દાવા અનુસાર પોતે બન્ની રાની નામની ફિલ્મ ધર્મા પ્રોડક્શનને અગાઉ મોકલી હતી. કેટલાક ઈમેઈલની આપલે થયા બાદ પ્રોડક્શન હાઉસે એ વાર્તા પાછી મોકલી દીધી હતી. જોકે જુગ જુગ જિયોની ટ્રેલર રિલીઝ થયા બાદ પોતાને ખ્યાલ આવ્યો તો કે પ્રોડક્શન હાઉસે વાસ્તવમાં એ વાર્તા પરથી ફિલ્મ બનાવી દીધી છે પણ પોતાને કોઈ જાણ કરાઈ નથી કે ક્રેડિટ અપાઈ નથી. તેમણે આ મુદ્દે રાંચી સિવિલ કોર્ટમાં કમર્શિઅલ સૂટ ફાઈલ કર્યો છે. આ દાવાની સુનાવણી દરમિયાન ધર્મા પ્રોડક્શનના વકીલ પણ જવાબ આપવા હાજર થયા હતા. કોર્ટે સુનાવણી દરમિયાન ઠેરવ્યું હતું કે તા. ૨૧મી જુને ફિલ્મનું સ્ક્રિનિંગ કરવામાં આવે. આ સ્ક્રિનિંગના આધારે નક્કી કરાશે કે આ ફિલ્મની વાર્તા ઉઠાંતરી કરેલી હોવાનો દાવો સાચો છે કે નહીં. તેના આધારે કોર્ટ કોઈ ફેંસલો આપી શકે છે. આ પહેલાં ફિલ્મનું નચ પંજાબન સોંગ પણ એક પાકિસ્તાની સિંગરના સોંગની બેઠી ઉઠાંતરી હોવાનો દાવો થઈ ચૂક્યો છે.

**ધર્મા પ્રોડક્શનને અગાઉ મોકલાયેલી વાર્તા મૂળ લેખકને ક્રેડિટ વિના બેઠી ઉઠાવાઈ છે કે નહીં તેની તપાસ થશે**


બોયકોટ બ્રહ્માસ્ત્ર ટ્રેન્ડ થતાં મેકર્સ દ્વારા ખુલાસો

## બ્રહ્માસ્ત્રમાં રણબીરે મંદિર નહીં દુર્ગા પંડાલમાં શૂઝ પહેરી રાખ્યાનો બચાવ

મુંબઈ, તા. ૧૯

બ્રહ્માસ્ત્ર ફિલ્મનું ટ્રેલર રિલીઝ થતાં રણબીર કપૂરને શૂઝ પહેરીને મંદિર જેવી જગ્યામાં ફરતો દેખાડાયોનો વિવાદ શરુ થયો હતો. હિંદુ સંસ્કૃતિના અપમાન મામલે બોયકોટ બ્રહ્માસ્ત્રનો ટ્રેન્ડ પણ શરુ થઈ જતાં આખરે હાંફળાફાંફળા બનેલા મેકર્સ દ્વારા રવિવારે આ મુદ્દે ખુલાસો પ્રગટ કરાયો છે કે રણબીરે મંદિર નહીં પણ દુર્ગા પંડાલમાં શૂઝ પહેરી રાખ્યા છે અને એ કોઈ વાંધાજનક બાબત નથી.

બ્રહ્માસ્ત્રનું ટ્રેલર થોડા દિવસો પહેલાં રિલીઝ થયું છે. તેમાં રણબીર કપૂરને શૂઝ સાથે મંદિર જેવી જગ્યામાં પ્રવેશતો દેખાડાયો છે. આ સીનની નેટિઝન્સ દ્વારા ગંભીર નોંધ લેવાઈ હતી અને તેના માટે બ્રહ્માસ્ત્રના સર્જકોને ટ્રોલ કરવાના શરુ કરી દેવાયા હતા.



ટ્વિટર પર બોયકોટ બ્રહ્માસ્ત્રનો ટ્રેન્ડ પણ શરુ થઈ ગયો હતો.

કોઈપણ પ્રકારનો ધાર્મિક બેકલેશ ટાળવો છેવટે દિગ્દર્શક અયાન મુખરજીએ પોતાની સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર એક સ્પષ્ટતા પ્રગટ કરી હતી. તેમાં તેણે જણાવ્યું હતું કે રણબીરને જ્યાં શૂઝ સાથે દેખાડાયો છે એ કોઈ મંદિર નથી પરંતુ દુર્ગા પૂજાનો પંડાલ છે.

અયાને એમ પણ કહ્યું હતું કે દુર્ગા પુજાના પંડાલમાં તો લોકો શૂઝ પહેરી જ રાખતા હોય છે. તેણે કહ્યું હતું કે અમારો પરિવાર ૭૫ વર્ષથી દુર્ગા પુજાના આયોજન સાથે સંકળાયેલો છે.

મને નાનપણથી ખબર છે તે પ્રમાણે પંડાલમાં તો શૂઝ પહેરી જ શકાય છે. છેક મંચ પાસે જ્યાં માતાજીની પ્રતિમા હોય ત્યાં પગરખાં કાઢવાના હોય છે.


**ડાયરેક્ટરના દાવા અનુસાર પંડાલમાં શૂઝ પહેરી શકાય, ભારતીય સંસ્કૃતિનું પૂરેપુરું માન જાળવ્યાની સ્પષ્ટતા**

અગાઉ ૮૩માં સંદિપ પાટિલનો રોલ તેમના પુત્રએ કર્યો હતો

## આદેશ શ્રીવાસ્તવની બાયોપિક બનાવવાની જાહેરાતઃ પુત્ર જ પિતાની ભૂમિકામાં

મુંબઈ, તા. ૧૯

સ્વર્ગસ્થ સંગીતકાર આદેશ શ્રીવાસ્તવની જીવનકથા પર આધારિત બાયોપિક બનાવવાની જાહેરાત થઈ છે. આ ફિલ્મમાં આદેશનું પાત્ર તેમનો પુત્ર અવિતેશ ભજવશે. ફાધર્સ ડે નિમિત્તે આ જાહેરાત કરવામાં આવી હતી. ફિલ્મ મેકર્સ દ્વારા થયેલી જાહેરાત અનુસાર આદેશ શ્રીવાસ્તવની લવ સ્ટોરી પર આ ફિલ્મમાં મુખ્ય ફોક્સ હશે. સાથે સાથે તેમના એક સુપરહિટ ફિલ્મ સંગીતકાર અને ગાયક બનવાના જુદા જુદા પડાવ પણ તેની સાથે આવરી લેવામાં આવશે. બોલિવુડમાં બાયોપિકની કોઈ નવાઈ નથી પરંતુ મુખ્ય પાત્રની ભૂમિકા તેમનો પુત્ર જ ભજવી રહ્યો હોય તેવું જુજ કેસમાં બન્યું છે. આ અગાઉ ૮૩ ફિલ્મમાં સંદિપ પાટિલની ભૂમિકા તેમના પુત્ર ચિરાગે ભજવી હતી.



આદેશ શ્રીવાસ્તવે કેટલાંય સુપરહિટ ગીતોને પોતાનો અવાજ આપ્યો હતો. સાથે સાથે રાજનીતિ, કભી ખુશી કભી ગમ, બાગબાન સહિતની કેટલીય ફિલ્મોનું સુપરહિટ મ્યુઝિક પણ આપ્યું હતું. જોકે, કેન્સરે ત્રણ-ત્રણ વાર ઉથલો મારતાં છેલ્લે છેલ્લે તેમના પરિવારે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. માત્ર ૫૧ વર્ષની વયે તેમનું નિધન થયુ હતું.

**અનેક ફિલ્મો માટે સુપરહિટ મ્યુઝિક આપનારા આદેશનું ૫૧ વર્ષની વયે કેન્સરથી નિધન થયું હતું**

રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં મતોની ગણતરી અટપટી છે : કેન્દ્રમાં ભાજપની સરકાર છે પણ ઈલેક્ટ્રોરલ કોલેજમાં ભાજપ પાસે સ્પષ્ટ બહુમતિ નથી

# રાષ્ટ્રપતિ પદ માટે સંયુક્ત ઉમેદવાર શોધવા વિપક્ષના ફાંફા

ભારતના બંધારણીય વડા મનાતા રાષ્ટ્રપતિપદની ચૂંટણી માટેનું જાહેરનામું બહાર પડી ગયું છે. રાષ્ટ્રપતિપદની આ ચૂંટણીમાં ભાજપ અને ભાજપ વિરોધી પક્ષો એ બે છાવણી છે. બંનેમાંથી કોઈએ હજુ પોતાના ઉમેદવાર જાહેર કર્યા નથી પણ આશ્ચર્યની વાત એ છે કે, ભાજપ વિરોધી પક્ષો પાસે વધારે મત હોવા છતાં આ પક્ષના સર્વસંમત ઉમેદવાર બનવા માટે કોઈ થનગનાટ નથી બતાવી રહ્યું.

રાષ્ટ્રપતિપદની ચૂંટણી ઈલેક્ટોરલ કોલેજના મતોના આધારે થાય છે. આ મતોની ગણતરીનું ગણિત અટપટું છે પણ સામાન્ય રીતે કેન્દ્રના શાસક પક્ષનો હાથ ઉપર રહે છે અને શાસક પક્ષના ઉમેદવાર જ જીતે છે પણ આ વખતે સ્થિતી જુદી છે. કેન્દ્રમાં ભાજપની સરકાર છે પણ ઈલેક્ટોરલ કોલેજમાં ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી નથી.

રાષ્ટ્રપતિપદની ચૂંટણી માટેની ઈલેક્ટોરલ કોલેજમાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ પાસે ૫,૨૫,૮૯૩ એટલે કે ૪૮.૬૭ ટકા મત છે જ્યારે તેના વિરોધમાં ૫,૫૩,૧૨૨ એટલે કે ૫૧.૩૨ ટકા મત છે. ભાજપ વિરોધી મતોમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએના ૨,૫૯,૨૯૦ એટલે કે ૨૪.૦૨ ટકા જ્યારે બીજા વિપક્ષોના ૨,૯૩,૮૩૨ એટલે કે ૨૭.૩૦ ટકા મત છે.

રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ઈલેક્ટોરલ કોલેજના ૫૦ ટકાથી વધારે મત મેળવે એ જીતે એ જોતાં ભાજપ વિરોધી પક્ષોનો હાથ ઉપર છે પણ મજાની વાત એ છે કે, ભાજપ વિરોધી પક્ષોમાંથી રાષ્ટ્રપતિપદનો ઉમેદવાર બનવા કોઈ તૈયાર નથી.

રાષ્ટ્રપતિપદની ચૂંટણીની જાહેરાત થતાં પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી સક્રિય થઈ ગયાં છે. મમતાએ તાત્કાલિક વિપક્ષોની બેઠક બોલાવીને ભાજપ વિરોધી પક્ષોને એક કરીને સંયુક્ત ઉમેદવાર ઉભો રાખવાની ક્વાયત આદરી દીધેલી. આ બેઠકને અઠવાડિયું થઈ ગયું પણ વિપક્ષોનો સંયુક્ત ઉમેદવાર હજુ નક્કી થયો નથી.

મમતાએ બોલાવેલી બેઠકમાં પહેલાં એનસીપીના શરદ પવારને મૂરતિયા બનવાની ઓફર કરાયેલી પણ પવાર ના માન્યા તેથી જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ડો. ફારૂક અબ્દુલ્લાને ઓફર કરાયેલી. અબ્દુલ્લાએ પણ ચાર દાડા લગી વિચાર કર્યા પછી શનિવારે ચૂંટણીમાં ઉભા રહેવાની ના પાડી દીધી. પવારે ઘોડી પર નહીં ચડવા કારણો આપેલાં એમ અબ્દુલ્લાએ પણ કારણો આપ્યાં છે. આપણે એ કારણોની પંચાતમાં પડતા નથી પણ મૂળ વાત એ છે કે, ભાજપ વિરોધી પક્ષો બધી ક્વાયતના અંતે ઠેરના ઠેર આવીને ઉભા રહી ગયા છે.

ભાજપ વિરોધી પક્ષો પાસે વધારે મતો હોવા છતાં કોઈ ઉમેદવાર બનવા આગળ આવતું નથી તેનું કારણ એ કે, વિપક્ષના બધા શાણા નેતા જાણે જ છે કે, ભાજપ વિરોધી પક્ષો કૂતરાંનો સંઘ છે ને એ કદી કાશીએ પહોંચવાનો જ નથી. મમતા કે બીજા નેતા ભલે કૂકાદૂદ કરે પણ આ બધા પક્ષોના ભરોસે કૂદી પડાય નહીં, પોતાની સોનાની જાળ પાણીમાં નંખાય નહીં. જાળ તો જાય જ પણ આપણે પણ તણાઈ જઈએ.

ભાજપ વિરોધી પક્ષોમાં અંદરોઅંદર જ એટલા ડખા છે કે, વિપક્ષી એકતા જેવું કશું શક્ય જ નથી. તેનો અણસાર મમતાએ બેઠક બોલાવી એ વખતે જ મળી ગયેલો. મમતાએ કુલ ૨૨ પક્ષોને નોંતરેલા પણ તેમાંથી પાંચ પક્ષના નેતા આવ્યા જ નહીં. આ પાંચમાથી ચાર પક્ષ પાછા એવા છે કે જેમની મદદ વિના ભાજપને હરાવી શકાય તેમ નથી.

અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી, જગન મોહન રેડ્ડીની વાયએસઆર કોંગ્રેસ, ચંદ્રશેખર રાવની ટીઆરએસ, નવિન પટનાઈકની બીજેડી અને સુખબિરસિંહ બાદલની અકાલી દળના નેતા હાજર ના રહ્યા. આ બધા પક્ષોને કોંગ્રેસ સામે વાંધો છે. કોંગ્રેસની પંગતમાં બેસવા તેમની તૈયારી નથી તેથી વિપક્ષી એકતાની વાતમાં રસ ના બતાવ્યો. અકાલી દળ પાસે બહુ મતો નથી પણ બાકીના ચારેય પક્ષો પાસે વીસ હજાર કરતાં વધારે મત છે ને ચારેયના ભેગા કરો તો લગભગ સવા લાખ મત થાય. આ મતો વિરૂધ્ધમાં પડે તો ગમે તેવા ઉમેદવારનું તપેલું ચડી જાય.

જો કે શરદ પવાર અને ડો. ફારૂક અબ્દુલ્લા જેવા બિન-કોંગ્રેસીને ઉમેદવાર બનાવાય તો આ પાંચેય પક્ષો વિપક્ષી ઉમેદવારની તરફેણમાં મતદાન કરવા તૈયાર પણ થાય પણ બીજા નાના નાના પક્ષો ફૂટી જાય એવો પૂરો ખતરો છે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએના પક્ષો અકબંધ રહે પણ બીજા વિપક્ષો અકબંધ રહે એવી કોઈ ગેરંટી નથી.

રાષ્ટ્રપતિપદની છેલ્લી ચૂંટણીમાં અત્યારે છે એવી જ સ્થિતી હતી. ભાજપ પાસે એ વખતે પણ ૪૮.૧૦ ટકા મત હતા જ્યારે ભાજપ વિરોધી પક્ષો પાસે ૫૧.૯૦ ટકા મતો હતા. નરેન્દ્ર મોદીએ દેશનાં મોટા ભાગનાં લોકો અજાણ હતાં એવા રામનાથ કોવિંદને ઉમેદવાર બનાવેલા. કોંગ્રેસે મુત્સદીગીરી વાપરીને મીરા કુમારને મેદાનમાં ઉતારેલાં. સોનિયા ગાંધીની ગણતરી મહિલા અને દલિત એમ ડબલ કાર્ડ રમવાની હતી પણ આ ગણતરી ફળી નહોતી.



જગન મોહન રેડ્ડીની વાયએસઆર કોંગ્રેસ, ચંદ્રશેખર રાવની ટીઆરએસ અને નવિન પટનાઈકની બીજેડી એ ત્રણ મોટા ભાજપ વિરોધી પક્ષોએ કોવિંદને મત આપતાં કોવિંદ ૬૦ ટકાથી વધારે મતો મેળવીને સરળતાથી જીતી ગયેલા. ભાજપ આ વખતે પણ આ ત્રણમાંથી કોઈ એક પાર્ટીને મનાવી લે તો તેના માટે જીત આસાન છે.

જગન મોહન રેડ્ડીની વાયએસઆર કોંગ્રેસ પાસે ૪૫,૫૦૦, ચંદ્રશેખર રાવની ટીઆરએસ પાસે ૨૪,૭૯૬ જ્યારે નવિન પટનાઈકની બીજેડી પાસે ૩૧,૬૮૬ મત છે. કોઈ એક પક્ષ પણ ભાજપની પંગતમા બેસી જાય પછી ખૂટતા મતો મેળવવા સરળ છે. ભાજપ પાસે પૈસો છે, પાવર છે એ જોતાં નાના નાના પક્ષો અને અપક્ષોને તો ભાજપ ચપટી વગાડતાં ખેંચી શકે છે. અલબત્ત વિપક્ષોમાં એક વર્ગ હજુ આશાવાદી છે. તેમનું માનવું છે કે, ભાજપ વિરોધી પક્ષોએ ૨૦૧૭માં કોંગ્રેસનાં મીરા કુમારને ટેકો આપવાની ભૂલ કરી હતી એ ભૂલ આ વખતે નહીં થાય. કોંગ્રેસે પોતે સમજદારી બતાવીને રેસમાંથી ખસી ગઈ છે એ જોતાં ગયા વખતે ભાજપને ટેકો આપનારા વિપક્ષો આ વખતે વિપક્ષી ઉમેદવારને પડખે રહેશે ને ભાજપનો ઉમેદવાર હારશે જ.

આ આશાવાદ ફળશે કે નહીં તેની ખબર મહિના પછી પડી જશે.

**ભાજપ વિરોધી પક્ષો પાસે વધારે મતો છે પણ વિપક્ષના શાણા નેતા જાણે છે કે, ભાજપ વિરોધી પક્ષો એવો સંઘ છે, જે કદી કાશીએ પહોંચવાનો જ નથી. મમતા કે બીજા નેતા ભલે કૂદાકૂદ કરે પણ વિપક્ષોના ભરોસે કૂદી પડાય નહીં**

ન્યુઝ ફોકસ

### ઈન્દિરાએ કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારને હરાવ્યા હતા

ભારતમાં રાષ્ટ્રપતિપદની ચૂંટણીનો ઈતિહાસ કેન્દ્રમાં શાસક પક્ષના ઉમેદવારની જીતનો છે. એક માત્ર અપવાદ વી.વી. ગિરી છે. ગિરી એક માત્ર એવા રાષ્ટ્રપતિ છે કે જે કેન્દ્રમાં શાસક પક્ષના સત્તાવાર ઉમેદવારને હરાવીને જીત્યા હોય. ગિરીની જીત ઈન્દિરા ગાંધીને આભારી હતી. રાષ્ટ્રપતિપદની ૧૯૬૯ની ચૂંટણી વખતે ઈન્દિરા ગાંધી વડાપ્રધાન હતાં પણ સંગઠન પર મોરારજી દેસાઈ સહિતના સીન્ડિકેટ તરીકે ઓળખાતા જૂના નેતાઓનું વર્ચસ્વ હતું. ઈન્દિરાના વિરોધને અવગણીને કોંગ્રેસે નીલમ સંજીવ રેડ્ડીને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર બનાવ્યાં તેથી ભડકેલાં તત્કાલિન ઉપરાષ્ટ્રપતિ વી.વી. ગિરીને અપક્ષ ઉમેદવાર તરીકે ઉભા રાખી દીધા. વિરોધ પક્ષના ઉમેદવાર સી.ડી. દેશમુખ હતા તેથી ત્રિપાંખિયો જંગ જામી ગયો. ગિરી ઈન્દિરાના એટલા કહ્યાગરા હતા કે, ઈન્દિરાના એક ઈશારે ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામું આપીને ચૂંટણીમાં કૂદી પડ્યા હતા.

મોરારજી સહિતના નેતાઓએ રેડ્ડીને જીતાડવા પૂરી તાકાત લગાવી દીધી પણ ઈન્દિરા સામે ના ફાવ્યા. ગિરીને સીધે સીધા પચાસ ટકા કરતાં વધારે મત નહોતા મળ્યા પણ વિપક્ષોના સેકન્ડ પ્રેફરન્સના મત સાથે ગિરી જીતી ગયેલા. ગિરીને ૪,૨૦,૦૭૭ મત મળેલા. ચૂંટણી જીતવા જરૂરી મત કરતા બે હજારથી પણ ઓછા મતે જીતીને ગિરી દેશના ચોથા રાષ્ટ્રપતિ બની ગયા. કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર રેડ્ડીને હરાવીને ઈન્દિરાએ સોપો પાડી દીધેલો. ઈન્દિરાની આ દાદાગીરીના કારણે કોંગ્રેસમાં ભંગાણ પડેલું.

### કેરળના પ્રેમચંદ્રન વિપક્ષી ઉમેદવાર બનશે ખરાં ?

શરદ પવાર અને ડો. ફારૂક અબ્દુલ્લાના ઈન્કાર પછી વિપક્ષો યશવંત સિંહા, મુલાયમસિંહ યાદવ અને કે. પ્રેમચંદ્રનનાં નામા પર ચર્ચા ચાલી રહી છે. કેરળની કોલ્લમ લોકસભા બેઠક પરથી ચૂંટાયેલા પ્રેમચંદ્રન ડાબેરી નેતા છે, રીવોલ્યુશનરી સોશિયાલિસ્ટ પાર્ટી (આરએસપી)ના સભ્ય છે. કેરળમાં મંત્રી રહી ચૂકેલા પ્રેમચંદ્રને વોટર મેનેજમેન્ટ મિનિસ્ટર તરીકે સારી કામગીરી કરીને પ્રસંશા મેળવી હતી.

પ્રેમચંદ્રનને ઉમેદવાર બનાવાય તો જગન મોહન રેડ્ડીની વાયએસઆર કોંગ્રેસ અને ચંદ્રશેખર રાવની ટીઆરએસ તેમને ટેકો આપે, બલ્કે પ્રેમચંદ્રન દક્ષિણ ભારતીય હોવાથી બંનેએ ટેકો આપવો જ પડે એવી મમતા બેનરજીની ગણતરી છે. તેના કારણે ભાજપ વિરોધી મતો અકબંધ રહે અને જીતની શક્યતા વધી જાય



ભારતના પૂર્વોત્તર રાજ્ય આસામમાં છેલ્લા કેટલાક દિવસથી મૂશળધાર વરસાદ પડી રહ્યો છે ત્યારે કામરૂપ જિલ્લાના રંગિઆ વિસ્તારમાં પૂરના પાણીના કારણે વીજળીના થાંભલા પડી જવાની ઘટનાઓ બનતા લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

### ગુવાહાટીમાં છાતી સમાણા પાણી ભરાતા જનજીવન ઠપ

# બિહાર સહિતના રાજ્યોમાં વરસાદને લગતી ઘટનામાં ૨૭નાં મોત, આસામમાં પૂર પ્રકોપ

નવી દિલ્હી, તા. ૧૯

દેશભરમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો છે. કેટલાક રાજ્યોમાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ છે. બિહારમાં વરસાદે તાંડવ મચાવતા ૧૭ લોકોના મૃત્યુ થયા છે. ભારે વરસાદ સાથે વિજળી પડવી ઉપરાંત વરસાદ સંબંધીત ઘટનાઓમાં દેશભરમાં કુલ ૨૭ લોકો માર્યા ગયા છે. ઓડિશામાં વિજળી પડવાથી ચાર લોકો માર્યા ગયા હતા જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. ઓડિશાના નૌપાડા જિલ્લામાં વિજળી પડવાની આ ઘટના સામે આવી હતી.

## આસામના કાઝિરંગા નેશનલ પાર્કમાં પૂરના પાણી ફરી વળતા પાંચ પશુના મોત, અરૂણાચલમાં ભુસ્ખલનથી એકનું મોત

જ્યારે ઓડિશાની જેમ જ છત્તીસગઢમાં પણ વિજળી પડવાથી ત્રણ લોકો માર્યા ગયા હતા અને બાવન બકરાના પણ મોત નિપજ્યા હતા.

### છત્તીસગઢમાં વિજળી પડતા બાવન બકરાં, ત્રણ વ્યક્તિના મોત : પૂંચમાં ભુસ્ખલનથી એકનું મોત, ભારે નુકસાન

છત્તીસગઢના ત્રણ જિલ્લાઓમાં વિજળી પડવાની આ ઘટનાઓ સામે આવી હતી. બકરા ચરાવનારા એક પશુપાલક પર પણ વિજળી પડવાથી તેનું મોત નિપજ્યું હતું. અચાનક જ વરસાદ ચાલુ થયો હતો આ દરમિયાન જ વિજળી પડી હતી.

બીજી તરફ આસામના ગુવાહાટી અને તેની આસપાસ ભારે પુરને કારણે નિચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, અનેક વિસ્તારોને ખાલી કરાવવામાં આવ્યા છે. છેલ્લા છ દિવસથી આસામમાં ભારે પુર અને ભુસ્ખલનની સ્થિતિ છે જેને પગલે જનજીવન પર તેની માઠી અસર જોવા મળી રહી છે.

છેલ્લા ૨૪ કલાકમાં જ આસામમાં ૩૨ જિલ્લાઓના ૪૨૯૧ ગામડાઓ પુરની લપેટમાં આવી ગયા છે. જેથી રાજ્યભરના આશરે ૩૧ લાખ લોકોને પૂરની અસર જોવા મળી રહી છે.

જ્યારે ૧.૫૬ લાખ લોકોને ૫૧૪ જેટલા રાહત કેમ્પોમાં રાખવામાં આવ્યા છે.

માત્ર ગુવાહાટીમાં જ અનેક વિસ્તારોમાં ઘૂંટણ સમાણા પાણી ભરાયા હતા. જ્યારે કેટલાક વિસ્તારોમાં છાંતી સુધી પહોંચે એટલુ પાણી ભરાઈ ગયું હતું. આસામના કાઝિરંગા નેશનલ પાર્કમાં પુરને કારણે પાંચ પશુઓના મોત નિપજ્યા હતા. દરમિયાન જમ્મુ કાશ્મીરના પૂંચમા પણ ભૂસ્ખલન થતા એક વ્યક્તિનું મોત નિપજ્યું છે અને અનેક દુકાનોનો નાશ થયો છે. અરુણાચલના પપુમ પરેમાં પણ ભુસ્ખલન થતા એક ૧૬ વર્ષના યુવકનું મોત નિપજ્યું હતું.

### અમરનાથ યાત્રા અગાઉ કુલગામ અને કુપવાડામાં સૈન્યનો સપાટો

# કાશ્મીરમાં બે મોટા ઓપરેશન : ચાર આતંકી ઠાર, ત્રણ જીવતા ઝડપાયા

શ્રીનગર, તા. ૧૯

જમ્મુ કાશ્મીરમાં બે જુદા જુદા ઓપરેશન દરમિયાન ચાર આતંકીઓને ઠાર માર્યા હતા. કુપવાડા અને કુલગામમાં થયેલા આ ઓપરેશન દરમિયાન માર્યા ગયેલા આતંકીઓ પૈકી એક પાકિસ્તાની આતંકી લશ્કરે તોયબા સાથે જોડાયેલો છે. આતંકીઓને સૈન્ય હાજર હોવાની જાણ થઈ જતા ગોળીબાર કરી દીધો હતો. જોકે સૈન્યએ સ્થિતિ સંભાળી લીધી હતી અને આતંકીઓને વળતો જવાબ આપતા ચાર ઠાર મરાયા હતા.

## આતંકીઓને પાકિસ્તાન તરફથી હુમલાના આદેશ અપાયા હતા, મોટા પ્રમાણમાં વિસ્ફોટકો અને હથિયારો જપ્ત

બીજી તરફ જે કુપવાડામાં એન્કાઉન્ટર થયું ત્યાંથી અલ બદ્રના ત્રણ આતંકીઓ ઝડપાયા હતા. ઝડપાયેલા આતંકીઓના નામ નાઝીમ અહેમદ, સિરાજ દિન ખાન અને આબિલ ગુલ છે. આ આતંકીઓ કાલગુંડના રહેવાસીઓ છે. આ આતંકીઓની પાસેથી પિસ્તોલ, આઠ લાઈવ રાઉન્ડ્સ અને બે હેન્ડગ્રેનેડ સહિત વિસ્ફોટક સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

આ આતંકીઓને કુપવાડા અને આસપાસના વિસ્તારોમાં આતંકી હુમલાની જવાબદારી પાકિસ્તાન દ્વારા સોપવામાં આવી હતી. આતંકીઓની ધરપકડ બાદ તેની સામે વધુ કાર્યવાહી ચાલી રહી છે. આ દરમિયાન રવિવારે જ કુપવાડા અને કુલગામમાં એન્કાઉન્ટર થયું હતું જેમાં ચાર આતંકીઓ માર્યા ગયા હતા. આ આતંકીઓને પણ પાકિસ્તાન તરફથી કાશ્મીરમાં હુમલાની જવાબદારી સોપવામાં આવી હતી. એક જ દિવસમાં સૈન્યએ ચાર આતંકીઓને ઠાર માર્યા હતા જ્યારે ત્રણ આતંકીઓને જીવતા પકડી લીધા હતા.

### પેટ્રોલ-ડીઝલના રિટેલ ક્ષેત્રમાં રોકાણ અટકી જવાની ચેતવણી

# સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવ 'ફ્રીઝ' કરતાં ખાનગી કંપનીઓને નુકસાન

નવી દિલ્હી, તા.૧૯

દેશમાં છેલ્લા ઘણા સમયથી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર હોવાથી સામાન્ય માણસને રાહત છે, પરંતુ પેટ્રોલ અને ડીઝલનું રિટેલ વેચાણ કરતી ખાનગી કંપનીઓ મુશ્કેલીમાં મુકાઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી છતાં સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવ કથિત રીતે 'ફ્રિઝ' કરી રાખ્યા હોવાથી તેમને ભારે નુકસાન જઈ રહ્યું હોવાનો ખાનગી કંપનીઓએ દાવો કર્યો છે.

## જિયો-બીપી, નાયરા જેવી ખાનગી કંપનીઓને પેટ્રોલ પર પ્રતિ લીટર રૂ. ૧૮, ડીઝલ પર રૂ. ૨૫ સુધી નુકસાન થવાનો દાવો

દેશમાં આઈઓસી, એચપીસીએલ, ભારત પેટ્રોલિયમ જેવી સરકારી ઓઈલ કંપનીઓને ડીઝલ પર પ્રતિ લીટર રૂ. ૨૦થી ૨૫ અને પેટ્રોલ પર પ્રતિ લીટર રૂ.

### કંપનીઓએ વ્યવહારુ ઉકેલ લાવવા સરકારને પત્ર લખ્યો, દેશમાં ૬ઠ્ઠી એપ્રિલથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધ-ઘટ થઈ નથી

રિટેલ કંપનીઓ ઉપરાંત હવે જિયો-બીપી, નાયરા જેવી કંપનીઓ રિટેલમાં પેટ્રોલ અને ડીઝલનું વેચાણ કરી રહી છે. સરકારી કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના રિટેલ કારોબારમાં ૯૦ ટકા હિસ્સો ધરાવે છે. છેલ્લા કેટલાક સમયથી સરકારી ઓઈલ કંપનીઓ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો નહીં કરતી હોવાથી ખાનગી કંપનીઓ માટે પણ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવા મુશ્કેલ થઈ ગયા છે. બીજીબાજુ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી આવી રહી છે. પરિણામે ખાનગી ૧૪થી ૧૮નું નુકસાન થઈ રહ્યું છે.

હવે આ કંપનીઓએ પેટ્રોલિયમ મંત્રાલયને આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે પત્ર લખ્યો છે અને સરકારને વ્યવહારુ રોકાણ વાતાવરણ બનાવવા પગલાં લેવાની માગ કરી છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રી (એફઆઈપીઆઈ)એ ૧૦મી જૂને પેટ્રોલિયમ મંત્રાલયને લખેલા પત્રમાં કહ્યું છે કે પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર નુકસાનથી રિટેલ કારોબારમાં રોકાણ અટકી જશે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ અને તેના ઉત્પાદનોના ભાવ એક દાયકાના ઊંચા સ્તરે પહોંચી ગયા છે, પરંતુ સરકારી ઈંધણ રિટેલ કંપનીઓએ પેટ્રોલ-ડીઝલના ભાવ 'ફ્રિઝ' કરી રાખ્યા છે. અત્યારે ઈંધણના ભાવ પડતર કિંમત કરતા પણ ઓછા છે, જેનાથી ખાનગી કંપનીઓને નુકસાન થઈ રહ્યુ છે. આ વાતાવરણમાં જિયો-બીપી, રોસનેફ્ટ સમર્થિત નાયરા એનર્જી અને શેલ જેવી ખાનગી કંપનીઓ સામે પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવા અથવા તેમના ગ્રાહક ગુમાવવાનું સંકટ પેદા થઈ ગયું છે.

પેટ્રોલ અને ડીઝલના રિટેલ ભાવમાં નવેમ્બર ૨૦૨૧ની શરૂઆતથી ૨૧ માર્ચ, ૨૦૨૨ વચ્ચે ક્રૂડ ઓઈલના ભક્માં વધારા છતાં વિક્રમી ૧૩૭ દિવસ સુધી વધારો કરાયો નહોતો.

### રશિયા કોલસા પર ૩૦ ટકા વળતર આપી રહ્યું છે

# ક્રૂડ પછી ભારત રશિયા પાસેથી મોટા પ્રમાણમાં કોલસો પણ ખરીદી રહ્યું છે

નવી દિલ્હી, તા. ૧૯

ક્રૂડ ઓઈલ પછી ભારતે રશિયા પાસેથી મોટા પ્રમાણમાં કોલસાની ખરીદી પણ શરૂ કરી દીધી છે. યુક્રેન પર હુમલા પછી રશિયા પર લાગેલા આર્થિક પ્રતિબંધ છતાં ભારતમાં રશિયન કોલસાની ખરીદી વધી છે. રશિયાના વેપારી કોલસા પર ૩૦ ટકા સુધીનું વળતર આપી રહ્યાં છે.

## બુધવાર સુધીના છેલ્લા ૨૦ દિવસોમાં ભારતે રશિયા પાસેથી ૩૩.૧૧૭ કરોડ ડોલરનો કોલસો ખરીદ્યો

ઉલ્લેખનીય છે કે રશિયાએ એપ્રિલમાં યુરોપિયન સંઘના કોલસા પર વ્યાપક પ્રિબંધોનીવિરુદ્ધ ચેતવણી આપતા જણાવ્યું હતું કે તેમના નિર્ણયો ઉંધા પડશે કારણકે રશિયાનું ઈંધણ અન્ય બજાર તરફ મોકલી દેવામાં આવશે.

રશિયાની સાથે યુરોપિયન યુનિયનનો વેપાર બંધ થવાનો ફાયદો ભારતીય વેપારીઓ ઉઠાવી રહ્યાં છે. ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધુ હોવા છતાં મોટા પ્રમાણમાં રશિયા પાસેથી કોલસો ખરીદવામાં આવી રહ્યો છે.

એક અહેવાલ અનુસાર ગત બુધવાર સુધીના છેલ્લા ૨૦ દિવસોમાં ૩૩.૧૧૭ કરોડ ડોલરનો કોલસો ખરીદવામાં આવ્યો છે. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખમાણીમાં છ ગણું વધારે છે. આવી જ રીતે ભારતીય રિફાઈનરીઓએ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ પણ મોટા પ્રમાણમાં ખરીદ્યું છે. ગત બુધવાર સુધીના છેલ્લા ૨૦ દિવસોમાં રશિયા પાસેથી ૨૨.૨૨ લાખ ડોલરનું ઓઈલ ખરીદ્યું છે.જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૩૧ ગણું વધારે છે. બીજી તરફ રશિયા પણ ભારતીય રૂપિયા અને યુએઈના ચલણ દિરહમમાં પેમેન્ટ સ્વીકારી રહ્યું છે.

### દેશના યુવાનોમાં આક્રોશ વચ્ચે ભાજપ નેતાનો બફાટ

# અગ્નિવીરોને ભાજપ ઓફિસમાં ગાર્ડ માટે પ્રાથમિક્તા અપાશે : વિજયવર્ગીય

ઈન્દોર, તા.૧૯

કેન્દ્ર સરકારે સૈન્યમાં ભરતી માટે રજૂ કરેલી અગ્નિપથ યોજનાના વિરોધમાં દેશભરમાં યુવાનોમાં આક્રોશ ફેલાયો છે અને ઠેરઠેર દેખાવો થઈ રહ્યા છે. આવા સમયમાં ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયના નિવેદને આ આક્રોશની આગમાં ઘી નાંખવાનું કામ કર્યું છે. વિજયવર્ગીયના નિવેદનને દેશના જવાનો માટે અપમાનજનક ગણાવાઈ રહ્યું છે. અગ્નિપથ યોજના અંગે દેશભરમાં વિરોધ વચ્ચે ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ કહેતા જણાય છે કે તેમને ભાજપ ઓફિસમાં સિક્યોરિટી રાખવી હશે તો તેઓ અગ્નિવીરોને પ્રાથમિક્તા આપશે. તેઓ ઈન્દોરમાં અગ્નિપથ યોજનાની વિશેષતાઓ અંગે કાર્યકરોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા તે સમયે તેમણે આ નિવેદન આપ્યું હતું. જોકે, આ નિવેદનના પગલે તેમની સામે પક્ષમાંથી જ અને રાજકીય સ્તરે ભારે વિરોધ થઈ રહ્યો છે.

ભાજપના સાંસદ વરુણ ગાંધી, અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસે આ મુદ્દે વિજયવર્ગીયને ઘેરી લીધા છે. વિજયવર્ગીયને જવાબ આપતા કોંગ્રેસે સોશિયલ મીડિયા પર લખ્યું કે, અગ્નિપથ અંગે બધી જ શંકાઓ દૂર કરી દીધી. ભાજપના કૈલાશ વિજયવર્ગીયે. આ સત્યાગ્રહ આ માનસિક્તાના વિરોધમાં છે.' વરુણ ગાંધીએ ટ્વિટર પર વીડિયો શૅર કરતા કહ્યું, 'જે મહાન સેનાની વીર ગાથાઓ કહેવામાં આખો શબ્દકોશ અસમર્થ હોય, જેના પરાક્રમના ડંકા આખા વિશ્વમાં ગુંજતા હોય, તે ભારતીય સૈનિકને કોઈ રાજકીય ઓફિસની 'ચોકીદારી' કરવાનું આમંત્રણ. તેને આપનારને જ મુબારક. ભારતીય સૈન્ય માં ભારતીની સેવાનું માધ્યમ છે, માત્ર એક 'નોકરી' નહીં.'જોકે, આ અંગે વિવાદ વધતા કૈલાશ વિજયવર્ગીયે તુરંત ખુલાસો આપતા કહ્યું, અગ્નિપથ યોજનાથી નીકળનારા અગ્નિવીરો નિશ્ચિતરૂપે તાલિમબદ્ધ અને કર્તવ્ય પ્રત્યે કટિબદ્ધ હશે, સૈન્યમાં સેવાકાળ પૂરો કર્યા પછી તેઓ જે પણ ક્ષેત્રમાં જશે ત્યાં તેમની ઉત્કૃષ્ટતાનો ઉપયોગ થશે.

## વિજયવર્ગીયે અગ્નિવીરો અંગે પક્ષની માનસિક્તા છતી કરી, ભાજપ માફી માગે : કોંગ્રેસ

### તામિલનાડુના યુવકનો અનોખો કિસ્સો

# ૬ લાખ રૂપિયાના ૧૦-૧૦ના સિક્કા ચુકવીને કારની ખરીદી

ધર્મપુરી, તા. ૧૯

તામિલનાડુના ધર્મપુરીમાં એક શખ્સે છ લાખ રૂપિયાની કાર ખરીદી હતી, જોકે તેણે કારના પૈસા સિક્કાઓમાં ચુકવ્યા હતા. ૧૦-૧૦ રૂપિયાના અનેક સિક્કા લઈને તે કાર ખરીદવા ગયો હતો. આવુ એણે એટલા માટે કર્યું હતું કેમ કે તેની દુકાન પર જે સિક્કા આવતા હતા તે કોઈ ગ્રાહક પરત નહોતુ લેતું.

## દુકાને આવતા સિક્કા કોઈ પરત લેવા તૈયાર નહોતુ, બેંકે પણ ના પાડી તેથી જમા કર્યા

ઘણા રાજ્યોમાં દસના સિક્કા લેવાનું ગ્રાહકો અથવા દુકાનદારો ના પાડી દેતા હોય છે. જેથી લોકોમાં એક સંદેશો પહોંચે તે હેતુથી ધર્મપુરીના વેત્રિવેલે પોતાની દુકાને આવેલા ૧૦ના સિક્કા એકઠા કરીને કાર ખરીદવાનું નક્કી કર્યું હતું. તે કારના શો રૂમ પર ૬ લાખ રૂપિયાના આ સિક્કા લઈને પહોંચી ગયો હતો. વેત્રિવેલે જણાવ્યું હતું કે હું આ સિક્કાને બદલવા માટે બેંક પર પણ ગયો હતો. જોકે બેંક વાળાઓએ પણ તેને સ્વિકારવાની ના પાડી દીધી હતી. બેંક અધિકારીઓનું કહેવુ હતું કે આ સિક્કાને ગણવા માટે તેમની પાસે માણસો નથી. આરબીઆઈએ સિક્કાઓને બેકાર જાહેર નથી કર્યા તો બેંક અને ગ્રાહકોએ તેનો સ્વિકાર કરવાની ના ન પાડવી જોઈએ.



આ શખ્સની માતા દુકાન ચલાવે છે. તેમની દુકાન પર જે પણ ગ્રાહક આવે છે તે ૧૦ના સિક્કા આપે તો છે પરંતુ પરત લેવાની ના પાડી દેતા હોય છે જેને પગલે આ સિક્કા જમા થઈ ગયા હતા. બેંકે આ સિક્કા લેવાની ના પાડી દીધી હતી પણ કારના શોરુમ માલિકે પહેલા ના પાડી પછી આ છ લાખ રૂપિયાના સિક્કાનો સ્વિકાર કરીને તેને કાર આપી હતી.

### ભારતને સલાહ આપનારા પાક.ની પોલ ખુલી

# પાકિસ્તાની એજન્સીઓ બલોચ વિદ્યાર્થીઓનું અપહરણ કરી રહી છે

કરાચી, તા. ૧૯

મોહમ્મદ પયગંબર અંગે નૂપુર શર્માએ આપેલા નિવેદનથી જે વિવાદ થયો હતો તે મુદ્દે પાકિસ્તાન ભારત પર અનેક આરોપ લગાવી રહ્યું હતું. જોકે હવે પાક.ની પણ પોલ ખુલી છે. એવા અહેવાલો છે કે પાકિસ્તાની સૈન્ય બલોચ વિદ્યાર્થીઓનું વારંવાર અપહરણ કરી રહી છે.

## કરાચી યુનિ. બોમ્બ બ્લાસ્ટમાં ચીની નાગરિકો માર્યા ગયા પછી અપહરણ થયું હતું

આ વિદ્યાર્થીઓએ હવે કરાચી યુનિ.ના બે બલૂચ વિદ્યાર્થીઓના અપહરણના વિરોધમાં સિંધ વિધાનસભાની બહાર પ્રદર્શન કર્યું હતું જેથી પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ દ્વારા હાલ ૨૮ પ્રદર્શનકારી વિદ્યાર્થીઓને અટકાયતમાં લેવામાં આવ્યા હતા જેમાં વિદ્યાર્થિનીઓ પણ સામેલ હતી. એવા અહેવાલો છે કે ચીની નાગરિકોની કરાચી યુનિ.ના બોમ્બ બ્લાસ્ટમાં થયેલી હત્યા બાદ પોલીસ દ્વારા બલૂચ નાગરિકોનું અપહરણ કરવાની ઘટના વધી રહી છે. કરાચી યુનિ.ના બે વિદ્યાર્થીઓ ડોડા બલૂચ અને ધમશાદ બલૂચનું સાતમી જૂને અપહરણ કરી લેવામાં આવ્યું હતું. પાકિસ્તાનની સુરક્ષા એજન્સીઓ દ્વારા આ અપહરણ કરવામાં આવ્યું હોવાનું ખુલ્યું છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પ્રગતિ મેદાન ખાતે રૂ. ૯૨૦ કરોડના ખર્ચે બનેલા એકીકૃત ટ્રાન્ઝિટ કોરિડોર અને છ અન્ડરપાસનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સમયે વડાપ્રધાન મોદીએ ટનલમાં બનેલા આર્ટ-વર્કનું નિરીક્ષણ કરતી વખતે તેની આજુબાજુ પડેલો પ્લાસ્ટિકની ખાલી બોટલ સહિતનો કચરો ઉપાડીને ડસ્ટબિનમાં નાંખ્યો હતો. વડાપ્રધાન મોદી પોતે જ સ્વચ્છતા પ્રત્યે આટલા જાગૃત હોય અને જાતે જ રસ્તા પરથી કચરો ઊપાડવામાં નાનપ ન સમજતા હોય તો દેશવાસીઓએ પણ તેમાંથી પ્રેરણા લેવી જોઈએ તેમજ રસ્તા પર કચરો ફેંકવાનું ટાળવું જોઈએ. દેશમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે ત્યારે દેશવાસીઓએ વિશેષરૂપે માર્ગોની સ્વચ્છતા માટે જાગૃત રહેવું જોઈએ.

### ૧૩ જૂને દેશમાં કોરોનાના દૈનિક કેસ ૮૦૮૪ હતા

# એક જ સપ્તાહમાં કોરોનાના દૈનિક કેસોમાં ૬૦ ટકાનો વધારો

(પીટીઆઇ) નવી દિલ્હી, તા. ૧૯

છેલ્લા એક અઠવાડિયામા કોરોનાના કેસોમાં ૬૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. ૧૩ જૂને દેશમાં દૈનિક કોરોનાના ૮૦૮૪ કેસો નોંધવામાં આવ્યા હતાં જે ૧૯ જૂને વધીને ૧૨,૮૯૯ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના એક્ટિવ કેસોમાં ૪૩૬૬નો વધારો થયો છે.

## દેશમાં કોરોનાના નવા ૧૨,૮૯૯ કેસ : એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૭૨,૪૭૪ વધુ ૧૫ મોત સાથે કુલ મૃત્યુઆંક ૫,૨૪,૮૫૫

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૨,૮૯૯ કેસો નોંધવામાં આવ્યા છે. આ સાથે જ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૪,૩૨,૯૬,૬૯૨ થઈ ગઈ છે. બીજી તરફ દેશમાં એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૭૨,૪૭૪ થઈ ગઈ છે. વધુ ૧૫ લોકોનાં મોત થવાને કારણે કોરોનાનો કુલ મૃત્યુઆંક વધીને ૫,૨૪,૮૫૫ થઈ ગયો છે. દૈનિક પોઝિટીવ રેટ વધીને ૨.૮૯ ટકા અને સાપ્તાહિક પોઝિટીવ રેટ વધીને ૨.૫૦ ટકા થઈ ગયો છે. અત્યાર સુધીમાં દેશમાં કોરોનાના ૧૯૬.૧૪ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

**છેલ્લા એક સપ્તાહમાંકોરોનાના દૈનિક કેસોની સંખ્યા**

| તારીખ | કેસોની સંખ્યા |
|---|---|
| ૧૩ જૂન | ૮૦૮૪ |
| ૧૪ જૂન | ૬૫૯૪ |
| ૧૫ જૂન | ૮૮૨૨ |
| ૧૬ જૂન | ૧૨૨૧૩ |
| ૧૭ જૂન | ૧૨૮૪૭ |
| ૧૮ જૂન | ૧૩૨૧૬ |
| ૧૯ જૂન | ૧૨૮૯૯ |

કોરોનાના કેસોમાં તાજેતરમાં જોવા મળેલા ઉછાળાની પાછળ ઓમિક્રોનનો સબ લીનિએજ જવાબદાર છે. ભારતના સાર્સ કોવ-૨ જીનોમિક્સ કન્સોર્ટિયમ (આઈએનએસએસીઓજી)એ પણ આ અહેવાલને સમર્થન આપ્યું છે. જીનોમિક સર્વેલન્સ ડેટાના રિવ્યુ પછી આઈએનએસએસીઓજીએ આ અહેવાલને સમર્થન આપ્યું છે.

દેશમાં કોવિડ૧૯ના મોટા ભાગના કેસોમાં ઓમિક્રોનના સબ વેરિએન્ટ બીએ-૨ અને બીએ-૨.૩૮ મળ્યા છે. કેટલાક ભાગોમાં બીએ.૪, બીએ.૫ના કારણે પણ કેસો વધ્યા છે. ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં કોઈ નવું વેરિએન્ટ મળી આવ્યું નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર ૬૦ ટકા સેમ્પલમાં બીએ.૨ મળ્યું છે જ્યારે ૩૩ કેસોમાં ૨.૩૮ મળ્યું છે. મુંબઈ, તિરુવનંતપુરમ, પુડુચેરી, દિલ્હી-એનસીઆર, મિઝોરમ, નાર્થ-ઈસ્ટમાં પણ બીએ.૨ અને બીએ.૨.૩૮ વેરિઅન્ટ જોવા મળ્યું છે.

### સ્મૃતિ ઈરાની બીજી વખત કોરોના પોઝિટિવ

કેન્દ્રીય મહિલા તેમજ બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીને કોરોના થયો છે. આ જાણકારી સ્મૃતિ ઈરાનીએ ટ્વીટ કરીને આપી હતી, તેમણે જણાવ્યું હતું કે ચૂંટણીની રેલીમાં સામેલ ન થઈ શકી તે માટે દિલગીર છું. મારી કોરોના રિપોર્ટ પોઝિટિવ આવી છે. સ્મૃતિ ઈરાની દિલ્હીના રાજેંદ્ર નગર વિધાનસભાની ખાલી પડેલી બેઠક પર પ્રચાર રેલીને સંબોધવાના હતા. જોકે તે પહેલા જ તેમણે કોરોના ટેસ્ટ કરાવ્યો હતો, રિપોર્ટ પોઝિટિવ આવતા તેમણે આ રેલીને રદ કરી હતી. ૨૩મીએ આ બેઠક પર મતદાન થવાનું છે. આ પહેલા ૨૦૨૦માં પણ સ્મૃતિ ઈરાનીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

### તમામ ૧૮૫ યાત્રીઓને સુરક્ષિત રીતે વિમાનમાંથી બહાર કઢાયા

# પટણાથી દિલ્હી જઈ રહેલા વિમાનમાં આગ લાગતા ઈમરજન્સી લેન્ડિંગ

પટણા, તા. ૧૯

પટણાથી દિલ્હી જઈ રહેલા સ્પાઈસ જેટના વિમાનના એન્જિનમાં રવિવારે આગ લાગી હતી. પટણાના ફુલવારીશરીફ વિસ્તારના ઉપરથી જ્યારે વિમાન પસાર થયું તો સ્થાનિક લોકોએ તેમાંથી ધુમાડો બહાર નીકળતા જોયો હતો. તેનાથી લોકો ડરી ગયા હતાં. તેમણે તાત્કાલિક જિલ્લા વહીવટી તંત્ર અને એરપોર્ટને માહિતી આપી હતી. ત્યારબાદ વિમાનનું પટણા એરપોર્ટ પર સફળ રીતે લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ ઘટનામાં કોઈને પણ નુકસાન થયું ન હતું.

## પટણાના ફુલવારીશરી વિસ્તારના લોકોને વિમાનમાંથી ધુમાડો નીકળતો દેખાતા તેમણે એરપોર્ટને જાણ કરીને દુર્ઘટના ટાળી

પટણાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ ચંદ્રશેખર સિંહે મીડિયાને જણાવ્યું હતું કે વિમાનની પાંખમાં એન્જિનના ટેક ઓફ પછી જ આગ લાગી ગઈ હતી. ફુલવરીશરીફના લોકોએ જ્યારે ઉડતા વિમાનમાં આગ જોઈ તો તેમણે જિલ્લા વહીવટી તંત્ર અને એરપોર્ટને માહિતી આપી હતી.એરપોર્ટે વહીવટી તંત્રે એટીસીનો સંપર્ક સાધ્યો હતો. એટીસીએ પાયલોટને માહિતી આપી હતી. જો કે ત્યાં સુધીમાં પાયલોટને વિમાનમાં લાગેલા સેન્સરની મદદથી ખામી સર્જાઈ હોવાની જાણ થઈ ગઈ હતી.



એટીસીના નિર્દેશ પછી પાયલોટે પટણા એરપોર્ટ પર વિમાનનું સફળ લેન્ડિંગ કરાવ્યું હતું. ત્યારબાદ તમામ યાત્રીઓને વિમાનમાંથી સુરક્ષિત રીતે ઉતારી લેવામાં આવ્યા હતાં. વિમાનમાં લાગેલી આગ પર થોડાક જ સમયમાં નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું હતું.


ડીએમએ જણાવ્યું હતું કે બર્ડ હીટ અથવા ટેકનિકલ કારણસર વિંગ વળી જતા તેમાં આગ લાગી હતી. નિષ્ણાતો ઘટનાની તપાસ કરી રહ્યાં છે. સાચુ કારણ તપાસ પછી જ સામે આવશે. યાત્રીઓને અન્ય વિમાનને દિલ્હી મોકલવામાં આવ્યા હતાં.

### ભારત બાયોટેકની નોઝલ રસી ટૂંકમાં રજૂ થશે

નવી દિલ્હી, તા.૧૯

દેશને કોરોના સામેની લડાઈમાં ટૂંક સમયમાં વધુ એક હથિયાર મળી શકે છે. ભારત બાયોટેકે જણાવ્યું છે કે કોવિડ-૧૯ની નોઝલ રસીનું ત્રીજા તબક્કાનું પરીક્ષણ પૂરું થઈ ગયું છે અને કંપની આગામી મહિને ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) સમક્ષ તેનો ડેટા રજૂ કરશે. કંપનીએ નૈદાનિક પરીક્ષણ પૂરું કર્યું છે, એક ડેટા વિશ્લેષણ ચાલી રહ્યું છે. આગામી મહિને નિયામક એજન્સીને ડેટા પૂરો પડાશે અને બધું બરાબર રહેશે તો અમને મંજૂરી મળી જશે અને અમે નોઝલ રસી બજારમાં લોન્ચ કરીશું. દુનિયામાં કોરોના સામેની આ પહેલી નોઝલ રહી હશે. ભારતના ડ્રગ કંટ્રોલરે આ વર્ષે જાન્યુઆરીમાં ભારત બાયોટેકને તેની નોઝલ રસી માટે સ્ટેન્ડઅલોન તબક્કાનું પરીક્ષણ કરવા મંજૂરી આપી હતી.





સહારા દરવાજાની રેલવે લાઈન ઉપર રૂ.૧૩૩.૫૦ કરોડના ખર્ચે બનેલા દેશના પહેલા થ્રી લેયર ઓવર બ્રિજ રવિવારે ખુલ્લો મુકાયો હતો. હવે રીંગરોડ, સહારા દરવાજા, ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારની ટ્રાફિક સમસ્યા મહદ્અંશે હલ થશે.

## સુરત સિટીમાં કોરોનામાં ૩૨ અને જીલ્લામાં ૬ મળી ૩૮ કેસ

(પ્રતિનિધિ દ્વારા) સુરત રવિવાર

સુરતમાં રોજ કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. રવિવારે સિટમાં ૩૨ અને જીલ્લામાં ૬ મળી નવા ૩૮ દર્દી ઝપેટમાં આવ્યા છે. જ્યારે સિટીમાં ૧૨ અને જીલ્લામાં ૨ મળી ૧૪ દર્દીને રજા આપવામાં આવી હતી.આરોગ્ય વિભાગ પાસેથી મળેલી વિગત મુજબ સુરત સિટીમાં કોરોનામાં ૩૨ કેસ નોધાયો છે. જેમાં સૌથી વધુ સેન્ટ્રલમાં ૯ અને અઠવામાં ૯, રાંદેરમાં ૮, લિંબાયતમાં ૩, અને કતારગામ ઝોનમાં ૩ દર્દી ઝપેટમાં આવ્યા છે. જેમાં ૧૦ હાઉસવાઈફ, એક વિદ્યાર્થી, ૬ વર્ક ઓફ હોમ સહિતના સમાવેશ થાય છે. એક પરિવારના ત્રણ અને બે પરિવારના ચાર સભ્યો પણ સંક્રમિત થયા છે. સિટીમાં ૧૨ દર્દીને રજા આપવામાં આવી છે. સિટીમાં કુલ ૧૩૩ એક્ટીવ કેસ પૈકી સાત દર્દી હોસ્પિટલમાં દાખલ છે. આ ઉપરાંત સુરત જીલ્લામાં ૬ કેસ નોધાયા છે. જોકે બે દર્દીને રજા આપવામાં આવી છે. જ્યારે જીલ્લામાં કુલ ૩૨ એક્ટિવ કેસ છે.

### મૃત્યુઆંક ઓછો છતાં આગામી બે સપ્તાહ ખુબ જ મહત્વના

# કોરોનાની ચોથી લહેરની એન્ટ્રી, રસી નહી લેનારા જોખમી પુરવાર થશે

અમદાવાદ, રવિવાર

ગુજરાત કોરોનાની રિ-એન્ટ્રી થઈ છે. આ જોતા નિષ્ણાતોના મતે ગુજરાતમાં કોરોનાની ચોથી લહેરનુ આગમન થઈ ચૂક્યુ છે પરિણામે લોકોએ સાવધાની વર્તવાની જરૂર છે. આ ઉપરાંત એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી છેકે, રસીનો ડોઝ નહી લેનારા લોકો જ જોખમી પુરવાર થઈ શકે છે. જોકે, મૃત્યુઆંક નહિવત છે છતાંય જે લોકોએ રસીના બંને ડોઝ લીધા હોય તેમણે પણ બુસ્ટર ડોઝ લેવા સલાહ અપાઈ છે. રાજ્યમાં ફરી કોરોનાના કેસો વધી રહ્યા છે. આખાય ગુજરાતમાં અમદાવાદ ટોપ રહ્યુ છે. હાલ રાજ્યમાં કુલ ૧૩૭૪ કોરોનાના એક્ટીવ કેસો છે. રવિવારે પણ ગુજરાતમાં કુલ ૨૪૪ કેસો નોંધાયા હતાં. કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય ડૉ.દિલિપ માવલંકરનુ કહેવુ છેકે, કેરળ સહિતના અન્ય રાજ્યમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. ગુજરાતમાં ય કેસો ખુબ જ ઝડપીગતિએ વધી રહ્યા છે તે ચિંતાજનક છે. દેશની સ્થિતીને જોતાં કોરોનાની ચોથી લહેર આવી ચૂકી છે. જોકે, સારી વાત એછેકે, આ વખતે મૃત્યુઆંક નહિવત છે.આમ છતાંય ૬૦ વર્ષથી વધુ વયના હોય. ડાયાબિટીસ સહિત અન્ય બિમારી હોય તેવા લોકોએ સતર્ક રહેવાની જરૂર છે. કોરોનાની સ્થિતી હળવી થતા લોકોએ રસી લેવાનુ ય ટાળ્યુ છે. આ જોતાં રસી નહી લેનારાની સંખ્યા

(અનુસંધાન ૪થે પાને)

**બારોબાર રેપિડ ટેસ્ટ કરાવી લોકો હોમ આઈસોલેટ થાય છે**

એવી ય જાણકારી મળી છેકે, અત્યારે લોકો કોરોનાનો શિકાર બનવા માંડ્યા છે.બારોબાર રેપિડ ટેસ્ટ કરાવી લોકો હોમ આઈસોલેટ થઈ જાય છે અને સારવાર કરાવે છે. આ કારણોસર સરકારી ચોપડે કેસો નોંધાતા નથી. જો ખાનગી લેબમાં થતા ટેસ્ટની નોધણી કરાવવી ફરજિયાત કરવામાં આવે તો ગુજરાતમાં કોરોનાની વાસ્તવિક ચિત્રનો અંદાજ આવી શકે તેમ છે.

## નિષ્ણાતોની સલાહ, ૬૦થી વધુ વયના લોકોએ સતર્કતા રાખવાની જરૂર, ભીડવાળા સ્થાનો પર માસ્ક ફરજિયાત પહેરો

### રૂ.૧૩૩.૫૦ કરોડના ખર્ચે બનેલા રાજ્યના પહેલા થ્રી લેયર બ્રિજનું લોકાર્પણ

# સુરતના ચોમેર વિકાસ સાથે શ્રેણીબધ્ધ બ્રિજથી વાહન વ્યવહાર સુગમ-સરળ બનશે : પાટીલ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

બ્રિજ સીટી સુરત તરીકે દેશમાં જાણીતા થયેલા સુરત શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે રવિવારે સાંજે ૧૧૭માં બ્રિજનું લોકાર્પણ કરવામા આવ્યું હતું. રીંગરોડ, સહારા દરવાજા, ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારની વિકટ ટ્રાફિક સમસ્યાના હલ માટે ૧૩૩.૫૦ કરોડના ખર્ચે રાજ્યના પહેલા થ્રી લેયર બ્રિજ ગુજરાત પ્રદેશ પ્રમુખ અને નવસારીના સાંસદ સી. આર. પાટીલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ સાથે ૮ મે થી રીપેરીંગ માટે બંધ કરાયેલા રીંગરોડ ફ્લાય ઓવર બ્રિજનું રીપેરીંગ થતાં તે બ્રિજ પણ લોકો માટે ખુલ્લો મુકાયો છે.

રીંગરોડ વિસ્તારની ટ્રાફિક સમસ્યા ઘટાડવા માટે ૨૫ વર્ષ પહેલાં ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારમાં ડૉ.બાબા સાહેબ આંબેડકર બ્રિજ ૧૮ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. આ બ્રિજના કારણે અઢી દાયકા પહેલાની ટ્રાફિક સમસ્યાનો હલ આવ્યો હતો. પરંતુ સમય જતાં આ વિસ્તારમાં સંખ્યાબંધ માર્કેટ બની ગઈ હતી. જેના કારણે પહેલાં કરતાં ટ્રાફિક અનેકગણો વધી ગયો હતો. આ ઉપરાંત સહારા દરવાજા ખાતે સુરત મ્યુનિ.ની સ્મીમેર હોસ્પીટલનું નિર્માણ કરવામા આવ્યું હતું. સાથે સાથે આ રોડ સુરત કડોદરા રોડને જોડતો હોય અઢી દાયકા બાદ અનેકગણી ટ્રાફિક સમસ્યા થઈ હતી. આ ટ્રાફિક સમસ્યાના હલ માટે મલ્ટી લેવલ રેલવે ઓવર બ્રિજ, ફ્લાય ઓવર બ્રિજ માટે આયોજન કરવામાં આવ્યું હતુ. રૂ.૧૩૩.૫૦ કરોડના ખર્ચે

(અનુસંધાન ૪થે પાને)

**૧૧૭માં બ્રિજની હાઈલાઈટ**

પ્રોજેક્ટ કિંમત : રૂા.૧૩૩.૫૦ કરોડ
બ્રિજની લંબાઈ: ૨.૫ કિલોમીટર
ખાતમુર્હૂત : ૨૫ ઓક્ટોબર ૨૦૧૭
લોકાર્પણ : ૧૯ જૂન, ૨૦૨૨
૧૫ લાખ લોકોને સીધો ફાયદો થશે

**મલ્ટીલેયર બ્રિજનો ઉપયોગ કરી આ જગ્યાએ જઈ શકાશે**

-સહારા દરવાજા મલ્ટી લેયર બ્રિજને લીધે રીંગરોડ ફલાયઓવર બ્રીજ પરથી સીધા સુરત-કડોદરા રોડ તરફ રેલવે લાઈન ક્રોસ કરીને કરણીમાતા જંકશન પર ઉતરીને જઈ શકાશે. આ જંકશન પર અપ-ડાઉન રેમ્પ અપાયા છે.

-વરાછા વિસ્તાર થઈ સુરત-કામરેજ રોડ તરફ જવા માટે પણ અલગ રેમ્પ અપાયો છે. રીંગરોડથી વરાછા વિસ્તાર થઈ સુરત-કામરેજ રોડ જવા નવી

(અનુસંધાન ૪થે પાને)

**સુરત શહેરના બ્રિજની માહિતી**

| બ્રિજનો પ્રકાર | સંખ્યા | રૂ. કરોડમાં |
|---|---|---|
| તાપી નદી બ્રિજ | ૧૫ | ૧૦૦૮.૩૦ |
| ખાડી બ્રિજ | ૬૧ | ૧૬૮.૮૪ |
| ફ્લાય ઓવર બ્રિજ | ૨૮ | ૯૪૦.૫૬ |
| રેલ્વે ઓવર-અન્ડર બ્રિજ | ૧૩ | ૬૦૫.૧૨ |
| કુલ | ૧૧૭ | ૨૭૨૨.૮૦ |

## રીંગરોડ ફ્લાય ઓવર બ્રિજનું રીપેરીંગ થતાં તેને પણ ખુલ્લો મુકાયો

# સુરત જિલ્લામાં દિવસે એક ઈંચ સુધીનો વરસાદ : કામરેજમાં ફરી પાણી ભરાયા

બારડોલી,રવિવાર

સુરત જિલ્લામાં રવિવારે સવારે ૬ થી સાંજે ૬ વાગ્યા સુધીના ૧૨ કલાકમાં અડધાથી એક ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ કામરેજ તાલુકામાં એક ઈંચ વરસાદ થતાં અનેક જગ્યાએ પાણી ભરાયા હતા.

સુરત જિલ્લામાં વિધિવત રીતે ચોમાસુ બેસી ગયું છે. છેલ્લા ત્રણેક દિવસથી છુટાછવાયા વરસાદ સાથે દરેક તાલુકામાં વરસાદી માહોલ જોવા મળે છે. કામરેજ તાલુકામાં એક ઈંચ વરસાદ થતાં ને.હા.નં.૪૮ના સર્વિસ રોડ પર ફરી એક વખત પાણી ફરી વળ્યાં હતા. ઘૂંટણ સમા પાણી ભરાય જતા વાહન ચાલકોને ભારે હાલાકી વેઠવી પડી હતી.

ઉમરપાડા સિવાય તમામ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. પલસાણા અને ચોર્યાસીમાં ૨૦ મીમી, બારડોલીમાં ૧૭ મીમી, મહુવામાં ૧૬ મીમી, ઓલપાડમાં ૧૫ મીમી, સુરત સિટીમાં ૬ મીમી, માંગરોલમાં ૫ મીમી અને માંડવીમાં ૪ મીમી વરસાદ નોંધાયો હતો.

## કામરેજમાં ૧ અને પલસાણા-ચોર્યાસીમાં ૦.૮ ઈંચ હાઈવેના સર્વિસ રોડ પણ ઘૂંટણ સમા પાણી ભરાયા

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૪૪ નવા કેસ

# ગુજરાતમાં એક્ટિવ કેસ ૧૩૦૦ને પાર ૧૦ દિવસમાં ૧૨૫ ટકાનો વધારો

અમદાવાદ, રવિવાર

ગુજરાતમાં કોરોનાની ગતિમાં સતત નવો વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૪૪ નવા કેસ સામે આવ્યા છે. આમ, સળંગ ત્રીજા દિવસે કોરોનાના કેસમાં વધારો થયો છે. જૂનના ૧૯ દિવસમાં જ રાજ્યમાંથી ૨૪૪૧ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ ચૂકી છે.એક્ટિવ કેસનો આંક વધીને હવે ૧૩૭૪ થઈ ગયો છે. રાહતની વાત એ છે કે, સળંગ ચોથા દિવસે કોરોનાથી એકપણ મૃત્યુ નોંધાયું નથી.

## ૧૩૭૪ એક્ટિવ કેસ : અમદાવાદમાં ૭૩૦, વડોદરામાં ૧૬૭, સુરતમાં ૧૬૫ દર્દીઓ કોરોનાની સારવાર હેઠળ

છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાંથી ૧૧૭-ગ્રામ્યમાંથી ૩ સાથે સૌથી વધુ ૧૨૦ નવા કેસ નોંધાયા હતા. અમદાવાદમાં છેલ્લા ૧૯ દિવસમાં જ કુલ ૧૩૧૩ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ ચૂકી છે. બીજી તરફ સુરત અને વડોદરામાં પણ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. સુરત શહેરમાં ૩૨-ગ્રામ્યમાં ૬ સાથે ૩૮ જ્યારે વડોદરા શહેરમાં ૨૯-ગ્રામ્યમાં ૫ સાથે ૩૪ નવા કેસ સામે આવ્યા હતા. આમ, ૧૯૨ નવા કેસ માત્ર ૩ જિલ્લામાંથી મળી આવ્યા છે. રાજ્યમાંથી અન્યત્ર ગાંધીનગર શહેરમાંથી ૩-ગ્રામ્યમાંથી ૩ સાથે ૬, વલસાડમાંથી ૬, ભાવનગર શહેરમાંથી ૫-ગ્રામ્યમાંથી ૧ સાથે ૬, જામનગર શહેરમાંથી ૩-ગ્રામ્યમાંથી ૧ સાથે ૪, ભરૂચ-સુરેન્દ્રનગરમાંથી ૪, આણંદ-મહેસાણા-નવસારીમાંથી ૩, ખેડામાંથી ૨, કચ્છમાંથી ૧ નવા કેસ નોંધાયા હતા.

રાજ્યમાં હાલ ૧૩૭૪ એક્ટિવ કેસ છે જ્યારે પાંચ દર્દીઓ વેન્ટિલેટર પર છે.

**ગુજરાતમાં છેલ્લા ૧૦ દિવસમાં કોરોનાના નવા કેસ**

| તારીખ | કેસ | એક્ટિવ |
|---|---|---|
| ૧૦ | ૧૪૩ | ૬૦૮ |
| ૧૧ | ૧૫૪ | ૭૦૪ |
| ૧૨ | ૧૪૦ | ૭૭૮ |
| ૧૩ | ૧૧૧ | ૮૩૨ |
| ૧૪ | ૧૬૫ | ૯૨૦ |
| ૧૫ | ૧૮૪ | ૯૯૧ |
| ૧૬ | ૨૨૮ | ૧૧૦૨ |
| ૧૭ | ૨૨૫ | ૧૧૮૬ |
| ૧૮ | ૨૩૪ | ૧૨૬૧ |
| ૧૯ | ૨૪૪ | ૧૩૭૪ |

ગુજરાતમાં ૧૦ જૂને ૬૦૮ એક્ટિવ કેસ હતા. આમ, ૧૦ દિવસમાં એક્ટિવ કેસમાં ૧૨૫ ટકાનો વધારો નોંધાયો છે. બીજી માર્ચ બાદ પ્રથમવાર એક્ટિવ કેસનો આંક ૧૩૦૦ને પાર થયો છે. હાલ અમદાવાદમાં સૌથી વધુ ૭૩૦, વડોદરામાં ૧૬૭ જ્યારે સુરતમાં ૧૬૫ દર્દીઓ કોરોનાની સારવાર હેઠળ છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૧ દર્દીઓ કોરોનાથી સાજા થયા છે. અત્યારસુધી કુલ ૧૨,૧૨,૩૨૩ દર્દીઓ કોરોનાથી સાજા થઈ ચૂક્યા છે અને રીક્વરી રેટ ૯૯ ટકા છે. રવિવારે કુલ ૧૦૯૩૭ દ્વારા કોરોના વેક્સિન લેવામાં આવી હતી. આ સાથે જ કુલ વેક્સિનેશન ડોઝ હવે ૧૧.૦૮ કરોડ છે. કુલ ૩૭.૮૩ લાખ દ્વારા પ્રીકોશન ડોઝ લેવામાં આવ્યો છે.

### સુરત મહાનગરની વાસ્તવિકતા

# માતા-પિતાની મરજી વિરૂધ્ધ લગ્નની ઈચ્છા સરથાણ પોલીસ મથકમાં જ ૩૯૦ અરજી

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

માતા-પિતાની મરજી વિરૂધ્ધ જઈને લગ્ન કરવાના વધતા જતા પ્રમાણને ચિંતાજનક બાબત ગણાવી એક માત્ર સરથાણા પોલીસ સ્ટેશનમાં ૧૮ વર્ષથી વધુની ૩૯૦ છોકરીઓએ માતા-પિતા વિરૂધ્ધ લગ્ન કર્યાની અરજી આવી હોવાનું એક ખાનગી કાર્યક્રમમાં સરથાણાના પીઆઈ ગુર્જરે જણાવ્યું હતુ. અરજીના આંકડાને તમામ સમાજ માટે લાલબત્તી સમાન ગણાવી પીઆઈએ માતા-પિતાને સંતાનો પ્રત્યે દરકાર કરવા ટકોર કરી હતી.

## સંતાનોને ખોટા માર્ગે જતા અટકાવવા તેમની સાથે ઘરસભા કરી સમય વીતાવવા પીઆઈની અપીલ

સરથાણા વિસ્તારમાં યોજાયેલા ખાનગી કાર્યક્રમમાં સરથાણા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.કે.ગુર્જરે લોકોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, એક માત્ર સરથાણા પોલીસ સ્ટેશનમાં ૧૮ વર્ષ કે તેનાથી વધુ ઉંમરની છોકરીઓ માતા-પિતાની મરજી વિરૂધ્ધ લગ્ન કરવા ઈચ્છતી હોય તે અંગેની ૩૯૦ અરજીઓ છે. જયારે ૧૮ વર્ષથી નાની એટલે કે ૧૩ થી ૧૭ વર્ષ સુધીની તરૂણીઓ માતા-પિતાની મરજી વિરૂધ્ધ લગ્ન કરવા ઈચ્છતી હોય તેવી ૨૩ અરજીઓ છે. માતા-પિતાની મરજી વિરૂધ્ધ લગ્ન અંગેની અરજી માત્ર સરથાણા પોલીસ સ્ટેશનમાં નહીં પરંતુ પાટીદારોની બહુમતી વસ્તી ધરાવતા કતારગામ, પુણા, અમરોલી, વરાછા અને કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાય છે અને તેની ઉપર નજર કરીએ તો તે સમાજ માટે લાલબત્તી સમાન છે. માતા-પિતાની મરજી વિરૂધ્ધ લગ્ન કરવા પાછળ સ્માર્ટ ફોનનું વળગણ, ઘરના વાતાવરણને જવાબદાર ઠેરવવાની સાથે પીઆઈ ગુર્જરે જણાવ્યું કે, સંતાનોમાં સંસ્કારોના સિંચનની જવાબદારી માતા-પિતાની છે. માતા-પિતા સંતાનો સાથે ઘરસભા કરી સમય પસાર કરે, સંતાન સાથે મિત્રતા જેવું વર્તન કરવું જોઈએ. મોબાઈલનો જે ક્રેઝ વધ્યો છે અને તેના દુરપયોગને કારણે બાળકોની માનસિકતામાં બદલાય છે તેમજ બાળકો ખોટા રસ્તે જઈ રહ્યા છે. મોડી રાત સુધી બાળકો મોબાઈલમાં શું કરે છે, ઘરની બહાર નીકળે છે તો કયાં જાય છે? વિગેરે બાબતો પર ધ્યાન રાખવા જણાવ્યું હતું.

### ઉમિયાધામ ખાતે બાબા રામદેવનું ઉદ્બોધન

# લેઉવા-કડવા અલગ નથી, ઉમિયા માતાના સાનિધ્યમાં સંગઠિત થાઓ

અમદાવાદ,રવિવાર

લેઉવા અને કડવા અલગ નથી, ઉમિયા માતાજીના સાનિધ્યમાં સંગઠિત થાઓ તેમ યોગગુરુ બાબા રામદેવજીએ આજે અમદાવાદના જાસપુર ખાતે વિશ્વઉમિયાધામમાં જણાવ્યું હતું.

## તમારી આવકનું ૧૦ ટકા દાન ઉમિયાધામને આપો, સમાજ શ્રેષ્ઠ સ્થાને પહોંચી જશે

બાબા રામદેવે જગત જનની શ્રી ઉમિયા માતાજીના નવનિર્મિત મંદિરનું શીલા પૂજન કર્યું હતું. આ પ્રસંગે બાબા રામદેવે તેમના પ્રવચનમાં જણાવ્યું કે, 'આર.પી. પટેલ અને તેમની ટીમે ઉપાડેલું વિશ્વના સૌથી ઉંચા મા ઉમિયાના મંદિર નિર્માણનું કામ ભગીરથ કાર્ય છે. આ કાર્યમાં તમે સૌ જોડાઈ તમારી આવકના ૬થી ૧૦ ટકા દાન વિશ્વઉમિયાધામને આપો જેથી શ્રેષ્ઠ પાટીદાર સમાજનું નિર્માણ થાય.

હું પટેલ સમાજના રોટાલા અને ઢેબરા ખાઈને મોટો થયો છું. મને મોટો કરવામાં પાટીદાર સમાજનું પ્રદાન છે. લેઉવા અને કડવા અલગ નથી, ઉમિયા માતાજીના સાનિધ્યમાં સંગઠિત થાય અને આગળ વધે. સમય સંગઠિત થવાનો છે. બધા એક જ છે. તથા વિશ્વઉમિયાધામ સનાતન ધર્મનું સૌથી ગૌરવપૂર્ણ ધામ છે.' વિશ્વઉમિયાધામના પ્રણેતા-પ્રમુખ આર.પી.પટેલે જણાવ્યું, 'જ્યાં સુધી વિશ્વઉમિયાધામનું નિર્માણ થાય ત્યાં સુધી વિશ્વની વિભુતિઓ જગત જનની મા ઉમિયાના મંદિરનું શિલાપૂજન કરતી રહે અને માતાજીના દર્શને આવે જેથી તેમની ઉર્જા આ ભૂમિ પર સંચિત થાય.'

# હોસ્ટેલ ખાલી કરવાના આદેશ બાદ જુનિયર ડૉક્ટરોની હડતાળ વધુ ઉગ્ર

અમદાવાદ,રવિવાર

અગાઉ ટર્મિનેશન કરવાની નોટિસ આપ્યા બાદ અને સરકારે ગઈકાલે જુનિયર ડોક્ટરોને હોસ્ટેલ ખાલી કરવાની નોટિસ આપી છે.બે નોટિસ બાદ હાલ તો જુનિયર ડોક્ટરોની હડતાળ યથાવત છે અને ડોક્ટરો તેઓની માંગ પર અડગ છે.જ્યારે દિવસેને દિવસે જુનિયર ડોક્ટરોની હડતાળ વધુ ઉગ્ર બની રહી છે. હાલ જુનિયર ડોક્ટરો સાથે ઈન્ટર્ન ડોક્ટરો હડતાળમાં જોડાઈ ગયા છે.

## સરકારની બે નોટિસ બાદ પણ ડૉક્ટરો હજુ અડગ જુનિયર ડોક્ટરો સાથે ઈન્ટર્ન ડૉક્ટરો પણ જોડાયા

સિનિયર રેસિડેન્સીને બોન્ડ સેવા તરીકે ગણી લેવાની માંગ સાથે પાંચ દિવસથી હડતાળ પર ઉતરેલા અમદાવાદ સહિતની છ સરકારી મેડિકલ કોલેજોના પીજી રેસિડેન્ટ-જુનિયર ડોક્ટરોની હડતાળને લઈને હાલ તો સરકાર અને જુનિયર ડોક્ટરો વચ્ચે દર્દીઓ પીસાઈ રહ્યા છે.હંમેશા સરકારની આરોગ્યલક્ષી વહિવટી પ્રક્રિયા ઢીલી અને પારદર્શી ન હોવાથી ડોક્ટરોએ પોતાની માંગો-રજૂઆતો માટે હડતાળનુ હથિયાર ઉગામવુ પડે છે. હાલ અમદાવાદ, સુરત,વડોદરા, જામનગર, ભાવનગર અને રાજકોટ સહિતની તમામ છ સરકારી મેડિકલ કોલેજોના પીજી સીનિયર રેસિડેન્ટ-જુનિયર ડોક્ટરો પોતાની માંગને લઈને હડતાળ પર ઉતર્યા છે ત્યારે આરોગ્ય સેવાને મોટી અસર પડી રહી છે પરંતુ બીજી સરકાર જુનિયર ડોક્ટરોની માંગ સ્વીકારવા તૈયાર નથી.

સરકારે અગાઉ ટર્મિનેશન એટલે કે રેસિડેન્સી પૂર્ણ કરવાની નોટિસ આપ્યા બાદ ગઈકાલે હોસ્ટેલ ખાલી કરવાની નોટિસ જુનિયર ડોક્ટરોને આપી દીધી છે. આરોગ્ય કમિશનર કચેરી દ્વારા તમામ સરકારી મેડિકલ કોલેજોના ડીનને પરિપત્ર કરીને જુનિયર તેમજ સીનિયર રેસિડેન્ટ ડોક્ટરો તથા ઈન્ટર્ન ડોક્ટરોને હોસ્ટેલ ખાલી કરાવવાની કાર્યવાહી કરવા આદેશ કર્યો

(અનુસંધાન ૪થે પાને)

પંજાબ રાજ્ય લોટરીઝ
ડીઅર સાવન બમ્પર 2022
૧લુ ઈનામ રૂા.
લોટરી
2.50 કરોડ
પ્રથમ ઈનામો જાહેર જનતા માટે ગેરંટેડ
ડ્રૉ 09.07.2022 ના.રોજ | ટિકિટ રૂા 500/-
ટિકિટો માટે ફોન અથવા વોટ્સએપ કરો: (ઓછામાં ઓછો ઓર્ડર રૂા.1000/-)
ૐ સાંઈ એજન્સી : 8239491632

# લીમોદરા ગામે તળાવ કિનારે રમતા માસિયાઈ ભાઈ-બહેન ડૂબી ગયા

બારડોલી, રવિવાર

માંગરોલ તાલુકાના લીમોદરા ગામે મામાના ઘરે ફરવા આવેલા ૧૦ વર્ષનો બાળક પોતાનીટ વર્ષની માસિયાઈ બહેન સાથે તળાવ કિનારે રમવા જતાં અકસ્માતે પાણીમાં પડી જતાં ડૂબી ગયા હતાં. સ્થાનિકોએ બંનેની લાશ બહાર કાઢી પોલીસને જાણ કરી હતી.

## બારડોલી કડોદનો ૧૦ વર્ષનો રેહાન મલેક અને તેની ૮ વર્ષની માસિયાઈ બહેન માહીનૂર મલેક મામાને ત્યાં ગયા હતા

બારડોલી તાલુકાના કડોદ ગામે રહેતો રેહાન ઈલ્યાસ મલેક (ઉ.વ.૧૦) અને મોટી નરોલી ગામે રહેતી તેની માસિયાઈ બહેન માહીનૂર ઈમરાન મલેક (ઉ.વ.૦૮) લીમોદરા ગામે મામાના ઘરે ફરવા માટે ગયા હતા. રવિવારે રેહાન અને માહીનૂર સાંજના સમયે મામાના ઘરની પાછળ આવેલા તળાવ કિનારે રમવા ગયા હતા.

તળાવ કિનારે બંને રમતા હતા તે સમયે અકસ્માતે બંને તળાવના ઉંડા પાણીમાં પડી જતાં ડૂબી ગયા હતા. સ્થાનિક તરવૈયાઓએ તળાવના પાણીમાંથી રેહાન અને માહીનૂરને બહાર કાઢતા બંને મૃત હાલતમાં હોય કોસંબા પોલીસને જાણ કરી હતી.

### ડુપ્લીકેટ સાબુ અને ટોઈલેટ ક્લીનરનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

બાતમીના આધારે પોલીસે ઉધનાની એ.પી માર્કેટની સામે રાશીવાલા કંમ્પાઉન્ડના પ્લોટ નં.૨ના દુકાન નં.૧૩માં આવેલી વાગડ એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં દરોડા પાડ્યા હતા. જયાંથી ડુપ્લીકેટ ડેટોલ સાબુ, ટોઈલેટ-બાથરૂમની સફાઈ માટે ઉપયોગમાં લેવાતું હારપીક અને લાઈઝોલ નામનું લીક્વીડનો રૂ.૪૬,૮૩૦નો જથ્થો કબજે લીધો હતો. જેને પગલે પોલીસે દુકાનદાર આનંદ વાઘાભાઈ વૈદ (ઉ.વ. ૪૯ રહે. ૨૬, સરસ્વીત ભવન, દિવ્યાનંદ હોસ્પિટલની પાછળ, અમૃતનગર, હરિનગર-૨ નજીક, ઉધના) વિરૂધ્ધ કોપી રાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# વાપી ડુંગરા ગામે દમણગંગા ખાડીમાં ન્હાવા પડેલા બે યુવાન ડૂબી ગયા : એકની લાશ મળી

વાપી,રવિવાર

વાપીના ડુંગરા ગામે હરિયાપાર્કની પાછળથી પસાર થતી દમણગંગા ખાડીમાં રવિવારે ન્હાવા પડેલા બે યુવાન ડુબી ગયા હતા. લાશકરોએ બંને લાપત્તા યુવાનની શોધખોળ આદરી હતી. જેમાં એક યુવાનની લાશ મળી આવી હતી. જયારે બીજાની ભાળ મળી ન હતી.


## વાપી નોટિફાઈડ ફાયરના લાશ્કરો અને ચંદ્રપુરના તરવૈયા શોધખોળમાં જોતરાયા

પ્રાપ્ત અને પોલીસ પાસેથી માહિતી અનુસાર વાપીના ડુંગરા ગામે દાદરીમોરા ફળિયામાં રહેતા અજીત ઉદરસિંહ ચૌહાણ (ઉ.વ.૧૯) અને બબુકુમાર વિરેન્દ્ર વાલ્મિકી (ઉ.વ.૨૪) રવિવારે હરિયાપાર્ક પાછળથી પસાર થતી દમણગંગા ખાડી કિનારે ગયા હતા. અને બંને ખાડીમાં ન્હાવા પડ્યા હતા. એક પછી એક બંને ડુબી ગયા હતા. જેથી ખાડી કિનારે ઉભેલા લોકોએ બુમાબુમ કરી હતી.

આ બનાવ અંગે જાણ થતા પોલીસ અને વાપી નોટિફાઈડ ફાયર વિભાગના લાશકરો દોડી ગયા હતા. ફાયરના લાશકરો અને પારડીના ચંદ્રપુર ગામના તરવૈયાઓએ ખાડીમાં લાપત્તા યુવાનોની શોધખોળ આદરી હતી. જેમાં અજીત ચૌહાણની લાશ પાણીમાંથી બહાર કાઢી હતી. જ્યારે બીજા યુવાનની કોઈ ભાળ મળી ન હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ દમણગંગા ખાડીમાં અગાઉ પણ આ પ્રકારના બનાવો બન્યા હતા. તેમ છતાં વહીવટી તંત્ર દ્વારા સલામતી અંગે કોઈ પગલા ભરવામાં આવ્યા નથી.

**સ્વર્ગવાસ - બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી/ભાઈશ્રી પ્રવિણભાઈ પ્રેમજીભાઈ કાસોદરિયા તા.૧૯/૦૬/૨૦૨૨ ને રવિવારે સ્વર્ગવાસ પામ્યા છે. પ્રભુ સદ્ગતનાં દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

સદ્ગતનું સંયુક્ત બેસણું તા.૨૦/૦૬/૨૦૨૨ ને સોમવારે રાત્રે ૮ થી ૧૦ કલાકે રાખેલ છે.

:: બેસણાનું સ્થળ :: બીજો માળ, સવાણી-ગોધાણી હોલ, સમસ્ત પાટીદાર સમાજની વાડી, આંબાતલાવડી, કતારગામ, સુરત.

સ્વ.પ્રવિણભાઈ પ્રેમજીભાઈ કાસોદરિયા (ઉ. વર્ષ : ૫૭) ગામ : નવા નાવડા સ્વ.તા.૧૯/૦૬/૨૦૨૨

શ્વસુર પક્ષ (ગામ : ચોકડી)
અંબાલાલ પુરષોત્તમભાઈ ખાંભડીયા
સુરેશભાઈ અંબાલાલ ખાંભડીયા ૯૭૨૪૩ ૩૮૮૦૦
મેહુલભાઈ અંબાલાલ ખાંભડીયા

લિ.
લક્ષાંશ પ્રવિણભાઈ કાસોદરિયા ૭૮૭૪૭ ૬૭૪૫૮
રમેશભાઈ પ્રેમજીભાઈ કાસોદરિયા ૯૭૨૩૪ ૮૪૪૨૫
પ્રિન્સ રમેશભાઈ કાસોદરિયા

નવા નાવડા મુકામે ટેલીફોનિક બેસણું તા.૨૩/૦૬/૨૦૨૨ ને ગુરૂવારે સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.

ગુજરાત સમાચાર (સુરત આવૃત્તિ)

અવસાન ● બેસણું ● પ્રાર્થના સભા ● પાઘડી રસમ ● શ્રદ્ધાંજલિ


| Size Fix | અવસાન | |
|---|---|---|
| 10 x 2 | Last Page | ₹4700 |
| 10 x 2 | Inside Page | ₹3600 |
| 5 x 2 | Last Page | ₹2000 |
| 5 x 2 | Inside Page | ₹1700 |

| Size Fix | શ્રદ્ધાંજલિ | *GST Extra |
|---|---|---|
| 10 x 2 | Inside Page | ₹3700 |
| 5 x 2 | Inside Page | ₹1700 |

5x2 થી ઉપરના વધારાના(પ્રતિ કોલમ સે.મી.) ₹200 લેવામાં આવશે
શ્રધ્ધાંજલિ ફક્ત અંદરના પાને જ પ્રસિધ્ધ થશે.

ગુજરાત સમાચાર ભવન, ઉધના દરવાજા, રીંગરોડ, સુરત-૩૯૫ ૦૦૨
Contact : 263 4545, 263 4646 Fax : 263 4040
નોંધ : ઉપરોક્ત ભાવમાં GST અલગથી લાગશે
*GST Extra

**દુઃખદ અવસાન**



સ્વ.ચારૂબેન અરવિંદભાઈ કોન્ટ્રાકટર સ્વ.તા.૧૯.૦૬.૨૦૨૨

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતાશ્રી ચારૂબેન અરવિંદભાઈ કોન્ટ્રાકટર તા.૧૯.૦૬.૨૦૨૨ રવિવારના રોજ દેવલોક પામ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી હાર્દિક પ્રાર્થના.

સદ્ગતની શોકસભા તા.૨૧.૦૬.૨૦૨૨ ને મંગળવારના રોજ બપોરે ૪ થી ૬ દરમ્યાન સુગમ કોમ્યુનીટી હોલ, સુગમ સોસાયટી, અડાજણ પાટીયા, રાંદેર રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.

લિ.
સ્વ.દેવદાસભાઈ એફ. કોન્ટ્રાકટર, સ્વ.પ્રેમીલાબેન ડી. કોન્ટ્રાકટર
સ્વ.અરવિંદભાઈ એફ. કોન્ટ્રાકટર
સ્વ.પ્રતિકભાઈ ડી. કોન્ટ્રાકટર, ગં.સ્વ.અમીતાબેન પી. કોન્ટ્રાકટર
સમીરભાઈ ડી. કોન્ટ્રાકટર, અ.સૌ.પીન્કીબેન એસ. કોન્ટ્રાકટર
ડો.જૈમિન એ. કોન્ટ્રાકટર (પુત્ર)
ડો.તેજસ એ. કોન્ટ્રાકટર (પુત્ર), અ.સૌ.દીપાબેન ટી. કોન્ટ્રાકટર

**અશુભ - રામકબીર**



સ્વ. છગનભાઈ રણછોડભાઈ ભક્ત
જ.તા.૦૮-૧૧-૧૯૪૧
સ્વ.તા.૧૭-૦૬-૨૦૨૨

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી **છગનભાઈ રણછોડભાઈ ભક્ત** **તા.૧૭-૦૬-૨૦૨૨**ને **શુક્રવારે** અમેરિકા મુકામે **હરી ચરણ** થયા છે તે જાણશોજી.

સંજોગોવસાત લૌકિક રિવાજ સદંતર બંધ રાખ્યો છે.

:: શ્વસુર પક્ષ ::
જગુભાઈ તુલસીભાઈ ભક્ત
મુ.પો.કપુરા, તા.વ્યારા, જી.તાપી

લિ.
મનિષભાઈ છગનભાઈ ભક્ત (પુત્ર)
નૂતનબેન શૈલેષભાઈ ભક્ત (પુત્રી)
જ્યોતીબેન સંજયભાઈ ભક્ત (પુત્રી)
ના રામકબીર
મુ.પો.સ્યાદલા, તા.વાલોડ, જી.તાપી

**મહેસૂલ વિભાગ દ્વારા બિનખેતીની પરવાનગીમાં**

# બાંધકામની સમયમર્યાદાની જોગવાઈ રદ કરતો નિર્ણય

**લોકાભિમુખ માર્ગદર્શન**
- એચ.એસ. પટેલ IAS (નિ.)

ગતાંકથી ચાલુ ... જમીન મહેસૂલ અધિનિયમમાં ખેતી સિવાયના ઉપયોગ માટે જમીનનો ઉપયોગ કરવા માટે કલમ-૬૫ હેઠળ જોગવાઈઓ છે. પાયાની બાબત તરીકે ખેતી વિષયક હેતુ માટે જ જમીનનુ મહેસૂલ નક્કી કરવામાં આવ્યું હોય તે ખેતી સિવાયના ઉપયોગ થાય ત્યારે કેટલો બિનખેતી ધારો વસુલ કરવો તે મુખ્ય બાબત છે. જ્યારે મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ઘડાયો ત્યારે બ્રિટીશ શાસન વ્યવસ્થા હતી અને આ કાયદામાં અને તે સમયના કાયદાઓમાં કલેક્ટર અને પોલીસ અધિકારીઓને સત્તા આપવામાં આવતી તેનું કારણ એ હતું કે આઝાદી પહેલાં આ અધિકારીઓ અંગ્રેજ શાસનને વફાદાર હતા, એટલે તમામ સત્તાઓ તે ભોગવતા, તે ઉપરાંત બાંધકામ અને અન્ય બાબતોને નિયમન કરતાં કાયદા જે તે સમયે ન હતાં એટલે જ્યારે જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ કલમ-૬૫ હેઠળની પરવાનગી આપવામાં આવતી તેમાં બિનખેતી ઉપયોગ અને બાંધકામની શરતો રાખવામાં આવે છે અને જેમાં છ માસથી શરૂ કરીને ૨ વર્ષમાં બાંધકામ કરવાની શરતો રાખવામાં આવતી. ખરેખર તો સમયાંતરે ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ એટલે કે મહાનગરપાલિકા વિસ્તારમાં મ્યુનિસિપલ કમિશ્નરને બાંધકામ પરવાનગી આપવાની સત્તાઓ આપેલ છે તેજ રીતે નગરપાલિકા વિસ્તારમાં ચીફ ઓફિસર વિગેરે અને હવે સુઆયોજીત વિકાસના ભાગરૂપે ટાઉન પ્લાનીંગ એક્ટ હેઠળ વિકાસ પરવાનગીના ભાગરૂપે બાંધકામ નિયંત્રણના નિયમો હાલ સીડીજીસીઆર - (Common Development General Control Regulation) અમલમાં છે એટલે જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ બેનખેતીના હેતુ માટે કલમ-૬૫ની પરવાનગી કલેક્ટર દ્વારા આપવામાં આવે છે તેમાં બાંધકામની પરવાનગીનો સમયગાળો કે બાંધકામના નકશા મંજૂર કરવા તે મહેસૂલતંત્રના કાર્યક્ષેત્રના પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત નથી તેમ છતાં વર્ષો સુધી આ જોગવાઈઓ વિદ્યમાન રહી છે.

જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૫માં પ્રાથમિક રીતે ખાતેદાર જે ખેતીની જમીન ધારણ કરે છે અને ખેતી સિવાયનો ઉપયોગ કરે ત્યારે બિનખેતીધારો વસુલ કરવા માટેનો મુખ્ય ઉદ્દેશ છે અને કલમ-૬૫ હેઠળ પેટા કલમ-૬૫ (૨) ઉમેરીને રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારમાં રહેણાંકના હેતુ માટે જો જમીન મહાનગરપાલિકા / નગરપાલિકા / શહેરી વિકાસ સત્તા મંડળ / ઔદ્યોગિક વસાહતમાં અને તેની હદથી પાંચ કિલોમીટરના વિસ્તાર સિવાય રહેણાંકના હેતુ માટે કલેક્ટરની કલમ-૬૫ હેઠળ બિનખેતીની પરવાનગી લેવાની જોગવાઈ નથી. તેમાં ફક્ત બિનખેતીધારો જ નક્કી કરવાનો છે આ જોગવાઈઓથી ઘણા લોકો જાણકાર નથી અને મહેસૂલીતંત્ર પણ આ જોગવાઈઓ અંગે પ્રજાને જાણકારી આપતું નથી. આજ રીતે ખેડુત ખાતેદાર પોતાની ખેતીની જમીનમાં પોતાના રહેવા માટે રહેણાંક બનાવે તો પણ બિનખેતીની પરવાનગી લેવાની જરૂર નથી.

જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૬ હેઠળ બિનખેતીની પરવાનગી લેવામાં ન આવે તો શું કાર્યવાહી કરવી તે અંગેની જોગવાઈઓ છે. આ કલમમાં હેતુફેર અને સંક્ષિપ્ત રીતે દૂર કરવાની જોગવાઈઓ છે. પરંતુ કલમ-૬૭ હેઠળ બિનખેતીનું કૃત્ય નિયમબધ્ધ કરવાની જોગવાઈઓ છે અને તેમાં આકારના પટ્ટ લઈને નિયમબધ્ધ કરવા માટેની જોગવાઈ છે. આટલી કાયદાકીય જોગવાઈઓની સમજ આપ્યા પછી તાજેતરમાં તા.૧૬-૬-૨૦૨૨ના પરિપત્ર ક્રમાંક - બખપ/૧૦૦૬/૪૨૫/ક અન્વયે મહેસૂલ વિભાગ દ્વારા જે વર્ષોથી અપ્રસ્તૃત બાબતનું (Irrelevant) આચરણ કરવામાં આવતું હતું તે રદ કરવામાં આવ્યું છે તે પ્રજાલક્ષી નિર્ણય કહી શકાય એટલા માટે કે હવે બાંધકામ નિયમન કરવાનું સત્તા મંડળ અલગ છે એટલે કે શહેરી વિકાસ વિભાગ હસ્તકના ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા સમગ્ર રાજ્યમાં બાંધકામને નિયમન કરતાં જીડીસીઆર બહાર પાડવામાં આવ્યા છે અને તે ઉપરાંત મહાનગરપાલિકા / નગરપાલિકા / શહેરી વિકાસ સત્તા મંડળોને ઝોનીંગ પ્રમાણે સબંધિત વિસ્તારોમાં જીડીસીઆર મુજબ બાંધકામની પરવાનગી અને તે અંગેની બાંધકામની સમયમર્યાદા નક્કી કરવાની સત્તાઓ છે. મહેસૂલ વિભાગે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગીના હુકમમાંથી બાંધકામની સમયમર્યાદા દૂર કરવા તેમજ શરતભંગના કેસો ચલાવતી સમયે બિનખેતી પરવાનગીના હુકમમાં સમાવિષ્ઠ બાંધકામની સમયમર્યાદા બાબતોના કેસોને શરતભંગ ન ગણવા કલેક્ટરોને જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત જમીન મહેસૂલ નિયમોના નિયમ-૮૭ હેઠળ જે સનદના નમુનામાં 'ત' માં બાંધકામની સમયમર્યાદા દર્શાવતી શરતક્રમાંક '૪' દૂર કરવામાં આવેલ છે. આમ આ જે સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે તેનો અમલ પ્રજાહિતમાં કરવામાં આવે તે જરૂરી છે. આજ રીતે શહેરોના માસ્ટર ડેવલપમેન્ટમાં આવતી જમીનોમાં નવી શરતની જમીનો સિવાય બિનખેતીની પરવાનગી પણ રદ કરવાની જરૂર છે કારણ કે જમીનોના 'લેન્ડ યુઝ' નક્કી થવાથી શરૂઆતથી જ બિનખેતીનો આકાર લઈ શકાય અને બાંધકામ પરવાનગી આપવાની સત્તા સબંધિત શહેરી સત્તા મંડળનો છે.

**માસ્ટર ડેવલપમેન્ટ પ્લાનમાં સમાવિષ્ઠ જમીનોમાં બિનખેતી પરવાનગીની જોગવાઈ દૂર કરવી જરૂરી**

# વિદેશી ખાદ્યતેલોની આયાત ડ્યુટી રદ કરાતા સરકારને આર્થિક ફટકો

**કોમોડિટી કરંટ**
જયવદન ગાંધી

દેશમાં ખાદ્યચીજોની ઉછળેલી મોઘવારી આજકાલ સરકાર તથા પ્રજા માટે માથાના દુ:ખાવારૂપ મામલો બની ગયો છે. અનાજ, ખાદ્યતેલો તથા મસાલા પાકોના ભાવો આસમાને હોવાથી સામાન્ય માણસ માટે કપરા સંજોગો ઉભા થયા છે. ઘઉંની નિકાસ બાદ હવે ઘઉંનો લોટ તથા મેદાની નિકાસ ઉપર પણ બ્રેક વાગે તેવી શક્યતાઓ તેજ છે. સાથે સાથે ખાંડની નિકાસ ઉપર નિયંત્રણો લાદવા સરકાર આગળ વધી શકે છે.

ઘઉંની નિકાસમાં ગરબડ જણાતાં સરકારે તાત્કાલિક પગલાં લીધા બાદ હવે ઘઉંના લોટની નિકાસમાં પણ અચાનક ઉછાળો થતાં સરકાર ચોંકી ઉઠી છે. ઘઉંની નિકાસના પ્રતિબંધની જાહેરાતમાં ઘઉંનો આટો તથા મેદાનો ઉલ્લેખ નહિ હોવાનું જણાવી નિકાસકારોએ તેનો ફાયદો ઉઠાવી ઘઉંના બદલે ઘઉંનો આટો તથા મેદાની નિકાસ ઉપર ભાર મૂકતાં ઘઉંની નિકાસમાં ટૂંકાગાળામાં લગભગ સાતથી બાર ટકાનો વધારો થઈને નિકાસ અંદાજે એક લાખ ટન ઉપરાંતની થતાં મામલો પ્રકાશમાં આવ્યો છે. એક તરફ દેશમાં ઘઉંની ખેંચ ઉભી થાય નહિ તે માટે ઘઉં નિકાસ ઉપર પ્રતિબંધ લગાવી બેલેન્સ રાખવા સરકાર પ્રયાસ કરી રહી છે. ત્યારે કેટલાક તત્વો સરકારના નોટિફીકેશનનો ફાયદો ઉઠાવી ઘઉંનો આટો તથા મેદાની નિકાસ વધારતાં સ્થાનિક સ્તરે સરકારના મોંઘવારી ઉપર બ્રેક મુકવાના પ્રયાસો ઉપર ફટકો પડી રહ્યો છે. જો કે હવે સરકાર ઘઉંની સાથે સાથે લોટ તથા મેંદા માટે પણ નિકાસનું નવું નોટિફિકેશ જાહેર કરશે તેવી શક્યતાઓ તેજ છે. ચાલુ વર્ષે ઘઉંની નિકાસમાં ૨૦૦ ટકા ઉપરાંતનો વધારો થયો છે.

આજ પ્રકારની સ્થિતિ ખાંડ બજારમાં પણ ઉભી થઈ છે. ખાંડના ઉત્પાદન માટે જરૂરી શેરડીમાંથી હવે ઈથેનોલનું ઉત્પાદન શરૂ થતાં શેરડીનો વપરાશ વધી ગયો છે. સ્થાનિક સ્તરે ખાંડની અછત ઉભી થાય નહિ તે માટે સરકાર આગામી ઓક્ટોબરથી વર્ષે દહાડે સરેરાશ ૬૦થી ૭૦ લાખ ટન સુધી જ ખાંડની નિકાસનું ટોપ લેવલ મુકીને નિકાસ કંટ્રોલ કરે તેવા પ્રયત્નો શરૂ થયા છે. ખાંડના ઉત્પાદનમાં પ્રથમ નંબરે રહેતા બ્રાઝિલમાં પણ આ વર્ષે ઉત્પાદન ઘટતાં લાંબે ગાળે ખાંડની ડિમાન્ડ વધે તેમ છે. સરકારે ઈથેનોલના ઉત્પાદન માટે પ્રોત્સાહન આપતાં ચાલુ સાલે શેરડીનો કેટલોક જથ્થો ઈથેનોલ માટે અલગ ફાળવશે તેમ છે. આ વર્ષે ચોમાસુ સામાન્ય રહે તો દેશમાં ખાંડનું ઉત્પાદન અંદાજે ૩૯૦ લાખ ટન ઉપર રહેવાની શક્યતાઓ છે. અત્યાર સુધીમા દેશમાંથી લગભગ ૮૫ લાખન ટન જેટલો ખાંડનો જથ્થો નિકાસ થયો હોવાના અહેવાલો છે. ચાલુ વર્ષે અગામી ડિસેમ્બર સુધી તહેવારોની હારમાળા દરમ્યાન ખાંડના સ્થાનિક પુરવઠામાં કોઈ અછત થાય નહિ તેની ઉપર સરકાર વોચ રાખી રહી છે. અને હાલમાં ખાંડની નિકાસ ઉપર મર્યાદા મૂકીને અગમચેતીથી કાર્યવાહી શરૂ કરી છે.

દરમ્યાન ખાદ્ય તેલોમાં પણ ઉછળતી મોઘવારી કંટ્રોલ કરવા માટે આ વર્ષે તેલીબીયાના વાવેતર ઉપર સરકાર ભાર મુકીને ઉત્પાદન વધારવા કમર કસી છે. મોટાભાગના તેલીબીયાની બજારો સરકારે જાહેર કરેલી ટેકાના ભાવો કરતાં ઉંચા હોવાથી સોયાબીન, તલ, મગફળી, કપાસ સહિતના પાકોની વધુમાં વધુ વાવણી થાય તે માટે રાજ્ય સરકારે પ્રયત્નશીલ બની છે. ગુજરાતમાં પણ આ વર્ષે મગફળી તથા કપાસનું વાવેતર પૂરજોશમાં આગળ વધી રહ્યું છે. દેશમાં ખાદ્યતેલનું સંકટ ઓછુ કરવા માટે વિદેશોથી સૂરજમુખી તેમજ પામતેલની આયાત માટે ડ્યુટી દુર કરતાં સરકારને લગભગ ૬૦ હજાર કરોડ રૂપિયાનો ફટકો પડવાની ગણત્રી હોવા છતાં ખાદ્યતેલોની આસમાને રહેલી મોઘવારીનું ડેમેજ કંટ્રોલ કરવા માટે સરકાર પુરી તાકાતથી કસરત કરી રહી છે. ખાસ કરીને ખાદ્યતેલના જથ્થાબંધના તેમજ રિટેઈલના ભાવો વચ્ચે તફાવત મોટો હોવાથી સરકાર તેની ઉપર અભ્યાસ કરી પગલાં ભરે તેવી વકી છે.

બીજી તરફ મસાલા પાકો હળદર, જીરૂ, મરચું, ધાણા સહિતની ચીજોમાં પણ ઉચા ભાવોને કારણે ઘરાકી ઉપર ફટકો પડ્યો છે. સ્થાનિક તેમજ ફોરેન લેવાલી પણ નબળી રહેતાં બજારમાં તેજીને બ્રેક વાગી છે. જીરાની નિકાસમાં પણ છેલ્લા એક વર્ષમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગત વર્ષે માર્ચ-૨૧માં જીરાની નિકાસ ૩૩૨૦૦ ટનની આસપાસના સ્તરે થયેલી નિકાસ આ વર્ષે તુટીને માંડ ૧૩૪૦૦ ટનની આસપાસ પહોંચી છે જોકે ગત વર્ષે જીરાનું ઓછુ ઉત્પાદનથી જીરાની સીઝનમાં ભાવો ૪૦૦૦ રૂપિયા ઉપરાંત પ્રતિ મણે બજાર ઉચી હતી. પરતુ ઘરાકી નબળી પડતાં જીરામાં મંદીનો માહોલ છવાયો છે. આજ સ્થિતિ ધાણા તથા હળદરમાં પણ પ્રવર્તી રહી છે. દક્ષિણ ભારતમાં હળદરનું વાવેતર વધવાથી તેના પ્રેસરથી બજાર નરમ રહી છે. મરચામાં પણ સારા માલોના અભાવે આ વર્ષે સીઝન પૂર્ણ થઈ હોવા છતાં બજાર મક્કમ રહી છે.

# શું IGST ભરીને નિકાસ કરાય તો કોમ્પનશેસન સેસનું રિફંડ મળે?

**વેચાણવેરો**
સોહમ મશરુવાળા

GST કાયદા હેઠળ વિચિત્રતા ખુબ જ છે. સપ્લાયરને ધંધો કરતા આવડે પણ કાયદાની એવી જડબેસલાક જોગવાઈ છે કે તેની ખુબ જ મોટી પેનલ્ટી ચુકવવાની આવે છે. નિકાસકાર માટે GST ની રકમનું રિફંડ પ્રાપ્ત થવું એ ખુબ જ જરૂરી છે. GST કાયદામાં નિકાસ કરવા માટેની બે પદ્ધતિ આપી છે. નિકાસને ઝીરો રેટેડ સપ્લાય તરીકે ઓળખ આપવામાં આવી છે. આજના લેખમાં નિકાસ બેબતે રિફંડના પેચીદા પ્રશ્ન વિષે ચર્ચા કરવામાં આવી છે.

***

**ઝીરો રેટેડ સપ્લાય અને રિંફંડ**

સપ્લાયર IGST ભર્યાને ઝીરો રેટેડ સપ્લાય કરી શકે છે. આ પદ્ધતિમાં જ્યારે નિકાસ કરવામાં આવે છે તે વખતે શિપિંગ બીલમાં આની નોંધ કરાવાની થાય તથા સપ્લાયરની પાસે લેટર ઓફ અંડરટેકિંગ હોવો જોઈએ. ખાસ નોંધ લેવી કે નાણાકિય વર્ષ શરૂ થતા પહેલા માર્ચ માસમાં સપ્લાયરે નમૂના RFD-011 માં અરજી કરવાની થાય. IGST ભર્યા વગર કરેલ નિકાસનું રિફંડ લેવા માટે કલમ ૫૪ તથા CGST નિયમ ૮૯ નું પાલન કરવાનું થાય. આ રિફંડમાં જમા વેરાશાખનું રિફંડ માંગવાનું થાય જેમાંથી કેપીટલ ગુડઝની ખરીદી ઉપર લાગેલ GST નું રિફંડ મળવાપાત્ર હોતું નથી. વધુમાં જે ઈન્વર્ડ સપ્લાય ઉપર સેસ લાગેલ હોય તે રકમનું પણ રિફંડ મળવાપાત્ર થાય. આ બાબતે સરકારે માસ્ટર પરિપત્ર દ્વારા એમ ચોખવટ કરી હતી. IGST ભર્યા વગર નિકાસ કરનાર સપ્લાયરને કોમ્પનસેશન સેસની જમા વેરાશાખ તરીકે રિફંડ નિયમ ૮૯ ની ગણત્રી પ્રમાણે મળવાપાત્ર છે. તદ્ઉપરાંત તે પરિપત્રમાં એમ પણ ખુલાસો કર્યો છે કે માત્ર નિકાસકાર જે IGST ભર્યા વગર ઝીરો રેટેડ સપ્લાય કરે છે તેને જ આ રિફંડ મળશે. આ બાબતનો ખુલાસો તદ્દન બોગસ છે અને પાયાવિહોણો છે.

IGST ભરીને જ્યારે નિકાસ કરવામાં આવે છે તે વખતે નિકાસકારે GSTR 3B માં નિકાસ અને નિકાસનો IGST દર્શાવવાનો હોય છે ટેબલ ૩.૧ માં આ જવાબદારી ચુકવવા માટે સપ્લાયર ઈન્વર્ડ સપ્લાય ઉપર લાદેલ CGST, SGST અથવા IGST ની જમા વેરાશાખ વાપરી શકાય પણ ઈન્વર્ડ સપ્લાય ઉપર લાદેલ કોમ્પનશેસન સેસ વાપરી શકાતો નથી. આ ગ્રહણ ગૂડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (કોમ્પનશેસન ટૂ સ્ટેસ) એક્ટ ૨૦૧૭ ની કલમ ૨(જી) તથા કલમ ૧૧ ના લીધે છે. આમ જ્યારે નિકાસકાર IGST ભરીને નિકાસ કરે છે તે વખતે તેણે કોમ્પનશેસન સેસનું રિફંડ લેવાનું ઉભું રહી જાય. હવે સરકારનો પરિપત્ર તો આવા કિસ્સામાં રિફંડ આપવાની ના પાડે છે. આ પરિપત્રમાં CGST કાયદાની કલમ ૫૪ ની જોગવાઈનું ખોટો અર્થઘટન કરવામાં આવેલ છે અને જે કાયદામાં લખ્યું નથી તે ચોખવટ કરી નાખી છે. CGST કાયદામાં ચોક્કસ વ્યાખ્યા આપી છે ઈનપુટ ટેક્ષ ક્રેડીટની. વધુમાં ગૂડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (કોમ્પનશેસન ટૂ સ્ટેટસ) એક્ટ ૨૦૧૭ ની કલંમ ૧૧ માં માત્ર સેસની રકમના વપરાશ માટે જ ગ્રહણ મુક્યું છે. અન્યથા કોઈ રિફંડ માટે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આમ, જ્યારે CGST કાયદાની કલમ ૫૪ માં જ્યારે આ બાબતે કોઈ પ્રતિબંધ નથી તે વખતે સરકાર દ્વારા પરિપત્ર દ્વારા પ્રતિબંધ લાદવાની સુચના વ્યાજબી નથી અને ટેકા વગરની છે. વધુમાં એક નિકાસકારને રિફંડ મળી શકે અને માત્ર નિકાસ કરવાની પદ્ધતિ બદલવાથી બીજા નિકાસકારને રિફંડ આપવાની ના પાડવી એ તેનો ધંધો કરવાની આઝાદી છીનવી લેવાનું કામ થાય અને તે બંધારણના વિરુદ્ધ કહેવાય. આમ, IGST ભરીને નિકાસ કરનારને પણ કોમ્પનશેસન સેસનું રિફંડ મળે.

# વીજબિલમાં FPPPAની ફોર્મ્યુલા હેઠળ લાગતા છુપા ચાર્જિસ

**એન્ટેના**
વિવેક મહેતા

ગુજરાતમાં ફ્યુઅલ પ્રાઈસ અને પાવર પરચેઝ એગ્રીમેન્ટની ફોર્મ્યુલા હેઠળ વીજળીના દરમાં સતત વધારો કરી રહ્યા છે. એફપીપીપીએ હેઠળ લેવાતો યુનિટદીઠ ચાર્જ વધીને રૂ. ૨.૯૮ થયો છે. ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમ ૬૨માં કરવામાં આવેલી જોગવાઈ હેઠળ દર વર્ષે વીજદરમાં સુધારો કરવામાં આવે છે. છેલ્લા છ વર્ષથી વીજ દરમાં કોઈ જ વધારો ન કરાયો હોવાનો પોકળ દાવો કરાય છે. ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમ ૬૩(૪)માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ વીજ વિતરણ કંપનીઓ ઈંધણ ખર્ચમાં કે પછી બહારની કંપનીઓ પાસેથી વીજળી ખરીદવાના ખર્ચમાં આવતા વધારાના બોજ ગ્રાહકોને માથે નાખીને વીજ કંપનીઓને નુકસાન ન જાય તેવી વ્યવસ્થા કરવા એફપીપીપીએની ફોર્મ્યુલા બનાવવામાં આવી છે. ગુજરાત વીજ નિયમન પંચ-જર્કે આ ફોર્મ્યુલાને માન્ય પણ કરી છે. કલમ ૬૨(૪)માં જણાવવામાં આવ્યું છે કે: 'વીજદરમાં કે વીજદરના કોઈ હિસ્સોમાં સામાન્ય રીતે કોઈ જ સુધારો ન કરવો. બહુ જ જરૂર જણાય તો વરસમાં એકવાર તેમાં સુધારો કરી શકાય છે. ફોર્મ્યુલામાં ફ્યુઅલ સરચાર્જની કોઈ શરત હેઠળ સ્પષ્ટ રીતે પરવાનગી આપવામાં આવી હોય તેવી સ્થિતિને બાદ કરતાં તેમાં કોઈ જ ફેરફાર કરવો નહિ.' આ જોગવાઈનો ગુજરાતની વીજ કંપનીઓને ભરપૂર લાભ કરાવવા જર્કે તેમાં પાવર પરચેઝ કોસ્ટનો ઉમેરી દીધી છે. વાસ્તવમાં પાવર પરચેઝ કોસ્ટ તો વીજળીના દરના વિભાગ સાથે જ જોડીને નક્કી કરવા જોઈતા હતા. વીજ વિતરણ કંપનીની એન્યુઅલ રેવન્યુ રિક્વાયરમેન્ટ હેઠળ વરસમાં એક જ વાર મંજૂર કરવામાં આવે છે. પરંતુ જર્કે કરી આપેલી સુવિધાને કારણે વીજ વિતરણ કંપનીઓ પોતાની ઈચ્છા મુજબ દર ત્રણ મહિને યુનિટે ૧૦ પૈસાનો વધારી જ દે છે. વીજવપરાશકાર ઉદ્યોગ હોય કે રેસિડેન્શિયલ-કોમર્શિયલ હોય દરેકને માથે બોજ આવ્યા જ કરે છે.

ફ્યુઅલ પ્રાઈસ અને પાવર પરચેઝ એગ્રીમેન્ટ બે પેરામીટર્સને જોડતા એફપીપીપીએની ફોર્મ્યુલા બને છે. ફ્યુઅલ કોસ્ટમાં વીજળી પેદા કરવા માટે વપરાતા કોલસા, ગેસ કે પછી લિગ્નાઈટના દરમાં થતાં વધારાને કારણે વધતો ઉત્પાદન ખર્ચ. જ્યારે પાવર પરચેઝ એગ્રીમેન્ટમાં રાજ્યની જરૂરિયાત વધે તે તબક્કે ઉત્પાદન ઓછું થતું હોય તો બહારની એટલે કે ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદવી પડતી વીજળીને કારણે આવતા વધારાનો ખર્ચનો બોજો છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ અને ગુજરાત વીજ નિયમન પંચે તેમાં જનરેટિંગ કંપનીથી ડિસ્ટ્રીબ્યુશન કંપની સુધી પાવર પહોંચાડવાના ખર્ચને પણ ઉમેરી દીધો છે. જેટકો- ઓપીજીસીઆઈએલ ટ્રાન્સમિશન ચાર્જ વસૂલે છે. જેટકો રોજ એક મેગાવોટ વીજળી ટ્રાન્સમિટ કરવા માટે રૂા.૪૦૪૮નો ચાર્જ લે છે. આ બધાં જ ખર્ચાએ અલગથી દર્શાવવાની માગણી વીજગ્રાહકોના હિતનું રખોપું કરતાં ગ્રાહક યુનિયનો કરી જ રહ્યા છે. ઈંધણ ખર્ચ અને પાવર પરચેઝ માટે થતો ખર્ચ અલગથી દર્શાવવાની ગ્રાહક યુનિયનોની માગણી પણ સ્વીકારવામાં આવતી નથી. જર્ક અને જીયુવીએનએલ મિલીભગતમાં આ ચાર્જ અલગથી બતાવતા જ નથી. તેથી ગુજરાતના ૧.૩૦ કરોડ વીજ ગ્રાહકોને માથે વરસે રૂ. ૪૦૦ કરોડનો વધારાનો બોજ આવી રહ્યો છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ વીજ બિલમાં યુનિટદીઠ ચાર પૈસાનું કમિશન જ વસૂલે છે. ઈંધણ ખર્ચ અને પાવર પરચેઝ કોસ્ટને અલગથી જોવામાં આવે તો તેઓ કેવું કૌભાંડ કરી રહ્યા છે તેના પરથી પડદો ઊંચકાઈ જશે.

**જર્કે વીજ કંપનીઓને સિફતથી જોગવાઈ કરી આપી અને ઉદ્યોગોને વીજળીના ઊંચા બિલ ચૂકવવાની પડી રહેલી ફરજ : દર ત્રણ મહિને વધી રહેલા વીજળીના બિલ**

GUVNL દ્વારા FPPPA હેઠળ લેવાતા ચાર્જમાં ઊંડા ઉતરીએ. જાન્યુઆરી-માર્ચ ૨૦૨૧માં ફિક્સ કોસ્ટ પેટે રૂ. ૨૬૯૮ કરોડ એટલે યુનિટદીઠ રૂ. ૧.૦૧નો ખર્ચ થયો હતો. જાન્યુઆરી-માર્ચ ૨૦૨૨માં ફિક્સ કોસ્ટ વધીને રૂ. ૩૧૨૫ કરોડ એટલે કે યુનિટદીઠ રૂ. ૧.૦૯ થઈ ગઈ હતી. આમ યુનિટદીઠ ૮ પૈસાનો વધારો આવી ગયો હતો. હવે અને ફ્યુઅલ કોસ્ટ તરીકે ૭૯૪૫ કરોડ એટલે કે યુનિટદીઠ રૂ. ૨.૯૮ વસૂલવામાં આવ્યા હતા. ફ્યુઅલ કોસ્ટ જાન્યુઆરી-માર્ચ ૨૦૨૨માં વધીને રૂ. ૯૯૫૬ કરો એટલે કે યુનિટદીઠ રૂ. ૩.૪૭ થઈ ગઈ હતી. આમ યુનિટે ૪૯ પૈસાનો વધારો આવી ગયો હતો. છતાંય દાવો કરાય છે કે કોઈ જ વધારો કરવામાં આવ્યો નથી. તદુપરાંત ગેટકોના ચાર્જ માર્ચ ૨૦૨૧માં રૂ.૯૫૦ કરોડ હતો તે માર્ચ ૨૦૨૨માં રૂ. ૯૫૯ કરોડ થઈ ગયો હતો. પીજીસીઆઈએલ કોસ્ટ માર્ચ ૨૦૨૧માં રૂ. ૫૦૮ કરોડ હતી માર્ચ ૨૦૨૨માં ૭૧૬ કરોડ થઈ હતી. તેમાં યુનિટે ૬ પૈસાનો વધ્યા છે. આ એક વર્ષના ગાળામાં જીયુવીએનએલની કોસ્ટ રૂ. ૧૦૫ કરોડ(માર્ચ ૨૦૨૧)થી વધી માર્ચ ૨૦૨૨માં રૂ.૧૧૫ કરોડ થઈ ગઈ હતી. આમ યુનિટદીઠ ખર્ચ રૂ. ૪.૫૮થી વધીને રૂ. ૫.૧૮ થઈ ગયો હતો. આમ એક વર્ષમાં યુનિટદીઠ ચાર્જમાં ૬૦ પૈસાનો વધારો આવી ગયો હોવા છતાંય કોઈ ચાર્જ વધ્યો ન હોવાનો દાવો કરવામાં આવે છે. આમ ફ્યુઅલ કોસ્ટમાં યુનિટે ૪૯ પૈસા અને પાવર પરચેઝકોસ્ટમાં યુનિટે ૧૧ પૈસાનો વધારો થયો હતો. જેટકોએ યુનિટદીઠ ૩૩ પૈસા વસૂલ્યા હતા.

# સિમેન્ટ ઉદ્યોગમાં ક્ષમતા ઉપયોગીતાનું સ્તર ઘટીને ૬૫ ટકા રહેવાની વકી

આર્થિક વિકાસ દરમાં સ્થિર વધારો, માળખાકીય ક્ષેત્ર તથા એફોર્ડેબલ હાઉસિંગ પર સરકારના ખાસ ધ્યાન તથા કોર્પોરેટસ દ્વારા મૂડીખર્ચમાં વધારાને પરિણામે સિમેન્ટ ક્ષેત્રમાં વિકાસ જોવા મળશે પરંતુ આ ક્ષેત્રની કંપનીઓમાં ક્ષમતા ઉપયોગીતા ઘટવાની ધારણાં મૂકવામાં આવી છે.

નાણાં વર્ષ ૨૦૨૨માં સિમેન્ટ માગમાં ૧૪થી ૧૫ ટકાની અંદાજિત વૃદ્ધિ બાદ વર્તમાન નાણાં વર્ષમાં માગમાં મધ્યમથી ઊંચી એક અંકી વૃદ્ધિ જોવા મળવાની રેટિંગ એજન્સી ફિચે ધારણાં મૂકી છે.

આમ છતાં ક્ષમતામાં નવો ઉમેરો માગ વૃદ્ધિ કરતા વધુ હશે જેને લઈને સિમેન્ટ ઉદ્યોગમાં ક્ષમતા ઉપયોગીતા ઘટી ૬૫ ટકા રહેવાનો અંદાજ હોવાનું ફિચ દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું છે. નાણાં વર્ષ ૨૦૨૨માં ક્ષમતા ઉપયોગીતા ૭૦ ટકા રહ્યાનો અંદાજ છે.આમ ક્ષમતા ઉપયોગીતા ઘટી જતા સિમેન્ટ કંપનીઓની ભાવતાલની ક્ષમતા નબળી પડશે. અદાણી જુથ દ્વારા સિમેન્ટ ક્ષેત્રે આક્રમક ક્ષમતા વિસ્તરણના અભિગમને જોતા આ ઉદ્યોગમાં સ્પર્ધામાં વધારો થશે એમ ફિચના રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

# એક્રાઈલીક એસિડ બેઝ ડીટરજન્ટ વિશે માહિતી

**ઔદ્યોગિક માર્ગદર્શન**
ધીરૂ પારેખ

**એક્રાઈલીક એસિડ :** સામાન્ય રીતે પ્રોપિનોઈક એસિડ હોય છે. ઘણું જ ઓછું પાણીમાં ઓગળે છે. કાર્બોક્સી એસિડ પ્રકારનું અને એસિડ ઓર્ડ જેવું હોય છે. એક્રાઈલીક એસિડને ટ્રાન્સપોર્ટ સમયે તેમાં સ્ટેબીલાઈઝર તરીકે (હાઈડ્રોક્યૂનોન ડેરીવવેટિવ) કે જેથી પોલિમેરાઈઝ થતું અટકી શકે. એકાઈલીક એસિડ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કન્ઝુમર્સ પ્રોડકટસ બનાવવા માટેનું ખાસ ઈનગ્રેડીએન્ટ છે. ગ્લોબલ મેન્યુફેકર્સસનો ત્રીજો ભાગ એકાઈલીક ઈસ્ટર બનાવે છે. જેમાં મિથાઈલ એક્રાઈલેટ, બુટાઈલ એક્રાઈલેટ, ઈથાઈલ એક્રાઈલેટ અને ૨-ઈથાઈલ હેકઝાઈલ એક્રાઈલેટ બનાવે છે. તેનો મોટા પાયે ઉપયોગ પેઈન્ટ, કોટિંગ, ટેકસટાઈલ, પ્લાસ્ટીક, એધેસિવ અને બીજા પ્રોડકટસમાં પૂષ્કળ પ્રમાણે થાય છે. અમૂક ટકા એક્રાઈલીક એસિડનો પોલીએક્રાઈલીક એસિડ અથવા ક્રોસલીંકડ પોલીએક્રાઈલીક એસિડ બનાવવા માટે થતો હોય છે. બીજા પ્રોડકટસ જેવાકે હાઈજીનિક, સર્ફેકટન્ટ અને વોટર ટ્રીટમેન્ટ કેમિકલમાં ખૂબ જ ઉપયોગ થાય છે.

**એક્રાઈલીક એસિડ પ્રોસેસ :-** એક્રાઈલીક એસિડના ઘણા પ્લાન્ટો ટુ સ્ટેપ ઓકસીડેશન પ્રોર્સસવડે પ્રોપાઈલીનને ઓકસીડાઈઝડ કરી એક્રાઈલીક એસિડ બનાવે છે. પ્રોપાઈલીનને બે સ્ટેપે એક્રોલીન ગેસ અને કેટલિસનો ઉપયોગ કરી એક્રાઈલીક એસિડ બનાવવામાં આવે છે.

**ફસ્ટ સ્ટેઈજ :-** પ્રોપાઈલીનને એક્રોલીનને બીસ્મથ મોલીબડેટ કેટલિસ વડે ઓકસીડેશન કરવામાં આવે છે. જે એકઝોથરર્મિક રીએકશન હોય છે આ રીએકશન ૩૭૦ સે. ગ્રેડ ઉષ્ણતામાને કરવામાં આવે છે.

**સેકન્ડ સ્ટેઈજ :-** એક્રોલીન ગેસને કેટલીસ મોલીબડેનિયમ વેનાડીયમ ઓકસાઈડ ઉપર પાસ કરવામાં આવે છે. તે પણ એકઝોથર્મિક રીએકશન હોય છે. આ રીએકશન ૨૭૦ સે. ગ્રેડ ઉષ્ણતામાને કરવામાં આવે છે.

ત્યારબાદ આકુડ એક્રાઈલીક એસિડને ૮૦. સે.ગ્રેડ તાપમાને ઠંડુ કરવામાં આવે છે. ત્યારબાદ એક્રાઈલીક એસિડને પ્યોરીફાઈડ કરવામાં આવે છે. આ પ્રોસેસ સોલવંન્ટ અથવા પાણી વડે કરવામાં આવે છે. ઉચી પ્યોરીટી માટે ફરીથી ડીસ્ટીલેશન કરી ગ્લેસિયલ એક્રાઈલીક એસિડ બનાવવામાં આવે છે. દરેક બેઝનો એકજ પ્રિન્સીપાલ હોય છે. ડીફરન્ટ ખાલી કેટલિસનો હોય છે. ૧૮૭૦થી ફીડસ્ટોક પ્રોપાઈલીનનો જ ઉપયોગ થઈ રહ્યો છે અને પ્રોપાઈલન વડે જ એક્રાઈલીક એસિડ બનાવવામાં આવે છે.

કાર્બોનાઈઝેશનમાં કાર્બન મોનોક્સાઈડ વાપરી મિથાને એસિટાઈલીન અથવા ઈથાઈલને મેળવવામાં આવે છે. નવી ટેકનોલોજીમાં પોપાઈલીનને બદલે ઈથાઈલીનને ફરી વાપરી એક્રાઈલીક એસિડ મેન્યુફેક્ચરીંગ કરવામાં આવી રહ્યું છે.

**એક્રાઈલીક એસિડ માટેનું સ્પેસીફીકેશન :-**

મોલેક્યૂલર વેઈટ ૭૨
બોઈલીંગ પ્રોઈન્ટ ૧૪
ફીઝીંગ પોઈન્ટ ૧૩
ડેનસીટી (૨૦/૨૦ ડીગ્રી સે. ૧.૦૪૯
ફલેશ પોઈન્ટ (ટેગ કલોઝડ કપ ડીગ્રી.સે. ૫૦

**સ્ટોરેજ :-** એક્રાઈલીક એસિડ કોરોઝીવ હોવાના કારણે સ્ટેનલેસ સ્ટીલ, ગ્લાસ, એલ્યુમિનિયમ, અને પોલીઈથીલીન લાઈન્ડ ઈકવીપમેન્ટમાં સ્ટોર કરી શકાય છે.

**બેસ્ટ પરફોર્મન્સ ઈન ડીટરજન્ટ પ્રોડકટસ :-** ત્રીજા ભાગના એક્રાઈલીક એસિડનો ઉપયોગ પોલીએક્રાઈલીક એસિડ અથવા ક્રોસલીન્કડ પોલી એક્રાઈલીક એસિડ કમ્પાઉન્ડનો સકસેસફુલી ઉપયોગ ડીટરજન્ટ મેન્યુફેક્ચરીંગ માટે કરવામાં આવી રહ્યો છે જે ફોસફેટને રીમૂવ કરી ડીટરજન્સીમાં વધારો કરે છે.

લીનીયર આલકીલ બેનઝીન સલફોનેટ સાથે પોલી એક્રાઈલીક એસિડને રીએકટ કરી ડીટરજન્ટમાં વાપરવામાં આવે છે. જે એકઝોથર્મિક રીએકશન હોય છે. ત્યારબાદ બાકીના ઈનગ્રેડીએન્ટ મેળવવામાં આવે છે. તેના કારણે ડીટરજન્સીમાં ખૂબજ વધારો થાય છે. સાથે ફોસફેટ રીમૂવ થવાથી પર્યાવરણ પ્રોબલેમ પણ ઘણો ઓછો થઈ શકે છે. વિશ્વના ઘણાં દેશોમાં ફોસફેટ પર પ્રતિબંધ છે.

**લાઈસન્સ :-** ધ લાઈસન્સ અંડર ધ ઈન્ડસ્ટ્રીઝ એક્ટ એન્ડ કલીયરન્સ ફ્રોમ પોલ્યુસન કન્ટ્રોલ બોર્ડ ઓથોરેટીઝ જરૂર બને છે.

# બજાર હાઈલી ઓવરસોલ્ડ: નવું વેચનારે સાવચેત રહેવું

**ચાર્ટ સંકેત**
અશોક ત્રિવેદી

**બીએસઈ ઈન્ડેક્સ (બંધ ૫૧૩૬૦.૪૨ તા.૧૭-૦૬-૨૨)** ૫૬૪૩૨.૬૫નાં લટોપથી નરમાઈ તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૫૩૬૯૬.૨૧ અને ૪૮ દિવસની ૫૫૧૨૦.૬૧ તેમ જ ૨૦૦ દિવસની ૫૫૯૦૦.૬૨ છે દૈનિક અને અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક અને ઈઠવાડિક ધોરણે ઓવરસોલ્ડ તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ તરફની પોજીસન દર્શાવે છે. તા.૨૦થી ૨૪ ગેનની ટર્નીંગના દિવસો ગણાય. બજાર ખુબ જ ઓવરસોલ્ડ છે. પ્રત્યાઘાતી ઉછાળો આવી થે છે. સોમ-મંગળવારે બોટમબનીશકે. ઉપરમાં ૫૧૬૫૩ ઉપર ૫૧૯૫૦, ૫૨૬૭૮ ઉપર વેચાણ કાપણી જોવાય. ૫૨૬૮૦ ઉપર ૫૩૩૫ કુદાવે તો ૫૪૨૦૬ સુધીની શક્યતા. નીચામાં ૫૦૯૨૧ નીચે ૫૦૮૦૫, ૪૯૬૬૦, ૪૮૫૨૦, ૪૮૨૬૦ સુધીની શક્યતા.

**એસીસી (બંધ ભાવ રૂ.૨૦૫૫.૧૦ તા.૧૭-૦૬-૨૨)** ૨૨૮૭.૭૦ના ટોપથી નરમઈ તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૨૧૩૬ અને ૪૮ દિવસની ૨૧૬૯.૨૭ તેમ જ ૨૦૦ દિવસની ૨૧૩૬.૩૬ છે. દૈનિક અને અઠવાડિક ધોરણે ઓવરસોલ્ડ તેમ જ માસિક ધોરણે ન્યુટ્રલ પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૨૧૨૦ ઉપર ૨૧૫૧ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૨૦૪૭ નીચે ૨૦૨૦, ૧૯૮૬, ૧૯૫૧, ૧૯૧૭, ૧૮૮૩, ૧૮૪૯ સુધીની શક્યતા. ૧૮૪૮ નીચે લાંબાગાળાનો પ્રવાહ નરમાઈ તરફી થશે.

**એક્સીસ બેંક(બંધ ભાવ રૂ.૬૩૫.૨૦ તા.૧૭-૦૬-૨૨)** ૬૯૮નાં ટોપથી નરમાઈ તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૬૫૮.૩૪ અને ૪૮ દિવસની ૬૯૦.૨૯ તેમ જ ૨૦૦ દિવસની ૭૧૮.૬૯ છે. દૈનિક અને અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક અને અઠવાડિક ધોરણે ઓવરસોલ્ડ તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ તરફની પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૬૫૮ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૬૨૬ નીચે ૬૧૨, ૫૭૬, ૫૪૦ સુધી વધઘટે આવી શકે.

**સીપ્લા (બંધ ભાવ રૂ.૯૧૪.૭૫ તા.૧૭-૦૬-૨૨)** ૧૦૦૬.૮૫નાં ટોપથી નરમાઈ તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૯૬૩.૬૦ અને ૪૮ દિવસની ૯૬૯.૨૦ તેમ જ ૨૦૦ દિવસની ૯૪૪.૪૯ છે. દૈનિક અને અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક અને અઠવાડિક ધોરણે ઓવરસોલ્ડ તરફ તેમ જ માસિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૯૩૮ ઉપર ૯૬૦ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૯૧૧ નીચે ૯૦૪ તુટે તો ૮૯૩, ૮૭૯, ૮૬૪, ૮૫૦ સુધીની શક્યતા. ૮૫૦ નીચે લાંબાગાળાનો પ્રવાહ નરમાઈ તરફી થશે.

**મેરીકો (બંધ ભાવ રૂ.૪૭૩.૪૦તા.૧૭-૦૬-૨૨)** ૫૫૧.૯૦નાં નરમાઈ તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૫૦૦.૭૯ અને ૪૮ દિવસની ૫૦૯.૪૨ તેમ જ ૨૦૦ દિવસની ૫૦૩.૬૩ છે. દૈનિક અને અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક અને અઠવાજિક ધોરણે ઓવરસોલ્ડ તેમ જ માસિક ધોરણે ન્યુટ્રલ તરફની પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૪૯૫ ઉપર ૫૦૧ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૪૬૮નીચે ૪૫૦ સુધીની શક્યતા. ૪૫૦ નીચે લાંબાગાળાનો પ્રવાહ નરમાઈ તરફી થશે.

**તાતા સ્ટીલ (બંધ ભાવ રૂ.૯૦૬.૭૦ તા.૧૭-૦૬-૨૨)** ૧૩૧૫.૩૦નાં ટોપથી નરમાઈતરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૯૭૩.૨૨ અને ૪૮ દિવસની ૧૦૬૭.૫૦ તેમ જ ૨૦૦ દિવસની ૧૧૦૬.૮૦ છે. દૈનિક અને અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક અને અઠવાજિક ધોરણે ઓવરસોલ્ડ તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ તરફની પોજીસન દર્શાવે છે. લાંબાગાળાનો પ્રવાહ નરમાઈ તરફી છે. ઉપરમાં ૯૫૬ ઉપર ૯૭૫ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૮૯૫ નીચે ૮૪૦, ૭૬૫, ૬૯૭ સુધી વધઘટે આવી શકે.

**ટીસીએસ(બંધ ભાવ રૂ.૩૦૮૮.૯૦ તા.૧૭-૦૬-૨૨)** ૩૪૭૭.૩૦નાં ટોપથી લાંબાગાળાની નરમાઈ તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૩૨૮૬.૧૨ અને ૪૮ દિવસની ૩૪૦૪.૭૯ તેમ જ ૨૦૦ દિવસની ૩૪૭૭.૫૪ છે. દૈનિક અને અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક, અઠવાડિક તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૩૧૩૩ ઉપર ૩૨૪૫ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૩૦૨૩ નીચે ૨૮૯૦, ૨૭૩૦, ૨૫૭૦, ૨૪૩૦ સુધી વધઘટે આવી શકે.

**બેંક નિફટી ફ્યુચર (બંધ ૩૨૮૮૫. ૯૫ તા.૧૭-૦૬-૨૨)** ૩૬૩૩૩નાં ટોપથી નરમાઈ તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૩૪૧૩૨.૭૬ અને ૪૮ દિવસની ૩૫૦૫૨.૫૫ તેમ જ ૨૦૦ દિવસની ૩૫૭૯૦.૮૧ છે. દૈનિક અને અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક અને અઠવાડિક ધોરણે ઓવરસોલ્ડ તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ તરફની પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૩૨૯૪૨ ઉપર ૩૩૫૨૦, ૩૩૮૯૦, ૩૩૯૭૦ ઉપર ૩૪૪૦૨ પ્રતિકાર સપાટી ગણાય. ૩૩૫૨૦ ઉપર વેચાણ કાપણી જોવાઈ શકે. નીચામાં ૩૨૩૩૫ નીચે ૩૨૨૫૧, ૩૨૧૪૦, ૩૪૫૩૦, ૨૮૯૨૦ સુધીની શક્યતા. નીચા મથાળે વેચનારે સાવચેત રહેવું.

**નિફટી ફ્યુચર (બંધ ૧૫૩૪૮.૮૦ તા.૧૭-૦૬-૨૨)** ૧૬૭૯૦નાં ટોપથી નરમાઈ તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૧૬૦૧૮.૧૫ અને ૪૮ દિવસની ૧૬૪૬૬.૮૨ તેમ જ ૨૦૦ દિવસની ૧૬૭૦૧.૮૭ છે. દૈનિક અને અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક અને અઠવાજિક ધોરણે ઓવરસોલ્ડ તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ તરફની પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૧૫૪૨૮ ઉપર ૧૫૫૦૫, ૧૫૬૧૦, ૧૫૭૧૦, ૧૫૮૦૫, ૧૫૯૧૫, ૧૬૦૦૦, ૧૬૦૯૯, ૧૬૧૮૫ સુધીની શક્યતા. ૧૫૯૪૮ ઉપર વેચાણ કાપણી જોવાઈ શકે.નીચામાં ૧૫૨૧૧ નીચે ૧૫૧૩૦, ૧૪૭૯૦, ૧૪૪૪૦, ૧૪૩૬૫ સુધીની શક્યતા.

**સાયોનારા**

**હજી તો ઝળહળે છે આ સનાતન ધર્મનો દીવો તિમિર ઘેરાય એ પહેલાં બધાંએ બોલવું પડશે.**
**-નીતિન વડગામા.**

# સાપ્તાહિક ધોરણે ક્રૂડતેલ તથા ગેસના વાયદામાં ઘટાડો નોંધાયો

મુંબઈ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૦થી ૧૬ જૂનના સપ્તાહ દરમિયાન ૩,૨૨૪,૮૯૫ સોદાઓમાં કુલ રૂ.૩,૦૯,૧૮૦.૨૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૫૦૫૦૬.૨૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૫૭૯૭૯.૨૮ કરોડનો હતો. કીમતી ધાતુઓમાં સપ્તાહ દરમિયાન સોના-ચાંદીના વાયદાઓમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯ જેટલો ઢીલો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧૧૬ સુધર્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ ઘટી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૩૦૯ ગબડ્યો હતો. નેચરલ ગેસમાં પણ નરમાઈનો માહોલ વાયદાના ભાવમાં હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન અને મેન્થા તેલ સુધરીને બંધ થયા હતા. કીમતી ધાતુઓનો સૂચકાંક બુલડેક્સના જૂન વાયદામાં સપ્તાહ દરમિયાન ૪૮૭ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.


એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૫૯૭,૩૯૩ સોદાઓમાં કુલ રૂ.૬૩,૨૯૧.૩૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૯,૪૨૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯,૬૩૫ અને નીચામાં રૂ.૮,૭૬૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૩૦૯ ઘટી રૂ.૯,૧૬૪ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧૦.૭૦ ઘટી રૂ.૫૮૦.૬૦ બંધ થયો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૧,૨૨૮,૯૪૮ સોદાઓમાં કુલ રૂ.૬૮,૩૧૪.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૯૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૧,૭૯૭ અને નીચામાં રૂ.૫૦,૧૫૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૯ ઘટી રૂ.૫૦,૯૮૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૨૪ ઘટી રૂ.૪૦,૬૮૨ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૧ ઘટી રૂ.૫,૦૭૬ના ભાવે પહોંચ્યો હતો.

# ભૂમિ પેડનેકર સાથે અર્જુને આપ્યા એવા પોઝ, લોકોએ કહ્યું - મલાઈકા દુઃખી થશે







અર્જુન કપૂરે ઈન્સ્ટાગ્રામ પર ભૂમિ પેડનેકર સાથે ખાસ તસવીરો અને વિડિયો શેર કર્યા છે. તેમને જોઈને લોકો તેમની ફરિયાદ મલાઈકા અરોરાને કરી રહ્યા છે. ભૂમિ અર્જુન સાથે એક ફિલ્મ કરી રહી છે. ફોટો જોતા જ લોકો અર્જુનની ટીકા કરવા લાગ્યા.

આ પોસ્ટ પર અર્જુનની બહેન અંશુલા કપૂરે પણ કોમેન્ટ કરી છે. ફોટોમાં અર્જુન અને ભૂમિ એકબીજાની આંખોમાં જોઈ રહ્યા છે, જ્યારે વિડિયોમાં અર્જુન ભૂમિને પોતાના ખોળામાં ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. એક ફોટોમાં તે ઘાસ પર બેઠેલો પણ જોવા મળી રહ્યો છે.

અર્જુન કપૂરે ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો અને વિડિયો શેર કર્યા છે. લોકોએ તેના ફોટો પર ખૂબ મજાક ઉડાવી અને તેની ગર્લફ્રેન્ડ મલાઈકાને ટેગ કર્યા. અર્જુને પોસ્ટમાં લખ્યું, ૪૫ દિવસના શૂટ પછી, લેડી અને લેડીકિલર સાથે કેટલાક કિલર પોઝ આપવાનો નિષ્ફળ પ્રયાસ.

પહેલા ફોટોમાં અર્જુન અને ભૂમિ એકબીજાની આંખોમાં જોતા જોવા મળે છે. વિડિયોમાં અર્જુન ભૂમિને પોતાના ખોળામાં ઉઠાવી રહ્યો છે. અન્ય એક ફોટોમાં બન્ને હસતા જોવા મળી રહ્યા છે.

અર્જુનની બહેન અંશુલાએ ફોટો પર ક્યુટ લખ્યું છે. ત્યાં ઘણી ટીપ્પણીઓ છે કેટલાક લોકોએ અર્જુનની ગર્લફ્રેન્ડ મલાઈકાને ટેગ કર્યા છે. એક યુઝરે લખ્યું છે કે મલાઈકાજીનું શું થશે.

એકે લખ્યું કે મલાઈકા તમારું લોકેશન જાણવા માગે છે. બીજી કમેન્ટ છે, મલાઈકા આ જોઈને ખુશ નહીં થાય.

# ...અને મલાઈકાનો પીત્તો ગયો



મલાઈકાના ચાહકો તેની સાથે સેલ્ફી લેવા અને તેને મળવા માટે ઉત્સુક છે. તાજેતરમાં જ જ્યારે અભિનેત્રી જીમની બહાર જોવા મળી હતી ત્યારે ચાહકો તેની સાથે ફોટો ક્લિક કરવા આવ્યા હતા. પરંતુ અભિનેત્રીએ તેમના પર ગુસ્સે થઈને એવું કહ્યું, જેના પછી લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે. મલાઈકાનો આ વિડિયો સોશિયલ મિડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.



## સેલ્ફી લેનારાઓ પર ગુસ્સે થઈ

ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ રહેલા વિડિયોમાં મલાઈકા અરોરા જીમમાંથી બહાર નીકળ્યા બાદ કારમાં બેઠેલી જોવા મળી રહી છે. આ દરમિયાન તેના ફેન્સ પાછળથી સેલ્ફી લેવા આવ્યા હતા. અભિનેત્રીએ પહેલા એક બે વાર સેલ્ફી ક્લિક કરી, પછી તેણે ચાહકોને કહ્યું અરે ભાઈ તમે કેટલા ફોટો પાડશો. જોકે પછી તેણે કહ્યું, સારું એક ફોટો લો.. ત્યારબાદ ફેન્સે સાથે સેલ્ફી ક્લિક કરી. મલાઈકાનો આ વ્યવહાર લોકોને ખાસ પસંદ ન આવ્યો. સોશિયલ મિડિયા પર લોકો ટીકા કરી રહ્યા છે.




જોની ડેપ સામે કેસ હાર્યા પછી એમ્બર હર્ડનો મૂડ બદલાઈ ગયો

હોલિવૂડ સ્ટાર્સ જોની ડેપ અને એમ્બર હર્ડ વચ્ચે ઘણા સમયથી માનહાનિનો કેસ ચાલી રહ્યો છે, જેમાં આખરે અભિનેતાનો વિજય થયો હતો. ૧ જુનના રોજ કોર્ટે જોની ડેપની તરફેણમાં ચુકાદો આપ્યો હતો અને એમ્બરને ૧ કરોડ ૫૦ લાખ ડૉલર વળતળ ચૂકવવાનું કહેવામાં આવ્યું છે. આખી દુનિયાની નજર આ કેસ પર ટકેલી હતી અને તેના કારણે બન્ને સ્ટાર્સની અંગત જિંદગી બધાની સામે આવી ગઈ. હવે આ બધા પછી એમ્બર હર્ડે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં જોની ડેપ માટે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે. હવે અભિનેત્રીએ તેના પૂર્વ પતિ જોની વિશે વાત કરી છે.

એનબીસી સાથે ઈન્ટરવ્યૂમાં એમ્બર હર્ડ જોની ડેપ વિશે વાત કરતા કહ્યું, તેમણે તેમના સંબંધોને બચાવવા માટે ઘણું કર્યું અને હું હજી પણ તેને પ્રેમ કરું છું. હું મારા મૃત્યુના દિવસ સુધી મારી જુબાનીના દરેક શબ્દ પર ઊભી રહીશ. મારાથી ઘણી ભૂલો થઈ છે પણ મેં હંમેશા સત્ય કહ્યું છે.

એમ્બરે કહ્યું, તેના વકીલે જ્યુરીને વાસ્તવિક મુદ્દાઓમાંથી દૂર કરવા માટે સારું કામ કર્યું છે. આ અત્યાર સુધીની સૌથી ખરાબ વસ્તુ છે. મેં મારા સંબંધમાં ઘણી બધી ખોટી વાતો કહી અને મેં ખરાબ વર્તન કર્યું. હું તેને પ્રેમ કરું છું અને હું તેને મારા દિલથી પ્રેમ કરતી હતી. મેં આ સંબંધને બચાવવાનો પૂરો પ્રયાસ કર્યો. પરંતુ આ સંબંધ ટકી શક્યો નહીં.

# અનુરાગ કશ્યપની પુત્રી આલિયાએ બોયફ્રેન્ડ સાથે એનિવર્સરી સેલિબ્રેટ કરી



અનુરાગ કશ્યપની દીકરી આલિયા કશ્યપ સોશિયલ મિડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તે તેના બોયફ્રેન્ડ શેન સાથે ઘણા રોમેન્ટિક ફોટો પણ શેર કરે છે. ચાહકો પણ બન્નેની જોડીને પસંદ કરે છે. કેટલીકવાર આલિયાને તેની તસવીરો માટે ટ્રોલ કરાય છે. જોકે તે તેની પરવા કરતી નથી અને તેમ છતાં તે તેના ફોટો શેર કરતી રહે છે. હવે આલિયાએ બોયફ્રેન્ડ શેન સાથેના કેટલાક રોમેન્ટિક ફોટો શેર કર્યા છે જે સોશિયલ મિડિયા પર વાયરલ થઈ રહ્યા છે. ફોટો શેર કરીને આલિયાએ શેન સાથેના તેના રિલેશનશિપની એનિવર્સરી સેલિબ્રેટ કરી છે. પ્રથમ ફોટોમાં જોઈ શકાય છે કે આલિયા અને શેન એકબીજાને કિસ કરે છે, પછી બન્ને એકબીજાની નજીક જોવા મળે છે અને તે પછી બન્નેનો એક મજેદાર વિડિયો છે. આલિયાએ ફોટો શેર કરીને લખ્યું કે, મારા બેસ્ટ ફ્રેન્ડ અને મારા સોલમેટ સાથે મારા જીવનના બે શાનદાર વર્ષ. હેપ્પી એનિવર્સરી માય લવ. હું હંમેશા તને પ્રેમ કરીશ.



જ્યારે શેને આલિયા સાથેના ફોટો પણ શેર કર્યા અને લખ્યું કે તે આલિયાની આંગળીમાં વીંટી પહેરાવવા માગે છે. ફોટો શેર કરતા શેને લખ્યું, આ સુંદર છોકરીને બીજી એનિવર્સરીની શુભકામનાઓ, જે મારા જીવનનો પ્રેમ છે. તમે મારી બેસ્ટ ફ્રેન્ડ અને પાર્ટનર છો. હું ખૂબ નસીબદાર છું કે તમે મારા જીવનમાં ખૂબ આનંદ લાવ્યા અને તમે મને આગળ વધવા માટે મદદ કરી. હું તને ખૂબ પ્રેમ કરું છું અને ટૂંક સમયમાં તારી આંગળીમાં વીંટી પહેરવા માગુ છું. તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા આલિયાએ જણાવ્યું હતું કે તે ડેટિંગ એપ દ્વારા શેનને કેવી રીતે મળે છે. આલિયાએ કહ્યું હતું કે મેં તેને સૌથી પહેલા ડેટિંગ એપ દ્વારા સ્વાઈપ કર્યો હતો.

એમાં શું હતું કે એક સેક્શન એવો હતો જેમાં ખબર પડે કે તમને કોણ ગમ્યું. પછી તમે તેને પાછા પસંદ પણ કરી શકો છો અથવા તેમે અવગણી શકો છો. તેથી શેન મને ગમ્યો અને પછી અમારી વાતચીત શરૂ થઈ.

# હવે જાણીતી અભિનેત્રીઓ સાઉથની ફિલ્મો છોડીને બોલિવૂડ સિરીઝમાં એન્ટ્રી લઈ રહી છે

ભારતીય સિનેમાએ ઓટીટીનું સ્વરૂપ લીધું છે, ફિલ્મ નિર્માતાઓ તેમની વેબ સિરીઝ અને ફિલ્મો માટે દેશના દરેક ઉદ્યોગમાંથી સ્ટાર્સને કાસ્ટ કરી રહ્યા છે. બોલિવૂડ હોય કે સાઉથ મેકર્સે પોતાના પ્રોજેક્ટ્સમાં સાઉથની ઘણી અભિનેત્રીઓને પણ કાસ્ટ કરી છે. ધ ફેમિલી મેન-૨ માં સામંથા રૂથ પ્રભુથી લઈને રોકેટ બોયઝમાં રેજિના કેસાન્ડ્રા સુધી દક્ષિણની જાણીતી અભિનેત્રીઓ છેલ્લા કેટલાક વર્ષોમાં હિન્દી વેબ સિરીઝમાં શાનદાર પ્રદર્શન કરતી જોવા મળી છે. આજે એવી અભિનેત્રીઓની વાત કરીએ જેમણે નોર્થ બેલ્ટમાં પોતાના અભિનયની શરૂઆત કરી છે.



01

## સામંથા રૂથ પ્રભુ

દક્ષિણ સિનેમાની અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ જે તેના અભિનય માટે સમાચારોમાં છે, તેણીએ ગયા વર્ષે ધ ફેમિલી મેનની બીજી સિઝનમાં પાવર-પેક્ડ પરફોર્મન્સ આપ્યું હતું. તેમાં શ્રીલંકાના બળવાખોર રાજલક્ષ્મી શેખરન ઉર્ફે રાજીની ભૂમિકા ભજવી હતી.



02

## પ્રિયામણિ

ચેન્નઈ એક્સપ્રેસના ગીત ૧,૨,૩,૪ ગેટ ઓન ધ ડાન્સ ફ્લોરમાં શાહરૂખ ખાનની સામે ડાન્સ મૂવ્સ કરીને જાણીતી થયેલી પ્રિયામણિએ ધ ફેમિલી મેનમાં દમદાર ભૂમિકા નિભાવી છે. તે તેમાં સુચિત્રા તિવારી ઉર્ફે સુચીના રોલમાં જોવા મળી હતી.



03

## નિત્યા મેનન

દક્ષિણની 'ઓ કધલ કાનમાની' અને 'ઉસ્તાદ હોટેલ' જેવી ફિલ્મોમાં કામ કરનાર નિત્યા નોર્થ બેલ્ટમાં ઘણી પ્રશંસા મેળવી છે. તેણીએ બ્રેથ : ઈન ટુ ધ શેડોઝમાં કામ કરતી વખતે તેણે હિન્દી બેલ્ટમાં હેડલાઈન્સ બનાવી હતી. નિત્યા અભિષેક બચ્ચનની પત્નીના રોલમાં જોવા મળી હતી.



04

## રેજિના કેસેન્ડ્રા

રેજિના કેસેન્ડ્રાએ રોકેટ બોયઝમાં કામ કર્યું હતું, જે બે મહાન ભારતીય વૈજ્ઞાનિકો ડૉ. હોમી જહાંગીર ભાભા અને ડૉ. વિક્રમ સારાભાઈના જીવન પર બની છે. સુપ્રસિદ્ધ નૃત્યાંગના અને સારાભાઈની પત્ની મૃણાલિની સ્વામીનાથનની ભૂમિકા માટે રેજિના કેસેન્ડ્રાને ઘણી પ્રશંસા મળી. તેણે તેનું પાત્ર ખૂબ જ શાનદાર રીતે ભજવ્યું છે.



05

## રાશિ ખન્ના

જ્હોન અબ્રાહમની મદ્રાસ કેફેથી બોલિવૂડમાં પોતાના કરિયરની શરૂઆત કરનાર રાશિ ખન્ના ફરી એકવાર મજબૂત ભૂમિકા ભજવતી જોવા મળી હતી. આ વખતે તેણે સુપરસ્ટાર અજય દેવગણ સાથે સિરીઝ રૂદ્ર : ધ એજ ઓફ ડાર્કનેસમાં કામ કર્યું હતું. રાશિ આમાં આલિયા ચોક્સીના રોલમાં જોવા મળી હતી.

# ગુજરાત સમાચાર

દક્ષિણ ગુજરાત

સુરત આવૃત્તિ

બારડોલી બ્યુરો : પારસનાથ કોમ્પ્લેક્ષ એમ.જી.રોડ.ફોનઃ૨૨૨૯૯૦ નવસારી : દુધીયા તળાવ શોપીંગ સેન્ટર,બીજા માળે, દુકાન નં.૩. ફોન : ૨૪૬૩૬૩

વલસાડ : ૪૬,એન.એસ.બી. શોપીંગ સેન્ટર,મોંઘાભાઇ હોલની સામે, સ્ટેડીયમ રોડ. મો.૯૮૨૪૦૨૮૮૮૨ વાપી : મુસા માર્કેટ, ઇમરાન નગર. ફોન : ૨૪૩૪૨૦૦






નવસારી દૂધિયા તળાવ શાકભાજી માર્કેટમાં સામાન્ય વરસાદમાં પાણી ભરાતા પ્રિમોન્સુન કામગીરીની પોલ ખુલવા સાથે લારી, પાથરણા અને ટોપલા શ્રમજીવીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

## નવસારી-જલાલપોર-ગણદેવીમાં એક ઈંચથી વધુ વરસાદ : શાકમાર્કેટમાં પાણી ભરાયા

નવસારી,રવિવાર

નવસારી જિલ્લામાં છૂટાછવાયા વરસાદી ઝાપટા બાદ રવિવારે વહેલી સવારથી જ મેઘરાજાએ જોર પકડતા નવસારી તાલુકામાં ૧.૩ ઈંચ, જલાલપોર અને ગણદેવીમાં ૧-૧ ઈંચ અને ચીખલીમાં ૦.૬ ઈંચ વરસાદ નોંધાયો હતો. નવસારીમાં સામાન્ય વરસાદમાં જ દુધિયા તળાવ શાકભાજી માર્કેટમાં વરસાદી પાણી ભરાતા લારી-પાથરણા ટોપલાવાળા શ્રમજીવીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

નવસારી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી તા.૨૨-૬-૨૨ સુધીમાં ભારે વરસાદની મોસમ વિભાગ દ્વારા આગાહી કરી માછીમારોએ દરિયો ન ખેડવા ચેતવણી આપી છે. નવસારી જિલ્લામાં શનિવારે મધ્યરાત્રીથી સર્વત્ર ભારેથી હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. મધ્યરાત્રે ૧૨-૦૦થી રવિવારે સાંજે ૪-૦૦ વાગ્યા સુધીના ૧૬ કલાકમાં નવસારી તાલુકામાં ૩૨ મીમી, જલાલપોરમાં ૨૯ મીમી, ગણદેવીમાં ૨૪ મીમી અને ચીખલીમાં ૧૯ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ખેરગામ અને વાંસદા તાલુકામાં વરસાદ નોંધાયો ન હતો. બપોરે ૧૨-૦૦ થી ૨-૦૦ વાગ્યા સુધીના ૨ કલાકમાં નવસારીમાં ૧ ઈંચ અને જલાલપોર અને ચીખલીમાં ૦.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. નવસારીમાં કુલ ૧.૩ ઈંચ વરસાદમાં દુધિયા તળાવ શાકભાજી માર્કેટમાં પાણી ભરાતા લારી, પાથરણા અને ટોપલાવાળા શ્રમજીવીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. પ્રથમ વરસાદે જ શાકભાજી માર્કેટમાં પાણી ભરાતા પાલિકાની પ્રિમોન્સુન કામગીરીની પોલ ખુલી હતી. આ ઉપરાંત બીલીમોરામાં પણ ભારે વરસાદને પગલે ખાડા માર્કેટ વિસ્તારમાં વરસાદી પાણી ભરાતા રસ્તો પાણીમાં ગરક થયો હતો. જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

### ઉમરગામમાં ૧ અને વાપીમાં પોણો ઈંચ વરસાદ

વાપી,રવિવાર

વલસાડ જિલ્લામાં મેઘરાજની પધરામણી થતા જ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી. રવિવારે સવારે ૮ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધીના ૮ કલાકમાં જિલ્લામાં છુટોછવાયો વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ ઉમરગામમાં ૨૩ મી.મી. અને વાપીમાં ૧૯ મી.મી. વરસાદ પડયો હતો. વરસાદના કારણે જાહેર માર્ગોપરથી પાણી વહ્યા હતા. જ્યારે સંઘપ્રદેશ દમણ અને દા.ન.હવેલીમાં પણ રવિવારે સવારથી છુટોછવાયો વરસાદ પડયો હતો.

### આહવામાં ૦.૫ ઈંચ સાથે જિલ્લામાં ઝરમરીયો વરસાદ

વાંસદા,રવિવાર

ડાંગ જિલ્લામાં શનિવારે વઘઈમાં પડેલા જોરદાર ઝાપટા બાદ રવિવારે બપોરે ૧૨ થી સાંજે ૬ વાગ્યા સુધીમાં આહવામાં ૧૪ મીમી વરસાદ જ્યારે સુબીર અને સાપુતારામાં ૧ મીમી વરસાદ નોંધાયો હતો. સાપુતારા ખાતે રીમઝીમ વરસાદ વરસતા વાતાવરણ આહલાદક બન્યું હતું અને પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી હતી. રવિવારે દિવસ દરમિયાન પડેલા ઝરમરીયા વરસાદથી પ્રવાસીઓનો આનંદ બેવડાયો હતો અને વાતાવરણમાં શીતળતા પ્રસરી હતી.

### ચીખલીમાં ૦.૬ ઈંચ, ખેરગામ-વાંસદામાં વરસાદ નહીં: બીલીમોરા ખાડા માર્કેટ વિસ્તારના રસ્તા પર પાણી ભરાયા

## વ્યારાના બંધ ઘરમાંથી રોકડા ૪.૫૧ લાખ, રૂ.૨.૧૮ લાખના દાગીનાની ચોરી

વ્યારા,રવિવાર

વ્યારાનો પરિવાર ઘર બંધ કરી શિરડી દર્શને ઉપાડતા તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનું તાળું તોડી રૂ.૨.૧૮ લાખના સોના ચાંદીના દાગીના ને રોકડા રૂ ૪.૫૧ લાખ મળી કુલ રૂ.૬.૬૯ લાખની ચોરી કરી જતા ચકચાર મચી છે.

વ્યારા નગરમાં રાયક્વાડ સ્ટ્રીટમાં રહેતા અને એનજીઓ ચલાવતા હિતેષભાઈ ભરતભાઈ કાયસ્થ, તેમના માતા પિતા સહીત પરિવાર શુક્રવારે રાત્રે પોતાની કાર લઈને શિરડી, શનિદેવ દર્શને ઉપાડ્યા હતા. બીજા દિવસે શનિવારે નજીકના ઘરમાં ઘરની ચાવી આપી તેનો ભાઈ મનીષ પણ બપોરે પત્ની સાથે સુરત સબંધીને ત્યાં શ્રીમંતના કાર્યક્રમમાં ગયો હતો. દરમિયાન રવિવારે વહેલી સવારે પ્રવાસેથી પરત થઇ રહેલા હિતેષભાઈ કાયસ્થને તેના કાકા દિલીપભાઈ કાયસ્થે ફોન કરીને જણાવ્યું કે, ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું છે અને ઘરનો દરવાજો ખુલ્લો છે. જેથી પોલીસને બોલાવી તપાસ કરતા ઘરની અંદર ત્રીજા રૂમમાં મુકેલા કબાટનો સમાન વેર વિખેર હતો. સોના-ચાંદીના ઘરેણાં સહિતના કુલ રૂ.૨,૧૮,૦૦૦ લાખના દાગીના અને અલગ અલગ દરની ચલણી નોટ મળી કુલ રોકડા રૂ.૪,૫૧,૦૦૦ મળી કુલ રૂ.૬,૬૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી થઇ હતી. જે અંગે હિતેષભાઈ કાયસ્થે વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપી હતી.

### રાયકવાડા સ્ટ્રીટમાં રહેતા હિતેષ કાયસ્થ પરિવાર સાથે શિરડી અને તેનો ભાઈ સુરત ગયા ત્યારે તસ્કરો ખેલ કરી ગયા



ડાંગમાં લકઝરી બસ બાઈક અને કારને અડફટમાં લઈ પલટી... વઘઈ-સાપુતારા રોડ પર વઘઇ તાલુકાની હદ માં બારખાંધ્યા ફાટક નજીક મહારાષ્ટ્રથી સુરત જતી લકઝરી બસ (નં.જીજે-૦૩-બી ડબ્લ્યૂ -૩૬૭૨) ના ચાલકે ગફલતભરી રીતે હંકારી સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવી બાઈક (નં.જીજે-૩૦ -સી -૧૨૬૦) અને કાર (નં.એમ એચ-૪૭ -ક્યુ -૫૮૧૯ )ને અડફેટે લીધા બાદ બસ પલટી જતાં ગંભીર અકસ્માત થયો હતો. જોકે, બસમાં કોઈ મુસાફર સવાર ન હોય મોટી જાનહાની ટળી હતી. બસના ચાલક અને ક્લીનરને સામાન્ય ઈજા થઇ હતી. વઘઇના પીએસઆઇ વસાવા અને સ્ટાફે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

## ચલથાણમાં આસિ. ડાઈંગ માસ્ટરની હત્યા જીઆરડી જવાને સાગરીતો સાથે કરી હતી

બારડોલી, રવિવાર

પલસાણા તાલુકાના ચલથાણ ગામે ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા આસિસ્ટન્ટ ડાઈંગ માસ્તરને ચલથાણ ગામે રેલવે ક્રોસિંગ બ્રિજ પાસે છાતીના ભાગે ચપ્પુના ઘા મારી હત્યા કરવાના બનાવમાં એલસીબી અને એસઓજીની ટીમે મોબાઈલ ટેકનોલોજી આધારે કડોદરા પોલીસમાં ફરજ બજાવતાં જી.આર.ડી. જવાન અને તેના સાગરીતોને પકડી લીધા હોવાનું જાણવા મળે છે. બાઈક બગડી જતાં રાત્રે ઉભેલા આસિસ્ટન્ટ ડાઈંગ માસ્તરને લૂંટના ઈરાદે પાકીટ અને મોબાઈલ ખેંચવા જતાં પ્રતિકાર કરતાં છાતીમાં ચપ્પુના ઘા કર્યા હતા.

ચલથાણના ગાયત્રીનગર શિવ સાંઈ દર્શન સોસાયટીમાં પ્રમોદ રામ લલિત ચૌધરી (ઉ.વ.૪૮, મૂળ રહે. ડલહર, જી.દરભંગા, બિહાર) પત્ની સીમાદેવી સાથે રહેતા હતા અને તાતીથૈયા ગામે આવેલી શ્રીરામ ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ મીલમાં આસિસ્ટન્ટ ડાઈંગ માસ્ટર તરીકે એક વર્ષથી નોકરી કરતો હતો. રવિવારે રાત્રે બાઈક લઈ નીકળેલા પ્રમોદ ચૌધરીની અજાણ્યા શખ્સોએ ચલથાણ રેલવે ક્રોસિંગ બ્રિજ પાસે છાતીના ભાગે ચપ્પુના બે થી ત્રણ ઘા કરી હત્યા કરી હતી. દરમિયાન એલસીબી અને એસઓજીની ટીમે કડોદરા ખાતે સુરત ડીસ્ટ્રીકટ બેંકની શાખામાં થયેલી લૂંટની સાથે પ્રમોદ ચૌધરીની હત્યા અંગે પણ મોબાઈલ ટેકનોલોજી આધારે તપાસ કરતાં કડોદરા જીઆઈડીસી પોલીસમાં જીઆરડી (ગ્રામ રક્ષક દળ) તરીકે નોકરી કરતાં જવાને પોતાના તાતીથૈયા ગામના ત્રણથી ચાર સાગરીત સાથે મળીને પ્રમોદની હત્યા કરી હોવાનો ભેદ ઉકેલી તમામને પકડી લીધા હોવાનું જાણવા મળે છે.

વિશ્વાસનીય સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ પ્રમોદ ચૌધરીની રેલવે ક્રોસિંગ બ્રિજ પાસે બાઈક બગડી જતાં બાઈક ઉભી રાખી મદદ માટે તેના મિત્રોને ફોન કર્યો હતો. દરમિયાન રાત્રે જીઆરડી પોતાના સાગરીતો સાથે ત્યાંથી પસાર થતો હોય પ્રમોદને બાઈક પાસે બેઠેલો જોઈ પાકિટ અને મોબાઈલ લૂંટવા જતાં પ્રમોદે પ્રતિકાર કર્યો હતો. જેમાં પ્રમોદને છાતીમાં ચપ્પુના ઘા કરી દઈ મોબાઈલ-પાકીટ લૂંટી ગયા હતાં. જોકે એલસીબીએ પ્રમોદ ચૌધરીની હત્યાનો ભેદ ઉકેલાયો હોવાની સત્તાવાર વિગતો જાહેર કરી નથી.

### જીઆરડી હત્યા કેસની તપાસ અંગેની માહિતી મેળવતો હતો

પ્રમોદ ચૌધરીની હત્યા કરી એક દિવસ બાદ જીઆરડી જવાન ફરજ પર હાજર થઈ કડોદરા પોલીસ મથકમાં નોકરી કરતો હતો. પોલીસની બેંક લૂંટ અને પ્રમોદ ચૌધરીની હત્યાની તપાસની ગતિ વિધિ અંગે માહિતી મેળવ્યા કરતો હતો.

### લૂંટના ઈરાદે થયેલી હત્યાનો ભેદ કડોદરાની બેંક લૂંટની તપાસ દરમિયાન મોબાઈલ ટેકનોલોજી આધારે ખુલ્યો : પ્રતિકાર કરતા હત્યા કરી હતી



બારડોલીના નોગામા પારડીથી છીત્રા જતાં રોડ ઉપર ઠેર-ઠેર ચીકણી માટી પડેલી હોય વરસાદમાં અનેક બાઈકો સ્લીપ થતાં ગ્રામજનોએ રસ્તાની સફાઈ કરવાની માંગ કરી છે.

## બારોડોલીના નોગામા પારડી ગામે રોડ પર ચીકણી માટીથી વાહનો સ્લીપ થયા

બારડોલી, રવિવાર

બારડોલી તાલુકાના નોગામા પારડી ગામેથી છીત્રા તરફ જતાં રોડ પર માટી ભરેલા ડમ્પરની અવરજવરને કારણે રસ્તા પર પડતી ચીકણી માટીથી રસ્તો બગડી ગયો છે. વરસાદ પડતાં ચીકણી માટી પરથી વાહનો પસાર થતા સ્લીપ થતાં અકસ્માત થઈ રહ્યા છે.

### એક્સપ્રેસ હાઈવેના કામ માટે માટી લઈને દોડતા ડમ્પરમાંથી રોડ પર માટી પડે છે અને વરસાદમાં ચીકણી થતા જોખમી

બારડોલી તાલુકાના નવસારી તરફ જતા રોડ ઉપરના ગામો નોગામા પારડી, તરભોણ અને છીત્રા ગામની સીમમાં એક્સપ્રેસ વેની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં મોટાપાયે માટીની જરૂર હોય નોગામા પારડીથી છીત્રા જતા રોડ પર માટી ભરેલા ડમ્પરની અવરજવર રહે છે. દિવસના અનેક ડમ્પરો માટીની હેરાફેરી માટે આ રોડ પરથી પસાર થાય છે. માટી ભરેલી ટ્રકો માંથી રસ્તા પર ઠેર-ઠેર માટી પડેલી છે. રોડની વચ્ચોવચ અનેક જગ્યાએ માટીના ઢગ થઈ ગયા છે. દરમિયાન બે દિવસથી વરસી રહેલા વરસાદને કારણે રોડ પર પડેલી માટી ચીકણી થઈ ગઈ છે. જેને કારણે રોડ પરથી પસાર થવું વાહન ચાલકો માટે ખૂબ મુશ્કેલ થઈ ગયું છે. અનેક બાઈક સ્લીપ થવાના બનાવો બની રહ્યા છે. અકસ્માતના બનાવોને પગલે ગ્રામજનોએ રસ્તા પરથી માટીની સફાઈ કરવાની માંગ કરી છે.

## કામરેજ હાઈવે પર ટ્રકને આંતરી લૂંટ કરતી ટોળકીએ અગાઉ બે ટ્રક ચાલકને લૂંટ્યા હતા

બારડોલી, રવિવાર

કામરેજ તાલુકાના નવી પારડી ને.હા.નં. ૪૮ ઉપર ટ્રક ચાલકને આંતરી લૂંટ કરતાં પાંચ પૈકી એકને પોલીસે ઝડપી લીધો હતો. હાઈવે ઉપર લૂંટ કરનારી આ ટોળકીએ અગાઉ પણ બે ટ્રક ચાલક પાસેથી રૂ.૨૧,૦૦૦ અને રૂ.૧૪,૦૦૦ ની લૂંટ કરેલી હોવાનું બહાર આવતા પોલીસે વધુ એક ગુનો નોંધ્યો હતો.

### ભેંસ ભરેલી ટ્રકના ચાલકને લૂંટી ચાર સાગરીત ભાગી ગયા પણ એકને પોલીસે ઝડપી લીધો હતો : આરોપીની કબૂલાત આધારે વધુ એક ગુનો નોંધાયો

નવી પારડી ગામની સીમમાં ભેંસો ભરી અહમદનગર જતી ટ્રકને ત્રણ બાઈક ઉપર આવેલા પાંચ શખ્સોએ આંતરી હતી. બાઈક સવાર પાંચ શખ્સો પૈકી બે શખ્સો હાથમાં ઘાતક છરા જેવા હથિયાર લઈ ટ્રકની કેબિનમાં ચઢી જઈ ચાલક, ક્લીનર અને ભેંસના માલિકને ડરાવી ધમકાવી રૂ.૧૦,૦૦૦ની લૂંટ કરી હતી. તે સમયે જ પોલીસ પણ પહોંચી જતાં પાંચ પૈકી રોહિત મુકેશભાઈ વસાવા (ઉ.વ.૨૨, રહે. ખોલવડ, ખેતીવાડી ફાર્મ, તા.કામરેજ)ને ઝડપી લઈ લૂંટનો ગુનો નોંધ્યો હતો. રોહિત વસાવાના સાગરીતો રોહિત જોગરાણા, મેહુલ ડાંગર, દીપક રાઠોડ અને ચાકો ભરવાડ ત્રણ બાઈક લઈને ભાગી જવામાં સફળ રહેતાં ચારેયને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસે રોહિતની પૂછપરછ કરતા પાંચેયની ટોળકી હાઈવે ઉપર રાત્રિના સમયે ટ્રકને આંતરી ચાલકો પાસેથી લૂંટ કરતી હોવાની કબૂલાત કરી હતી. આ ટોળકીએ અગાઉ તા.૧૩-૦૬-૨૦૨૨ની રાત્રિના એક વાગે ચોર્યાસી ટોલનાકા પાસે ટ્રક ચાલક રઈશ રફીક કડીવાલા (રહે. જાખા, તા.સરસ્વતી, જિ.પાટણ)ને ચપ્પુ બતાવી ગડદાપાટુનો માર મારી રોકડા રૂ.૨૧,૦૦૦ લૂંટી લીધા હતા. અને તા.૧૬-૦૬-૨૦૨૨ એ રાત્રે દાદા ભગવાન મંદિરની પાસે બીજા ટ્રક ચાલકને આંતરી ચપ્પુ બતાવી રોકડા રૂ.૧૪,૦૦૦ અને મોબાઈલની લૂંટ કરી હતી. જે અંગે પોલીસે વધુ એક લૂંટનો ગુનો નોંધી રોહિત વસાવા, રોહિત જોગરાણા, મેહુલ ડાંગર, દીપક રાઠોડ અને ચાકો ભરવાડને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધરમપુરના પૈખેડ ગામે કોસબાડી રોડ પર ટેમ્પો વૃક્ષમાં ભટકાતા ચાલકનું મોત

વલસાડ,રવિવાર

ધરમપુરના પૈખેડ ગામે કોસબાડી રોડ ઉપર આઈસર ટેમ્પો ધડાકાભેર વૃક્ષમાં ભટકાયો હતો. જને પગલે ચાલકનું કેબિનમાં દબાઈ જતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ચાલકને સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું હતુ.

### સ્થાનિકોએ કેબિનમાં ફસાયેલા ચીખલીના સંતાળીયા ગામના ચાલક ધર્મેશ પટેલને બહાર કાઢ્યો પણ બચાવી ન શક્યા

મૂળ ચીખલી તાલુકાના સંતાળીયા ગામના માસ્ટર ફળિયામાં રહેતા ધર્મેશ રતિલાલ પટેલ આઈસર ટેમ્પો લાઈ કામ અર્થે ગયા હતા. જ્યાંથી પરત થતા ધરમપુરના પૈખેડ ગામે કોસબાડી માર્ગમાં સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ટેમ્પો ધડાકાભેર વૃક્ષ સાથે અથડાયો હતો. આ અકસ્માતમાં કેબિનમાં જ ચાલક દબાઈ જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે દોડી ગયેલા સ્થાનિકોએ કેબિનમાંથી ચાલકને ગંભીર હાલતમાં બહાર કાઢી સારવાર માટે લઈ જાય તે પહેલા જ તેનું મોત થયું હતુ. સ્થાનિક રહીશોએ કલાકોની જહેમત બાદ માંડ કેબિનમાં ફસાયેલા ચાલક ધર્મેશને બહાર કાઢ્યો હતો પણ બચાવી શક્યા ન હતા. ધરમપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો.

## વ્યાપક ગેરરીતિ થઈ હોવાથી ગ્રામસેવકની પરીક્ષા રદ કરીને ફરીથી લેવાની માંગણી

વાંસદા,રવિવાર

ગ્રામસેવકની ભરતી માટે તા.૦૫/૦૬/૨૦૨૨ના રોજ યોજાયેલી ગ્રામસેવકની પરીક્ષામાં વ્યાપક ગેરરીતિ થઈ અને બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ સાથે અન્યાય થયો હોવાની ફરિયાદ સાથે વાંસદા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં હાલમાં લેવાયેલી પરીક્ષા રદ કરી સિલેબસને ધ્યાન લઈ ફરી પરીક્ષા લેવામાં આવે એવી માંગ કરાઈ છે.

### પરીક્ષામાં ગ્રામસેવકને લગતો એક પણ પ્રશ્ન પુછાયો ન હતો, પીએચ.ડી લેવલના પ્રશ્નો પુછાયા હતા : બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ સાથે અન્યાય

વાંસદા તાલુકા સેવાસદન કચેરી ખાતે મામલતદારને બી.આર.એસ.ના વિદ્યાર્થીઓએ આપેલા આવેદનમાં જણાવ્યા મુજબ તા.૫/૬/૨૦૨૨ના રોજ યોજાયેલી ગ્રામસેવકની પરીક્ષામાં ગ્રામસેવકના પેપરમાં ગ્રામસેવકની જગ્યાને લાગતો એક પણ પ્રશ્નો પૂછવામાં આવ્યો ન હતો. પંચાયત રાજના પ્રશ્ન માત્ર બે-ત્રણ રહ્યા અને કૃષિ ક્ષેત્રના જે પ્રશ્નો પૂછવામાં આવ્યા તે પણ પીએચ.ડી. લેવલના હતા. આમ ક્યાંકને ક્યાંક આડકતરી રીતે બી.આર.એસ. અને ડિપ્લોમાંના વિદ્યાર્થીઓને હંમેશા માટે ગ્રામસેવક ભરતીમાંથી બાકાત રહેવું પડે એવા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. રાજ્યમાં અનેક સેન્ટરો પર વર્ગખંડમાં પેપર બોક્ષનુંસીલ ખોલતા પહેલા બે વિદ્યાર્થીઓની સહી લેવાની હોય છે, તે સહી લીધા વગર જ પેપર આપી દેવામાં આવ્યા હતા. એવું તો શું રહસ્ય હશે એ પેપર બોક્ષમાં કે વિદ્યાર્થીઓની સહી લીધા વગર પેપર આટલી ઉતાવળમાં આપી દેવામાં આવ્યા હતા. જેને લઈ ક્યાંકને ક્યાંક ગેરરીતિનું પ્રમાણ ખૂબ મોટા પાયે થયું હોય એવું લાગી રહ્યું છે.

આ સિવાય અનેક ફરિયાદો વિદ્યાર્થીઓ દ્વારા ઉઠી રહી છે, જેમ કે જે પરીક્ષા ખંડમાં ગેરહાજર હતા એ વિદ્યાર્થીઓની OMR અપલોડ થઈ છે અને હજી મેરીટ લીસ્ટ બહાર નથી પડ્યું, તે પહેલાં જ marumerit.com આ કોઈ ખાનગી વેબસાઈટ પર અપલોડ કરી દેવમાં આવ્યું. જેને કારણે બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા આ આવેદનપત્ર આપી ઉગ્ર માગણી કરીએ છે કે તાત્કાલીક ધોરણે તા.૦૫/૦૬/૨૦૨૨ના રોજ લેવાયેલી ગ્રામસેવકની પરીક્ષા રદ કરી અને મૂળ સિલેબસને ધ્યાનમાં રાખીને પરીક્ષા લેવામાં આવે તેમજ દરેક સેન્ટરો પર દરેક વર્ગખંડમાં બે વિદ્યાર્થીઓની સહી લીધા બાદ પેપર આપવામાં આવે અને CCTV વગરના સેન્ટરો કેન્સલ કરી પારદર્શિતાથી પરીક્ષા લઈ ન્યાય આપવામાં આવે એવી માંગ કરી છે.

### નવસારીના માર્શલ આર્ટ ટ્રેનર, વર્લ્ડ રેકોર્ડ બનાવનાર અને

## ચૂંટણીપંચના એમ્બેસેડર વિસ્પી કાસદ, તેની પત્ની સહિત ત્રણ સામે IT એક્ટ હેઠળ ફરિયાદ

નવસારી,રવિવાર

નવસારીનાં જાણીતા માર્શલ આર્ટ ટ્રેનર, તેમના પત્ની સહિત ત્રણ સામે એક પત્રકારે ફેસબુક ઉપર અપમાનજનક ટીપ્પણી કરી ધમકીભરી કોમેન્ટ લખવા બદલ ટાઉન પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ફેસબુક પર પત્રકારને ધમકી આપી અપમાનજનક કોમેન્ટો લખી હતી તો પંક્તિ દેસાઈ અને રીટા દેસાઈએ ઓફિસે જઈ ધમકી આપી

રાજ્યનાં ચૂંટણીપંચ અને રોડ સેફ્ટીનાં બ્રાન્ડ એમ્બેસેડર તેમજ માર્શલ આર્ટમાં વિવિધ કરતબ કરી અનેક વેળા ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવનાર વિસ્પી કાસદ તેમજ ધર્મપત્ની પંક્તિ દેસાઈ અને રીટા દેસાઈ સામે નવસારીનાં છાપરા રોડ પર યોગીનગરમાં રહેતાં અને સાપ્તાહિક અખબાર ચલાવતા રજનીશ દિપકભાઈ બાગલે (ઉ.વ.૩૧) એ નવસારી ટાઉન પોલીસમાં ફરિયાદ આપતા ચકચાર મચી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, વિસ્પી કાસદે રજનીશ બાગલેને ફેસબુક એકાઉન્ટ ઉપર તા.૧૬-૬-૨૦૨૨નાં રોજ રેઈન વોટર સેવિંગ પ્રોજેક્ટની માહિતી માંગવાના જવાબમાં ટેગ કરી એ બાયલા વોટ્સએપ પર અનબ્લોક કર તારી સાથે વાત કરવી છે, તે આર્ટીકલ લખ્યા છે, તે મને ખબર છે. સોશિયલ મીડિયાનો શું ઉપયોગ કરે છે, આવ જોવ સામે આ બાબતને લઈને વાત આગળ વધતા વિસ્પી કાસદે અપમાનજક કોમેન્ટો લખી હતી.

ત્યારબાદ પંક્તિ દેસાઈ અને રીટા દેસાઈ રજનીશની નવસારી તીધરારોડ સ્થિત શોપિંગ સેન્ટરમાં આવેલી ઓફીસમાં જઈને સ્ટાફ સાથે ગેરવર્તન કરી સાપ્તાહિકનાં રજિસ્ટ્રેશનની અને પત્રકારની ડિગ્રી જોવાની માંગણી કરી હતી.

રજનીશ બહાર હોવાથી બંન્ને મહિલાઓએ કાલે પાછા આવીશું એવી ધમકી આપી હતી. આ બાબતે બંન્ને મહિલાઓ પોતાને કોઈ ષડયંત્રમાં ફસાવવાની આશંકા સાથે માનસિક ત્રાસ આપી અપમાન કરી ધમકીભરી કોમેન્ટ આપવાના આક્ષેપ કર્યા હતા. નવસારી ટાઉન પોલીસે આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## નવસારીમાં રેડક્રોસનું મહત્વ અને કાર્ય વિશે ચિંતન શિબિર

નવસારી,રવિવાર

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી નવસારી દ્વારા ગુજરાત રાજય શાખા રેડક્રોસના સથવારે વર્લ્ડ સિકલસેલ દિવસ નિમિતે સાંપ્રત સમયમાં રેડક્રોસનું મહત્વ અને કાર્યની ચિંતન શિબિર મતિયા પાટીદાર સાંસ્કૃતિક ભવન, નવસારી ખાતે રાજયના આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે, નવસારી રેડક્રોસ સોસાયટી કોઈપણ જાતના ભેદભાવ વગર સેવાકીય પ્રવૃત્તિ કરે છે. સોસાયટી બ્લડ બેંકની સેવા સિવાય કુદરતી આપત્તિ, સ્વાસ્થય અને સમુદાયની દેખરેખ રાખવી જેવા સેવા પણ કરે છે. સોસાયટી માનવતા, નિષ્પક્ષતા, તટસ્થતા, સ્વતંત્રતા, સ્વૈચ્છિક સેવા, એકતામાં માને છે. રેડક્રોસ દ્વારા ગામેગામ બ્લડ બેંકના કાર્યક્રમો રાખવામાં આવે છે. તેમણે સિકલસેલ એનિમીયા રોગ વિશે જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ.

### નવસારીમાં કોરોનાના વધુ ૩ કેસ સાથે એક્ટિવ કેસ ૧૮

નવસારી,રવિવાર

નવસારી જિલ્લામાં કોરોનાના વધુ ત્રણ કેસ સામે આવતા એક્ટિવ કેસ ૧૮ થયા છે. નવા કેસોમાં નવસારીના જલાલપોર ખાતે સિલ્વર કોમ્પલેક્ષમાં રહેતી ૩૭ વર્ષની મહિલા, લુન્સીકુઈ ખાતે સિટી સ્કવેર એપાર્ટમેન્ટમાં રહેતા ૫૫ વર્ષના આધેડ અને જલાલપોરના આદેશ એપાર્ટમેન્ટમાં રહેતા ૩૬ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

### દમણમાં વધુ બેને કોરોના : એક્ટિવ કેસ ૧૨

વાપી,રવિવાર

સંઘપ્રદેશમાં દમણમાં શનિવારે ૭૩ લોકોના કોરોનાના ટેસ્ટમાં વધુ ૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં દમણમાં ૩૮૪૦, દા.ન.હવેલીમાં ૬૩૦૬ અને દીવમાં ૧૨૭૬ મળી કુલ ૧૧૪૨૨ કેસ નોંધાયા છે. જે પૈકી ૧૧૪૦૬ કેસ સાજા થયા અને ૪ના મોત થયા હોવાથી ૧૨ કેસ એક્ટિવ છે.


વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર



Milano MULTIPLEX

બારડોલી

Nadi Dosh (Gujarati)
12.00, 03.00, 06.00, 09.00, 10.00

Nikamma
01.00, 04.00, 07.00

Samrat Prithviraj
12.30, 03.30

Jurassic World Dominion (Hindi)
09.30 Pm.

Kehvatlal Parivar(Gujarati)
06.30 Pm.

Ph :- 02622-230068

* Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક : 98791 33333



શું આપને મળમાર્ગમાં લોહી પડે છે ? કે દુઃખાવો થાય છે ? તો ...

ફ્રી* ઓપરેશન ચાર્જ રૂ.00.00*

સર્જરી કેમ્પ

તા.: 20-06-2022 થી 05-07-2022
બપોરે 3.30 થી સાંજે 5.30

- પાઈલ્સ
- ફીશર
- ભગંદર
- પાઈલોનીડલ સાઈનસ
- કબજિયાત



આધુનિક લેસરથી પાઈલ્સનું દુઃખાવા રહીત ઓપરેશન

ડો. ભાવિન ભુવા (M.S., F.M.A.S., F.A.C.R.S.I.)
ડો. નરેશ ચોવટિયા (M.S., F.M.A.S., F.A.C.R.S.I.)

Star Surat
Piles & Colorectal Clinic
LASER Piles Surgery Centre

*શરતોને આધિન

૩૧૦-૩૧૨, ઝેનોન કોમ્પ્લેક્ષ, યુનિક હોસ્પિટલની સામે, સોસીયો સર્કલથી સિવિલ રોડ, કિરણ મોટર્સની બાજુમાં, સુરત.

+91 99049 17000

રજીસ્ટ્રેશન ફ્રી પરંતુ ફરજીયાત - આ પેપર કટીંગ સાથે લઈને આવવું

પ્રથમ ૧૦ સર્જરી ઓપરેશન ચાર્જ ફ્રી માત્ર એનેસ્થેસીયા અને દવાનો ચાર્જ આપવાનો રહેશે.

SAY NO TO PILES & YES TO SMILE